पुस्तक
५२-५३

विविध ग्रन्थमाला

वर्ष ९ मुं
सं. १९७१

# अखानी वाणी

ભાગ ૧ લો.

પ્રકાશ
સ્થળ-
મુંબઈ

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराअिट विभाग ]
मांक ५४५० वर्गांक
રામાની વાણી

विविध ग्रंथमाळाः पुस्तक ५१-५२ वर्ष ५ मुं.

# अखानी वाणी

## भाग १ लो.

ज्ञानीकवि 'અખા' કૃત.

सस्तुं साहित्य वर्धक कार्यालय तरफथी

પ્રથમવાર——પ્રત ૫૩૦૦——પ્રસિદ્ધ કર્તાઃ

ભિક્ષુ—અખંડાનંદ ।ન૦ કાલબાદેવી—મુંબઈ.

વિ૦ સં૦ ૧૯૭૧ ઈ. સ. ૧૯૧૪

મૂલ્ય—વાર્ષિક ફાળે: ૦।~ પાકું પૂઠું ૦॥ પો૦ માફ

છૂટક: ૦॥ પાકું ૦॥≈ પો૦ જૂદું.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૫૪૫૦
૮-૧૨

# અનુક્રમણિકા



## પ્રકીર્ણ વિષયો



---


અમદાવાદ–ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં
પરી. દેવીદાસ છગનલાલે છાપ્યું.

# નિવેદન

વિવિધ ગ્રંથમાળાના ૫૧, ૫૨, પુસ્તક તરીકે ગુર્જર ભૂમિના સુપ્રસિદ્ધ જ્ઞાનીકવિ **"અખા"ની વાણીનો** પ્રથમ ભાગ સાદર થાય છે. આ સાથે અપાયલા એક સન્મિત્રના **અખાનો પરિચય** નામક ઉલ્લેખથી એ મહાત્માના જીવનવિષે કેટલોક પરિચય વાચકોને થશે.

આ વાણીના સહજ વધઘટવાળા લગભગ એકજેવા સંગ્રહ અત્યારસુધીમાં જૂદે જૂદે ત્રણ હાથે મુંબઇમાંથી પ્રકટ થઇ ચુકેલા જણાયા છે. પ્રથમ વિ. સં. ૧૯૨૦ માં કવિ હીરાચંદ કાનજીએ બાળબોધ લિપીમાં રૂ. ૨II થી, સં. ૧૯૪૧ માં ઓરિયેન્ટલ છાપખાનાના માલેકે ગુજરાતી લિપીમાં રૂ. ૧II થી, અને સં. ૧૯૫૦ માં મુંબઇમાં મણિલાલ મહાસુખરામની કંપનીએ તેને રૂા. ૧) ના મૂલ્યે પ્રકટ કરી હતી.

ગુજરાતના આ લોકપ્રિય મહાત્માની વાણીનો સંગ્રહ સ્વલ્પ મૂલ્યે 'વિવિધ ગ્રંથમાળા'ના વાચકોનાં ગૃહોમાં પણ થાય એ અર્થે તે અત્ર તરફથી પ્રકટ થાય છે. પોષ્ટ ખર્ચ બાદ કરીને ગણતાં 'વિવિધ ગ્રંથમાળા'ના વાર્ષિક ગ્રાહકોને તે માત્ર ०॥ માં અને પાકા પૂઠા સાથે ०॥ાા માં પડી રહેશે એ સ્પષ્ટજ છે.

સમજવામાં કઠિન પડે એવા શબ્દો અખાની વાણીમાં અનેક ઠેકાણે આવતા હોવાથી કવિ હીરાચંદ ભીમજીવાળી આવૃત્તિમાં પુસ્તકની છેવટે તેવા શબ્દોનો એકત્ર સંગ્રહ તેના અર્થસહિત અપાયલો છે; પરંતુ આમાં તેમ ન કરતાં વાચકોની વિશેષ સુગમતા માટે એવા શબ્દોના અર્થ તેતે પૃષ્ટની નીચેજ ટીપ્પણરૂપે આપવામાં આવેલા છે. આ કાર્ય તેમજ બીજી પણ કેટલીક અશુદ્ધિઓનું સંશોધન કરી આપવાનું કાર્ય બિલખાનિવાસી મહારાજશ્રી નથુરામજી શર્માએ પોતાનો

અમૂલ્ય સમય રોકીને સ્વહસ્તે કરી આપવા પરિશ્રમ લીધો છે; જે બદલ આ સંસ્થા તેમજ વાચકવર્ગ તરફથી તેઓશ્રીનો સપ્રેમ આભાર માનવામાં આવે છે.

અખાની વાણીનો આ પહેલો ભાગ ઓરિયેન્ટલ પ્રેસવાળી આવૃત્તિ ઉપરથી ઉપર જણાવ્યા પ્રમાણે સંશોધન અને ટીપ્પણસહિત છપાવ્યો છે. આમાંનાં ૨૬, ૨૭ અને ૨૮માં પદ મણિલાલ મહાસુખરામ-વાળી આવૃત્તિમાંથી દાખલ કર્યાં છે. હજી આ બંને આવૃત્તિઓમાંનાં છ પદ આમાં લેવાં બાકી રહ્યાં છે તે, તેમજ અન્ય સ્થળેથી પ્રાપ્ત થયેલાં તથા થનારાં અન્ય પદ, રેખતા ૪૦ સર્વે બાબતો યથાસંયોગ બીજો ભાગ નીકળતાં તેમાં અપાશે.

અખાની હજી કોઇ તરફથી છપાઈ નથી એવી હસ્ત લિખિત વાણી જેમની જેમની પાસે હોઇને જેઓ લોકહિતાર્થે પ્રકટ કરવા માટે તેની નકલ ઉતારવા દઇ શકે તેમ હોય તેમને તેમ કરવા સવિનય પ્રાર્થના છે. આવી કેટલીક વાણી તો મળી પણ ચુકી છે. કેટલેક ઠેકાણેથી તે મેળવવાનું અનાવકાશને લઇને હજી બના શક્યું નથી; તે બનતાં અખાની વાણીનો બીજો ભાગ બનતી ત્વરાએ પ્રકટ થશે.

મહાત્માઓ પોતાની વાણી સર્વ લોકોના કલ્યાણ અર્થેજ રચતા હોવાથી તેનો અધિક પ્રચાર થાય એમાંજ તેમના હેતુની સફળતા હોય છે. વળી પાછળથી તેમની વાણી જેના પણ હાથમાં ગઈ હોય છે, તેને પણ તે વાણી તે મહાત્માના અનુગ્રહથી અથવા કોઈ અન્યની ઉદારતાથીજ પ્રાપ્ત થયેલી હોય છે. આમ છતાં પોતાની માલિકીની વસ્તુ માની લઇને તેને વધુ ફેલાતી અટકાવનાર તરફ તે મહાત્માઓ કેટલી બધી કૃપાદ્રષ્ટિ (!) થી જોતા હશે, તે તો તેવા મનુષ્યોએજ પોતાના ભલાને માટે વિચારી લેવું જોઇએ. આવી ઉત્તમ વાણીને એકાદ મજબૂત દોરી કપડામાં તાણી બાંધીને અંધારા ઓરડામાંના એકાદ જૂના પટારામાં ગોંધી રાખનારા મનુષ્યોની મૂર્ખતાપર વર્ષોનાં

વર્ષ નિઃશ્વાસ નાખ્યા પછી એ ઉત્તમવાણીને આખરે જ્યારે ઉંદર–ઉધઈના જઠરાગ્નિની આહુતિરૂપે હોમાવું પડતું હશે, ત્યારે એ મહાડહાપણ ભરેલા (!) મહાયજ્ઞ બદલ તેના માલિકોને કેટલું બધું પુણ્ય પ્રાપ્ત થતું હશે? જેમને ત્યાંની વાણી હજી આવી મોક્ષાવસ્થા (!) એ ન પહોંચી હોય, તેઓ હજીપણ સમજે તો આ મહાપાતકમાંથી બચી શકે તેમ છે; અને અનેક પ્રકારની ઉત્તમવાણી જનસમાજમાં પ્રચલીત થઈ શકે તેમ છે. જેમનાથી આવા ખાતાને તે પૂર્ણ નિષ્કામતાથી આપવાનું ન બને તેમ હોય તેઓ નફાથી કાર્ય કરનાર અન્ય બુકસેલરોને તે વેચે તો પણ સારૂં! જો કે કન્યાવિક્રય કરતાં પણ આવો વાણીવિક્રય અધિક નિષિદ્ધ તો છેજ; પરંતુ ઉપર જણાવ્યું તેમ તેને વર્ષોનાં વર્ષો સુધી અંધાર પટારામાં કેદ કરી જનસમાજના ઉપયોગમાંજ ન આવવા દેવાય, તેમજ આખરે ઉધઈ–ઉંદરના ઉદરમાંજ તે આહુતિરૂપ થઇ પડે, તે કરતાં તો એવો વિક્રય પણ ઠીકજ માનવો જોઇયે! ૐ **तत्सत्**

સં. ૧૯૭૧ પોશ માસ<br>ડિસેમ્બર. ઈ. સ. ૧૯૧૪ } **મંત્રી**

**તા૦ ક૦**—આ સાથે અપાયલા અન્ય વિષયો, જેમકે અખાનો પરિચય, તથા આ સંસ્થા તરફથી હાલમાંજ પ્રકટ થયેલી ત્રણ પુસ્તકોની નવીન આવૃત્તિઓ; **૧–શ્રીમદ્ ભગવદ્ ગીતા**ના ગુટકા, **૨–શ્રીમદ્ ભાગવત ભાષાંતર, ૩–ટુંકી વાર્તાઓ ભાગ ૨ જા**ની એક ગૃહસ્થે વિનામૂલ્યે સ્ત્રીવર્ગમાં ભેટ આપવાને પ્રકટ કરેલી બીજી આવૃત્તિ એ સર્વ બાબતો તરફ પ્રત્યેક વાચકનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે. **ગ્રંથ સ્વીકાર ઈ૦** બાબતો આ પુસ્તકનું વજન પૂરૂં થઇ જવાથી આવતા પુસ્તકપર રાખવી પડી છે.

# અખાનો પરિચય

કવિ અખાનો ગુજરાતની પ્રજાને પરિચય કરાવવો એ બેશક નવો નથી, કિન્તુ એના જીવનચરિત્રનાં છૂટાં છવાયાં ચિત્રો જે ઉપલબ્ધ થાય છે તેને જનસમૂહ સમક્ષ ધરવાં, અને એમ કરી એની જ્ઞાનગોઠડીમાંથી રસાસ્વાદની લ્હાણો લેતાં શીખવવી, એ નવીન ન હોય છતાંયે ઇષ્ટ છે. ગુજરાતની પ્રજામાં એવા મહાપુરૂષોના શિક્ષણનાં રહસ્ય ઉકેલાવવાં; તેમના પ્રત્યે ભક્તિભાવ ઉત્પન્ન કરાવવો; એમના શિક્ષણવડે સંસ્થાપિત જ્ઞાનની હૃદય હૃદયમાં ગોષ્ટી ઉતરવા માંડે એમ કરવું; અને એમ કરી એવા કવિઓનાં અને મહાત્માઓનાં શ્રમભર્યાં શ્રાદ્ધ ઉજવતાં શીખવવાં; એજ નવનવીન આવૃત્તિઓનો અને એને અંગે લખાતી જીવનકલાની રૂપરેખાઓનો તથા સ્મરણોનાં આલેખનોનો મુખ્ય ઉદ્દેશ હોય છે.

વેદાન્ત કવિ શિરોમણી અખાના જીવનચરિત્ર સંબંધી સંતોષકારક એટલે કે જીવનકલાના અથેતિ પ્રસંગો પ્રાપ્ત થઇ શકે એમ તો નથી. ઇ. સ. ૧૮૬૪માં કવિ હીરાચંદ કાનજીએ 'અખાની વાણી' સંશોધિત કરીને મુંબઇમાં છપાવી. ત્યારપછી પણ અનેક સ્થળેથી લગભગ એનું એજ અને એટલુંજ સાહિત્ય પ્રસિદ્ધ થયું છે. એના જીવનના મળી શકયા એટલા પ્રસંગો એ પુસ્તકની પ્રસ્તાવનામાં વર્ણવ્યા છે. અન્ય સ્થળેથી પ્રસિદ્ધ થયેલ આવૃત્તિઓમાં પણ થોડાં ચિત્રો છે. એ બધો ઇતિહાસ કેટલે અંશે સત્ય છે એની ચર્ચા તો વ્યર્થ છે; પણ જે પ્રસંગો પ્રકટ થયા છે, એથીજ એનું જીવન આવું ઘડાયું હોય, અને એને લીધેંજ એને વૈરાગ્ય પ્રાપ્ત થઇ જ્ઞાનની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ હોય, એ સંભવિત લાગે છે.

અખો જ્ઞાતિનો સોની હતો. સોનીની પેટા જ્ઞાતિઓમાંથી પણ એ પરજિયો કે શ્રીમાળી સોની એ વિવાદિત પ્રશ્ન છે; કિન્તુ એની ભાષામાં પરજિયા સોનીની ભાષાના શબ્દો નહિ હોવાથી એમજ અનુમાન થાય છે કે એ શ્રીમાળી સોની હતો. એના નિવાસસ્થાન માટે

ભિન્ન ભિન્ન મત છે. એક મત કહે છે કે એ અમદાવાદનો વતની હોઇ ખાડિયામાં રહેતો હતો, ત્યારે અન્ય કોઇ એમ કહે છે કે અમદાવાદથી થોડે દૂર આવેલા જેતલપુર ગામમાં એ રહેતો હતો. એના જન્મનો સમય પણ આપણે એની લખેલી 'અક્ષયગીતા' માંથી ઉપજાવી કાઢવો પડે છે. 'અક્ષયગીતા' સંવત ૧૭૦૫ ના ચૈત્ર સુદિ નવમીને સોમવારે પૂરી થઇ છે, એમ તે એના અંતમાં લખે છે. એ સમયનાં એના જ્ઞાન અને અનુભવનો અને તે અગાઉનાં ભ્રમણનાં વર્ષોનો વિચાર કરતાં એમ અનુમાન થઈ શકે છે કે એ લેખ એના ૩૦–૩૫ વર્ષના જીવનના પરિપક્વ અનુભવનું ફલ છે. આ ઉપરથી જોકે આપણને જન્મ સંવત તો નથીજ મળતો, કિન્તુ કયાં વર્ષોમાં એ હયાત હતો તે જાણવાનું મળી આવે છે.

જેતલપુરથી પંદર સોળ વર્ષની વયે અમદાવાદમાં આવીને એણે નિવાસ કર્યો હતો. એનો પિતા એને અને એની બ્હેનને લઇને રોજગાર માટે અમદાવાદમાં દેશાઇની પોળમાં રહ્યો હતો. એની વીશ વર્ષની વય પહેલાં એના પિતાનો સ્વર્ગવાસ થયો. થોડાજ સમયમાં એની એકની એક બ્હેન કે જેના પર એનો અતિ ગાઢ સ્નેહ હતો તેણે દેવવાસ કર્યો. બાળલગ્નથી પ્રાપ્ત થયેલી યુવાન સ્ત્રી પણ એજ સમયમાં એને એકલો મૂકી મૃત્યુ પામી. આવાં નિકટવર્તી સમ્બન્ધીનાં ઉપરાઉપરી મરણથી એના હૃદયમાં સંસારના સમ્બન્ધીઓનું માયાવીપણું સમજાવા લાગ્યું. સંસારનાં દુઃખોનો એને આભાસ થવા લાગ્યો. સાંસારિક સુખસાધનના વિચારોને લીધે કે પછી ઉણા રહેલા અનુભવની અનુપૂર્તિને માટે એણે બીજીવાર પણ લગ્ન કર્યું હતું એમ કહેવાય છે; કિંતુ એ લગ્ને પણ એને કશી સંતતિ આપી નહિ અને એ બીજીવારના લગ્નની પત્નીનો પણ મૃત્યુએ સત્વર વિયોગ કરાવ્યો. આમ નજીકનાં સમ્બન્ધીઓને સત્વર ગુમાવેલાં હોવાથી 'સંસાર એ જન્મમૃત્યુની ઘટમાળ છે' એવા વિરાગનું બીજ એના અંતઃકરણમાં ત્યારથીજ રોપાયું હતું.

એક એવી પણ દંતકથા છે કે, એને એક ધર્મભગિની હતી. એ બ્હેનપર એને અતિ વિશુદ્ધ સ્નેહ હતો. પોતાની સગી બ્હેનના સ્વર્ગવાસ પછી એ બ્હેન સાથે એને એટલોજ ગાઢ સ્નેહ સમ્બન્ધ જોડાયો હોય એ સ્વાભાવિક લાગે છે. એ બ્હેને અખાને ત્યાં સુમારે ત્રણસેં રૂપિયાની થાપણ મૂકી રાખેલી હતી. એ રૂપિયા ઉપાડી લેવાની ઇચ્છાથી એ સ્ત્રીએ પોતાની મુડીમાંથી સોનાની એક કંઠી કરી આપવાને અખાને કહ્યું. સરળ હૃદયના અખાએ પોતાના પદરના એમાં રૂપિયા સો ઉમેરી ચારસો રૂપિયાની કીંમતની એક કંઠી કરી આપી. "સોની તો સગી માનોય સાલ્લો કાઢી લે" એવી કહેવત સર્વત્ર મશહુર છે, અને એ સોનીની જ્ઞાતિમાંજ અખાનો જન્મ હોવાથી એનાપર એ લોકકહેણીના પ્રભાવવડે પેલી બાઇને અવિશ્વાસ ઉત્પન્ન થયો. પોતાની શંકા દૂર કરવા અને એમ કરી સોની ભાઈના સ્નેહની પરીક્ષા કરવા એ બાઇએ પેલી કંઠી કોઇને દેખાડી. એમ કરતાં કંઠીને કાપ મૂકવો પડયો. ચોકસીએ કંઠીની કીંમત રૂપિયા ચારસોની આંકી. બ્હેનને પશ્ચાતાપ થયો અને એ કાપેલી કંઠી લઇને તે અખા પાસે ગઈ. સાચી હકીકત કહી દેતાં અખો તેના પર ગુસ્સે થશે એવો તેને ડર લાગવાથી પેલા અવિશ્વાસની વાત છુપાવી રાખવા માટે તે થોડું અસત્ય બોલી. કંઠી ઉંદરે કાપી ખાધી છે માટે પાછી ફરી ગંઠી આપો, એમ કહી એણે અખાનેજ તે કામ કરવા સોપ્યું. કંઠીનો કાપ જોતાંજ અખાને એ વાતમાં શક પડયો. એને લાગ્યું કે ઉંદરનો એ કાપ નથી, પણ કોઇએ જાણી જોઇને તેને કાપી જોઇ છે. આથી અખાએ તે બાઇને સાચેસાચું કહેવાનો આગ્રહ કર્યો. પટાવીને પૂછતાં બાઇએ લાગણીપૂર્વક સર્વ સાચી હકીકત નિવેદન કરી. સંસારીઓના જૂઠા સમ્બન્ધની અને તેમના સ્નેહમાં રહેલાં મમતા અને સ્વાર્થની અખાને આથી વિશેષ ખાત્રી થઇ. એ સમયની ટંકશાળમાં એ અમલદાર

હતો એવી પણ એક કથા છે. એની આવી સત્યનિષ્ઠા છતાં પણ બીજા હાથ નીચેના નોકરોએ બાદશાહને તેના સમ્બન્ધમાં સાચું-ખોટું સમજાવ્યું. સોના ચાંદીના સિક્કાઓમાં હલકી ધાતુનો ભેગ કરી એ નિમકહરામી કરે છે, એવી વાત કોઇએ બાદશાહને કાને પહોંચાડી. બાદશાહે એની તપાસ ચલાવી. આખો એ પરીક્ષામાં નિમકહલાલ ઠર્યો; પણ એ પ્રસંગથી એના ચિત્તપર વિરાગની એવી તો સજ્જડ છાપ પડી કે એણે નોકરી મૂકી દીધી. સર્વ ઓજાર હથીઆર તેણે કુવામાં ફેંકી દીધાં અને જગત્‌ના અવિશ્વાસને પાત્ર એવો સોનીનો ધંધો છોડી દઇને તે એકલો સંત–મહાત્માઓના સત્સંગમાં સત્પદાર્થની શોધમાં નીકળી પડયો. અત્યારથી એના આત્મ-મન્થનનો કાલ શરૂ થયો. જગત્‌ના સમ્બન્ધીઓનો વિયોગ, પોતાના પ્રેમપાત્રોનો અવિશ્વાસ અને પ્રાપંચીક જગત્‌ના કાવાદાવાએ એના ચિત્તમાં વિરાગનું સિંચન કર્યું. અમદાવાદમાં પણ અનેક વેળા સાધુ-સંતોનો સમાગમ સેવી સત્યસુખની પ્રાપ્તિનાં સાધનોની ચર્ચા તે કર્યા કરતો હતો; પણ ભરતભૂમિના તીર્થોમાં અનેક આત્મરત મૂર્તિઓ નિવૃત્તિ પરાયણ જીવન વ્યતિત કરતી હોય છે ત્યાં પરમસત્યનાં દર્શન સહજ થઈ શકે એવી શ્રદ્ધાના અંગે તેણે તીર્થ પર્યટન કરવાનો પ્રારંભ કર્યો. ઘરની માલમિલકત વેચી દઇ સંસારને સર્વ કાલને માટે સંકેલી લઇ તેણે કાશીપ્રતિ પ્રયાણ કર્યું. માર્ગમાં એને ગોસ્વામી કુલનાં બાલકોનાં દર્શન કરવાની ઇચ્છા થવાથી તે જયપુર ગયો. દ્રવ્યવાન યાત્રાળુ હોવાથી એ મંદિરમાં એને બહુ સારો સત્કાર મળ્યો. ત્યાં તેણે ગુરૂદીક્ષા લીધી હોય એમ એના " ગુરૂ કીધા મેં ગોકુલનાથ " વાકયપરથી કલ્પના થઇ શકે છે. અનુભવ તેમજ ચર્ચાને અર્થે એ ત્યાં થોડો સમય રહ્યો; પણ એવા સત્ય શોધક જીજ્ઞાસુને રંગબેરંગી મંદિરો અને રમણીય વિલાસભુવનોમાં કંઇ સંતોષ ન જણાયો. સત્યની કંઇપણ આશા ન બંધાઇ. આખરે હારીને એ

પોતાના ધારેલ સ્થળ કાશીપ્રતિ જવાને નીકળી પડયો. સત્યનો જે આવેશ અખાની કવિતામાં પ્રતિત થાય છે એજ બળ તેના એ સમયના જિજ્ઞાસુહૃદયમાં પણ સતેજ જણાઇ આવે છે. " કંચન-અને કામિનીની મોહજાળમાં ન ફસાય અને માયાથી નિર્લિપ્ત રહી કેવલ જ્ઞાનયજ્ઞરૂપેજ લોકહિતમાં નિરત રહે, એજ જીવન્મુક્ત સાચાસંત કહેવાય " એવું સત્ય એના હૃદયમાં સંપૂર્ણ ઠસી ગયું હતું. ગોકુલનાથના થયેલા અનુભવપરથી સ્થળે સ્થળે મળી આવતા મહાત્માઓની એ પરીક્ષા કરતો હતો. સાધુસંતોનાં દર્શન કરી જ્ઞાનચર્ચાનો પ્રસંગ કાઢી એમની સત્યનિષ્ઠા તે તપાસતો; દ્રવ્યાદિ ભેટની લાલચો આપી એમનું તપોબળ અજમાવતો; સમાગમ સેવી એમની વિશુદ્ધ જીવનલીલા નિહાળતો; અને એમાં એની કસોટીમાં જે મહાત્માઓ જેટલે અંશે ઉત્તીર્ણ થતા તેટલે અંશે તેમના સત્સમાગમનો લાભ લઇ ઉપદેશ મેળવતો. આવી ઉગ્રતૃષાના તરફડાટમાં એને એક સમર્થ જ્ઞાનીનાં દર્શન થયાં.

" ચરણ ચિંતવી સ્તુતિ કરૂં, ચિદ્શક્તિ બ્રહ્માનંદની "

અક્ષયગીતાના મંગલાચરણમાં એની ગુરૂમૂર્તિના નામનો આમ એ ઉલ્લેખ કરે છે. કાશીમાં ફરતાં ફરતાં એક દહાડો એણે જોયું કે એક મઠમાં એ જીવન્મુક્ત મહાત્મા કોઇ સંન્યાસી અધિકારીને વેદાન્ત શ્રવણ કરાવતા હતા. એ મહાત્માનો ઉપદેશ સાંભળવાની એને ઇચ્છા થઇ; પરંતુ સંન્યાસી મુમુક્ષુઓને રાત્રિએ ઉપદેશ આપે છે, તેથી એવા એકાન્ત સમાગમનો લાભ લેવાનો પોતાને એ સ્થળે અધિકાર મળશે કે કેમ, એ શંકા ઉત્પન્ન થવાથી અખાએ એ ઉપદેશનો ગુપ્ત રીતે લાભ લેવાનો વિચાર કર્યો. મહાત્માઓની કસોટી અજમાવવાની તેની ટેવ હજી ગઈ નહોતી. બ્રહ્માનંદજીની પાસે અનેકવાર દિવસે જઈ દ્રવ્યની ભેટની, વિવેકસત્કારની અને એવી માર્મિક તૃષ્ણાઓનાં પ્રલોભનો તેણે આપી જોયાં; પણ એ મહાત્મા આશા-તૃષ્ણાથી પાર

પહોંચી ગએલા હોઇ અખાની કસોટીમાં વિજયી નિવડયા. એ મહાત્માના ઉપદેશમાં હવે એને બહુ રસ પડવા લાગ્યો. અંતઃકરણમાં એમને તેણે સદ્‌ગુરૂ ધારણ કરી લીધા; પણ પેલું કથાશ્રવણનું કાર્ય તો પહેલાંની પેઠે ગુપ્તજ રહેવા દીધું. રાત્રિએ મકાનની બહાર બેસી તે ગુપ્ત રીતે શ્રવણપાન કરતો હતો. એકાદ વર્ષ સુધી એમ બહાર બેસીનેજ તેણે એ લાભ લીધો. આખરે એ ગુરૂ શિષ્યના પ્રત્યક્ષ સંમેલનનો એક દિવસે કંથા સમયે સુયોગ મલ્યો. નિત્ય રાત્રિએ કથાશ્રવણ કરનાર પેલા સંન્યાસીને એક દહાડો નિદ્રા આવી જવાથી રોજની પેઠે તે હોંકારો ન આપી શકયો. જિજ્ઞાસુ નિદ્રાને લીધે હોંકારો ન આપી શકવાથી બ્રહ્માનંદજી ઉપદેશ આપતા અટકી પડશે, એમ સમજી મુમુક્ષુ અખાથી બોલ્યા વિના ન રહેવાયું; અને તેણે પોતજ બહાર બેઠાં બેઠાં હોંકારો આપી દીધો.

રાત્રિના સમયે કોઇએ બહારથી હોંકારો આપવાથી મહાત્મા બહ્માનંદજીને આશ્ચર્ય થયું અને તે કોઇ સત્પાત્ર સાધક હોવો જોઇએ અથવા તો કંઈ અન્ય ચમત્કાર છે, માટે તેનો શોધ કરવો જોઇએ, એવી જીજ્ઞાસા થવાથી પોતેજ બહાર આવીને આસપાસ જોયું એટલે ત્યાં અખાને બેઠેલો જોયો. મકાનની બહાર લપાઇને બેઠેલા તે પુરૂષને જોઇને એણેજ હોંકારો દીધો હશે એમ માની લઇને તેને નામ ઠામ વગેરે પૂછતાં અખાએ તે સર્વ હકીકત નિવેદન કરી. પોતે ત્યાં સુમારે એકાદ વર્ષથી નિત્ય બેસી વેદાન્ત શ્રવણ કરે છે, અને આપ રાત્રિએ ઉપદેશ આપો છો તેથી મને તે શ્રવણ કરવાની કદાચિત આજ્ઞા ન મળે એવી આશંકાને લીધે બહાર બેસીનેજ એ અમૃતપાન કરવાનો નિશ્ચય કરી રાખ્યો હતો એ વાત પણ તેણે કહી. બ્રહ્માનંદજીએ તેની પરીક્ષા કરવા માટે કેટલાએક જ્ઞાન વિષયક પ્રશ્નો પૂછ્યા. અખાએ એના બહુ સ્પષ્ટ અને સત્યપુરઃસર ઉત્તર આપ્યા; અને એ બધા એમની કથા સાંભળેલી તેને અનુસરતાજ હતા એટલે બ્રહ્માનંદજીને અખો ઉત્તમ અધિકારી છે, એમ ખાત્રી થઇ.

હવે તો એને નિત્ય નિયમિત રીતે એમના સત્સંગનો લાભ મળવા માંડયો. એ સદ્‌ગુરૂના પ્રતાપે એને જ્ઞાનનો સાક્ષાત્કાર થયો; અને પંચદશી, ઉપનિષદ્‌, યોગવાસિષ્ઠ, અધ્યાત્મરામાયણ અને ભગવદ્‌ ગીતા આદિ વેદાન્તના ગ્રંથોનો એમની પાસેજ એણે અભ્યાસ કર્યો હશે એમ જણાય છે; કારણ કે તે સર્વ ગ્રંથોની છાયા એની કવિતામાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે.

થોડાં વર્ષો ત્યાં રહી એ પાછો ગુજરાતમાં આવી રહ્યો હતો. પાછા આવતાં પુનઃ જયપુરના ગોકુલનાથનાં દર્શન કરવાની એને ઈચ્છા થઈ તેથી ત્યાં ગયો, પણ આ વખતે પ્રથમનો તે દ્રવ્યવાન અખો નહોતો. જ્ઞાનમાં ગળી ગયેલો છતાં ઉન્મત્ત, અને સત્યમાં નિષ્ઠાવાન્‌ છતાં સમર્થ એ અખામાં હવે બહારનો કશોએ આડંબર રહ્યો નહોતો. જ્યાં દ્રવ્યનોજ સત્કાર થતો હતો એવા એ મંદિરમાં 'અખો આવો નહોતો' એવા શબ્દોજ દ્વારપાળના મુખથી સાંભળ્યા, એટલે એને બહુ માઠું લાગ્યું. મંદિરના મહારાજ સુધી પોતાનું નામ પહોંચાડવાની એણે દ્વારપાળ વિગેરેને સૂચના કરી; પણ મહારાજે દૂરથીજ એને નિર્ધન જોઇને એની જરાયે પર્વા ન કરી. એ વાતને અખે પોતાના કાવ્યમાં બહુ સારી રીતે ઉતારી છે. એ કહે છે કે:

" ઘણાં કૃત્ય કર્યાં મેં બાહ્ય, તોય ન ભાગી મનની દાઝ;
" દરસન વેષ જોઇ બૈ રહ્યો, પછી ગુરૂ કરવાને ગોકુલ ગયો.
" ગુરૂ કર્યા મેં ગોકુલનાથ, ગુરૂએ મુજને ઘાલી નાથ.

* * * * *

" ગુરૂ કીધા મેં ગોકુલનાથ, ઘરડા બળદને ઘાલી નાથ,
" ધન હરે ધોખો નવ હરે, એ ગુરૂ કલ્યાણ શું કરે ?"

એને ત્યાં આવો અનુભવ થયો એમ એ સ્પષ્ટ કહે છે. અખાના બાહ્યજીવનના એટલે કે આચારના પ્રસંગો તો આથી વિશેષ આપણને ઉપલબ્ધ નથી; પણ એની કવિતાપરથી જણાઇ આવે છે કે સંસારનાં સંબંધીઓનો પાશ તોડી નાંખ્યા છતાંએ

એણે ત્યાગીનો વેષ પહેર્યો નહોતો. પોતાના જ્ઞાનકાવ્યમાં મસ્ત રહેવું અને એનાએજ વસ્ત્રાભિધાનમાં અહિં તહિં વિચરતા રહેવું, એ રહેણીકરણી એની પાછળના જીવનના અનુભવોદ્‌ગારમાં પ્રતીત થઇ આવે છે. વર્ણ કે આશ્રમના પ્રાસંગિક ફેરફારોને પણ એ જરાયે અનુમોદન નથી આપતો એ એનાં નીચેનાં વાક્યોપરથી સમજાય છે.

" સૂતર આવે તેમ તું રહે, જ્યમ ત્યમ કરીને હરિને લહે,
" વેષ ટેક છે આડીગલી, પેઠો તે ન શકે નીકળી;
" અખા કૃત્યનો ચઢશે કષાય, રખે તું કાંઈ કરવા જાય."

અને તેણે તેમજ કર્યું છે. એના એજ વર્ણાશ્રમમાં–એટલે કે મહારના વેષમાં કશુંએ રૂપાન્તર કર્યાવિનાજ એ મસ્ત ફર્યા કરતો હતો. એક ભજનમાં એણે એટલા માટેજ નીચે પ્રમાણે લખ્યું જણાય છે.

" અબ મોહે અદ્‌ભુત આનંદ આયા;
" કીયા કરાયા કછુ ભી નાહીં, સ્હેજે પિયાજાકુ પાયા;
" દેશ ન છોડયા વેષ ન છોડયા, નહીં છોડયા સંસારા;
* * * * *
" ભલા કહે કોઇ બુરા કહે, અપની મતિ અનુસારા
" ખારા મોળા લોહા પારસ પરસે, સોના ભયા સોનારા."

આમ એ પોતે આખર સુધી સોની રહીનેજ સોનું બન્યો છે એમ માનતો હતો. સાંસારિક સંબંધીઓના વિયોગથી ઉત્પન્ન થયેલ વિરાગ, જગતના પ્રપંચી મનુષ્યોનો સહવાસ, પેલી ધર્મભગિનીપર વિશુદ્ધ પ્રેમ છતાં તેનો અવિશ્વાસ અને ટંકશાળમાં મૂકાયેલો આરોપ, એવાં એવાં અનેક કારણોને લીધે એણે જગતના આડંબરભર્યા લોકોપર સખ્ત પ્રહાર કર્યા છે. એમના એ આડંબરપર જેવી રીતે એને ધિક્કાર હતો એવોજ અભાવ એને વેષધારી સાધુસંતપર પણ થઇ ગયેલો અને એથીજ એણે " દેશ ન છોડયા વેષ ન છોડયા, નહિ છોડયા સંસારા " એમ ટેક રાખી હતી. ગૃહસ્થાશ્રમ આદિ

આશ્રમના જેવો સાધુસંતોનો પણ આશ્રમ છે; જેમ સાધુસંતના આશ્રમમાં એને નિંદ્ય વ્યક્તિઓનો પરિચય થયો હશે તેવોજ ગૃહસ્થાશ્રમી વ્યક્તિઓનો પણ થયેલો હોવો જોઇએ; તો પછી એક આશ્રમ પ્રતિ વિશેષ અભાવ રાખવાનું જે વલન એનામાં ઉત્પન્ન થયેલું એનું માત્ર એકજ પ્રબળ કારણ આપણે કલ્પી શકીએ તેમ છીએ કેઃ—

એ આશ્રમના લોકો સંસારવ્યવહારની ઉપાધિયોનો ત્યાગ કરી કેવલ આત્મસાક્ષાત્કારની સત્વર પ્રાપ્તિ કરી સદ્યોમોક્ષ માટે રણસંગ્રામમાં ઝૂકી પડેલા કેસરીયાં કરેલા વીરનરો છેઃ અને સંન્યાસયજ્ઞના અગ્નિમાં બહિરંગ સાધનો, જગતનાં સંબંધી જનો ઇ૦ પ્રત્યેના સંબંધો અને આસક્તિનો હોમ કરી, એ જ્વાલાના રંગ રૂપી વર્ણમાં બાહ્ય વસ્ત્રો રંગી

**सर्वं धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।**
**अहंत्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामिमा शुचः॥**

એ ભગવદ્ વાક્યપર શ્રદ્ધા રાખનારા ચતુર્થ આશ્રમીઓને અન્ય અનુચિત વ્યવહારમાં રત રહેતા જૂએ ત્યારે અખા જેવા વિરાગની પરાકાષ્ઠાએ પહોંચેલા વીરને તેમના પ્રતિ અભાવ ઉત્પન્ન થાય અને એ અભાવ સત્યના આવેશમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી કઠિન શબ્દોમાં એની કવિતામાં ઉતરે એ સ્વાભાવિકજ લાગે છે; અને એથીજ એણે આખર સૂધી અન્ય વેશ ન ધારણ કર્યો હોય એમ કલ્પના થઈ શકે છે. આમ છતાં સંતનો મહિમા એણે સ્થળે સ્થળે ગાયો છે. અખેગીતાના પ્રત્યેક કડવાની અંતે "સેવો હરિ–ગુરૂ–સંતને" એ વાક્ય એણે યોજેલું જણાય છે.

"ઝીલરે ઝીલતું સંતસંગ રૂપી જાનવી, માનવી માન મુકી દે મનને
"સંતસંગત વિના નર નથી કોઈ નીપન્યા........ ..............

અને

"સંત ગંગા તણું ફલ છે અતિ ઘણું, કહે અખો શું આપવીતી."

એ આવાં વાક્યમાં પોતાની "આપવીતી" ની રેખા દોરી

જનસમાજને સંત સમાગમની ભલામણુ કરે છે.

એની લખેલી કવિતા એ એના અનુભવના ઉદ્ગાર છે. એ કવિ હતો કે જ્ઞાની એ વિવાદિત પ્રશ્નનો વિશેષ વિચાર ન કરીએ તો પણ એટલું તો હિમ્મતથી કહી શકાય એમ છે કે એનામાં કવિના કરતાં જ્ઞાનીનાં લક્ષણોજ વિશેષ હતાં. એ પોત પણ "જ્ઞાનીની કવિતા ન ગણીશ" એમ સ્પષ્ટ સૂચના કરી ગયો છે.

અખાની કવિતા ગંભીર અને અર્થસૂચક છે. જિજ્ઞાસાને જાગ્રત કરી, મંદ વિરાગને મોહની જાળમાંથી છોડાવવા સજ્જડ મેણાં મારી, સત્યને પ્રકાશમાન કરનારી સાત્ત્વિકી શ્રદ્ધા પ્રેરનાર છે. જેનામાં એનાં સખ્ત અને સચોટ ફટકાવાળાં આત્મવેધી બાણ સહન કરવાની શક્તિ હોય એજ એના કથનમાં રહેલા જ્ઞાનનો લાભ લઈ શકે તેમ છે.

સૂર્યમાં જેમ પ્રકાશ અને ઉષ્મા બન્ને છે, એમ સત્ય જ્ઞાન રૂપી તલવાર પણ જેટલી સખ્ત છે એટલીજ તેજસ્વી છે. એનાવડે મિથ્યા અહંભાવ અથવા પૂર્વાધ્યાસનો નાશ કરવામાં પણ જીવને પીડા થાય છે. અખાની વાણી સત્યની તલવાર છે. "સત્ય પણ પ્રિયજ હોવું જોઇએ" એ સૂત્ર એના જ્ઞાનોપદેશમાં નથી. એને તો સત્ય એ સંપૂર્ણ સત્ય અને અવિચ્છિન્ન સત્યજ છે. એ તો સ્વામી રામની પેઠે સૌને 'નગદ ધર્મ' સંભળાવે છે.

એના જેવું સ્પષ્ટ વેદાન્ત સમજાવનાર બીજો કોઈ કવિ ગુજરાતી ભાષામાં હજુ સુધી તો જણાયો નથી. પ્રાતમે શૃંગાર અને વેદાન્ત બન્ને ગાયાં છે, પણ અખાને તો જ્ઞાન–જ્ઞાન અને જ્ઞાનનીજ ધન લાગી છે.

"વિવિધ ગ્રંથમાળા" દ્વારા તેના હજારો વાચકોને સ્વલ્પ મૂલ્યે અખાની વાણી પ્રાપ્ત થઇ શકે એવી યોજના થવાથી હવે એ જ્ઞાનનો તેનાં અધિકારી હૃદયોમાં અધિકાધિક સંચાર પામે એવી શુભેચ્છા સાથે ૐ तत्सत्

N. S. S. T.

# ત્રણ અગત્યનાં પુસ્તકોની હાલમાંજ નીકળેલી નવીન આવૃત્તિઓ.

# ૧-શ્રીમદ્ભાગવત ભાષાંતર

દોઢેક વર્ષપર આ ગ્રંથની આ ખાતા તરફથી નીકળેલી ૫૦૦૦, પ્રતની આવૃત્તિ સત્વર ખપી જવા આવ્યાથી તેની નવી આવૃત્તિનું કાર્ય કેટલાક માસથી ચાલુ હતું તે હવે પુરૂં થયું છે. અને આ "અખાની વાણી"નું પુસ્તક વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકોના હાથમાં જશે તે સમય સુધીમાં તો નવીન આવૃત્તિ બંધાઇને તૈયાર પણ થઇ ચુકી હશે.

**આ આવૃત્તિ વિષેની માહિતી નીચે પ્રમાણે છે.**

કદ-બૃહદ્ગ્રંથમાળાનાં પુસ્તકોની લંબાઇ પહોળાઇ એક સરખી રહે તે માટે આ આવૃત્તિ રોયલ સાઇઝમાં કહાડવામાં આવી છે; જેથી પ્રથમના કરતાં આ આવૃત્તિના કદમાં વીશેક ફોર્મ એટલે ૧૫૦ થી વધુ પૃષ્ઠનો વધારો થયો છે.

**છપાઇ**-આગલી આવૃત્તિ કરતાં આમાં સારી આવેલી છે. **અક્ષરો** આગલી આવૃત્તિના જેવાજ કદના આમાં પણ લેવાયા છે. **કાગળો**-રંગમાં તથા જાડાઈમાં આગલી આવૃત્તિના જેવાજ છે. પણ આગલી આવૃત્તિના કાગળો છાપવામાં વધારે કઠણ પડવાથી આ વખતે તેનાથી સ્હેજ નરમ મંગાવેલા તેને બદલે કંઇક વધુ નરમ આવી પડવાથી તે ચલાવી લેવા પડયા છે.

**ચિત્રો**-આગલી આવૃત્તિઓ કરતાં આમાં વધારે સુંદર હોવા

સાથે તે શીલા છાપને બદલે ખાસ નવીન બ્લોકો તૈયાર કરાવી સારા આર્ટપેપર ઉપર છપાવવામાં આવ્યાં છે.

**મૂલ્ય**–ઉપલાં સર્વે કારણોને લીધે આ વખતે ખર્ચમાં ખાસ વધારો થવાથી તેમજ પાછળથી લડાઇ જાગી નીકળતાં પૂઠાં બંધાવવાના ખર્ચમાં થયેલા વધારાને લીધે આ આવૃત્તિનું મૂલ્ય ચારેક આના વધુ રાખવું પડે તેમ હતું; પરંતુ જે સદ્‌ગૃહસ્થદ્વારા આ આવૃત્તિ છપાઇ છે તેમણે કરકસર અને ઉદારતા વાપરી માત્ર બેજ આનાનો વધારો કરવાનું કબુલ રાખ્યું છે. જેથી આ નવીન આવૃત્તિનું મૂલ્ય રૂ. ૨–૨–૦ રાખવામાં આવ્યું છે.

**તરતમાં ખરીદનારને ખાસ લાભ**–આ પુસ્તક ફાગણ માસની આખર સુધીમાં અમદાવાદથી મંગાવી લેનારને રૂ. ૧–૧૪–૦ થી અને મુંબઇ, ભાવનગર, વડોદરા, સુરત, નડિયાદ, રાજકોટમાંથી રૂ. ૨–૦–૦ થી મળી શકશે. એ પછી એ દરેક સ્થળે રૂ. ૨–૨–૦ જ લેવાશે. ટપાલ રસ્તે મંગાવનારે પોષ્ટેજ ખર્ચના ૦॥≈ વધુ સમજવા.

**રેલ્વે રસ્તે મંગાવનારે—(૧)** ભાગવતની કમમાંકમ બે પ્રત સામટી મંગાવી હશે તોજ મોકલાશે. **(૨)** એક ભાગવત તથા બાકીનાં આ ખાતાનાં બીજાં પુસ્તકો મળીને કમમાં કમ ચારેક રૂપીઆનો ઓર્ડર હશે તોપણ રેલ રસ્તે મોકલાશે. **(૩)** મંગાવેલાં પુસ્તકોની તમામ કિંમત પ્રથમથી મોકલી આપી હશે તોજ રેલવે રસ્તે પુસ્તકો મોકલાશે. રીસીટ વી. પી. કરીને મોકલવામાં તેના રજીષ્ટર્ડ ખર્ચના બે આના ગ્રાહકને શીર ચડતા હોવાથી તેના બચાવ માટે પણ ઉપલો (પ્રથમથી નાણાં મોકલી આપવાનો) માર્ગજ સારો છે. **(૪)** કમમાં કમ રૂ. ૪) નાં પુસ્તકો સામટાં રેલ રસ્તે મંગાવનાર પાસેથી પેકીંગ ખર્ચ કાંઈ પણ લેવાશે નહિ. **(૫)** નવ રતલ સુધીના વજનનાં પુસ્તકો રેલ્વે રસ્તે અમદાવાદથી ૨૫૦ માઇલના છેટા સુધી

મોકલતાં માત્ર રૂ. ૦। અને ૧૮ રતલ સુધીનાં પુસ્તકો ૩૦૦ માઇલના છેટા સુધી મોકલવામાં માત્ર રૂ. ૦॥ રેલવે ખર્ચના ગ્રાહકને આપવા પડે છે. (૬) રેલ કે પોષ્ટ રસ્તે મંગાવનારે આ ખાતાના **મુંબઇના** કાર્યાલયપર ન લખતાં **અમદાવાદના** કાર્યાલયપરજ લખવું.

# સ્ત્રી વર્ગમાં વિનામૂલ્યે ભેટ આપવા માટે

# ૨—ટુંકી વાર્તાઓ ભાગ ૨ જો

## ની એક સદ્‌ગૃહસ્થે છપાવેલી ખાસ આવૃત્તિ.

આ કુટુંબબોધક પુસ્તક ગયા ૧૯૭૦ ના વર્ષમાં "વિવિધ ગ્રંથમાળા" દ્વારા પ્રકટ થયેલું તે ભાવનગર નિવાસી એક સદ્‌ગૃહસ્થને ખાસ પસંદ પડવાથી તેમ પોતાનાં સ્વર્ગસ્થ ધર્મપત્નીના સ્મરણાર્થે સ્ત્રીવર્ગમાં ભેટ આપવા માટે તેની ૩૩૦૦ પ્રતની નવીન આવૃત્તિ પોતાના ખર્ચે છપાવી છે. આગલી આવૃત્તિ કરતાં આમાં અક્ષર મ્હોટા રાખવા પરાંત ભાષાની સરળતા વગેરેમાં બનતો સુધારો થયેલો છે. કુલ પૃષ્ઠ સુમારે ૩૨૫ છે. આ પુસ્તક શીલી પહોંચશે ત્યાં સુધી હરકોઈ જ્ઞાતિની સ્ત્રીઓને નીચલે બંને સ્થળેથી વિનામૂલ્યે મળી શકશે. ટપાલ રસ્તે મંગાવનાર બ્હેનોએ પોષ્ટેજ બદલ એક આનાની ટીકીટ પોતાના પુરા નામ ઠામ સાથે બીડવી. આ વિષે આ ખાતા ઉપર ન લખતાં નીચલાં સ્થળોએજ પરબાર્યું લખવું.

૧. **ભાવનગર**—રા. રા. મુરારજી આણંદજી તન્ના બી. એ. એલ. એલ.

૨. **મુંબઇ**—"હાલાઈ લોહાણા વિદ્યોત્તેજક મંડળ" ના સેક્રેટરી. ઠે. કાંદાવાડી પો. ગીરગામ.

# ૩-શ્રીમદ્ ભગવદ્‌ગીતા

## મૂળશ્લોક, સરળ ગુજરાતી ટીકા, છબી, માહાત્મ્ય ઈ૦ સાથે પૃષ્ઠ ૨૭૫ ના ગુટકા.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના સરલ અર્થસહિત ગુટકાઓ આ ખાતા તરફથી સ્વલ્પ મૂલ્યે કહાડવાની શરૂઆત સં. ૧૯૬૪ થી થઈ ત્યારથી અત્યાર સુધીનાં છ વર્ષમાં તેની ચાર આવૃત્તિઓ મળીને કુલ પ્રત ૫૨૦૦૦ ખપી ચુકી છે. હાલ તેની આ ૫ મી આવૃતિની પ્રત ૨૦૦૦૦ છપાઇને તૈયાર થઇ છે. ભાષાંતરની સરળતા માટે આ આવૃત્તિમાં બનતું સંશોધન કરવામાં આવ્યું છે. કાગળો ૬૦ રતલી ગ્લેજ અને છપાઇ પણ સારી છે. ગઇ ચોથી આવૃત્તિ ૨૬ કાગળપર ન્હાના અક્ષરોમાં એક આનાથી કહાડી હતી, તે જાત બહુ ઉપયોગી ન લાગવાથી હવે છપાવવી બંધ રાખી છે. આ પાંચમી આવૃત્તિમાં માત્ર પૂઠાંજ જુદી જુદી જાતનાં રાખીને તેનું મૂલ્ય ખર્ચના પ્રમાણમાં નીચે મુજબ બેથી ચાર આના સુધીનું રાખવામાં આવ્યું છે.

| | |
|---|---|
| ૦-૨-૦ સાદું પટીવાળું પૂઠું. | ૦-૪-૦ પાકું સોનેરી પૂઠું. |
| ૦-૩-૦ પાકું કાપડનું પૂંઠું. | ૦-૪-૦ પાકું રેશમી પૂઠું. |
| ૦-૩-૦ પાકું શણનું પૂઠું. | |

એ સિવાય, વિશેષ સોનેરી પૂઠાવાળી ઉંચા કાગળપર છપાયલી પ્રથમની આઠ આનાવાળી ગીતાઓ પણ હજી મળી શકે છે.

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.**

મુંબઈ નં. ૨ અને સલાપોસ રોડ-**અમદાવાદ**

# ચાલુ સાલમાં પ્રકટ થનારા
# ઉત્તમ મ્હોટા ગ્રંથો

નીચે જણાવેલા ગ્રંથો ચાલુ વર્ષમાંજ એક પછી એક પ્રકટ થનાર છે. તે નીકળતા જશે તેમ 'વિવિધગ્રંથમાળા' દ્વારા ખબર અપાતી જશે. તે અગાઉ એ વિષે કશો પત્રવ્યવહાર કરવો નહિ.

## ચોગવાસિષ્ઠ મહારામાયણ ભાગ ૧ લો.

વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ તથા ઉપશમ, એ પાંચ પ્રકરણ આ ગ્રંથમાં આવશે. અર્ધ ઉપરાંત આ ગ્રંથ છપાઇ ચુકેલો હોઈ હોળી સુધીમાં પ્રકટ થશે. પૃષ્ઠ શુમારે ૧૦૦૦ મૂલ્ય રૂ. ૨॥ થી ૩ રહેશે. આનો બીજો ભાગ સં. ૧૯૭૨ માં નીકળશે.

## શ્રી દાસબોધ ભાષાંતર

આ થોડા સમયમાં છપાવું શરૂ થશે. પૃષ્ઠ ૪૦૦ મૂલ્ય રૂ. ૧) થી ૧॥

## પારસભાગનું ભાષાંતર

પૃષ્ઠ શુમારે ૪૦૦ મૂલ્ય શુમારે રૂ. ૧) થી ૧॥ રહેશે.

## રાજસ્થાનનો ઈતિહાસ ભાગ ૨ જો.

આ પુસ્તક પણ ચાલુ વર્ષમાંજ નીકળશે. પૃષ્ઠ ૮૦૦ રૂ. ૨॥.

## મહાભારતનાં આદિ, વન અને સભાપર્વ.

ચાતુર્માસમાં છપાવા માંડી ૧૯૭૨ ની શરૂમાં નીકળશે.

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–મુંબઇ નં. ૨ અને અમદાવાદ**

# अखानी वाणी.

## श्री अखेगीता.

### કડવું ૧–હરિગુરૂ સંતની સ્તુતિ.

**રાગ ધન્યાશ્રી.**

ૐ નમો ત્રિગુણપતિરાયજી, સર્વે પહેલા જે પૂજાયજી;
અગમઅગોચર જેને શ્રુતિ ગાયજી, ચરણ ચિંતવી હું લાગું પાયજી. ૧

**પૂર્વછાયા.**

ચરણ ચિંતવીને સ્તુતિ કરૂં, ચિદ્‌શક્તિ બ્રહ્માનંદની;
અણછતો અખો અધ્યારોપ કરે, તે કથા નિજાનંદની. ૧
ગુરૂ ગોવિંદ ગોવિંદ ગુરૂ, નામ યુગલ રૂપ એક;
તેને સ્તવું નીચો નમીને, કરૂં બુદ્ધિમાન[1] વિવેક. ૨
પરાત્પર પરબ્રહ્મ જે, તે મન–વાણીને અગમ્ય;
તેનો લક્ષ આપી શકે, તે માટે ગુરૂ તે બ્રહ્મ. ૩
શ્વાન[2] શૂકર[3] બિડાલ ખર, તેના ટોળાનો જે જંત;
તેને મૂકે હરિ કરી, જેને મળે સદ્‌ગુરૂ સંત. ૪

---

૧. મારી બુદ્ધિ પ્રમાણે. ૨. કૂતરૂં. ૩. ભુંડ.

ગુરૂ મહિમા છે અતિ ઘણો, કો સમઝે સંત સુજાણ;
તે ગુરૂ–ગોવિંદ એકતા ભજે, જેને લાગ્યાં સદ્ગુરૂ–બાણ. ૫
જેમ રવિ દેખાડે રવિધામને, તેમ ગુરૂ દેખાડે રામ;
તે માટે હરિ તે ગુરૂ, ગુરૂ ગોવિંદ એવું નામ. ૬
ચિહ્ન સમ્યું તે સંતનું, જે ગુરૂ–ગોવિંદ એકતા ભજે;
જેમ બીબામાંહે રસ ભર્યો, તે વણ ઘડયે રુપ નીપજે. ૭
જેમ સુવર્ણકેરી મોહોરમાંહે, અન્ય મુદ્રા છે અતિઘણી;
તેમ ગુરૂ–ભજનમાં સર્વ આવે, જો મન વળે ગુરૂચરણભણી. ૮
જેમ બધિર ન જાણે નાદ સુખને, સ્વાદ નોહે રસનાવિના;
તેમ ગુરૂવિના હરિ નવ મલે, જેમ ભોગ ન પામે નિર્ધના. ૯
કહે અખો સહુ કોએ સુણો, જો ટાલવા હીંડો જંતને;[1]
એ આરત્યશું[2] ઉરમાં ધરો, તો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

## કડવું ૨–વેદાંતિ કવિયોની સ્તુતિ.

### રાગ ધન્યાશ્રી.

કવિજને આગે ગ્રંથ બહુ કર્યાજી, વિધવિધકેરા[3] જુગતે[4] વિસ્તર્યાજી;
ષટ્દરશનના[5] મત બહુ ઓચર્યાજી, પૂર્વના કવિયો નામે ઊધર્યાજી.[6] ૧

### પૂર્વછાયા.

ઊધર્યા બહુ સ્તુતિ કરીને, એની ગ્રંથકારની રીત છે;
સૂર્યઆગળ ખદ્યોત[7] કશો, એવી બોલવાની નીત[8] છે. ૧
જાન્હવીઆગળ[9] જેમ વોહોકલો[10], સુરતરૂ[11] બદરી[12] યથા[13];

૧. જીવભાવને. ૨. પ્રીતિથી. ૩. નાના પ્રકારના. ૪. યુક્તિથી. ૫. ન્યાય આદિ છ શાસ્ત્રના. ૬. તર્યા. ૭. આગીઓ. ૮. નીતિ. ૯. ગંગાજીની આગળ. ૧૦. નાળું. ૧૧. કલ્પવૃક્ષ. ૧૨. બોરડી. ૧૩. જેમ.

પારિજાતક[1] પાસે અરણી[2], મહાકવિઆગળ હું તથા[3]. ૨
ગરૂડ આગળ યથા કુરરી[4], સાગર આગળ કૂપ;
મેઘઆગળ યથા ઝાકળ, ક્યાં તેલ ને ક્યાં તપ[5]. ૩
બાવનાચંદનબેહેક[6]–આગળ, કશો શોભે કરીર[7];
કશું નીર નવાણનું, કિહાં રસકૂપિકાનું[8] નીર. ૪
પારસના પરતાપઆગળ, અન્ય વિદ્યા કોણ માત્ર;
કિહાં ક્ષુદ્ર દેવ ઉપાસના, જેને કરે અક્ષયપાત્ર[9]. ૫
એહવા કવિજન ગ્રંથ આદે, ગલિત[10] વચન બોલતા હવા;
કહું કોપ ક્રોધ કરો રખે, હીંડીશ બાલક–બુદ્ધિ બોલવા. ૬
તેણે ગ્રંથ પહેલું એમ જાણવું, અમો મગણ જગણ નથી જાણતા;
તુક[11] ચોઝ[12] ચાતુરી ઝડઝમકો, અમો લહ્યા વિના નથી આણતા.૭
એમ ગલિતપણે ગરૂઆ થયા, કરૂણા ઉપજાવી કવિજને;
હું એટલુંજ કહીને સ્તવું, જો કવિ જાણો મુજને. ૮
હું તો જેમ દારૂકેરી[13] પૂતલી, ચાળા કરે અપાર;
પણ કાષ્ઠમાંહે કાંઇ નથી, એ તો કલ ચાંપે સૂત્રધાર[14]. ૯
કહે અખો સહુકો સુણો, એમ સમઝો નિજ તંતને[15];
ઇચ્છો પરમપદને પામવા, તો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

---

૧. હારશિંગાર. ૨. દુર્ગંધયુક્ત પાંદડાંવાળું વૃક્ષ. ૩. તેમ. ૪. કુંઝડી વા ટીટોડી. ૫. ઘી. ૬. શ્રેષ્ટ ચંદનની સુગંધ. ૭. કેરડો. ૮. લોઢાને સોનું બનાવી દેનારા રસનો નાનો કૂવો. ૯. જેમાં રાખેલો પદાર્થ ન ખૂટે એવું પાત્ર. ૧૦. નમ્ર. ૧૧ ચરણ. ૧૨. ધ્વનિ. ૧૩. લાકડાની. ૧૪. સૂતાર. ૧૫. સ્વરૂપને.

## કડવું ૩–વેદાંતના પ્રાચીન શ્રોતાવક્તાનાં નામ.

### રાગ ધન્યાશ્રી.

અણુછતો આત્મા તે શું ઓચરેજી, આપનું વર્ણન તે આપે કરેજી;
જીવતણું પદ જોતાં જે નીસરેજી,સાંખ્યયોગ જોતાં જે હરિ ઉગરેજી૧.

### પૂર્વછાયા.

ઉગરે[1] જે વિચાર કરતાં, બ્રહ્માદિક જે ગૃહી રહ્યા;
તે હરિને તમે ઓળખો, જે આદ્યપુરૂષે[2] અજને[3] કહ્યા. ૧
જે પદ શિવના તનપ્રત્યેં[4], દત્તેં[5] કહ્યું વિશદ[6] કરી;
આકાશવતકેરી[7] કથા, [8]ષડાનનેં ઉરમાં ધરી. ૨
વિધિ વશિષ્ટેં કહી કથા, રઘુનંદન–આગળ[9] જેહ;
અર્ણવ[10] બ્રહ્મ–વિદ્યાતણો, ભાઈ દેખાડયો છે તેહ. ૩
અનંત પ્રકારે અચ્યુતે[11], કહ્યું ભારતને[12] જ્ઞાન;
ગીતા ગાઇ ગોવિંદે, કર્મ–યોગ[13] નિદાન. ૪
સમઝાવ્યા સાનેં કરી, જનકેં જે શુકદેવને;
મહામુક્ત થઇને પરવર્યા, જ્યારે પ્રીછયો અંતર ભેવને[14]. ૫
ભીષ્મે ભગવાન–સાન્નિધ્ય, પાંડવપ્રત્યેં જે કહ્યું;
શાંતિપર્વે શાતા કીધી, હત્યાનું હારદ[15] ગયું. ૬
વેદવ્યાસે વેદ વેંહેંચ્યા, કર્મ ધર્મ પોષ્યા જીવને;
તેની દાઝેં લાગ્યા દાઝવા, જો જાણ્યા નહિ નિજ શિવને[16]. ૭

---

૧ અવશેષ રહે. ૨ નારાયણ. ૩ બ્રહ્માને. ૪ પુત્રપ્રતિ–કાર્તિક સ્વામીપ્રતિ. ૫ દત્તાત્રેયે. ૬ સ્પષ્ટ. ૭ આકાશ જેવાની–બ્રહ્મની. ૮ કાર્તિકસ્વામીએ. ૯ રામચંદ્રજીની સમીપ. ૧૦ સમુદ્ર. ૧૧ શ્રીકૃષ્ણે. ૧૨ અર્જુનને. ૧૩ નિષ્કામકર્મયોગ. ૧૪ આત્મસ્વરૂપને. ૧૫ શંકા. ૧૬ બ્રહ્મસ્વરૂપને.

પછી નારદેં નારાયણકેરૂં, નિજ જ્ઞાન કહ્યું મહાદ્વિજને[૧];
ત્યારે દ્વૈપાયનની[૨] દાઝ ભાગી, જ્યારે કૃપા કીધી સંતજને. ૮
શિવેં કહ્યું શિવાપ્રત્યેં[૩], નિરાલંબ[૪] નિજધામ
અમર કીધો આત્મા, અદ્યાપિ[૬] સહસ્ર[૭] નામ. ૯
કહે અખો વસ્તુજ્ઞાનવિના[૮], કુશળ ન હોય જંતને[૯];
નિજધામ હીંડો જાણવા, તો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૪—અજ્ઞાની જીવની દુઃખ દશા.

### રાગ ધન્યાશ્રી.

જે જંતે ન જાણ્યો જે નિજઆતમાજી,
તે ભટક્યો ભમ્યો માયાના સાથમાંજી;
રયણીનો[૧૦] ભૂલ્યો ઘર પામે પ્રાતમાંજી[૧૧],
પણ દિવસે દિશમોડયો[૧૨] ઘણું ભમે રાતમાંજી. ૧

### પૂર્વછાયા.

રાત્યમાંહે રડવડે, અજ્ઞાને આવર્યો હતો;
તે નિજઆત્માથી ઓતળીને[૧૩], વિચરતો માયાવતો[૧૪]. ૧
જેમ સુતો નર નિદ્રાવિષે, માયા[૧૫] બહુ બીજી રચે;
કારજકારણ[૧૬] પોતે થઇને, નિદ્રાવશમાંહે[૧૭] પચે[૧૮]. ૨

૧ વ્યાસજીને. ૨ વ્યાસજીની. ૩ પાર્વતીપ્રતિ. ૪ આલંબનરહિત. ૫ સ્વયંપ્રકાશ સ્વરૂપ. ૬ હજી પણ. ૭ હજાર. ૮ આત્મસ્વરૂપના જ્ઞાન વિના. ૯ પ્રાણીને. ૧૦ રાતનો. ૧૧ સવારમાં. ૧૨ જેને દિશાની ભ્રાંતિ થઇ છે એવો. ૧૩ વિમુખ થઇને. ૧૪ માયાભણી. ૧૫ સ્વપ્નના પદાર્થો. ૧૬ સ્વપ્નના પદાર્થો ને સ્વપ્નના પદાર્થોને કલ્પનાર. ૧૭ નિદ્રાને વશ થઇને. ૧૮ સુખદુઃખનો અનુભવ કરે છે.

આપથી[1] ઓતળેથકે[2], અસંભાવના[3] ઉપજે;
પછે તે વિપરીતભાવના[4] આચરે, ને દુઃખ પામે થોડ ગજે[5]. ૩
પંચ પર્વા[6] માયા–અવિદ્યા, હૂં મારૂં આદ્દે સહી;
તે ફરે ફેરા ભવવિષે, જ્યમ મણિ નિગમે[7] આંધળો અહિ[8]. ૪
તે ભોગ દેખી ભૂર[9] થાયે, લડાવા ઇંદ્રિ–વિષે[10];
સંસારનાં સુખ સત્ય જાણી, કર્મ–મોદક[11] નિત્ય ભખે. ૫
કર્મજડને કર્મ વાહાલાં, મર્મ ન સમજે બ્રહ્મનો;
ફરી ફરી તે આચરે, પણ ટલે નહીં દેહ [12]ચર્મનો. ૬
પરમાત્માને પુંઠ દઈ, આત્મા ઈંદ્રિ જુવે;
ઈંદ્રિની દૃષ્ટિ વિષે સાહામી, એમ આપોપું[13] નર ખુવે. ૭
વિષય વરક્ત[14] કરે હરિથી, નીચપણું દે જીવને;
અજ્ઞાને અવળો ફરે, તે સંમુખ ના હોય શિવને. ૮
સંસારનાં સુખ અધિક દેખી, કૃપા માને ઈશ્વરી;
અંતરમાંહેનું જ્યાંન[15] ન જાણે, જે પ્રાણપતિ ગયો વિસરી. ૯
કહે અખો સહુકો શુણો, જો આણો જીવના[16] અંતને;
હીંડો પરમપદને પામવા, તો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

---

૧ સ્વરૂપથી. ૨ વિમુખ થવાથી. ૩ સંશય. ૪ વિપર્યય–મિથ્યા જ્ઞાન. ૫ સામર્થ્યે. ૬ વિભાગ વાળી. ૭ ખોવાઇ જવાથી. ૮ સર્પ. જેમ પોતાનો મણિ ખોવાઇ જવાથી સર્પ આંધળો થઇ જાય છે તેમ અવિદ્યા ને હું તથા મારૂં એવડે જીવ પોતાના સ્વરૂપને ભૂલી સંસારમાં ભ્રમણ કરે છે. ૯ કામનાવાળો. ૧૦ ઇંદ્રિયોને વિષયોમાં. ૧૧ કર્મરૂપી લાડુ. ૧૨ ચામડાનો. ૧૩ સ્વસ્વરૂપને. ૧૪ અળગો. ૧૫ હાનિ. ૧૬ જીવભાવના.

## પદ ૧—અજ્ઞાનથી જીવદશાની પ્રાપ્તિ.

### રાગ સામેરી.

જીવની આદ્ય[1] વિચારો રે પંડિતો, આદ્ય જોતાં તે અનાદ્ય[2] દિશે;
દેહતણી છાયા સમાયે દેહવિષે, જ્યારે મધ્ય આવે સૂર[3] શિશેં[4]. જી૦
તનમનને ઓલખ્યાવિના આફ્લે[5], જેમ સૂત્રધાર[6] નિજ નાવ[7]નિરમે[8]
તેજ સૂત્રધાર તે નાવે બેઠો થકો, પછે પરવશ પડ્યો પંથ કર્મે[9]. જી૦
તન મન નૌકા જીવ ગણે માહરૂં, પણ ભવસાગર—મધ્ય કાલ ખેડે;
કર્મના વાયુને વશ પડ્યો લાગ્યો ડોલવા, જ્યારે હાથથી વાત
વટકીજ[10] નેડે[11]. જી૦
ભ્રમનાએ[12] ભટકે ઘણા ભવવિષે, ગુરૂ ગોવિંદના શરણપાખેં[13];
માયારૂપણી માજ વાહાલી અખા, તે જાણીને જનની ભેદ[14] રાખે. જી૦

---

## કડવું ૫—જીવ ઉપર માયાનો દગો.

### રાગ ધન્યાશ્રી.

મર્મ ન સમજે જે માયાતણોજી, તે નર જાણે હું ઘણું બોલણોજી;
તેહને જાણે જનની આપણોજી, તે ભવ[15] ભટકે સહુથી અતિ ઘણોજી.

### પૂર્વછાયા.

ભવમાંહે ભટકે ઘણું, પોતાનો કરીને ઠગે;
જ્યમ વિશ્વાસીને[16] વધે[17] વેરી[18], દીન[19] થઇ મારે દગે. ૧
જેમ પાલે બેરીને[20] ખાટકી[21], તેને ભક્ષ્ય ભોજ્ય આપે ઘણું;

---

૧ આદિ. ૨ બ્રહ્મ. ૩ સૂર્ય. ૪ માથે. ૫ આથડે. ૬ સૂતાર. ૭ વહાણ. ૮ રચે. ૯ કર્મવડે. ૧૦ દૂર થઇ ગઇ. ૧૧ સમીપમાં. ૧૨ ભ્રાંતિએ. ૧૩ શરણવિના. ૧૪ અંતરાય. ૧૫ સંસારમાં. ૧૬ વિશ્વાસ ઉપજાવીને. ૧૭ હણે. ૧૮ શત્રુ. ૧૯ રાંક. ૨૦ બકરાને. ૨૧ કસાઇ.

પછી વધ કરે વારૂં[1] કરીને, એ લક્ષણ અજાતણું[2]. ૨
તે મેંઢા[3] જાણે માહરો, પાલક પોષક: છે ધણી;
તેને આપ જાય અરપવા[4], મોટમ મનમાં અતિ ઘણી. ૩
વાત્સલ્ય[5] જાણી વામ-દક્ષિણ[6], વણ[7] દોર્યો કેડે[8]:ફરે;
તેને મહાજન[9] મૂકાવા કરે, તોય તે જવન[10]-કેડે સંચરે. ૪
હાથ ફેરવે તેથકે મનમાંહી, હેતુ[11] જાણે તેહને;
પણ સૂનીને[12] મન વાત અલગી, તે ભારેં ભાલે[13] દેહને. ૫
અલગા આશય[14] બેઉતણા, લોભે લાગ્યો અજ[15] હલે[16];
તે યવન જાણે ભક્ષ કરૂં, જો ઘણેરૂં વપુએ[17] વલે[18]. ૬
પછે ચરણ ઊંચે અધો[19] મુખે, નેટ[20] તે રાખે સરે[21];
માયા કેરી રીત એહવી, અંતે જીવને એમ કરે. ૭
વિષે[22] દેખાડે વિશ્વના, ચિત્રવિચિત્ર તે ચિત્ત ધરે[23];
પછે પંડિતને પૂછે પ્રભુ[24], મહાભોગ[25] કેમ પામીશ સરે. ૮
ત્યારે પંડિતરૂપેં બોલે માયા, કર્મની કીરત[26] ઘણી;
વિત્ત[27] હરીનેં વાટ દેખાડે, નાનાવિધ કહે ભણીભણી. ૯
કહે અખો રૂચિ ઉપજે, જો એહવું પોષે જંતને[28];
કર્મ ગહન હીંડો વામવા[29] તો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

૧ સાહાય્ય. ૨ માયાનું. ૩ ઘેટો. ૪ અર્પણ કરવા. ૫ પ્રીતિ. ૬ ડાબો-જમણો. ૭ વિના. ૮ પછવાડે. ૯ દયાળુ વૈશ્ય. ૧૦ કસાઇની પછવાડે. ૧૧ હિતેચ્છુ. ૧૨ કસાઇને. ૧૩ જુએ. ૧૪ અભિપ્રાય. ૧૫ બકરો. ૧૬ પ્રીતિ કરે. ૧૭ શરીરે. ૧૮ પુષ્ટ થાય. ૧૯ નીચે. ૨૦ અંતે. ૨૧ સંતોષ પામે. ૨૨ વિષય. ૨૩ ધારણ કરે. ૨૪ હે પ્રભો ! ૨૫ ઉંચા ભોગ. ૨૬ કીર્તિ. ૨૭ દ્રવ્ય. ૨૮ જીવને. ૨૯ નિવૃત્ત કરવા.

## કડવું ૬–માયાથી જીવને સંસારબંધન.

### રાગ ધન્યાશ્રી.

એમ માયા વેષ નાના ધરેજી, કર્મ ધર્મના શબ્દ નાના ઓચરેજી[1];
જીવકેરા મનને અતિઘણું આવરે[2], તેણે પુરંજન[3] ભવ ફેરા ફરેજી.

### પૂર્વછાયા.

ફરે ફેરા બહુ ભવવિષે, વિષયનો તાણ્યો[4] વહે;
પ્રત્યક્ષ ભોગ દેખે ભલા, વલિ પંડિતને પોષતો રહે. ૧
કર્મનાં ફલ લખે માયા, વલિ માયા બેઠી તે કથે;
શબ્દકેરે બાંધણે[5] ભાઈ, બાંધી જીવ રાખે જથે[6]. ૨
અંતરમાંથી મનરૂપેં, સંકલ્પ–વિકલ્પ સુત[7] જણે;
નિમેષ[8]માંહે નવા નવા, જયમ ઇંદ્રજાળ[9]–ગુટિકા ગણે. ૩
કર્મ–ફલ ને જીવ–કેરો, જોગ[10] માયા મેલવે;
વિષય–તૃષ્ણામાંહે મૂકી, એમ જંતુને ભેડવે[11]. ૪
સ્વર્ગ–ભોગ દેખાડે, વળી બીક દેખાડે નર્કની;
તે કામનાએ લાગ્યો ફરે, ભાઈ ગતિ જેવી કૂપચક્રની[12]. ૫
કામ ધામ ને ધન દારા[13], માત પિતા સુત બાંધવા;
વર્ણ વેષ ને રૂપ મુદ્રા, નમણુ ઠમણુ દેવ વંદવા. ૬
ચાલ્ય ચાતુરી ચૌદ વિદ્યા, અવિદ્યા સર્વ સાધના[14];
પંડિત કવિ ને ગુણિ જાણુ દાતા, સર્વ માયાકેરિ આરાધના. ૭

---

૧ બોલે. ૨ ઢાંકે. ૩ જીવ. ૪ ખેંચ્યો. ૫ બંધને. ૬ એકત્ર. ૭ પુત્ર. ૮ આંખ વીંચવા જેટલા સમયમાં. ૯ ઇંદ્રજાળની ગોળીઓ. ૧૦ સંબંધ. ૧૧ ક્લેશ થાય એવી રીતે મેળવે છે. ૧૨ કૂવાના પૈડાની. ૧૩ સ્ત્રી. ૧૪ એ સર્વે અજ્ઞાનની ઉપાસના છે.

રમે રમાડે આપ માયા, નીચો ઊંચો લઇ ચડે;
જેમ મર્કટ હીંડે માગતો, પેલા ભિક્ષુક કેડેં રડવડેં. ૮
એમ ભમે બહુ ભવવિષે, પણ ભેદ કોયે લહે નહી;
દોરિ સંચારો માંહિં માયાતણો, ભૂલવણ મોટી એ સહી. ૯
કહે અખો સહુકો સુણો, તમે જુઓ અંતરના તંતને[૧];
એ જાળમાંહેથી તોજ નીસરો, જો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

## કડવું ૭–માયાથી બ્રહ્માંડની ઉત્પત્તિ.

### રાગ ધન્યાશ્રી.

માયા મોટી[૨] જગમાંહે નટીજી,
તે આગળ કોઇ ન શકે ખટીજી[૩];
હરિહર અજથી આગલ વટીજી[૪],
સમઝી ન જાયે એવી માયા અટપટીજી. ૧

### પૂર્વછાયા.

સમઝી ન જાય એવી માયા, દીસે નહી ને બલવતી;
ચૌદ લોકની આદિ માતા, ૐકારથી પહેલી હતી. ૧
ત્રિગુણ પહેલી શૂન્ય–સ્વામિની[૫], તેણેં ગુણ જનમી ઉભા કર્યા;
પછે જનની થૈ યોષિતા[૬], બલ પોષિ પોતે વર્યા. ૨
ચિદ્દશક્તિ[૭] ચતુરા ચરાચર, ગુણસાથે ભજે વલી;
દેવ દાનવ નાગ માનવ, રમે રમાડે એકલી. ૩
ઉર્ણનાભ[૮] જેમ ઊર્ણા[૯] મૂકી, તે મૂકીને પાછી ભખે;
તેમ માયા ચિદ્દશક્તિ માટે, મોહોટું સામર્થ્ય એ વિષે. ૪

---

૧ તત્ત્વને. ૨ નાચ કરનારી. ૩ જય પામી શકે. ૪ ગઇ છે. ૫ માયા. ૬ સ્ત્રી. ૭ ચૈતન્યની શક્તિ. ૮ કરોળીઓ. ૯ લાળ.

ત્રિગુણ થઇ ચોવીશ રૂપેં, તેહનો ભેદ કહૂં કથી;
જયમ જલ જમાય[1] શીતયોગે, તેહને જડતા પ્રગટે માહેંથી. ૫
સત્ત્વ રજ તમ રૂપે થઇ માયા, પછે એકએકના બહુ થયા;
પંચભુત ને પંચમાત્રા[2], તામસના નિપજી રહ્યા. ૬
રાજસનાં ઈંદ્રિ દશે, અને દશે તેના દેવતા;
ઈંદ્રિયેં ઇંદ્રિયેં તે વશ્યા, આપ આપણું સ્થલ સેવતા. ૭
મન બુદ્ધિ ચિત્ત અહંકાર જે, તે સત્ત્વગુણથી ઉપના;
એ સૃષ્ટિનાં ચોવીશ કારણ, માયા-સમલિત[4] રૂપના. ૮
પ્રકૃતિ તે પંચવીશમી, પરિવાર સર્વ તેહેનો કહ્યો;
પણ છવીશમો પરમાતમા, તે યથારથ જયમ-ત્યમ[3] રહ્યો. ૯
કહે અખો સહુ કો સુણો, એ કહ્યું છે ધીમંતને[5];
એ સમજે તો કામ સરે નરનું, જો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૮-માયાથી ઉત્પત્તિ ને નાશ.

### રાગ ધન્યાશ્રી.

એણે[6] અનુક્રમેં જગતનેં જાણીયેંજી, ત્રણભુવનમાંહે માયા પ્રમાણીયેંજી[7];
સ્થૂલ સૂક્ષ્મ જે કહ્યું જાય વાણીયેંજી, તેટલું સર્વે માયા વખાણીયેંજી. ૧

### પૂર્વછાયા.

માયા વખાણીએ માટ એણે, દૃષ્ટ્ય પદારથ જેટલો;
દૃષ્ટ્ય પદારથ જે જે કહાવે, પાછો વણસશે[8] તેટલો. ૧
ઉપનું તે અલપાય[9] નિશ્ચે, બ્રહ્મા-આદે[10] કીટ[11] જે;

---

૧ જામી જાય. ૨ શબ્દાદિ પાંચ તન્માત્રા. ૩ માયાથી મળેલા. ૪ જેમનો તેમ-સર્વદા એક રૂપ. ૫ બુદ્ધિમાનને. ૬ આવે. ૭ નક્કી કરીએ. ૮ વિનાશ પામશે. ૯ નાશ પામ. ૧૦ બ્રહ્માથી માંડીને. ૧૧ કીડા સુધી.

જે જાયું[1] તે જાય જાણો, અમર સંશય મેટજે[2]. ૨
અમર દાનવ ધ્રુવ તારા, ચંદ્ર સૂરજ જાએ વલે;
જાય જોગ અષ્ટાંગ સિદ્ધ સાધક, તો પ્રાકૃત[3] જીવ કેટલે ભલે. ૩
લીલા-વપુ[4] જો ધરે નિર્ગુણ, તોય નેટ પાછો વલે;
કાલ માયાનું નાટક એહવું, જે ઉપજાવી અહર્નિશ ગલે. ૪
જેમ કરસણી[5] ઉછેરે કરસણ[6], તે કાચું પાકું સર્વ ભખે;
તેમ જગત કરસણ કાલ માયાનું, તે ન મૂકે ખાધા પખેં[7]. ૫
જેમ મેઘનાં બિંદુ નાનાં મોટાં, રેલાઇ પૃથ્વીએ પડયા;
તેમ માયાને મન સહુજ સરખું, જો પ્રાય[8] પોતાના ઘડ્યા. ૬
જેમ અર્ણવ[9] ન જાયે ઉછલી, નવસેં નવાણું નદી ભલે;
સિંધુ થયો સરિતા[10] સરૂપે, તે માટે બાધિ[11] ગલે. ૭
તેમ માયાનું આ જગત નિરમ્યું, કાલ યોગે સર્વથા;
પરમાત્મા તે વતરેક કારણ, તેની કહ્યામાં નાવે કથા. ૮
માહાલે માયા અનંત રૂપે, પણ અપત્યને[12] ભાસે ભલી;
જેમ બાલકીનાં ઢીંગોલીયાં, રમે રમાડે એકલી. ૯
કહે અખો સઉકો સુણો, જો આણો માયાના અંતનેં;
તો અપોપું[13] ઓલખો, જો સેવો હરિ-ગુરૂ-સંતનેં. ૧૦

## પદ ૨—બંધનથી છુટવા સારૂ સદ્‌ગુરૂનું ઉપાસન.

### રાગ આશાવરી.

માયા પીડતી જાણી પરબ્રહ્મને આરાધીયેં,
સાધીયેં[14] સ્વામીનેં ચિત્તપૂરે;

૧ ઉપજ્યું. ૨ દૂર કરજે. ૩ સાધારણ. ૪ વિનોદથી ધરેલું શરીર. ૫ ખેડુત. ૬ અનાજના છોડ. ૭ વિના. ૮ બહુધા. ૯ સમુદ્ર. ૧૦ નદી. ૧૧ સર્વ. ૧૨ માયાના પુત્રને. ૧૩ આત્મસ્વરૂપને. ૧૪ સેવીએ.

સદ્‌ગુરૂ કેરાં ચરણ આદર કરી,
માર્ગ ઝાલીયે મન સૂરેં. મા૦ ૧
મન કર્મ વચને ગુરૂ તે ગોવિંદ ખરા,
ભિન્ન ન જાણીયે ભાવ બીજે;
જાત ને અધ્યયન[1] આશ્રમતણું,
માન મૂકી બ્રહ્મદ્રવ્ય પીજેં. મા૦ ૨
જેમ અગ્નિસંગે શીત વ્યાપે નહી,
જ્યોતિ દેખાડે ને તિમિર[2] ત્રાસે[3];
તેમ ગુરૂ પ્રતાપે પરબ્રહ્મ ભેટીયેં,
માયારૂપીયું ગેહેન[4] નાશે. મા૦ ૩
જયમ કાષ્ઠ આવીપડે વહ્નિ-જ્વાલાવિષેં[5],
તે દારૂ[6] ફીટીને અનલ[7] થાયેં;
તેમ અનન્ય આરાધના[8] જે કો કરશે અખા,
તેહનાં માયા ફરી ચરણ સહાયે[9]. મા૦ ૪

## કડવું ૯.-વૈરાગ્યાર્ત્ત તીવ્રતાનું રૂપ.

### રાગ ધન્યાશ્રી.

નરને ઉપજે દૃઢ વૈરાગજી, આરત્ય[10] કેરી મનવિષે આગ્યજી[11];
તેહેના ટલે દ્વેષ ને રાગજી, નહી આતુરતા કહેવા લાગજી. ૧

### પૂર્વછાયા.

આતુરતા મન અતિઘણી, જેમ મીન વિછર્યું[12] નીરથી;
અજ્ઞાન શિંચાણો[13] લેઇ ચઢયો, તેણે દૂર નાખ્યું તીરથી. ૧

---

૧ વિદ્યા. ૨ અંધકાર. ૩ ભય પામે. ૪ ઘેન-મૂર્ચ્છા જેવી સ્થિતિ. ૫ અગ્નિની ઝાળમાં. ૬ લાકડું. ૭ અગ્નિ. ૮ અનન્ય ઉપાસના. ૯ પકડે. ૧૦ પરમાત્માની શીઘ્ર પ્રાપ્તિની ઇચ્છા. ૧૧ અગ્નિ. ૧૨ જુદું પડયું. ૧૩ સકરો.

તડફડે તલપે અતિઘણું, વિરહ–સૂરજ શિર તપે;
સંસારરૂપી ભૂમિ તાતી[1], નીર નીર અહોનિશ[2] જપે. ૨
કાલ શિંચાણો શિર ભમે, તે તેહની દૃષ્ટે[3] પડે;
નીર–વોહોણૂં[4] વપુ દાઝે, ઝાલ લાગે ને તડફડે. ૩
નયણેં તે નીર દેખે નહીં, કળકળે કાલજ બળે;
પેટ પૂંઠે પાસુ[5] વાલે, જેમ પડે તેમ દાઝે જળેં. ૪
કામધેનુના પયવિષે[6], જો કોઇ મૂકે તેહનેં;
તોયે આપદા ન ટળે મકરનેં[7], વારી વાહાલું જેહનેં. ૫
વૈરાગ ઘણુ[8] ઉપનો શરીરે, તેણે કાલજ કોર્યું માંહેથી;
વ્રેહેતણો તાપ તપે તનમાં, તે નર જીવે ક્યાંહેથી. ૬
નાનાવિધનાં ભક્ષ ભોજન, તેને દીઠાં નવ ગમે;
સંસારરૂપી ભૂખ ભાગી, ઉભા થાતાં તન ભમે. ૭
નિર્વેદ[9] ઉપનો નરવિષે, તે જીવપણે જીવે નહીં;
તે મરી જીવે મનવડેં, જેમ કીટ ભમરી હોયે સહી. ૮
જેમ ઉધઇ ખાયે કાષ્ઠનેં, તેનું કૃષ્ણાગર[10] થૈ પરવરે;
તેમ વિરહ વૈરાગ્ય જેહનેં ભખે, તે નર હરિ થાએ સરે. ૯
કહે અખો સહુકો સુણો, નિર્વેદ ટાલે જંતનેં;
જે નરને ઉપજે ચેતના[11], તે સેવે હરિ–ગુરૂ–સંતને. ૧૦

---

૧ તપેલી. ૨ રાત દિવસ. ૩ નજરે. ૪ પાણી વિના. ૫ પડખું. ૬ દૂધમાં. ૭ માછલાને. ૮ લાકડામાં થનારો કીડો. ૯ વૈરાગ્ય. ૧૦ કાળો અગર. ૪. સમજ.

## કડવું ૧૦–ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યનું મહાત્મ્ય.

### રાગ ધન્યાશ્રી.

વિરહ વૈરાગે જેહનું મન તપેજી, તે રૂંરૂંમાંહે હરિ હરિ જપેજી;
સદ્ગુરૂ ચરણે આપોપું[1] અરપેજી, પરબ્રહ્મ રહે ને પોતેં ખપેજી.[2] ૧

### પૂર્વછાયા.

પરબ્રહ્મ રહેને પોતેં ખપે, તેહેનો ભેદ કહું તે સુણો;
તે વચન માને ગુરૂતણું, ભાવ ભરોંસો અતિઘણો. ૧
ગુરૂ કહે રામ રમે સકલમાં, સર્વાવાસ[3] સ્વામી ભર્યો;
એવું સાંભલતાં મહાવચન માન્યું, અને ભક્તિઉપર આદર કર્યો. ૨
તે હરિ હરિ દેખે સકલમાં, જેહનેં જીવ જીવકરી દેખતો;
હરિ જાણી હેત કરે સકલમાં, પહેલાં જે ઉવેખતો[4]. ૩
હરિ જાણેથકે ભક્તિ થાએ, તેજ ભક્તિ જાણો ખરી;
અજાણે જે આચરે, તેને દ્રોહ થાએ પાછો ફરી. ૪
સદ્ગુરૂનાં વચન સુણીનેં, ભક્તિ જેહને ઉપજે;
અચિરકાલે[5] તે પામે આત્મા, સદ્ગુરૂ વચને જો ભજે. ૫
ભાઈ ભક્તિ જેહવી પંખણી, જેહને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે;
ચિદાકાશમાંહે[6] તેજ ઉડે, જેનેં સદ્ગુરૂરૂપી આંખ્ય છે. ૬
દેખે નેત્ર પરબ્રહ્મનાં, પરબ્રહ્મના કર્ણ માત્ર;
પાદપાણી પરબ્રહ્મનાં, પરબ્રહ્મ દાતા નેં પાત્ર. ૭
જલે પરબ્રહ્મ સ્થલે પરબ્રહ્મ, સ્વર્ગ મૃત્યુ પાતાલ;
ગિરિ ગહ્વર[7] વન વાટિકા, પરબ્રહ્મ જાલ[8] ને માલ[9]. ૮

૧ હુંપણું. ૨ બાધ પામે. ૩ સર્વ સ્થાનમાં. ૪ ઉપેક્ષા કરતો. ૫ થોડાં કાળમાં. ૬ ચૈતન્યરૂપ આકાશમાં. ૭ ગુફા. ૮–૯ અગ્નિની જ્વાળાની પંક્તિ.

પરબ્રહ્મવિના નહિ ઠામ ઠાલું, એમ દેખે ભરપૂર;
જિહાં તિહાં દેખે હરિ ભાઈ, જેનાં પડળ[1] થયાં દૂર. ૯
કહે અખો સહુકો સુણો, ભક્તિ આવીને જંતનેં;
એવા શુદ્ધ ભજનનેં પામવા, તમે સેવો હરિ–ગુરૂ–સંતને ૧૦

## કડવું ૧૧–સર્વાત્મભાવ તેજ પ્રેમલક્ષણા ભક્તિ.

### રાગ ધન્યાશ્રી.

વળી વળી કહું છું ભક્તિ વિશેષજી, જેહ ન દેખે હરિવિના શેષજી;
પેખે સઘળા હરિના વેષજી, તે જન ન કરે કેહેનો ઉવેખજી. ૧

### પૂર્વછાયા.

ઉવેખ ન કરે કોયનો, આત્મા વિલસી રહ્યો;
જેહને શ્રીભાગવત ગાયે, ગીતા ઉપનીષદે જે કહ્યો. ૧
ભાઈ ભક્ત તે જે એમ જાણે, જાણીને હૃદયે ધરે;
સ્વામી માહરો રહ્યો સઘળે, અહર્નિશ ચિંતન એમ કરે. ૨
ભુવન ત્રણયમાં રહ્યો પૂરી, પૂરણ સ્વે[2] પરમાતમા;
પોતે તો પીયુજી નિરંતર, પણ ભેદ દેખે ભાતમાં[3]. ૩
માહરો રામ રમે છે સર્વવિષે, એમ હેતે હીસે[4] મન;
હરિ કહે એ સાંભલે હરિ, હરિને સોંપે તન. ૪
નિત્ય રાસ નારાયણનો, દેખે તે અનંત અપાર;
જિહાં જેવો તિહાં તેહવો, નારાયણ નર નાર. ૫
ગદ્દગદ કંઠ ગાતે થકે, રોમાંચિત હોયે ગાત્ર;
હર્ષ આંશુ બહુ હેત હૃદય, પ્રેમકેરૂં તે પાત્ર. ૬
ખાતો પીતો બોલતો, દેખતો તે સઘલે રામ;

---

૧ અજ્ઞાનરૂપ પડદો. ૨ પોતે. ૩ નામરૂપમાં. ૪ પ્રસન્ન થાય.

વેધ્યું[1] મન રહે તેહનું, શીથલ સંસારી કામ. ૭
નવનીત[2] સરખું હૃદે કોમલ, કહ્યું ન જાયે હેત;
આંખમાંહે અમૃત ભરિયું, હરિભક્તિકેરૂં ક્ષેત્ર. ૮
જેમ જારે[3] લુબધી[4] યુવતી[5], તેનું મન રહે પ્રિતમપાસ;
અહર્નિશ રહે આલોચતી[6], ભાઇ એહવું મન હરિદાસ. ૯
કહે અખો સહુકો સુણો, હરિલક્ષ લાગ્યો ચિંતનેં[7];
મનન તેહને માહાવનું[8], તે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૧૨-સર્વાત્મભાવ જ્ઞાનતુર્ય પદ.

### રાગ ધન્યાશ્રી.

ઉદય ઉજાલો[9] દે જેમ ચંદ્રમાજી,
કિરણુ તેહનાં પસરે વન વિથિ[10] મંદિરમાંજી;
તેમ સરખો આત્મા ભાસે કીટ ઇંદ્રમાંજી,
એહવો પ્રકટયો હૃદય કંદ્રમાંજી[11]. ૧

### પૂર્વછાયા.

હૃદે ગુહામાં રામ પ્રગટયા, તેણે પાલટો[12] મનનો થયો;
માયાનેં ઠામે બ્રહ્મ ભાસે, સંસારનો સંભવ ગયો. ૧
જેમ રવિને તેજે ઓગલે, પાલો[13] તે પાણી થૈ વહેં;
તેમ જેહનેં પ્રગટે આતમા, તે માયાદોષ સહેજે દહે. ૨
ભાઈ માયાનું બલ તિહાં લગે, જિહાં આતમા જાણ્યો નહીં;
જેમ ગત યૌવન થઇ યુવતી, તે પ્રસવલગિ વાધી રહી. ૩

---

૧ વિંધાયેલું. ૨ માંખણ જેવું. ૩ ઉપપતિમાં. ૪ અત્યન્ત પ્રીતિવાળી થઇ. ૫ સ્ત્રી. ૬ જોતી. ૭ ચિત્તને. ૮ પરમાત્માનું. ૯ અજવાળું. ૧૦ શેરી. ૧૧ હૃદયરૂપ ગુફામાં. ૧૨ બદલાવું. ૧૩ બરફ.

જેમ ગોરસમાંથી[1] આજ્ય[2] કાઢે, તે જેમ તક્ર[3] થયું દહીં;
આત્મા જાણે એમ માયા, વિચારે દીસે નહીં. ૪
ભાઇ કર્મ ગહન તે તિહાં લગેં, જિહા સદ્‌વિચાર નથી ઉપનો;
નવનીત ત્યાં લગે વણુસતૂં[4], જિહાં ભેદ ન જાણ્યો તૂપનો[5]. ૫
તાવ્યૂં માંખણ ઘૃત[6] થયું, પછી તે વણુસે નહિં કિમે[7];
તેમ આતમા જાણે નોહે પરાભવ, અણુજાગે માયા દમે[8]. ૬
અંધારૂં દુઃખ દે ઘણું, [9]અર્કવિહોણું જેમ ચક્ષુનેં;
તેમ આત્મા ઉદયે ગહન પલાયેં[10], માયા દમે નહીં પુરૂષનેં. ૭
નિદ્રાવાનને સ્વપ્ન હોયે, ભોગ નાના ભોગવે;
અણછતા[11] આણી તે કરે ઉભા, ગહન માયા જોગવે[12]. ૮
જાગ્યો ત્યાં થઈ ચેતના, નિદ્રાસાથે સર્વ પલ્યું[13];
ત્યમ તુરીયાવડે[14] તિમિર[15] ત્રાસે, ચિત્ત ચમક્યું હું તું તે ટલ્યું[16]. ૯
કહે અખો સહુકો સુણો, જેમ દારિદ્રય નથી શ્રીમંતનેં;
જો મહાધન હીંડો પામવા, તો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

## પદ ૩–સદ્‌ગુરૂની કૃપાથીજ જ્ઞાનની પ્રાપ્તિ થાય.

### રાગ રામગ્રી.

જે ગુરૂભેવ[17] પામ્યો ગુરૂભેવ પામ્યો, તે નર માયાનું જાલ વામ્યો. ધ્રુ૦
જેમ પારસ પરસે જઇ ધાતુને, આપ ટલીને થાય સોનું;
તેમ ગુરૂ પારસવડે નર નીપના, કારણ પ્રીછ્યું જેણે ગુરૂનું. ગુરૂ૦

૧ દહીંમાંથી. ૨ ઘી. ૩ છાશ. ૪ વિનાશ પામતું. ૫ ઘીનો. ૬ ઘી. ૭ કોઈ પ્રકારે. ૮ દુઃખ દે. ૯ સૂર્યવિના. ૧૦ ભાગી જાય. ૧૧ ખોટા. ૧૨ સંબંધથી. ૧૩ દૂર થયું. ૧૪ બ્રહ્મને જાણનારી અંતઃકરણની અવસ્થા વડે. ૧૫ અજ્ઞાન. ૧૬ ટળી ગયું. ૧૭ ગુરુએ આપેલું જ્ઞાન.

શબ્દરૂપી વંટોલ છે વાયુના, તેમાં પડ્યાથકા જીવ [1]ભરમે;
રાજસ-તામસતણી રજ પડે આંખમાં,સદ્ગુરૂ-બોલ તે દૂર વિરમે[2].
આપવિના ઉદ્દેશ[3] કહેનો કરે, જો ઇશ [4]અજાતણો માંહે દીઠો;
સદ્ગુરૂ-કલા તે નાવે કહ્યાવિષે, મુખવિના સ્વાદ કહે ખાટો કે મીઠો.
જાણે કોઇ જન જે આપ[5] ટાલી રમે, પ્રેમે પ્રીછે જે વાત ગુરૂની;
જે જેમ તે તેમ લહેજ અખા, જો પરનાલિકા[6] પ્રીછે [7]ઘરની. ગુરૂ૦

## કડવું ૧૩-જીવન્મુક્તની દશા-૧.

### રાગ ધન્યાશ્રી.

જે નર સમજ્યા તેણે તાં એમ લહ્યુંજી,આપવિષેથી [8]આપોપું ગયુંજી;
બ્રહ્મઅગ્નિમાંહે તે દ્વૈત સર્વે દહ્યુંજી, મરમ સમજ્યાથી હુંતું તેમ થયુંજી[9].

### પૂર્વછાયા.

થયું તેમ જેમ હુંતું આગે, જાણણહારો[10] જાણિયો;
જે ૐકારની આદ્ય[11] હતો, વાલ વેદ પુરાણે વખાણિયો. ૧
કયારે દેખે ધ્યેય[12] ને ધ્યાતા[13], કયારે ધ્યેય રહેને ધ્યાતા ટલે;
તટસ્થ ઉપનું જ્ઞાન જેહને, એમ સુરત[14] ચલે વલે. ૨
ત્યારે ઈંદ્રિ-આરામ[15] વરતે, કયારે [16]વર્ત્તવોણી સુર્ત્ય[17] છે;
તટસ્થકેરૂ[18] એજ લક્ષણ, જ્ઞાનકેરી તે મૂર્ત્ય[19] છે. ૩

---

૧ ભ્રાંતિને વશ થાય. ૨ મૂકી દે. ૩ કથન. ૪ માયાનો. ૫ હુંપણું. ૬ માર્ગ. ૭ આત્મસ્વરૂપની. ૮ હુંપણું. ૯ પ્રથમ બ્રહ્મસ્વરૂપ હતું તેમ થયું. ૧૦ જાણનાર. ૧૧ પ્રથમ. ૧૨ ધ્યાન કરવા યોગ્ય વસ્તુ-બ્રહ્મ. ૧૩ ધ્યાન કરનાર. ૧૪ મનોવૃત્તિ. ૧૫ ઈંદ્રિયોમાં પ્રીતિવાળી. ૧૬ બાહ્યવૃત્તિવિના. ૧૭ આત્માકારવૃત્તિ. ૧૮ બ્રહ્મ તથા સંસારને જાણનાર જ્ઞાનીનું. ૧૯ મૂર્તિ.

જીવન્મુક્ત તેહજ કહાવે, જેહને એહ વૃત્તિ ઉપની;
આકાશવત્ તે રહે સદા, ક્યારેક સ્થિતિ તે રૂપની. ૪
જેમ મહાજલમાંહિલો મકર મોટો, [1]અંબુ-મધ્ય આઘો રહે;
ઊંચો આવી અલ્પ વરતે, વળિ મહાનિધિ[2] જાતો રહે. ૫
જીવન્મુક્ત તે યોગીશ્વર, એમ વર્ત્તે દેહવિષે;
જેમ નાગને અંગ જરા[3] પાકી, અલગી થઇ રહી [4]નખશિખે. ૬
તે ચલણ-વલણ કરે ખરી, પણ અંગથી એકતા ટળી;
તેમ જીવન્મુક્તને દેહ જાણો, જેમ, [5]ભૂયંગને કાંચળી. ૭
ઉપની તે સહજમાંહે, અનાયાસે અંગથી;
જ્યારે [6]વિરમીને થયો વેગળો, ત્યારે ભિન્ન દીઠી ભૂજંગથી. ૮
એમ જીવન્મુક્તને જાણજો, ભાઈ દેહનો જે સંગ;
છે ને છે ને નથી સરખી, જેમ દ્રષ્ટાન્ત ફણુંગ[7]. ૯
કહે અખો સહુકો સુણો, એમ જાણો જીવન્મુક્તને;
એ દશાને હીંડો પામવા, તો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૧૪-જીવન્મુક્તની દશા-૨.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું સાચા સંત સુજાણજી, જેહને ઉદયો અંતર [8]ભાણજી;
હરિને બોલે જેહની વાણજી[9], જે ઘટ ઉઘડી [10]વસ્તુની ખાણજી.૧

### પૂર્વછાયા.

ખાણ ઉઘડી વસ્તુકેરી, તેણે ન્યૂનતા સઘળી ટળી;
અંતર માંહેલો આશય મોટો, તેણે વસ્તુમાંહે જઈ રહે મળી. ૧
જેમ અગ્નિમાંહે લોહ પેઠું, તે લોહમાં અગ્નિ આવિયો;
ત્યારે શિવ શિવ થયું સર્વે, જ્યારે શિવમાં જીવ સમાવિયો. ૨

૧ પાણીમાં. ૨ ઉંડા પાણીમાં. ૩ વૃદ્ધાવસ્થા. ૪ નખથી શિખા સુધી-મુખથી પુંછડી સુધી. ૫ સાપને. ૬ મૂકી દઇને. ૭ સાપ. ૮ જ્ઞાનરૂપ સૂર્ય. ૯ વાણી. ૧૦ બ્રહ્મરૂપ વસ્તુની.

ભાઇ છતે અણછતો થઈ રહે, કોઈક જાણે વિરલા સંત;
[1]આપાપરવિના પ્રીછ[2] અલગી, તે મહાનુભાવ મહંત. ૩
ભૌતિક ભાવના ટળી તેહને, ભાસ્યું ચિદ્આકાશ[3];
શોધ ન પામે મીન[4] જેમ, તેહને નીરમધ્ય આકાશ. ૪
નેત્ર ઉઘાડે ને ગતિ કરે, ભરે તે શ્વાસોશ્વાસ;
તેને નીર પ્રીટીને નભ[5] થયું, જે આપ રહે અવકાશ. ૫
જેમ [6]હિમના પરવતવિષે, મુષક[7] ચાલે મધ્ય;
તેણે ખણ્યા વોહોણી ખાણ થાય, એહવી ઉષ્ણુતાની સિધ્ય. ૬
અદ્રિમાં[8] આકાશ તેહને, મહા કલા મુષકવિષે;
તેમ ભૌતિક ભાવના તિહાં નહી, જે અણુલિંગી[9] આતમ લખે. ૭
ભાઇ લિંગ તિહાં લેખાં ઘણાં, અણુલિંગે લેખું કશું;
એ સહજ[10]–કેરી સાધના, સમઝે તે દેખે અશું[11]. ૮
ભાઈ તત્ત્વદર્શી તત્ત્વમાંહે, દેખે સર્વ સમાસ;
જેમ અરૂપમાંથી રૂપ બંધાએ, પાછું અરૂપ થાય બરાસ[12]. ૯
કહે અખો સહુકો સુણો, એવી અકલ કળા મહંતને;
એ પદને હીંડા પામવા, તો સેવો હરિ–ગુરૂ–સંતને. ૧૦

## કડવું ૧૫–જીવન્મુક્તનો મહિમા–૧.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું જીવન્મુકત દશાયજી, નિશ્ચે જેને પરવત–પ્રાયજી[13];
જેણે પ્રિછ્યો વસ્તુ મહિમાયજી, તે અનુભવતાં પાછો[14] ન થાયજી.

૧ હું ને અન્યવિના. ૨ જાણ–સમજ. ૩ ચૈતન્યરૂપ આકાશ. ૪ માછલું. ૫ આકાશ. ૬ બરફના. ૭ ઉંદર. ૮ પર્વતમાં. ૯ ત્રણ લિંગથી રહિત. ૧૦ સ્વાભાવિકની. ૧૧ આવું. ૧૨ કપૂર. ૧૩ પર્વતના જેવો. ૧૪ પુનર્જન્મ ન પામે.

## પૂર્વછાયા.

અનુભવ જે મોટાતણો, આપાપર નહી જે વિષે;
આપ ગળીચું આપ માંહે, દ્વંદ્વાતીત[1] રહ્યા સુખે. ૧
તેહની કલા પ્રિછી નવ પડે, મતો[2] તે અગમ અગાધ;
વારિધિ–કેરાં[3] વારિ[4] જેમ, ભાઇ નહિ તરવા સાધ્ય[5]. ૨
જેમ સૂર્ય તપે નિદાઘનો[6], તોએ તે ઉષ્ણ ન થાય;
તેમ તત્ત્વદર્શી પુરૂષને, દોષ ન લાગે કાંય. ૩
જેમ વાયુ વહે બહુ ગંધને, ઉત્તમ અધમ અપાર;
પણ રહે અસંગી તે થકો, સ્પર્શે નહિ લગાર. ૪
તત્ત્વદર્શી પુરૂષને, એમ જાણો દેહભાવ;
વહે પણ વળગે નહીં, જે જાણે સહજ–સ્વભાવ[7]. ૫
જેમ વિચિત્ર ભાતિના રંગ મૂકિયે, સ્ફાટિકમણિની પાસ;
તે ભળ્યા સરખા ભાવ દેખાડે, પણ આપ રહે ઉદાસ. ૬
જેમ ચશ્માના પડવિષે, રોધ[8] ન પામે દ્દષ્ટ[9];
તેજ અધિક પોષે આંખને, તેમ અણુલિંગી ઉત્કૃષ્ટ. ૭
તેમ અનુભવી પુરૂષને, આપોપું[10] અંતર નથી;
અમલ[11] આશય[12] તેહનો, ભાઇ ભાગી ઉર્મિ[13] ઉરથી. ૮
સંગીને સિદ્ધાંત પોખે[14], પ્રેમેશું પાવન[15] કરે;
ઉપદેશ આપે આત્મવિદ્યા, સેહેજ[16] શબ્દ તે ઉચરે. ૯

---

૧ સુખદુઃખાદિરૂપ જોડકાથી પર. ૨ અભિપ્રાય. ૩ મહાસાગરનું. ૪ પાણી. ૫ શકય. ૬ ઊનાળાનો. ૭ સ્વાભાવિક સ્વભાવ. ૮ રૂંધાય નહિ. ૯ દૃષ્ટિ. ૧૦ હુંપણું. ૧૧ નિર્મળ. ૧૨ અભિપ્રાય. ૧૩ સુખ-દુઃખાદિરૂપ તરંગ. ૧૪ આપે. ૧૫ પવિત્ર. ૧૬ સ્વાભાવિક.

કહે અખો સહુને વિષે, માન ન હોય મહંતને[1];
એ ઉત્કૃષ્ટ દશાને તેજ પામે, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

## કડવું ૧૬–જીવન્મુકતનો મહિમા–૨.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું તત્ત્વદર્શી પુરૂષજી, સેહેજ સ્વભાવે જેવા કલ્પવૃક્ષજી;
જેહને અહંતા ગયો [2]અમર્ષજી, [3]કલ્પાંતકાળે સદા સન્મુખજી.

### પૂર્વછાયા.

સન્મુખ રહે કલ્પાંતકાળે, મહાપુરૂષ મોટી દશા;
તે અન્ય દેહની પરે જાણે, જે માંહે પોતે વશ્યા. ૧
પોતાનો દેહ આધ દેઈને, મિથ્યા દેખે સર્વને;
ચૈતન્ય તો સઘળેજ સરખું, તો કોણ ધરે દેહગર્વને[4]. ૨
કીટ પતંગ બ્રહ્માલગે, પૂરણ દેખે આતમા;
દૃષ્ટતત્ત્વ[5] ઉપનું જ્ઞાન જેહને, તે ભૂલા ન પડે ભાંત્યમાં[6]. ૩
જન્મઅંધ જેમ રૂપને, જાણે નહિ નિરધાર;
અધ્યાસ[7] નહિ તેહને દેહ વિષે, સુણે શબ્દના ભણકાર[8]. ૪
તેમ જ્ઞાતાને પિંડજ નહિ, નહિ ત્યાં પર ને આપ;
દેહદર્શી[9] જે હોય ભાઇ, તેહને તો પુન્ય ને પાપ. ૫
જેમ અંજનવિદ્યા[10] હોય જે કને, તે જ્યાં ત્યાં દેખે ધન;
વિદ્યાવિના ઘર-મધ્ય દાટચું, ન જાણે કો જન. ૬
ધનદર્શી જેમ ધન દેખે, પણ મધ્ય ન દેખે ભોમ્ય;

---

૧ મહાત્માને. ૨ ઈર્ષ્યા. ૩ બ્રહ્માના દિવસના અંતસમયમાં. ૪ શરીરના અભિમાનને. ૫ આત્મતત્ત્વનું. ૬ નામરૂપમાં. ૭ એકપણાની ભ્રાંતિ. ૮ ભણકારા–ગુપ્તઅવાજ. ૯ દેહનેજ જોનારો. ૧૦ સિદ્ધાંજનની વિદ્યા.

આવરણ[1] છે પણ આડ્ય ન કરે, તેને સાવ[2] નિરંતર વ્યોમ[3]. ૭
તેમ મહાકળા છે મહાપુરૂષને, અણુલિંગી અભ્યાસ;
સ્થૂલતા દર્શન-શરીરે[4], સેહેજે થયો સમાસ. ૮
દેહઅધ્યાસે દોષ સઘળા, દેહ તેજ સંસાર;
દેહ તેને સર્વ સાચું, પાપ પુણ્ય અવતાર. ૯
કહે અખો સહુકો સુણો, લક્ષ મોહોટો મહંતને;
જેણે મનસા વાચા કર્મણા, સેવ્યા હરિ-ગુરૂ-સંતને. ૧૦

## પદ ૪—તત્ત્વદર્શીનો મહિમા.

### રાગ કાનડો.

અકલ કલા ખેલત નર જ્ઞાની, જેસેંહી નાવ હિરે ફિરે દશેં દિશ;
ધ્રુવ તારે પર રહત નિશાની, અકલ કલા ખેલત નર જ્ઞાની. ટેક.
ચલન વલન અવનીપર વાકી, મનકી સુરત આકાશ ઠેરાની;
તત્ત્વસમાસ ભયો હે સ્વતંતર[5], જેસેં હિમ હોત હે પાની. અ૦
છુટી આદ્ય અંત નહિ પાયો, જઈ ન સકત જહાં મન-બાની;
તા ઘર સ્થિતિ ભઈ હે જિનકી, કહી ન જાત એસી અકથ કહાની. અ૦
અજબ ખેલ અદ્ભુત અનુપમ, જાકું હે પહિચાન[6] પુરાની[7];
ગગનહીં ગેબ[8] ભયા નર બોલે, એહી અખા જાનત કોઈ જ્ઞાની. અ૦

## કડવું ૧૭—બ્રહ્મવસ્તુ નિરૂપણ-૧.

### રાગ ધન્યાશ્રી.

વસ્તુને વાણી બોલી નવ શકેજી, મનતણી સુરત જિહાં જાતાં થકેજી;
સદ્ગુરૂ-કેરો જો લક્ષ આવે તકેજી[9], તે નર [10]સ્વેં હરિ થાય તેણે પલકેજી[11].

---

૧ ઢાંકણ. ૨ બધું. ૩ આકાશ. ૪ આત્મારૂપ શરીરમાં. ૫ સ્વતંત્ર. ૬ ઓળખાણ. ૭ પ્રાચીન. ૮ લીન. ૯ સમયસર. ૧૦ પોતે. ૧૧ પળમાં.

## પૂર્વછાયા.

હરિ થાય તે હેત સમઝે, દેહાતીત છે આતમા;
પરાત્પર[1] પરબ્રહ્મ કેવળ, તે ન આવે વાતમાં. ૧
અમલ આતમ એક પૂરણ, અખંડિત અવિનાશ;
અજર[2] અમર અનામ[3] અવ્યય[4], પૂરણ જ્યોતિ-પ્રકાશ. ૨
તેને આદ્ય અંત્ય ને મધ્ય નહિ, નહિ જેહને દેશ-કાળ;
છાયા-માયા-વપુ[5]-વર્જિત, માપરહિત વિશાળ. ૩
અધો[6] ઊર્ધ્વ[7] મધ્ય નહિ, નહિ દિવસ ને રાત;
બાલ યૌવન વૃદ્ધ નહિ, ભાઇ તેવડે સર્વે ભાત. ૪
ત્યાં વારિ[8] વાયુ વસુધા[9] નહિ, નહિ અનલ[10] ને આકાશ;
સર્વમાંહી ને સર્વવર્જિત, નહિ ઉત્પત્તિ નહિ નાશ. ૫
માનવ દાનવ[11] દેવ પન્નગ[12], નાગ નહિ નર નાર;
સર્વ કેરૂં જીવન સદા, પણ સ્પર્શે નહિ લગાર. ૬
તપ્ત[13] શીતલ સુભગ[14] સુંદર, કહ્યો ન જાયે તેહ;
મૂલ માપ થાપ ન થાય, નહિ પ્રેહ[15] નિસ્પ્રેહ. ૭
ક્ષાર ખટરસ મધુર મોળું, તીક્ષ્ણ[16] મિષ્ટ ન કહેવાય;
દીર્ઘ લઘુ કે વામ દક્ષિણ, સર્વ વર્જિત નેં માંય. ૮
નીલ[17] પીત[18] કે શામ[19] ઉજ્જવળ, રહિત અવસ્થા ચાર[20];

---

૧ માયાથી શ્રેષ્ઠ. ૨ વૃદ્ધાવસ્થાથી. ૩ નામથી રહિત. ૪ વિકારથી રહિત. ૫ શરીર. ૬ નીચે. ૭ ઉપર. ૮ જળ. ૯ પૃથિવી. ૧૦ અગ્નિ. ૧૧ દૈત્ય. ૧૨ સાપ. ૧૩ તપેલો. ૧૪ સારા ભાગ્યવાળો. ૧૫ ઇચ્છાયુક્ત. ૧૬ તીખું. ૧૭ આસમાની. ૧૮ પીળો. ૧૯ કાળો. ૨૦ જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ ને તુરીયા.

દૂર નિકટ[1] કે મધ્ય છેડે, થાય નહિ નિરધાર. ૯
કહે અખો સહુકો સુણો, તેનો લક્ષ મહંતને;
એ અવાચ્ય[2] વસ્તુ તેજ પામે, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૧૮—બ્રહ્મવસ્તુ નિરૂપણ-૨.

### રાગ ધન્યાશ્રી.

જે પ્રભુ વાણીયે ન કહેવાયજી, પામણહારો સેહેજે પલાયજી[3];
અગમઅગોચર જેહને વેદ ગાયજી, અટપટો આશય સેહેજે સમજાયજી.

### પૂર્વછાયા.

સેહેજમાં સાધન લાગે, અણુલિંગી અનુભવ એહવો;
વંધ્યાસુત જેમ સુખ સરાહે[4], અચ઼્યો[5] રસ પીવો નવો. ૧
મુખવિના રસપાન કરવું, એહવું તે બ્રહ્મજ્ઞાન;
શ્રવણવિના તે શબ્દ સુણવો, નેત્રવોહણું[6] જેમ ધ્યાન. ૨
વસ્તુગતે[7] સેવક નહિ, અને સ્વામીને નહિ રૂપ;
ગ્રાહ્ય-ગ્રાહક-ભાવ[8] નહિ, એહવું તે ધામ અનુપ. ૩
જેહને વર્ણ વેષ ન રૂપ મુદ્રા[9], તેહતણા સર્વ રંગ;
છાયા માયા નહિ જેહને, તેહના જાણો સર્વ ઢંગ. ૪
સ્થાન માન જેહને નહિ, અકલ રૂપ અપાર;
તેવડે એ સર્વ શોભે, આપે જાણણહાર. ૫
વાણી માંહે જેહ ન આવે, તેહતણી સર્વ વાણ્ય;
નેતિ[10] નેતિ કરી સો કહીયે, તેહની જાણે સર્વ જાણ. ૬

---

૧ પાસે. ૨ વાણીથી ન કહેવાય એવી. ૩ દૂર થઈ જાય. ૪ વખાણે. ૫ નહિ અનુભવેલો. ૬ આંખોવિના. ૭ વસ્તુતાએ. ૮ ગ્રહણ કરવા યોગ્ય ને ગ્રહણ કરનાર એવો ભાવ. ૯ ચિહ્ન. ૧૦ આ આત્મા નહિ.

કૂટસ્થ[1] આત્મા બ્રહ્મ કૈવલ્ય[2], તેહનો સર્વ પસાર;
જેહને વિશેષણુ એકે ન લાગે, તે વિલસી રહ્યો સંસાર. ૭
જે કેહેવોએ કહેવાય નહિ, શબ્દાતીત સદાય;
અનિર્વચની વચન બોલે, તે નાવે વાણીમાંય. ૮
એ તો પ્રીછણુહારવિના[3] પ્રીછવું, પદાર્થ–વોહોણી[4] જે પ્રીછ;
આપે આપનું જે નિરીક્ષણ[5], ઇચ્છા–વોણી જે ઇચ્છ. ૯
કહે અખો એ વાણ્ય–વર્જિત, નિજસ્ફુર્ણ મહંતને;
એ સમસ્યા તેણે લહી, જેણે સેવ્યા હરિ–ગુરૂ–સંતને. ૧૦

## કડવું ૧૯–સ્તુતિ કરતા જીવની બ્રહ્મ સાથે એકતા.

### રાગ ધન્યાશ્રી.

વસ્તુકેરૂં હારદ[6] વસ્તુજ જાણેજી, શું એ જાણીને દ્વૈત ઉર આણેજી;
અદ્વૈતનું દ્વૈત કરે કોઈ સજાણેજી[7], આપકેરૂં રૂપ તે આપ વખાણેજી.

### પૂર્વછાયા.

વખાણે વિગતે કરીને, આપે કહે આપે સુણે;
જેમ ગારૂડી[8] મોહરવિષે[9], સ્વર દીએ ને ભાષા ભણે. ૧
સ્વામીપિંડમાંહે તે જીવ ક્યાંથો[10], અને જીવને ક્યાંથો પિંડ;
એ ચલણુ–વલણુ ચિદ્રૂપ[11] તાહરી, આપ માંહેથી મંડ્ય. ૨
તું તે હું ને હું તે તું, ધ્યેય ધ્યાતા તું રામ;
ઉંડું વિચારી આપ નિરખે, આપે આપનાં કામ. ૩
હો કૈવલ્ય સ્વામી તમો, દિશો ઈશ્વર માયા જીવ;

---

૧ અવિકારી. ૨ માયા ને માયાનાં કાર્યોથી રહિત. ૩ જાણ-નાર વિના. ૪ વસ્તુ વિના. ૫ અવલોકન. ૬ યથાર્થ સ્વરૂપ. ૭ જાણે સતે. ૮ વાદી. ૯ મોરલીમાં. ૧૦ ક્યાંથી. ૧૧ ચૈતન્યરૂપ.

એ ત્રણ પ્રકારે થાઓ તમે, પણ સ્વભાવે તમે શિવ. ૪
અણછતી અજા તમારી, અંગીકૃત-સરખી[1] અશી;
તે મધ્ય પડિયું ધામ તમારૂં, ત્યારે ઇશ્વર થઇને વિલસી. ૫
તે ઈશ્વરના ઐશ્વર્યવિષે, અનંત જીવ ઉપજે સમે[2];
ચૈતન્ય ચાલ્યું આવે તમારૂં, તેમ તેમ માયા પરવરે[3]. ૬
જેમ કાચનું મંદિર રચ્યું, નીલ પીત [4]શુભ્ર શ્યામનું;
તે ઉપર તપ્યો સૂર[5] જ્યારે, ત્યારે વિચિત્ર રૂપ થયું ધામનું. ૭
કૈવલ્ય સૂરજ તપે સદા, માયા તે મંદિર કાચ;
ઇશ્વર નામ તે તેહનું, ભાઈ જીવ થઇ માન્યું સાચ. ૮
અધિષ્ઠાન[6] તે તમે સ્વામી, તેણે એ ચાલ્યું જાય;
અણછતો જીવ હું હું કરે, પણ ભેદ ન પ્રીછે પ્રાય[7]. ૯
કહે અખો તમે નાથ નિર્ગુણ, થયા સગુણ વેષે જંતને;
એ કલા તમારી પ્રીછવા, જીવ સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૨૦–શિવમાં જીવનું તત્ત્વારોપણ.

### રાગ ધન્યાશ્રી.

એમ એ નાટક ચાલ્યું જાયજી, જેહના સ્વામી તમો પ્રભુ રાયજી;
કૈવલ્ય ઈશ્વર ભૌતિક રાયજી, અણછતો ઉભો મધ્યે જીવ થાયજી. ૧

### પૂર્વછાયા.

અણછતો જીવ થાય ઉભો, તે જાય હરિને જાણવા;
નરને ઓછાયો કેમ કળે, તે હીંડે બુધ્યમાં[8] આણવા. ૧
જેમ છો તેમ તમે પ્રભુજી, કાયા માયા સ્વૈં આપ;
બિંબ-પ્રતિબિંબ થાયે દર્પણે, તેમ તમારો તે [9]વ્યાપ. ૨

---

૧ સ્વીકાર્યાં જેવી. ૨ લય પામે. ૩ પરિણામ પામે. ૪ ધોળું.
૫ સૂર્ય. ૬ કલ્પિતનો આધાર. ૭ બહુધા. ૮ બુદ્ધિમાં. ૯ ફેલાવો.

કૈવલ્યપદ તમે નિજ સ્વરૂપે, ઈશ્વરપદ છે અનંત;
મોટું સામર્થ્ય માયા-કેરૂં, જ્યાં ઉપજે મિથ્યા જંત. ૩
તે જંતને બહુ કામના, રસના માટે તે જીવ;
દેહ-આસક્તિ તેને અતિઘણી, જાણે આયુ વધે થૈયે શિવ. ૪
તે પિંડને બહુ પરભવે[1], અને કરે તે કર્મ કલેશ[2];
ચિરંજીવ[3] થાવા હીંડે, મોટો મન ઉદ્દેશ[4]. ૫
ભૂત ભવિષ્યની વાત લહેવા, ઘણું માન[5] ને કોડ[6];
ઈશ થાવાને આશ મોહોટી, સાધે પિંડ મનમોહોડ[7]. ૬
સિદ્ધિકાજે તે કરે, અતિ ઘણા ઉપાય;
અહંતા વાધે અતિ ઘણી, તેણે જીવ જાડેરો[8] થાય. ૭
માયા સાધે મનવડે, જાણે એજ પરમાત્મપદ;
મમતાતણાં તેણે પડલ ચડે, તેમ તેમ વાધે મદ. ૮
એહવા પ્રકાર અજાતણા, સાધે જીવ અપાર;
નાટકમાં નર નાચ નાચે, એમ સરાહે સંસાર. ૯
કહે અખો પદ-મૂલગે[9], પહોંચ નહિ એ જંતને;
મર્મ મૂલગો તેજ પામે, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

## પદ ૫-જીવ ને મનનું સ્વરૂપ.

### રાગ ભૈરવ.

મર્મ સમઝ રે મનવા[10] મેરા, તામેં સમાસ[11] જબ હોએ તેરા;
મન જગતકા ધારણહારા, મન મુવે નિવડયા[12] સંસારા. મર્મ૦ ૧

---

૧ સાચવે. ૨ કર્મસંબંધી દુઃખ. ૩ દીર્ઘજીવી. ૪ હેતુ. ૫ અભિમાન. ૬ હોંસ. ૭ મનને રોકીને. ૮ સ્થૂળ. ૯ મૂળરૂપ પદે. ૧૦ હે મન! ૧૧ વિષય. ૧૨ સમાપ્ત થયો.

લોક ચૌદ સ્ફુર્યા[1] હે મનકું, તાતેં[2] મન પાવે બંધનકું;
મન મુવા તબ હે સબ રામા[3], એહ લોકપરલોકકી ભાગી કામા[4].૨
મન મુવે તે રહે જે મનવા, સો હરિરૂપ જાણીજે જનવા[5];
કહે અખો રહ્યા નહિ બાકી, જબ[6] હિકમત [7]બુઝી[8] ઘરવાકી[9].૩

## કડવું ૨૧–બ્રહ્મ–ઈશ્વર ને જીવની એકતા.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું પૂરણપદ મહિમાયજી, કોટિ બ્રહ્માંડ જે નવાં રચાયજી;
પણ અધિક ઓછું કાંઈ નવ થાયજી, જોતાં જોતાં તે વિલૈ[10] જાયજી.

### પૂર્વછાયા.

વિલૈ જાતાં વણસે[11] નહીં, અને નવાં થાતાં નવ વધે;
પ્રાય વસ્તુ અરૂપ અણુલિંગી, હેતુવિના કારણ–નિધે[12]. ૧
હેતુવિના કારણતણું, કહું દૃષ્ટાન્ત વિધે કરી;
આકાશવિષે જેમ અભ્ર[13] નાનાં, થાય જાય પાછાં ફરી. ૨
નીલ પીત ને શ્યામ ઉજ્જવલ, રક્ત[14] ભાત અનંત;
વિચિત્ર પેરે[15] વિલસે[16] વળી, ત્યાંહાંજ આવે અંત. ૩
પણ વ્યોમ[17] તેમનું તેમ થાતે[18], જાતાં[19] તેમનું તેમ;
વારક[20] પ્રેરક[21] નહિ અભ્રને, વસ્તુ જાણવી એમ. ૪
એ તો અરૂપીકેરૂં રૂપ બંધાયે, પાછું રૂપ અરૂપ થઈ જાય;

૧ કલ્પનાના વિષય થયા. ૨ તેથી. ૩ બ્રહ્મ. ૪ ઇચ્છા. ૫ હે મનુષ્ય ! ૬ જ્યારે. ૭ યુક્તિ. ૮ જાણી. ૯ ઘરની–બ્રહ્મની. ૧૦ વિલય પામી. ૧૧ વિનાશ પામે. ૧૨ કારણનો ભંડાર. ૧૩ વાદળાં. ૧૪ રાતાં. ૧૫ પ્રકારે. ૧૬ વિલાસ કરે. ૧૭ આકાશ. ૧૮ ઉત્પન્ન થતાં. ૧૯ વિનાશ પામતાં. ૨૦ નિવારણ કરનાર. ૨૧ પ્રેરણા કરનાર.

ઉપનાપછી તેહનાં નામ પાડે, પણ થયું શાનું પ્રાય. ૫
એ વિચારી જોતે થકે, જેહવો એ ઘનસાર[1];
રૂપ બંધાઈ રમે રમાડે, પણ ક્ષણ ક્ષણ ખગાકાર[2]. ૬
ભાઈ જગતનાં કારણ ઘણાં, પણ થયા પછે ધરે નામ;
કહે પંચભૂતનાં પૂતળાં, એ બ્રહ્માકેરાં કામ. ૭
પણ વિરંચીઆદ્દે[3] વિશ્વ સઘળું, ઘડયો કેહેનો ઘાટ;
એ વિચારે બુદ્ધિ બુડે, અતિ નિરાળો[4] નાટ.[5] ૮
ભાઈ જે છે તે તો એજ છે, બીજો વિચાર મનનો ઘડયો;
કરતા કોણ કહું કેહતણો, જો અન્ય પદાર્થ નવ જડયો. ૯
કહે અખો એ કળા મોટી, તોજ ઉપજે જંતને;
રૂપ અરૂપી આપ દેખે, જો સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૨૨-બ્રહ્મ અને માયાની એકતાથી જીવ અને ઇશ્વરનું સ્વરૂપ-સદષ્ટાંત.

### રાગ ધન્યાશ્રી.

અનુભવ મોટો મોટા જાણેજી,
બુધ્ય તે બાંપડી થયું પ્રમાણેજી;
દીઠું સાંભળ્યું સહુએ વખાણેજી,
પણ અણચવ્યું[6] કોઇક ઉરમાં આણેજી. ૧

### પૂર્વછાયા.

ચવ્યું નથિ તેનાં ચરિત્ર શેનાં, એ તો આભાસે[7] છે અણછતાં;
અણુલિંગી એ અર્થ સમજે, કહું દષ્ટાન્ત જે પહોંચતાં. ૧

૧ કપૂર. ૨ આકાશને આકારે. ૩ બ્રહ્મા આદિ. ૪ ભિન્ન. ૫ નાટક. ૬ નહિ અનુભવેલું. ૭ પ્રતીત થાય છે.

અધિષ્ઠાન ઉત્કૃષ્ટ માટે, ચૈતન્યતા ત્યાં અતિ ઘણી;
તેણે અરૂપ ભાસે રૂપસરખું, તેણે અહંતા ઉઠે આફ્ડી[1]. ૨
તે અહંતા થાય અનંતરૂપે, પોઢી[2] થઈને પાંગરે[3];
તેનો લક્ષ નરને કહું, કો ધીમંત[4] હ્રદયામાં ધરે. ૩
ભાઈ દૃષ્ટાન્ત આવે બુદ્ધિમાં, તો સિદ્ધાન્ત સમજે સહી;
તે દૃષ્ટાન્ત સમજી નવ શકે, તેને ઉકેલ[5] હોયે નહીં. ૪
જેમ દર્પણ મૂકિયે સામસામા, તે પ્રતિબિંબે[6] એકએકમાં;
તે અન્યો અન્ય અનંત થાયે, દૃષ્ટ પહોંચે છેકમાં[7]. ૫
તે દર્પણદર્પણમાંહે રચના, દીસે પ્રગટ પ્રમાણ;
એકએકમાં અલગા અલગા, ચંદ[8] તારા બહુ ભાણ[9]. ૬
અનંત ભાસે સામસામા, એકના ઉદરમાં એક;
સિદ્ધાંતને તમો એમ જાણો, કહું વસ્તુ-વિવેક. ૭
આદર્શ[10] નિર્મલ અતિઘણું, પરબ્રહ્મસ્થાની[11] તેહ;
તેહમાં અજા આછી[12] અણછતી, ભાઇ આવી ભાસે[13] એહ. ૮
તે અજામધ્ય ઉપાધ્ય[14] બોહલી[15], તે જાણે અહંકૃત્ય[16];
જેમ મુકુરમાં[17] અનંત દીસે, રૂપની સંસૃત્ય[18]. ૯
કહે અખો સહુકો સુણો, સંસૃત્ય ન ભાસે જંતને;
એ ગીતાનું તે હારદ સમઝે, જો સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

૧ એની મેળે. ૨ મોટી. ૩ અંકુર મેલે. ૪ બુદ્ધિમાન્. ૫ સિદ્ધાંત સમજવાનું સામર્થ્ય. ૬ પ્રતિબિંબિત થાય. ૭ અંતમાં. ૮ ચંદ્ર. ૯ સૂર્ય. ૧૦ દર્પણ. ૧૧ પરબ્રહ્મને ઠેકાણે. ૧૨ સૂક્ષ્મ. ૧૩ પ્રતીત થાય. ૧૪ ઉપાધિ. ૧૫ ઘણી. ૧૬ અહંકાર. ૧૭ દર્પણમાં. ૧૮ સંસાર.

## કડવું ૨૩–બ્રહ્મવસ્તુ નિરૂપણ.

### રાગ ધન્યાશ્રી.

વળિ કહું પૂરણપદ નિર્વાણજી,
જ્યાંહાં ન પહોંચે મન ને વાણજી;
ત્યાંહાં નવ હોએ ઉત્પત્ય[1] હાણજી[2],
સ્વસ્વરૂપની જ્યાંહાં છે જાણજી[3]. ૧

### પૂર્વછાયા.

સ્વસ્વરૂપની જાણ એહવી, જીહાં[4] જાણણહારો સ્વે[5] રહે;
અણછતું તે છતું થાય, છતો[6] બ્રહ્મ–અગ્નિ[7] દહે. ૧
ભાઇ સિદ્ધાંતનું સિદ્ધાંત એહજ, મહાનુભાવની[8] સ્થિતિ જહાં;
આકાશથી આઘેરૂં જે પદ, તે કહ્યું ન જાએ પરૂં[9] અહાં[10]. ૨
વેત્તા[11] વિણ વેદ્યા[12] વિના, પૂરણપદ નિર્વાણ[13];
જેને ગ્રાહ્યગ્રાહકભાવ નહિ, જાણ્યવિહોણી[14] જાણ. ૩
તેહને ઉપમા દીજે કશી[15], જો તેવડે સર્વ કોય;
જે કહીએ તે અણછતું[16], ભાઇ તે તો તેહ ન હોય. ૪
દૃષ્ટાંત ઉપમા જે જે દીજે, તે તો સર્વ રહે ઓહરૂં[17];
શું કરે એ બુધ્ય[18] આપડી, જો ચાલ્યાથી દસ ડગલાં પરૂં[19]. ૫
જેમ આકાશમાં ઉડે વિહંગમ[20], એકથી એક આઘા વટે[21];

---

૧ ઉત્પત્તિ. ૨ નાશ. ૩ જ્ઞાન. ૪ જ્યાં. ૫ પોતે. ૬ પ્રતિત થતો કલ્પિત પ્રપંચ. ૭ બ્રહ્મના જ્ઞાનરૂપ અગ્નિ. ૮ મોટા સામર્થ્ય-વાળાની–જ્ઞાનીની. ૯ દૂર. ૧૦ અહિં. ૧૧ જાણનાર. ૧૨ જાણ્યા. ૧૩ માયા ને માયાનાં કાર્યો જ્યાં શાંત થયાં છે એવું. ૧૪ જાણ્યા વિનાની. ૧૫ કઈ. ૧૬ કલ્પિત. ૧૭ સમિપ. ૧૮ બુદ્ધિ. ૧૯ દૂર. ૨૦ પક્ષી. ૨૧ જાય.

બળ દેખાડે બહુ પરે[1], શિરે[2] સામર્થ્ય તે ઘટે. ૬
જેમ અગમ અગાધ અનંત અંબર[3], તેમ વસ્તુ અનંત અપાર;
તેને શ્યા સરીખો કહે કવિજન, કહેવું બુદ્ધિઅનુસાર. ૭
જેમ મૃતકની[4] ગત જાણે મૃતક, જે જન જીવિતથો[5] ટળ્યો;
તેમ જ્ઞાનીની ગત જાણે જ્ઞાતા, જે અંતરમાં પાછો વળ્યો. ૮
ભાઈ સાને સમજે સંત શૂરા, પણ કર ગ્રહીને નથી આલવા;
એ તો પોતે હુંકારો દે પોતાને, તો જાય કેહને ઝાલવા. ૯
તો કહે અખો સહુકો સુણો, અકલ કલા મહંતને;
મરી જીવ્યાનો મર્મ લેવા, સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૨૪–જીવને અહંકાર સ્વરૂપની ઉત્પત્તિ.

### રાગ ધન્યાશ્રી.

વળિ કહું એક અપૂર્વ સારજી, વણક્રમે[6] હોય પંથનો પારજી;
જહાં ન લાગે શબ્દ ઉચ્ચારજી, તે જાણવો બોલણહારજી. ૧

### પૂર્વછાયા.

બોલણહારાનું બોલવું, તે જાણજો જુગતે કરી;
એમ સમજે સિદ્ધાન્ત થાય, જો જુએ જન પાછો ફરી. ૧
ભાઈ પરાપરથી[7] શબ્દ ઉઠે, તે જુગતે જાડો થાય;
પાર છે પરમાત્મા તે, સર્વે ચૈતન્યઘનરાય[8]. ૨
તે મનદ્વારાએ મહાતમ[9] ધરે, તે મનને ઉઠે કલ્પના;
કલ્પનામાં કામના છે, તે કરે બહુ જલ્પના[10]. ૩

---

૧ પ્રકારે. ૨ સરવાળે–પરિણામે. ૩ આકાશ. ૪ મુએલાની. ૫ જીવવાથી. ૬ ક્રમવિના. ૭ પરાવાણીની પછવાડેથી. ૮ એકરસ ચૈતન્ય. ૯ મોટાઇ–સ્થૂળતા. ૧૦ બકવાદ.

પરાતીતથું[1] હોય પોષણુ, તે શબ્દરૂપ પરા કરે;
તે પશ્યંતીએ થાય જાડો, અરૂપ પ્રીટી[2] રૂપ ધરે. ૪
મધ્યમાએ ઘાટ ઘડાએ, અને વૈખરી થઇ વીખરે;
સંસૃત્ય[3] વાધે શબ્દ કેરી, અનંત પ્રકારે ઓચરે. ૫
અક્ષર બાવન અનંત રૂપે, વેદ પુરાણુ સ્મૃતિ લખે;
મંત્ર યંત્ર ને વિદ્યા અવિદ્યા, કાંઇએ ન હોય વાણીપખે[4]. ૬
ષટ દરશનના મત્ત નાના, એ સર્વે મનવાણીતણા;
પશુ પંખી નર નાગલગે, ભેદ સર્વ એહના ઘણા. ૭
પરાત્પર[5], તે પર રહ્યું, એ રમત્ય[6] વાણીમનતણી;
મધ્યે માની લીધું જીવડે, અણહુંતો[7] થયો ધણી. ૮
મોટું સામર્થ્ય મહાપ્રભુનું, વણુ ચલાવ્યું ચલે વલે;
જેમ સૂર્યવડે સર્વ કામ ચાલે, પણ કિરણ કેમાંહે[8] નવ ભલે. ૯
કહે અખો એ મર્મ મોટો, એમ સમજે અનંતને;
એમ સમજેથી સ્વેંજ થઇએ, જો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

## પદ ૬-જ્ઞાતાજ્ઞેયની જ્ઞાનથી એકતા.

### રાગ કેદારો.

મર્મ મોટો પરબ્રહ્મનો, રસનાએ નાવે;
શબ્દવેધી[9] સુરતા[10] ખરા, તેહને લક્ષ આવે. મર્મ૦ ૧
જેણે સ્થલ કોઈએ નથી, તેણે સ્થલ સ્વામી;
ધ્યાતા ન રહે શેષ જે, તેણે વસ્તુ પામી. મર્મ૦ ૨

---

૧ પરાને પારથી. ૨ ત્યજી દઇને. ૩ સંસાર. ૪ વાણીવિના. ૫ પરાથી પાર. ૬ રચના. ૭ કલ્પિત. ૮ કોઇમાં. ૯ શબ્દનું શ્રવણ કરીને વેધ કરનારા. ૧૦ મનોવૃત્તિને એકાગ્ર રાખનારા.

શબ્દવિના સોહં[1] સદા, વેત્તાવિના વેવું;[2]
જાણે કો સંત સાધી કલા, આકાશ વશેવું. મર્મ૦ ૩
ગુરૂ શિષ્યવિનાની સંજ્ઞા[3], જો સુધો[4] શિષ્ય પ્રીછે;
તે સદગુરૂ કહી શકે, જે ગુરૂપણું નવ ઇચ્છે. મર્મ૦ ૪
જે વાચા બોલે અવાચ્યને[5], તે વાચા ન હોય;
સ્વસંવેદ્ય[6] જાણે અખા, જો ગુરૂગમ હોય. મર્મ૦ ૫

## કડવું ૨૫–પરબ્રહ્મનો ભેદ.

### રાગ ધન્યાશ્રી.

હવે કહું મોટો પરબ્રહ્મ ભેદજી, જેણે કરી હોય દ્વૈતનો ઉચ્છેદજી;
જેહને કહે અગમ અગોચર વેદજી, તે પદ જાણો સ્વસંવેદજી. ૧

### પૂર્વછાયા.

સ્વસંવેદ તે પદ સદા, આપેં લહે તે આપને;
જેમ ધુંધુતો હોય અગ્નિ અચાનક, થાય શિખા તેજ તાપને. ૧
તેહને જોત્ય જ્વાલા અતિઘણી, દીસે જાજ્વલ્યમાન[7];
ફટકીને[8] થયો ફરફરો[9], તેણે કાઢ્યું રૂપ નિદાન[10]. ૨
પરબ્રહ્મ વહ્નિ એમ જાણો, ઘટઘટ[11] રહ્યો સમાય;
જેમ છે કાષ્ઠ પાષાણ માંય, તે દેહસાથે થયો જાય[12]. ૩
ધુંધુતો[13] ધોખે[14] ભર્યો, તે શૂન્યવાદીનો વાદ;
ધૂમ્ર ભર્યો અતિ ધૂખલો, તે ચાલ્યો જાય અનાદ્ય. ૪

૧ તે પરમાત્મા હું છું. ૨ જાણવું. ૩ જ્ઞાન. ૪ સરલ. ૫ વાણીના અવિષયરૂપ બ્રહ્મને. ૬ પોતાને પોતાના અનુભવથી જણાય એવું. ૭ પ્રકાશમાન. ૮ તડ તડ કરીને. ૯ વધારે ફેલાવાવાળો. ૧૦ અંતે. ૧૧ શરીર શરીરમાં. ૧૨ જેમ લાકડામાં ને પથ્થરમાં તેની ઉત્પત્તિની સાથે અગ્નિ ઉપજેલો જણાય છે. ૧૩ ધુંધવાતો. ૧૪ કલેશે.

તે કાષ્ઠ નોહે કશાનું[1] નોહે, કરે તે ઘોર અંધાર;
દારૂનાં દલથકી ટળ્યો, અને ઝલક્યો નહિ ઝાતકાર[2]. ૫
તેમ શૂન્યવાદીને સત્તા ખરી, પણ આતમ નહિં [3]ઉદ્યોત;
કથે પણ તેહનો ક્લેશ ન ટલે, જેહવી ચિત્રામણિની[4] જ્યોત. ૬
જેમ ચિત્રદીપ દીસવા લાગે, પણ અજવાળું નવ થાય;
તેમ શૂન્યવાદી સર્વનાશ કહે, પણ મૂલ-મહિમા[5] ન પ્રીછાય. ૭
તે પ્રપંચને મિથ્યા કહે, પરમાત્માને કહે નથી;
કર્મ ધર્મને તે પરઠે, કહે જગત સર્વે શૂન્યથી. ૮
કહે શૂન્ય ઉપજે શૂન્યે સમાયે, શૂન્યમાંહે સહુ સ્થિતિ કરે;
શૂન્યમાં આશય છે તેહનું, કહે મુઓ ફરી નહીં અવતરે. ૯
કહે અખો શૂન્યવાદી, ન પામે મૂલ-તંતને;
પ્રભુ પરમારથ તેહજ પામે, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૨૬-શૂન્યવાદીનો વિતંડાવાદ.

### રાગ ધન્યાશ્રી.

હવે કહું અધમ એ શૂન્યવાદીજી, જેને શૂન્યની શુદ્ધ ન લાધીજી;
પ્રપંચ ન ટળ્યો નિંદા વાધીજી, તેણે મિથ્યા બુદ્ધિ સાધીજી. ૧

### પૂર્વછાયા.

તે પ્રપંચને મિથ્યા કહે, પણ હૃદે જગત સાચું સહી;
અધમ નામ તે માટે એહનું, જે શૂન્યવાદીએ પૂરા નહિ. ૧
તે કરતવ્યથી નવ ઓસરે[6], ઉત્તમ તજે ને મધ્યમ ભજે[7];
દેહઆસક્ત[8] રહે સદા, સુખ દુઃખ પામે જયવિજે[9]. ૨

---

૧ અગ્નિ. ૨ સ્પષ્ટપણે. ૩ પ્રકાશ. ૪ ચિત્રમાં આળેખેલી. ૫ મૂળ વસ્તુનું સામર્થ્ય. ૬ પાછા હઠે. ૭ સેવે. ૮ શરીરમાં અતિ પ્રીતિવાળા. ૯ જય ને પરાજયમાં.

જુગતે[૧] જગતના દોષ દેખે, પોતાપ્રતે[૨] તે વસે;
અજ્ઞાનને તે જ્ઞાન માને, ઇંદ્રિના સુખને ધસે[૩]. ૩
ક્યારે કહે એ આતમા, ક્યારે કહે એ શૂન્ય છે;
ક્યારે કહે એ જગત સાચું, ક્યારે કહે એ મુન્ય[૪] છે. ૪
વાદ કરે એ તે સહુજ સાથે, નિંદે પણ લક્ષ નવ લહે;
બ્રહ્મવિદ્યાનો ભેદ ન જાણે, વેદ વિટલ[૫] તેહને કહે. ૫
નાસ્તિ[૬] કહે નારાયણને, પણ પ્રપંચ[૭] ન છુટે મનથી;
સંસારનાં સુખ અતિ વલ્લભ[૮], મન ગયું પાપપુન્યથી. ૬
નમે નહિ મહાપુરૂષને, દોષ દીએ છે અણછતાં[૯];
અજ્ઞાનને આગળ કરિને, પ્રબોધે પોતે હુંતા[૧૦]. ૭
આચાર્ય થઈને અન્યને, વાત કહે તે નાસ્ત્યની[૧૧];
ભાવભરોસો નહીંજ કેહનો, જુગત ન સમઝે આસ્ત્યની[૧૨]. ૮
અધમ શૂન્યવાદીનાં એજ લક્ષણ, તે શૂન્યવાદી પૂરા નહી;
ખરા શૂન્યવાદી તેહને કહીએ, વસ્તુ વિશ્વ બે ન કરે સહી[૧૩]. ૯
કહે અખો સહુકો સુણો, એ સમજે સુખ બહુ જંતને;
સમી સમજણ તેહ સમજે, જે સેવે હરિ–ગુરૂ–સંતને. ૧૦

## કડવું ૨૭–જ્ઞાનીના અનુભવનો લક્ષ.

### રાગ ધન્યાશ્રી.

વળી કહું આદ્યો અનુભવ જેહજી, જે જે સમજ્યા પુરૂષ વિદેહજી;
કોઇક જાણે મર્મ તો એહજી, જે જઈ નીસરે શૂન્યને છેહજી.[૧૪] ૧

૧ યુક્તિથી. ૨ પોતાનામાં. ૩ દોડે. ૪ ન કહી શકાય એવું. ૫ ઠગ. ૬ નથી. ૭ જગત. ૮ વહાલાં. ૯ ન હોય એવા. ૧૦ હુંપણા-વડે. ૧૧ નાસ્તિકની. ૧૨ આસ્તિકની. ૧૩ સત્ય. ૧૪ છેડે.

## પૂર્વછાયા.

શૂન્ય મધ્યે છે વાટ એહવી, પરમાતમપદ તે સદા;
અગમ અગાધ મત મહા મનોહર, જ્યાં ન મલે દ્વૈતની આપદા. ૧
તેહને જગત નહીં તો શૂન્ય શું કહે, ગુણદોષ તે કેના ગણે;
પરમાર્થ આવ્યું [૧]પ્રીછમાં, તો આપવિના અન્ય શું ભણે ? ૨
જેમ રતાંબરને[૨] રાત્ય ન મલે, તો દિવસ પરઠે[૩] શાવડે;
એ તો કાલ માપે ભૂતલવાસી[૪], પણ સૂર્યને કાંઈ નવ અડે. ૩
તેમ વિશ્વ દેખી મિથ્યા કહે છે, આશ જાણીને જગતની;
નિકાલ તેહને નથી જડતો, તેણે પેર્ય[૫] બાંધી મુગતની[૬]. ૪
ભાઇ અણુલિંગીને આપ ન મળે, તો વ્યાપક પરઠે કેહતણો[૭];
અણચવ્યું[૮] આપ અનાદિ વર્જીત[૯], એવો લક્ષ આઘો ઘણો. ૫
શૂન્યવાદી તે શરીર દેખે, પણ કૃત્ય[૧૦] ન માને દેહનું;
અંધ લક્ષ આઘો ન ચાલે, ન સમજે કારણ છેહનું. ૬
જેમ કાષ્ઠ મથતાં ઉષ્ણતા, પ્રથમ પ્રગટે માંહેથી;
પછે પ્રગટે ધૂમ્ર તેહનું, મૂલ અગ્નિને દાહથી. ૭
ઉષ્ણતા તેહજ અગ્નિ જાણીએ, પણ આઘો આદર નવ લહ્યો;
તેમ જગત જગતના કૃત્ય દીઠાં, પણ આતમા અણજાણ્યો રહ્યો. ૮
શૂન્યવાદી તે એમ જાણે, દેહસૂધી તેહની દ્દષ્ટ[૧૧] છે;
પણ પરમારથમાં પોંચ ન હોય, જેહની પુઠે પુષ્ટ[૧૨] છે. ૯
કહે અખો જે લક્ષણ સમજે, તેહજ પામે અંતને;
પરપંચ-પાર[૧૩] તે રહ્યો બોલે, કલા મોટી સંતને. ૧૦

---

૧ જાણવામાં. ૨ આકાશમાં રહેનારને. ૩ નક્કી કરે. ૪ પૃથ્વીપર રહેનારા. ૫ રીત. ૬ મુક્તની. ૭ કોનો. ૮ નહિ અનુભવેલું. ૯ સર્વથી રહિત. ૧૦ કર્મ. ૧૧ દષ્ટિ-જ્ઞાન. ૧૨ પોષણ પામેલ. ૧૩ જગતની બહાર.

## કડવું ૨૮—વિદેહીનાં ચિહ્‌ન.

### રાગ ધન્યાશ્રી.

વળી વિદેહીતણાં કહું ચિહ્‌નજી, જ્યાં નવ પોંહોંચે વાણી મનજી;
જેને વિષે ન મળે રયણી[1] દિનજી, જે વેત્તા તે તન્મય તનજી. ૧

### પૂર્વછાયા.

તન્મય તન તે માટ એણે, તે કહું દ્દષ્ટાંતે કરી;
જેમ ભાસકર[2] ભાસ્યો તોય–ભાંડે,[3] પણ ત્યાંનો ત્યાં જોતે[4] ફરી. ૧
તે વારિમાંહેથી[5] વાયુ–યોગે, ડોલતો દીસે ઘણું;
પણ તરણિ[6] તેમનો તેમ પ્રાએ[7], અચલ મંડળ આપણું. ૨
તે તપ્ત[8] જળમાંહે તપ્ત ન હોએ, શીતળ ન હોએ શીતથી;
રક્ત[9] જળમાં ન હોએ રાતો, પીળો ન હોએ પીતથી. ૩
તે અશુચિ[10] જળમાં ભાસ્યો માટે, અશુદ્ધતા પામે નહીં;
વારિવિષધરમાંહે[11] દીઠો, અંતરમાં આમે[12] નહીં. ૪
સુરસરીકેરા[13] નીરમાંહે, પવિત્ર ન હોએ દિનમણિ;[14]
સુધારસમાં[15] ભાસ્યો માટે, અમર ન થાય અહર્ધણી.[16] ૫
પાત્રમાંહે હેઠો દીઠે, પાતાલમાંહે નથી પડ્યો;
અણુલિંગી પદ એમ જાણે, વ્યતિરેક કારણ પરવડ્યો. ૬
અર્ક ત્યાં ઉપાધ્ય[17] ન મળે, ઉત્તમ અધમ અવનીતણી[18];
મહાપદનું[19] તાં મહાતમ[20] એહવું, જ્યાં પક્ષ ન મળે અન્ય આપણી.
વિશેષણ જેટલાં કહ્યાં, તે રહ્યાં ભૂનાં[21] ભૂવિષે;

---

૧ રાત્રિ. ૨ સૂર્ય. ૩ પાણીના વાસણમાં. ૪ જોતાં. ૫ જળમાંથી. ૬ સૂર્ય. ૭ બહુધા. ૮ તપેલા. ૯ રાતા. ૧૦ અપવિત્ર. ૧૧ સર્પના ઝેરમાં. ૧૨ દોષ. ૧૩ ગંગાજીના. ૧૪ સૂર્ય. ૧૫ અમૃતના રસમાં. ૧૬ સૂર્ય. ૧૭ ઉપાધિ. ૧૮ પૃથિવિની. ૧૯ બ્રહ્મનું. ૨૦ મોટાઈ. ૨૧ પૃથિવિનાં.

વ્યતિરેક નાવે વાણ્યમાંહે,[૧] અન્વયપદમાં એ લખે. ૮
અતિ આઘો લક્ષ વપુવિના,[૨] સમજ્યા સરખું સાર છે;
વિદેહકેરી વાત મોટી, શબ્દકેરે તે પાર છે. ૯
કહે અખો સહુકો સુણો, એ સમજ છે મહંતને;
એ અર્થને જે સમજે, તે રહે પાર વેદાન્તને. ૧૦

## પદ ૭.–મહાપદ વર્ણન.

### રાગ સારંગ.

સંતો બાત બડી મહાપદકી, શબ્દ શયાન[૩] કછુ નહિ લાગત;
એસી સ્થિતિ બેહદકી[૪], સંતો બાત બડી મહાપદકી. ૧
દ્વંદ્વાતીત[૫] દ્વૈતસો[૬] ભાસે, કહા કહું કોબિદકી[૭];
આપ અવાચ્ય વાચ્ય કરી બોલત, અજબ કલા મહાનિધકી[૮]. સં૦ ૨
જહાં કછુ નાહીં તાહિમેં તકીઆ[૯], હામ નહિ જહાં હદકી;
શબ્દાતીત સુર્ત્યકી લગના, ચોજ[૧૦] ગ્રહી ચિદ્‌ઘનકી. સંતો૦ ૩
ગ્રાહક ગ્રહણ ગ્રાહ્ય નહિ તામેં, વાણ્ય ખુટી જહાં શ્રુત્યકી;[૧૧]
રૂપ અરૂપી આપ અખા હે, બુઝ[૧૨] બડી એ ગત્યકી.[૧૩]. સં૦ ૪

## કડવું ૨૯–ષટ્‌શાસ્ત્ર, ષટ્‌ઉપશાસ્ત્ર અને ષટ્‌-દર્શનનું વર્ણન.

### રાગ ધન્યાશ્રી.

જે ઘટ ઉપનું એવું જ્ઞાનજી, ત્યાં તેહ થયું સર્વ સમાનજી;
જીવ ઈશ્વરનું પામ્યું નિદાનજી,[૧૪] ત્યાંથી ટલીયું પ્રકૃતિનું ભાનજી.૧.

૧ વાણીમાં. ૨ શરીર વિના. ૩ ઇસારત. ૪ અનંતની. ૫ દ્વંદ્વથી પર. ૬ દ્વૈત જેવો. ૭ પંડિતની. ૮ મોટા ભંડારની. ૯ સત્પુરૂષોનું સ્થાન. ૧૦ સૂક્ષ્મ સમજ. ૧૧ વેદની. ૧૨ સમજણ. ૧૩ ગતિની. ૧૪ કારણ.

## પૂર્વછાયા.

પ્રકૃતિ ભાન ટલ્યું ત્યાંથી, યથારથ જેમ તેમ થયું;
હવે કહું દરશણ ખટ જે, અપૂરવ અમથું રહ્યું. ૧
ન્યાય પાતંજલ મીમાંસા, વૈશેષિક સાંખ્ય વેદાંત;
દરશન ઉપદરશન ભેદ કીધા, તે જાણજો તમે સંત. ૨
શૈવ સાંખ્ય મીમાંસક, ચાર્વાક બૌદ્ધ ને જૈન;
એ ઉપદરશન ભેદને જાણો, શરીરસંબંધી ચિહ્ન. ૩
જટિલ મુંડિત માલાધારી, કરે લુચન[૧] કેશ;
કો વાલાંગરડાં[૨] શિશ વીંટે, કંઠે લિંગ શિવઉપદેશ. ૪
છ દરશન તે મૂલગાં, ભાઇ શાસ્ત્રકેરાં નામ;
તેહનાં થયાં પાખંડ છનું, તે ચાલ્યાં ગામોગામ. ૫
પાખંડનાં બહુ ફુડસુઆં,[૩] ગણતાં તે નાવે છેક;[૪];
તે મત ભાખે જૂજવા[૫], પણ ચાલ્ય ન મળે એક. ૬
એક એક નિંદે એ માંહોમાંહે, અને પોતાને કહે સાર[૬];
એમ ખટદરશન ખટપટે, પણ ન કરે મૂલવિચાર[૭]. ૭
ભણી ભણીને ભેદ પાડે, અક્ષરતણી લે ઓટ[૮];
સિદ્ધાન્ત નાવે સમજમાંહે, બાંધી રહ્યા ખટકોટ[૯]. ૮
છએ કરે વાદ માંહોમાંહે, ત્યારે સહુને પોષે માય[૧૦];
સમાય માયા આપે સરખો, હાર્યો કોએ ન જાય. ૯
કહે અખો સહુકો સુણો, મત નોહે મહાંતને;
નિરદાવે[૧૧] નારાયણ મળશે, જો સેવો હરિ-ગુરૂ-સંતને. ૧૦

---

૧ ચુંટવાની ક્રિયા. ૨ બકરાના વાળની દોરી. ૩ પેઢાં. ૪ પાર. ૫ જૂદા જૂદા. ૬ શ્રેષ્ઠ. ૭ મૂળ-કારણ-નો વિચાર. ૮ આધાર. ૯ છ ગઢ. ૧૦ માયા. ૧૧ પક્ષપાત વિના.

## કડવું ૩૦-શ્રુતિ-સ્મૃતિ-પુરાણ-શાસ્ત્રના મત.

### રાગ ધન્યાશ્રી.

શ્રુતિસ્મૃતિ તે એમ વખાણેજી, જીવ ને જીવનાં કર્મ પ્રમાણેજી[1];
કર્મઅનુસારે જીવને જાણેજી, એહવું સિદ્ધાંત અઢારે પુરાણેજી. ૧

### પૂર્વછાયા.

સિદ્ધાંત કીધો વેદપુરાણે, કર્મ ને વળી જીવનો;
કહે કર્મ ને જીવ ચાલ્યા જાય, એ ઠાઠ છે સદૈવનો[2]. ૧
જથો પરઠી ચાલે આઘા, કર્મને જાડાં કરે;
કર્મ ત્યાં તો જીવ સાચો, એમ જગતજ પરવરે[3]. ૨
વેદે થાપ્યો જીવ સાચો, સ્મૃત્યે પિંડ પરઠ્યો ખરો;
કર્મધર્મ આચરણ લખિયાં, પ્રોઢો[4] પ્રપંચ પરવર્યો. ૩
પણ આદ્ય[5] ન કાઢી જીવની, જે પ્રાય[6] જંત શ્યાંનો ઘડ્યો?
નિયંતા[7] કોણ ને નિમિત્ત[8] શાથી, એવડો ખેલ[9] કરવો પડ્યો? ૪
એ પરંપરા કોએ નવ જુએ, અને જુએ તે જંત નવ રહે;
જેમ વાયે વાંસ ઘસાય માંહોમાંહે, વહ્નિ વન આખું દહે. ૫
નૈયાયિકનો ન્યાય સાચો, તે ન્યાય જીવ પરઠે ખરો;
તે કૃત્યજ દેખી જીવ દેખે, તે દીઠામાટે ઉચર્યો. ૬
દેખે તેતાં કહે ખરૂં, ન્યાયવાદી નામ-એહનું;
હવે પાતંજલી તે પ્રાણ સાધે, કૃત્ય માને દેહનું. ૭
દેહપ્રાણને કહે સાચા, કહે જીવવિના દેહ કેમ રહે?
પિંડ દેખી જીવ પરઠે, પાતંજલી તો એમ કહે. ૮

---

૧ નક્કી કરે. ૨ અનાદિ કાળનો. ૩ આગળ ચાલે છે. ૪ મોટી. ૫ મૂળ. ૬ વસ્તુતાએ. ૭ નિયમમાં રાખનાર. ૮ કારણ. ૯ મોટો પ્રયત્ન.

મીમાંસા કહે જો જીવ નોહે, સ્વર્ગભોગ કોણ ભોગવે ?
પુરંજન[1] પ્રાયેજ છે, તો સંસારને રહ્યો જોગવે[2]. ૯
કહો અખો શાસ્ત્ર સઘળાં, સત્ય થાય જંતને;
નિર્વાણપદ[3] તોજ પ્રગટે, જો સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૩૧—શાસ્ત્રોના મતો.

### રાગ ધન્યાશ્રી.

વૈશેષિક કહે જંત વિશેષજી, જંતવિના નોહે નાના વેષજી;
એમ તે ગણે ગુણના લેખજી, કોણે ન હોય જીવનો ઉવેખજી[4]. ૧

### પૂર્વછાયા.

નોહે ઉવેખ એહનો, સહુજ દેખે દેહને;
હવે કહું સિદ્ધાંત મોટું, સાંખ્ય બોલે તેહને. ૧
સાંખ્ય સંખ્યા કાઢે તત્ત્વની, જીવકેરૂં રૂપ કહે;
કહે માયાએ મલિન બ્રહ્મ છે, કર્મભારને તે વહે. ૨
માયા કેરો સંગ છુટે, તો પ્રાય શિવ તે છે સદા;
આવર્ણના વિક્ષેપમાટે[5], ભોગવે છે આપદા. ૩
વેદાંત કહે છે વાત મોટી, એ તો અજા રમે છે અણછતી;
કર્ત્તા કારયિતા[6] એજ માયા છે, દીસે છે જાતી આવતી. ૪
એ તો માયાને માયા પુરી[7] છે, કર્મ જીવ ને ફળ અજા;
જે જે કર્ત્તવ્ય તે માયાનું, જો ધર્મની બાંધે ધજા. ૫
એ મૂલ મત ખટ દરશનનું, શાસ્ત્રકેરૂં કહિયું રદે;
અર્વાકી[8] તેહના ઉપાસક, તે તો મનના મત બહોળા વદે. ૬

૧ જીવ. ૨ સંભાળે. ૩ મોક્ષ. ૪ ઉપેક્ષા, ૫ બહિર્મુખ વૃત્તિને લીધે. ૬ કરાવનારી. ૭ સ્ફુરી. ૮ અર્વાચીન.

જીવ થાપ્યો મત સઘળે, પછે આચરણ અળગાં આચર્યાં;
જીવરૂપે માના ઉદરથી, અલગા કો નવ નીસર્યા. ૭
સાંખ્યને આંખ્ય પા વસાની, જો ચાલે તો ચાલી શકે;
વેદાંતને વાટ સૂજે સુધી[1], જો માયા મુખથી નવ બકે. ૮
એક એક માંહોમાંહે ખટપટે, હારદ[2] હેત મળે નહીં;
મધ્યે બેઠી માયા મોટી, તે અપત્યને[3] રાખે અહીં. ૯
કહે અખો સહુકો સુણો, એમ સમજ છે મહંતને;
એહનું હારદ તો હાથ આવે, જો સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૩૨–મુમુક્ષુને સત્સંગની તૃષ્ણા.

### રાગ ધન્યાશ્રી.

સંતનો અતિ મોટો મહિમાયજી, સીજે[4] કારજ સંતપસાયજી[5];
સંતના જશને ગીતા ગાયજી, સાધુ સેવતાં કારજ થાયજી. ૧

### પૂર્વછાયા.

કારજ થાય ને ગહેન[6] પલાયે, જ્ઞાન યથાર્થ ઉપજે;
નિર્મલ નેત્ર તે કરે હરિજન, જો ભાવે સંતજનને ભજે. ૧
ભાઈ ભાવ ન ઉપજે જ્યાંહાં લગે, તૃષાવંતને[7] જેમ તોયનો[8];
ભાવવિના પુંશ્ચલી-તન[9]-જેવો, કહાવે નહી તે કોયનો. ૨
ભાઈ રતિવિના[10] રામ નવ મળે, ખરી કીધા વિના ખેપ[11];
જેમ પિપાસા[12] જાયે પાન કીધે, શું હોય કીધે જળ-લેપ[13]. ૩

૧ પાંસરી. ૨ અભિપ્રાય. ૩ પોતાનાં છોકરાંને. ૪ સિદ્ધ થાય. ૫ મહાત્માની કૃપાથી. ૬ ધેન. ૭ તરષ્યાને. ૮ પાણીનો. ૯ વેશ્યાના છોકરા જેવો. ૧૦ પ્રીતિવિના. ૧૧ પ્રયત્ન. ૧૨ તરસ. ૧૩ પાણીને શરીરે ચોપડવું.

ભાઇ આદરવિણુ[1] આવે નહીં, સ્વૈં[2] આત્માનું જ્ઞાન;
સંતને સેવી કામ સાધો, સુખે પામો નિજધામ[3]. ૪
સંત–સંગ કીધાવિના, જેહવો વનનો હોય પશુ;
ઉપજે ખપે તે વનનો વનમાં, તેહને વસ્તીનું નહિ સુખ કશું. ૫
સંત–સંગે સર્વ સમજે, પશુ ટળી થાય પાત્ર;
સંત કૃપાદૃષ્ટિ કરે તો, નવ પલ્લવ થાય ગાત્ર. ૬
કામ ક્રોધ લોભ મોહ તાપે, બળી રહ્યું જે મન;
તે જીવને ટાઢો થવાને, સંત તે પરજન્ય[4]. ૭
મમતા ધાણીએ જોતર્યા, જીવ ચઢ્યા કાલને હાથ;
તેહને સંત કૃપાદૃષ્ટિ કરીને, કાપી મૂકે નાથ. ૮
જેમ કેસરીકેરા[5] ગંધથી, ભાઇ કરી[6] પલાયે ક્રોડ[7];
તેમ સંતકેરા શબ્દ સુણતાં, બંધન જાય બહુ મોડ[8]. ૯
કહે અખો એ ઠામ મહોટો, ઠરવાનો છે જંતને;
ઠરી જીવ ત્યારે ઠામ બેસે, જ્યારે સેવે હરિ–ગુરૂ–સંતને. ૧૦

---

## પદ ૮–હરિ–ગુરૂ–સંતનું માહાત્મ્ય.
### રાગ સિંધુડો.

હરિ હરિજન અલગા કરી રખે ગણો, સંત સેવ્યા તેણે સ્વામી સેવ્યા;
નિર્ગુણ બ્રહ્મ ને સગુણ સંત જાણવા, જેમ વહ્નિ તેજથી થાય દીવા. હરિ૦
અગ્નિથી દીપ થાય બહુ આદર કર્યે, દીપથી દીપ તે થાય સેહેલો;
જ્ઞાનીની મૂર્તિ તે જાણો ગોવિંદની, તહાં ભગવાન ભેટેજ વેહેલો. હરિ૦
દૃષ્ટિઉપદેશ[9] આપે મોહોટીકળા, જેથકી જંતનાં કાજ સીજે;
સેવતાં સુખ હોય અતિશે ઘણું, જો સદ્ગુરૂકેરૂં મન રીઝે. હરિ૦

---

૧ સત્કારવિના. ૨ પોતાના. ૩ પોતાનું સ્વરૂપ. ૪ વરસાદ. ૫ સિંહના. ૬ હાથી. ૭ કરોડ. ૮ નાશ પામી. ૯ જ્ઞાનોપદેશ.

પ્રત્યક્ષ રામ તે તત્ત્વવેત્તાવિષે, જેમ કુંડલવિષે કનક[૧] દીસે;
મન કર્મ વચને સંત ભજશે અખા,તેનું દ્વૈત દેખી મન નહિજહીસે[૨]હરિ૦

## કડવું ૩૩–સત્સંગનું માહાત્મ્ય અને દુર્જનના દુર્ભાગ્યનું વર્ણન.

### રાગ ધન્યાશ્રી.

સંત સંગ કીજે વળીવળી જનજી, અનુભવ વાધે આઘો દનદનજી[૩];
માયા ઉપરથી ઉતરે મનજી, હરિશું શું ટળશે ભિન્નાભિન્નજી.[૪] ૧

### પૂર્વછાયા.

ભિન્ન ટળે વસ્તુ મળે, મોટો મહિમા હરિજનનો;
ચૈતન્યસાગરમાંહે ભેળે, અધ્યાસ[૫] ટળે એ તનનો. ૧
શોભે જીવિતવ્ય[૬] સંતજનકેરૂં, ભવમાંહે તે અત્ય[૭];
સુખદાયક તેહને હોય સહુકો, જેહને સંતસાથે રત્ય[૮]. ૨
આપસારીખો કરી મૂકે, એહવી સંતની પ્રીત;
જેમ વેહેરો[૯] ન કરે વરસતાં, એવી છે ઘનની[૧૦] રીત. ૩
સિંચે સરખા સહુજને, તેણે ફળે ભાર[૧૧] અઢાર;
હરિ હરિ તે કરી મૂકે, એહવી સંત–સંગત સાર. ૪
સુકે જવાસો તેણી રતે[૧૨], તો મેઘનો શો વાંક;
પરજન્ય પાયે પય ઘણું, પણ પી ન શકે એક ટાંક[૧૩]. ૫
તેમ અસંત સંત–સંગત કરે, પણ લાગે નહિ તેહને સંગ;

૧ સોનું. ૨ હરખે. ૩ દિવસે દિવસે. ૪ જૂદાપણું. ૫ ભ્રાંતિ. ૬ જીવન. ૭ અતિ. ૮ પ્રીતિ. ૯ ભેદ. ૧૦ વરસાદની. ૧૧ ૭ મણ છત્રીશ શેર ને ૨૬ ્રૂ રૂપીઆભાર. ૧૨ ઋતુમાં. ૧૩ પૈસાભાર.

મેળ[1] ન દે એ માયા મધ્યથી, જેમ તેમ થાએ ભંગ[2]. ૬
જેમ તેલ કુસુમેકરી[3] વાસિયે[4], તેણે સઘળે તે લાગે વાસ;
તે મધ્ય આવે કાંકરી, તેને ન આવે આભાસ. ૭
જેમ સલિલ[5]-મધ્યે શિલા રહે; પણ અંતર ન ટળે આગ્ય[6];
તો નીર તેહને શું કરે, જો ભેદવા નહિં જાગ્ય[7]. ૮
જેમ ચંદનને ગંધે કરી, થાએ ચંદન આક[8] પલાશ[9];
પણ ગાંઠ હોએ રૂદે વાંસને, તેહને લાગે નહિ વાસ. ૯
કહે અખો હરિ-કૃપા હોએ, તો સમું પડે તે જંતને;
દોષ-દરશન નવ હોએ, જે સેવે હરિ-ગુરૂ-સંતને. ૧૦

## કડવું ૩૪–સત્સંગની આર્તિ અને સંતના ગુણ.

### રાગ ધન્યાશ્રી.

સંત સંગત કરતાં વિલંબ ન કીજેજી, જેમ તેમ કરીને હરિરસ પીજેજી;
મહાજન સંગે કારજ સીજેજી, વસ્તુ-રૂપ[10] થઇને તો જીવીજેજી[11].

### પૂર્વછાયા.

વસ્તુ-રૂપે થઈ જીવિયે, તે કળા જાણે મહંત;
તત્ત્વ સઘળાં એમ દીસે, જેમ પટરૂપે[12] તંત[13]. ૧
જેમ છીપને રત ખરી ઉપજે, તો ઉપર આવે જળમાંહેથી;
સુરત્યનો[14] તાણ્યો તે પરજન્ય, આવી વરસે કયાંહેથી. ૨
તેહનાં મુખ વિકસી[15] રહે, લેવા કાજે બિંદુને;
તો મુક્તાફળ[16] નીપજે મનોહર, પામે નિજઆનંદને. ૩

---

૧ એકરૂપ થવું. ૨ ભેદ. ૩ ફૂલવડે. ૪ ગંધ બેસાડીએ. ૫ પાણીમાં. ૬ અગ્નિ. ૭ જગ્યા. ૮ આકડો. ૯ ખાખરો. ૧૦ બ્રહ્મરૂપ. ૧૧ જીવીએ. ૧૨ લૂગડારૂપે. ૧૩ તાંતણા. ૧૪ મનોવૃત્તિનો. ૧૫ ફાડી. ૧૬ મોતી.

જે મેહેરામણથી[1] બહાર નાવે, તેતાં ઠાલી રહે ખરી;
તેમ હરિ ગુરૂ સંતને જે ન સેવે, તે ન પામે નિશ્ચે હરિ. ૪
તેજ વૃષાના[2] બિંદુ બીજા, પડે અહિના[3] મુખવિષે;
તેહ હલાહલ[4] થઈ નીવડે, તેણે મૃત્યુ પામે જે કો ભખે[5]. ૫
સંત–વચન તે કહે યથારથ, વાંકું ગૃહે [6]ખલબુધવડે;
પાત્રયોગે ભલો ભુંડો, ક્ષેત્રનો વેહેરો પડે. ૬
નિર્મલ બુધે સંત સેવિયે, તો ઉપજે નિર્મલ જ્ઞાન;
મનસા વાચા કર્મણાએ, રાખો હરિવિષે ધ્યાન. ૭
જેમ કુંઝી[7] મૂકે ઈંડાંને, તે દૂર જઈ ચારો કરે;
તેની સુરત્ય રહે માંહોમાંહે, તો અપત્ય ત્યાંથી ઉછરે. ૮
વણસેવે[8] સેવાય બાલક, જેને કૃપા આવે ગુરૂતણી;
તેમ સુલક્ષણાને મળે શ્રીહરિ, તેનું મન રહે ગુરૂચરણભણી. ૯
કહે અખો સહુકો સાંભળો, એ કહ્યું છે બુદ્ધવંતને;
જે સુણતાંમાંહે ઝડપે વચનને, તે સેવે હરિ–ગુરૂ–સંતને. ૧૦

---

## કડવું ૩૫–સત્સંગના ફળનું વર્ણન.

### રાગ ધન્યાશ્રી.

સંત સેવે તે સર્વ સુખ પામેજી, મન ન લાગે બીજે ભામેજી[9];
જન્મમરણને સુખ દુઃખ વામેજી[10], જેમ જલ ઢળી આવે નીચે
[11]ઠામેજી. ૧

---

૧ સમુદ્રમાંથી. ૨ વરસાદના. ૩ સર્પના. ૪ આકરૂં ઝેર. ૫ ખાય. ૬ અવળી બુદ્ધિવડે. ૭ કુંઝડી. ૮ સેવ્યા વિના. ૯ મિથ્યા વાતમાં. ૧૦ નાશ કરે. ૧૧ ખામણામાં.

## પૂર્વછાયા.

જેમ નીચી ભોમે[1] જલ ઢળી આવે, તિહાં ખામામાં તે રહે ભર્યું;
તેમ રામ હૃદયમાંહે વસે, ગુરૂ ગોવિંદ ત્યાં ઘર કર્યું. ૧
જેમ ભક્તને ભગવાન વાહલા, તેમ ભકત વાહલા ભગવાનને;
અંતર માંહેલો આશય જાણી; શકે ન મૂકી ધામને. ૨
જેવા ભક્તને ભગવાન દુર્લભ, એવા ભકત દુર્લભ રામને;
ભકત બીજા છે ઘણા, ઈચ્છે ધર્મ–અર્થ–મોક્ષ–કામને. ૩
સકામે સ્વામીને ભજે, આશ્ચર્ય એહનું નહિ કશું;
નિષ્કામ વાલા નાથને, હેત તેહનું મન વસ્યું. ૪
અણુલિંગીની ભક્તિ વ્યાસિમી[2], કોઇક જાણે તે કરી;
ત્યાં ધ્યેય–ધાતાનું કારણ ન રહે, તે જાણે જેણે આચરી. ૫
ભાઈ સંતસંગ પ્રતાપ મોટો, રસના તે બાપડી શું કહે;
જેહને વિતશે તે જાણશે, અખો તો એટલું કહે. ૬
જેહને કૃપાનિધાન કૃપા કરે, તે સંતને સદ્ગુરૂ મળે;
તે સદ્ગુરૂ મળતે પાર પામે, જીવ બ્રહ્મમાંહે ભળે. ૭
જીવ બ્રહ્મમાં ભળ્યાનો, અખેગીતામાં ભેદ છે;
એ અનુભવતાં અદ્વૈત થઇએ, અવિચલ વાણી વેદ છે. ૮
કાંઈ કલેશ કીધા વિના, કૃષ્ણમાં તે જન ભળે;
એ ગીતાનો ભેદ સમજે, તે નર જીવ તતક્ષણ ટળે. ૯
કહે અખો એ ગીતાકેરી, ગમ્ય થાએ તે જંતને;
તેહને રામ હૃદયમાં રાખે, પ્રતાપ હરિ–ગુરૂ–સંતને. ૧૦

---

૧ ભૂમિપર. ૨ ત્રણ ગુણ વિનાની–નિર્ગુણ.

## કડવું ૩૬—અદ્વૈતપદની દઢતા.
### રાગ ધન્યાશ્રી.

અદ્વૈતપદ તે વાણીમાં ન આવેજી, જે આવે તે દ્વૈત કહાવેજી;
એ ગીતા તે દ્વૈત સમાવેજી, વાકજાલ[1] વામે ત્યારે લક્ષ આવેજી.૧

### પૂર્વછાયા.

વાકજાલ તે વિશ્વમાંહે, અણછતું જાણે સહુ;
નાના વિધિની વાણ ચાલી, મનના મત બોલ્યા બહુ. ૧
વસ્તુ વિચારે વિશ્વ નહિ, તો આચરણ તેહનાં શાં ખરાં;
એ તો વંધ્યાપુત્રે પોતાકેરાં, ચિહ્ન લખી સાચાં કર્યાં. ૨
સંસાર સુત વંધ્યાતણો, તમે જાણજો નિરધાર;
પોતે કહે ને પોતે સાંભળે, એ વાણ્યનો વિસ્તાર. ૩
ધર્મ અર્થ કામ મોક્ષ લખિયા, ભૂત ભવિષ્ય ને વર્ત્તમાન;
બ્રહ્મચારી ગૃહસ્થ વાનપ્રસ્થ સંન્યાસી, એ વંધ્યાસુત નિદાન. ૪
અંડજ, ઉદ્‌ભિજ, સ્વેદજ, જરાયુજ, ચાર ખાણ ચોરાસી લક્ષ;
સ્વર્ગ મૃત્યુ પાતાળ દશો દશ, સર્વ વંધ્યાસુતની પક્ષ. ૫
જન્મ મૃત્યુ ને દેહ કર્મ, ગુણ નથી કાંઇ પ્રાય;
મંત્ર યંત્ર ને યજન યાજન, વંધ્યાસુતની કાય. ૬
દાતા ભુક્તા દેશ કાળ, કર્મ ફળ સર્વે જાણો એહ;
થયું નથી તેનું થાય શ્યાનું, એ તો મિથ્યા પુરૂષનો દેહ. ૭
વસ્તુ વિચારે કાંઈ નથિ, તે અણછતું રહે જાય;
શિવ તો તેમનો તેમ સદા, જેહને લિંગ નહિ પ્રાય. ૮
જેને ગ્રાહ્ય–ગ્રાહક–ભાવ નહિ, અન્યવિના ગ્રહે તે કોણ;
આરોપણ એ વિશ્વ સઘળું, એ તો સ્ફુર્યા છે ત્રણ ગુણ. ૯

---

૧ વાણીની જાળ.

કહે અખો એ વસ્તુ વિચારે, ન મળે સ્થળ કાંઇ જંતને;
જેમ છે તેમ એ શિવ સદા, નિજસ્ફુરણ મહંતને ૧૦

## પદ ૯—અદ્વૈત પદનું વર્ણન.

### રાગ મારૂ.

એ ચિદ્[1] જ્યુંકા ત્યું સદાઇ, જિહાં આપાપર[2] ન મિલે અહર્નિશ;
બેહદ હદ ન કહાઇ, એ ચિદ્ જ્યુંકા ત્યું સદાઈ. ૧
દ્વંદ્વાતીત અસ્પર્શ નિર્ગુણ, એ સબ કહત તાંઇ[3];
આપાપરબિચ રમત નિરંતર, નહિ પંચભૂતન કાંઈ. ૨
જાત[4] અજાત[5] નહિ તિહાં રેહેની[6], ગયા સકત નહિ આઈ;
થોભ[7] અથોભ સ્થિર બિન સ્થિરતા, નાં ઇછક[8] નાં ઈછાઇ[9]. ૩
જ્ઞાતા જ્ઞેય જ્ઞાન બિન જે ઘર, જિહાં પહોંચત નાંહીં ગિરાઈ[10];
લક્ષાલક્ષ અખા જિહાં નાંહીં, સદા સદોદિત સાંઈ[11]. ૪

## કડવું ૩૭—વસ્તુનું માહાત્મ્ય.

### રાગ ધન્યાશ્રી.

વસ્તુકેરૂં વક્તવ્ય[12]નવ કીધું જાયજી,જેહનો મહિમા મોટો પ્રાયજી;
જેમ અર્ણવનું નીર જમાયજી,પણ બાંધ્યો સાયર તેમ રહ્યો જાયજી.૧

### પૂર્વછાયા.

સાયર તેમનો તેમ છે, તેમ મહાપદની મોટમ[13] ઘણી;
તીરે કહીંએક લવણ જામ્યું, તો શી ઓછપ સાગરભણી. ૧

---

૧ ચૈતન્ય. ૩ હું ને બીજું. ૩ તેને. ૪ જાતિ. ૫ જાતિરહિત. ૬ આચાર. ૭ અટકાવ. ૮ ઇચ્છા કરનાર. ૯ ઇચ્છા. ૧૦ પડતા. ૧૧ સ્વામી. ૧૨ વર્ણન. ૧૩ મોટાઈ.

જમાતે કાંઈ જાન[1] ન હોયે, નીર નથી ઓછું થતું;
સેહેજ ઐશ્વર્યમાંહે નીપજે, ન જણાય જાતુંઆવતું. ૨
તેમ જગત જગદીશમાંહે, ઉત્પત્તિ લય દીસે ખરી;
ઓછુંઅદકું કાંઈ ન થાય, સાગર દૃષ્ટાન્તે કરી. ૩
મહા મોટપ સ્વામીકેરી, રસનાએ નથી કહિ જતી;
સુર્ત્યે જે સમજી શકે છે, તે વાણીમાં નથી આવતી. ૪
ભાઈ મોટી દિશા જો પ્રગટે, તો કાંઈક મોટમ લહે;
મોહોટા અનુભવપાખે[2], એ બુધ કાંઇનું કાંઈ કહે. ૫
જો અનંત કોટ બ્રહ્માંડ છે, તો તેણીમેલે[3] તિલ નથી;
મહા મોટમ મહારાજકેરી, જો ચાલી શકે બુદ્ધિ હદથી. ૬
રસનાએ કહિઆથી, જાણવામાં ભાર ઓછો ઘણો;
બ્રહ્માંડકેરી ભાવના મૂકી, કરે વિચાર જો એ તણો. ૭
જે પદમાં સ્થિતિ કરીને, પછે જુવે બ્રહ્માંડને;
તો બ્રહ્માંડને ઠામ અણુ ન દીસે, તે શું પ્રમાણે પંડને. ૮
જેમ આકાશે કોઈ નર ચઢે, અતિશે તે આઘો જાય;
અવનિના[4] અંકુર નાના, તે ન દેખે પ્રાય. ૯
કહે અખો સહુકો સુણો, આકાશ કૂર્યો મહંતને;
પિંડ બ્રહ્માંડ સ્વતંત્ર થઇને, દેખે તેહના અંતને. ૧૦

## કડવું ૩૮–વસ્તુની અદ્વૈતતા.
### રાગ ધન્યાશ્રી.

એ અનંતને બોલ્યા ન જાયજી, મહતા નાવે વાણીમાંયજી.
વચન ન લાગે તો કેમ કહેવાયજી, મહા ચૈતન્યઘન નહિ મન કાયજી.૧

૧ હાનિ. ૨ અનુભવવિના. ૩ તેના તરફ. ૪ પૃથ્વીના.

## પૂર્વછાયા.

કાયા મન કોણ કહે તેહને, જિહાં કહણહાર કહેવું નથી;
અધો ઉર્દ્ધ તે શું શાથકી, જિહાં ગ્રહણહારે ગ્રહ્યું નથી. ૧
દૂર નિકટ તે શાથકી શું, જો મધ્યે પદારથ નહિ કશું;
સદા નિરંતર છેજ સરખું, વસ્તુ વિચારે એ અશું.[1] ૨
પૂરણ બ્રહ્મ પૂરી રહ્યો છે, જગત નથિ નિરધાર;
પરઠણહારે[2] પરઠ્યું નથી, નહિ વિચાર અવિચાર. ૩
ચક્રાતીત[3] ચિંતવે થકે, ભાઈ રહે તે અદ્ભુત વસ્ત;
અતુલ આશે અનંત મોટો, જિહાં નહિ ઉદે ને અસ્ત. ૪
ઉદે અસ્ત બ્રહ્માંડમાંહે, દિનકરવડે દિનરાત્ય;
દિનરાત્ય કરી કાલ માપના, મરણ જીવન બહુ ભાત્ય. ૫
એ સ્થૂલભોગ બ્રહ્માંડમાંહે, ચૌદલોકકેરી વરત્ય[4];
અનિર્વચની તિહાં વાણી ન પહોંચે, નહિ તિહાં સંસ્રત્ય[5]. ૬
સ્વતંત્ર સ્વામી સદા, તિહાં જેમ છે તેમનું તેમ;
થયું ગયું કાંઇએ નથી, સહજેજ એ છે એમ. ૭
આપાપર કોએ નથી, જીવાજીવ વિગ્રહ[6] કશો;
પૂર્વ પશ્ચિમ નથી કહેવા, કાર્ય-કારણ-વિણ અશો. ૮
જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા-વિના, જેમનું તેમ સદાય;
એ પૂરણની પૂરણતા, વેત્તા-વેદ્ય-વિનાય. ૯
કહે અખો બ્રહ્મ અનિર્વચની, વચન નહિ અનંતને;
અક્ષરાતીત[7] આનંદપદની, ગમ્ય છે મહંતને. ૧૦

---

૧ આવું. ૨ નક્કી કરનારે. ૩ શરીરની અંદરનાં ચક્રોથી પર. ૪ અંદર રહેલ. ૫ સંસાર. ૬ કલેશ. ૭ માયાથીપર.

## કડવું ૩૯—સદ્‌ગુરૂનું માહાત્મ્ય.

### રાગ ધન્યાશ્રી.

સંત સયાણા મહાપદ જાણેજી, તે આપ ન દેખે અન્ય શું વખાણેજી;
આપ અણુચળ્યું તે પ્રમાણેજી, ગુણ-નિર્ગુણને ઉરમાં નાણેજી. ૧

### પૂર્વછાયા.

ગુણ નિર્ગુણ કાંઇએ નથી, સમતત્ત્વ સમજ્યા સહી;
પ્રાચે નહીં તેહને પરાભવ શ્યાનો, રજ્જુ[1] નહીં તો શ્યો અહિ[2]. ૧
એતો અણછતાને અણછતું, ભાસ્યુંતું ભરમે કરી;
તે યથારથ જેમ તેમ થયો, પ્રાચે જેમ છે તેમ હરિ. ૨
પરપંચકેરૂં પેખવું, તે મરીચિજલવત[3] સદા;
તે ઉલેચે ઓછું ન થાય, સમજે શ્રમ ગયો તદા[4]. ૩
સમજે સાધન થાએ સઘળાં, પાર આવે પંથનો;
જેમ રંચકવહ્નિ વન દહે, તેમ મહા વિચાર મહંતનો. ૪
એ અંધધંધ[5] ત્યારે ટળે, જ્યારે ગુરૂગમ હોએ ખરી;
બ્રહ્મવેત્તા મળે જ્યારે, ત્યારેજ મન બેસે ઠરી. ૫
સદ્‌ગુરૂવિના બહુ મળે કાચા, આપ ઉદ્યોત[6] થયાવિના;
સંત-સંગ પ્રતાપ મોટો, અવયવ ફરી જાય જંતના. ૬
જેમ શરદકાલે અંબર[7] ઓપે, નીર નિર્મળ હોય ઘણું;
સદ્‌ગુરૂ સંત પ્રતાપ પ્રાચે, એહવું કરે મન જંતતણું. ૭
ભવદુઃખ વામે મહા સુખ પામે, અંતરથી આમય[8] ટળે;
જીવ શિવ તે એમ હોય, જેમ સરિતા[9] સાગરમાં ભળે. ૮

---

૧ દોરડી. ૨ સાપ. ૩ ઝાંઝવા જેવું. ૪ ત્યારે. ૫ ધાડું અજ્ઞાન.
૬ જ્ઞાની. ૭ આકાશ. ૮ દોષ. ૯ નદી.

નરનારાયણ એક વર્તે, વંદનીય[1] તે નર સદા;
દુસ્તર[2] તારક[3] નાવ હરિજન, નિ:કારણમાંહે મુદા[4]. ૯
કહે અખો સુખે હોય, યોગક્ષેમ[5] મહંતને;
દેહધારી સરખા દીસે, પણ રહે પદ અનંતને. ૧૦

## કડવું ૪૦—આ ગીતાનું ફળ.

### રાગ ધન્યાશ્રી.

એ અખેગીતા જે નર ગાયજી, અણઆયાસે[6] તે નર હરિ થાયજી;
સાંભળતાં મહાગહેન પલાયજી, એવો ગ્રંથનો છે મહિમાયજી. ૧

### પૂર્વછાયા.

ગ્રંથનો મહિમાય મોટો, સાંભળતાં તે સદ્ય[7] ફળે;
મનસા વાચા કર્મણાએ, જે સુરત્ય દઇને સાંભળે. ૧
રામતારક મંત્ર જે, તે અખેગીતાનો ભાવ;
જન્મ છેહલો હોય જેહને, તેહને મળે પ્રસ્તાવ[8]. ૨
સંસારરૂપી મોહનિશાન[9], નિવૃત્તાવા[10] કાજ;
દિનમણિ છે અખેગીતા, પામે સદા સદોદિત રાજ. ૩
એમાં જ્ઞાન ભક્તિ વૈરાગ્ય છે, માંહે માયાનિરીક્ષણ દૃષ્ટિ;
જીવન્મુક્ત ને મહામુક્તના, ચેહેન[11] ને વળી પુષ્ટિ. ૪
પદ દસ ને ચાલીસ કડવાં, છે પરમપદની વાટ;
સંસારસાગર ઉપરે, એ સેતુ[12] બાંધ્યો ઘાટ. ૫

---

૧ નમસ્કાર કરવાયોગ્ય. ૨ દુ:ખથી તરી શકાય એવો સંસાર. ૩ તારનાર. ૪ પ્રસન્ન. ૫ અપ્રાપ્તની પ્રાપ્તિ ને પ્રાપ્તનું રક્ષણ. ૬ વિનાપ્રયત્ને. ૭ તુરત. ૮ સાંભળવાનો પ્રસંગ. ૯ અજ્ઞાનરૂપે રાત્રિને. ૧૦ દૂર કરવા. ૧૧ લક્ષણ. ૧૨ પાજ,

એણે ઘાટે જે આવી ચડશે, તે સુખે પામશે પાર;
ન બુડે તે બિરદ બાંધી, કહે અખો નિરધાર. ૬
બારે ઉણા પાંચસે છે, અખેગીતાના ચરણ;
ચરણે ચરણે આત્મવિદ્યા, અશરણકેરૂં શરણ. ૭
નાથ નિરંજન ગ્રંથકરતા, અખો તે નિમિત્તમાત્ર;
જેમ વાજું દીસે વાજતું, પણ વજાડે ગુણપાત્ર. ૮
જે પૂરણબ્રહ્મ પૂરી રહ્યો છે, ઘટઘટ બોલણહાર;
તેણે આપે આપનું વરણન કીધું, સ્વસ્વરૂપ નિરધાર. ૯
સંવત સતર પચલોતરો[1], શુકલપક્ષ ચૈત્રમાસ;
સોમવાર રામનવમી, પૂરણ ગ્રંથપ્રકાશ. ૧૦
કહે અખો નિરંજનગીતા, સ્વસ્વરૂપ નિજ સંતને;
અખાને શિર નિમિત્ત દેવું, ઇચ્છા હુતી અનંતને. ૧૧

---

## પદ ૧૦–પરમાનન્દનું વર્ણન.

### રાગ ધવલધન્યાશ્રી.

અભિનવો આનંદ આજ, અગોચર[2] ગોચર[3] હવો એ;
પરપંચપાર મહારાજ, તે પૂરણબ્રહ્મ હું સ્તવું એ. ૧
હરિહર અજ ભુવનેશ, તેતણો ઈશ અજાપતિ[4] એ;
તે જાણો અંગ[5] ઈશ, જેહને ગાય નિત્ય શ્રુતિ એ. ૨
સર્વે ચૈતન્યઘનરાય, શૂન્યમાં[6] સોહામણો એ;
તે નાવે વાણીમાંહે, તે નહિ વિરાટ ને વામણો એ. ૩
તે જાએ ન આવે ક્યાંહી, સ્થિર પૂરણ અવિનાશ છે એ;

---

૧ પંચોતેર. ૨ અજ્ઞાત ૩ જ્ઞાત. ૪ માયાના સ્વામી. ૫ હે પ્રિય ! ૬ માયા ને માયાનાં કાર્યોના અભાવમાં.

લિંગ ભગ તેમાં નહિ, જેવડે આકાશ છે એ. ૪
એ જાણે ગયો જંજાલ, યથારથ જેમ તેમ થયું એ;
જિહાં કર્મ ન લાગે કાલ, સભર ભરાઇ તે રહ્યું એ. ૫
તિહાં હવું મન લેલીન, જઇ ચૈતન્ય સભર ભર્યું એ;
નહિ કો દાતા દીન, તન મન સહજે સજ થયું એ. ૬
પ્રગટ્યાં કોટિ કલ્યાણ, આપાપાર વિણુસે રહ્યું એ;
સદા સદોદિત ભાણુ, ઉદે અસ્ત આ કારણ ગયું એ. ૭
કહે અખો આનંદ, અનુભવીને લેહેવા તણો એ;
એહવો પૂર્ણ પરમાનંદ, નિત્ય સરાણ[1] અતિ ઘણો એ. ૮

ઇતિ શ્રીઅખેગીતા સંપૂર્ણ.

૧ વખાણું.

# પંચીકરણ.

## ચોપાઈ.

પિંડબ્રહ્માંડનો કરૂં વિવેક, હરિજન તે જે દેખે એક;
પંચે ભૂતતણો વ્યાપાર, કરતાં દીસે દેહાકાર. ૧
સમજી લેતાં એ અનુક્રમ, સળંગસૂત્ર[૧] દીસે પરબ્રહ્મ;
અવ્યક્તથી[૨] નભ[૩] ઉપનું સાર, નભે પવનનો હવે વિસ્તાર. ૨
પવને તેજ હવું ઉત્પન્ન, તેજતણું તે પાણી તંન[૪].
પાણીથકી મહી પરગટ હોય, જેમ ઉત્પત્તિ પ્રલય તેમ જોય. ૩
વસ્તુવિષે[૫] સ્વભાવે શૂન્ય[૬], તેમાં પ્રણુવની[૭] ઉઠે ધુન્ય[૮];
તે ઓંકાર જાણો ત્રિવર્ગ, તત્ત્વ બધાં તેના ઉપસર્ગ[૯]. ૪
તેહતણો હું કહું વિસ્તાર, રાખી લેજો મન નિર્ધાર;
તમોગુણુતણાં પંચમહાભૂત, રજના[૧૦] દેવ ઇંદ્રિય અદ્ભુત. ૫
સત્વના ચતુષ્ટય[૧૧] ને પંચ વિષે, તત્ત્વ ચોવિસ એ ભાગવત લખે;
પચીસમી માયા સર્વદા, છવીસમા મહાવિષ્ણુ સદા. ૬
નશાજાળ[૧૨] આમિષ[૧૩] નેં અસ્ત[૧૪], રોમ ચર્મ એ પંચે વસ્ત;
પિંડતણો એમ કરતાં વિવેક, પાંચે ભાગે પૃથ્વી એક. ૭
શુક્ર[૧૫] શોણિત[૧૬] પ્રસ્વેદ[૧૭] ને લાળ, મૂત્ર આંસુ ને કફ જંજાળ;
પિંડતણો એમ કરતાં વિવેક, પાંચે ભાગે ઉદકજ[૧૮] એક. ૮

---

૧ અખંડ પરોવાઇને રહેલ. ૨ માયાથી. ૩ આકાશ. ૪ કાર્ય. ૫ બ્રહ્મમાં. ૬ અભાવ. ૭ ૐકારની. ૮ નાદ. ૯ કાર્ય. ૧૦ રજોગુણના. ૧૧ ચાર. ૧૨ નાડીઓનો સમૂહ. ૧૩ માંસ. ૧૪ હાડકાં. ૧૫ વીર્ય. ૧૬ લોહી. ૧૭ પરસેવો. ૧૮ જળજ.

ક્ષુધા પિપાસા કામનો ભોગ, ક્રોધાલસ્યતણો સંજોગ;
પિંડતણો એમ કરતાં વિવેક, પાંચે ભાગે તેજજ એક. ૯
શ્વાસોશ્વાસ નાડી હેડકી, છીંક બગાસાં વાયુથકી;
પિંડતણો એમ કરતાં વિવેક, પાંચે ભાગે મારૂત[1] એક. ૧૦
શબ્દ કરે ને શબ્દજ ગૃહે, દેહ વિકાશ સચરાચર રહે;
પાકવિમર્દન[2] થાએ નાશ, પાંચે ભાગે છે આકાશ. ૧૧
કઠણ ભાગ તે અવનીતણો, કલેદન[3] તે પાણીનો ગણો;
ઉષ્ણ જ્યોતિ તે જાણો તેજ, પ્રસરણ તે વાયુનું હેજ. ૧૨
સ્થિર વિવર[4] આકાશના ધર્મ, એ પંચમહાભૂતનો જાણો મર્મ;
એ ચૈતન જોગે જીવતા, જેમ સૂરજવડે કિરણ છે છતાં. ૧૩
એવી બુદ્ધિ કરિ આલોચશે, તે નર બ્રહ્મમાં ભેળો થશે;
જીવપણું એમ પામે અસ્ત, અખા વિચારેં ઉગરે વસ્ત. ૧૪
પેલુ ભૂત આકાશ કહાય, બીજું ભૂત તે કહિયે વાય;
ત્રીજું ભૂત તે તેજજ તાપ, ચોથું ભૂત તે પાણી આપ. ૧૫
પાંચમૂં ભૂત કહીયે પૃથિવી, એ પંચ ભૂત જોજો અનુભવી;
પાંચ કર્મેન્દ્રિય મનશું જાણ્ય, પેલું પગ ને બીજું પાણ્ય.[5] ૧૬
ત્રીજું ગુદ ને ચોથું લિંગ, પાંચમું મુખ તે વાણી પ્રસંગ;
કર્મેન્દ્રિયો કહ્યાં એ પંચ, હવે જ્ઞાનેંદ્રિયની કહું સંચ. ૧૭
પેલું કર્ણ ને બીજું ચર્ણ, ત્રીજું નેત્ર ચોથો રસ મર્મ;
પાંચમી ઈંદ્રિય નાસા જાણ, એ જ્ઞાનેંદ્રિય પંચ પ્રમાણ. ૧૮
અનુભવ ન વધે સમઝયા પખેં, હવે કહું તન્માત્રા વિષે;
શબ્દ વિષય છે કર્ણજતણો, સ્પર્શ વિષય તે ત્વચાનો ગણો. ૧૯

૧ વાયુ. ૨ વાયુ. ૩ કોહરાવવું. ૪ છિદ્ર. ૫ હાથ.

રૂપ તેજ નેત્રોના વિષે, રસના રસ નાના વિધ ભખે;
ગંધ વિષય નાસા જાણવો, અખા ચતુષ્ટય હવે અનુભવો. ૨૦
પેલું મન બીજું બુદ્ધિ વિચાર, ત્રીજું ચિત્ત ચોથો અહંકાર;
અંતઃકરણ ચતુષ્ટય નામ, એ સમજે બુધ્ય બેસે ઠામ. ૨૧
એટલે તત્ત્વ થયાં ચોવીસ, માયાસહિત ગણો પંચવીસ;
હવે કહું ચૌદે દેવતા, ચૌદે ઇંદ્રિયને સેવતા. ૨૨
કરણ શબ્દ પાલક દિગરાય, ત્વચા સ્પર્શ મારૂત કેવાય;
નેત્ર રૂપનો પાલક ભાણ, રસના રસનો વરૂણજ જાણ. ૨૩
નાસા ગંધનો પાલક મહી, એ જ્ઞાન દેવ દેખાડયા કહી;
હવે કહું કર્મેન્દ્રિય પાળ, ચરણ ગતિ વિષ્ણુ ભૂપાળ. ૨૪
ઇંદ્રદેવ ગ્રહણ કહાવે પાણ, મુખ અગ્નિ અધિષ્ટાતા વાણ્ય;
ગુદ અંતર અધિષ્ઠાતા મૃત્યુ, કામ લિંગ બ્રહ્માનું કૃત્ય. ૨૫
એક કર્મેન્દ્રિય કૃત્ય ને દેવ, હું કહું અંતઃકરણનો ભેવ;
મને મનન અધિષ્ઠાતા શશી, બુદ્ધિ બોધ બ્રહ્મા રહ્યા વશી. ૨૬
બહુનામી ચિત્ત ચિંતનતણો, શેષ દેવ અહંકૃતનો ગણો;
ચૌદેંદ્રિયના કૃત્ય ને દેવ, પંચીકરણનો જાણો ભેવ. ૨૭
નિપજે આતમદરશી જેહ, સમઝી વિચારી રાખે તેહ;
અવની ગળી જાય જળવિષે, જળને ત્યારે તેજજ ભખે. ૨૮
તેજ જઈ લય થાએ વાય, અનિલ આકાશવિષે લે થાય;
જ્યારે નિઃસત્વ થયું આકાશ, ત્યારે ઘૈનો[1] કહાવે નાશ. ૨૯
પ્હેલી ઉત્પત્તિ પાછળ લે, તત્ત્વસંખ્યા એમ જાણી લે;
બુદ્ધિગોચર રાખે લેખ, કેને સંશય ન રહે રેખ. ૩૦

૧ આકાશનો.

ઈંદ્રી ને ઈંદ્રીના દેવ, પંચભૂતનાં કરતવ ભેવ[1];
સાંખ્યયોગે દેખે નિજ પિંડ, એક પિંડ તેમ સઘળી મંડય[2]. ૩૧
સર્વ રૂપ જે ચૈતન્ય થયો, અગમ અગાધ જેમનો તેમ રયો;
નિર્ગુણ તે સ્વસ્વામી આપ, સગુણ નિમિત્તેં સઘળે વ્યાપ. ૩૨
ચારે દેહતણો હવો એક, સમઝી લેવો વસ્તુવિવેક;
કારજકારણ એકએકનું, કૈવલ્ય કારણ છે છેકનું[3]. ૩૩
પરમ ચૈતન્ય દેહ કૈવલ્ય નામ, તેનું કાર્ય દેહ ચૈતન્ય ધામ;
ચૈતન્યકાર્ય વાસનાલિંગ, વાસનાકાર્ય દેહ સ્થૂળપ્રસંગ. ૩૪
સ્થૂળનું કારણ વાસનાલિંગ, વાસનાનું કારણ ચૈતન્ય [4]સુચંગ;
ઇશ્વર કારણ કૈવલ્ય દેહ, સમઝી રહે તો થાય વિદેહ. ૩૫
નિર્ગુણ સગુણ એમ ગોચર થાય, લોમપ્રતિલોમજ[5] પ્રીછયો જાય;
કાર્યકારણ તે સગુણજ ગણે, કારણ કાર્યથી નિર્ગુણ ભણે. ૩૬
નિર્ગુણ સગુણ બુધ્યગોચર[6] થાય, બ્રહ્મજ્ઞાનનો એજ ઉપાય;
લેખાવિના અલેખ નવ્ય જડે, અલેખ જાણ્યાવિના ભમવું પડે. ૩૭
પંનર તત્ત્વનુ દેહજ સ્થૂળ, નવ તત્ત્વનું વાસના ઈ મૂળ;
ચૈતન્યમાત્ર તે ત્રીજું વપુ, ચોથું દેહ તે કૈવલ્ય જપું. ૩૮
એમજ ચાલે કૃત્ય વિરાટ, સમઝે તે સમઝી લે ઠાઠ;
કાનતણો પાળક દિગરાય, શબ્દ પ્હોંચાડે લૈ વાસનાય. ૩૯
વાસના પ્હોંચાડે ચૈતન અંગ, એમજ ચાલ્યો જાય પ્રસંગ;
ચોથાના સામરથનાં ત્રણ, જે એમ સમઝે તે નર ધન્ય. ૪૦
ત્વચાતણો સ્વામી છે વાય, સ્પર્શ પ્હોંચાડે છે વાસનાય;
વાસના તે છે ચૈતનવડે, તે તે સર્વ કૈવલ્યને ચડે. ૪૧

૧ સ્વરૂપ. ૨ રચના. ૩ અંતનું. ૪ અતિ શ્રેષ્ઠ. ૫ આવિર્ભાવ-તિરોભાવજ. ૬ બુદ્ધિનો વિષય.

નેત્રતણો સ્વામી છે સૂર, રૂપ વાસના કરે હજૂર;
ઈશ્વરને પ્હોંચાડે તેહ, કૈવલ્યમાં ચાલ્યું જાય એહ. ૪૨
રસનાનો સ્વામી છે વરૂણ, તે રસ વાસનાને કરે શરણ;
કારણને પ્હોંચાડે ભોગ, કૈવલ્યસાથે સહુનો જોગ. ૪૩
નાસાનો સ્વામી છે મહી[1], તે ગંધ પ્હોંચાડે વાસના જઇ;
વાસના લિંગ છે કારણભણી, મહાકારણ સર્વેનો ધણી. ૪૪
વાસના જીવ ને જીવ વાસના, તે ચૈતન્ય ઈશ્વરની આભાસના;
તે ભોગવાવે અવસ્થા ચાર, જાગૃત સ્વપ્ન સુષુપ્તિ વ્યાપાર. ૪૫
તુર્યાને મળે ત્યારે જીવ ટળે, કૈવલ્યમાંહીં તે ત્યાં ભળે;
ત્રણ અવસ્થા સૂધો જોગ, હવે તેહનો કહું છું ભોગ. ૪૬
જાગૃત ભોગવે નેત્રે રહી, સ્વપ્ન ભોગવે કંઠે જઈ;
હૃદે લીન સુષુપ્તિ ભોગવે, ભમરગુફા[2] તુર્યા[3] જોગવે. ૪૭
સંત વિવેકી જાણે એહ, દેહથકે છે તેહ વિદેહ;
સઘળે ઘટમાં એવો ઠાઠ, સંત કહાવે સમજ્યામાટ્ય[4]. ૪૮
એ અનુભવ તે સ્વેં જાણવો, ઈંયાં ઉપાય નથી કરવો નવો;
આપે આપ પ્રીછ્યો જાય, બીજો ઇયાં ન કોય સહાય. ૪૯
શરદઋતે જેમ નિતરે[5] નીર, આપે આપનું પામે હીર[6];
એ સમજ્યાવિણ જે અધ્યાસ[7], તેથી સ્વરૂપનો હોયે નાશ. ૫૦
એ છે પંચીકરણ મહાવાક્ય, તેની કોય ન પૂછશો સાખ્ય;
પોતાનું સમજે જો પોત, એણે સ્વયં હોય ઉદ્યોત. ૫૧
ખટ ઉર્મિ[8] છે દેહને વિષે, કોય દેહ નોય ઉર્મિ પખે[9];

---

૧ પૃથિવી. ૨ ડોકની ઉપરના ભાગમાં રહેલું ચક્ર. ૩ અંતઃકરણની ચોથી અવસ્થા. ૪ સમજ્યા તેથી. ૫ મેલરહિત થાય. ૬ સ્વરૂપ. ૭ ભ્રાંતિ. ૮ મોજાં. ૯ વિના.

ઉષ્ણ શીત તે સ્થૂળ ભોગવે, ક્ષુધા પિપાસા પ્રાણ જોગવે. ૫૨
હર્ષ શોક તે મનનો ધર્મ, ષટ્ ઉર્મિનો જાણો મર્મ;
સ્થૂળ સૂક્ષ્મ છે એનો ભોગ, કાર્ય કારણમાં રહે અમોઘ[1]. ૫૩
હર્ષ શોક વળી પુન્ય ને પાપ, દેવ પિતૃ ગ્રહનો આલાપ[2];
ગતે જાય અવગતિયો થાય, વાસના લિંગનો એહ ઉપાય. ૫૪
વાસના લિંગે મહા સ્થૂળ લિંગ, વાસના ભંગ તો સ્થૂળનો ભંગ;
વાસનાની દૃષ્ટિ સ્થૂળ ઉપરે, તહાં લગી ઉપજે ને મરે. ૫૫
વાસના કારણ સામી થાય, દૃષ્ટિ કૈવલ્ય દેહે જાય;
સંપુટ ઉઘડે જાય બરાસ, તેમ કૈવલ્યમાં સહુનો વાસ. ૫૬
ત્યારે પાછું વળવા કોણ, જેમ સાગરમાંહી મળ્યું લુણ;
વાસના લીન થયા પછી દેહ, જેમ પર્વતપર વરસે મેહ. ૫૭
ભરાણું નીર ઝરી નીસરે, પાછળ ઉમેરો કોણ કરે;
તેમ ચાલે જ્ઞાનીની કાય, જીવ ચિહ્ન ત્યાં સરવે જાય. ૫૮
ઇશ્વર ચિહ્ન ઉપજે કદાચ, તહાં ન પ્હોંચે વૈખરી વાચ;
દેવ ચરિત્ર ન આવે હાથ, જીવ ન પ્હોંચે તેને સાથ. ૫૯
પરા પશ્યંતિ મધ્યમા વૈખરી, ત્રણ લિંગની સત્તા ખરી;
કારણ વાસના લિંગ ને સ્થૂળ, ત્રણ લિંગ વાસનાનું મૂળ. ૬૦
પરાપારથી કારણ લિંગ, તે પોષંતા આવે તુરંગ;
બાહેર આવે ઘોષ[3] વેરાય, ઉત્તમ મધ્યમ શબ્દ ચાલ્યા જાય. ૬૧
પણ સમઝવો છે દેહનો ઠાઠ, બીજાં સાધન માયાનો ઘાટ;
આદર વોણી[4] પામે મુક્તિ, જો રૂડી પેરે સમઝે જુક્તિ. ૬૨
વૈકુંઠસુધી એક માંડણી, ત્રૈલોકસુધી જો જો ગણી;
ત્રૈલોકનાથ ધરી આવે દેહ, ઠાઠ સકળમાં તેહનો તેહ. ૬૩

---

૧ નક્કી. ૨ કથન. ૩ અવાજ. ૪ વિના.

અવાચ્ય કહાવે કૈવલ્યનામ, તે અવ્યકત માયાનો વિશ્રામ;
અવ્યક્તવિષે કૈવલ્યનું ભાન, તેજ ધરે ઇશ્વરનું માન. ૬૪
ઇશ્વરને અવસ્થા ત્રણ્ય, જાગૃત સ્વપ્ન સુષુપ્તિઆવર્ણ[1];
ઇશ્વિરને જ્યારે સુષુપ્તિ થાય, માયાઉપહિત[2] નામ કેવાય. ૬૫
તેને જ્યારે સ્વપ્નજ થયું, ત્યારે હરિણ્યગર્ભ નામ પામિયું;
તે ઇશ્વિર જ્યારે જાગૃત્ ભોગવે, ત્યારે વૈરાટ નામ સંભવે. ૬૬
વિદ્યામાં પડતો આભાસ[3], એટલે ઇશ્વિર સર્વાંવાસ[4];
અવિદ્યામાંહિ પડયો આભાસ, એટલે હુવો જીવ પ્રકાશ. ૬૭
તેનું નામ ધરાણું જીવ, તે ત્રણ અવસ્થા ભોગવે સદૈવ;
સુષુપ્તિ સ્વપ્ન ને જાગ્રત્, તેનો જીવ સાક્ષી અવિગત[5]. ૬૮
અવસ્થા ભોગવે સાક્ષી રહ્યો, તે ત્રણ આભાસે ભાસી રચ્યો;
જાગ્રત્માં જે પડયો આભાસ, વિશ્વ નામ તેહનો પ્રકાશ. ૬૯
તેને જ્યારે સ્વપ્નજ હવું, તૈજસ નામ ત્યારે અનુભવ્યું;
તેને જ્યારે સુષુપ્તિ હવી, પ્રાજ્ઞ સંજ્ઞા ત્યારે અનુભવી. ૭૦
આભાસ ભોગવે છે એ ત્રણ, પોતે સાક્ષીવત્ રચ્યો અન્ય;
સત્તર તત્ત્વની ઇશ્વિરકાય, પંચપ્રાણ દશ ઇંદ્રિય થાય. ૭૧
મન બુદ્ધિ સહિત સત્તરે તત્ત્વ, પૂત્રાત્માનું તેમાં સત્ત્વ;
અપંચીકરણ ઇશ્વિરનો દેહ, પંચીકરણ જીવ જે તેહ. ૭૨
પંચીકૃતનું જીવશરીર, પંચભૂત દશમાંહિ [6]સમીર;
કર્મેન્દ્રિય જ્ઞાનેંદ્રિય જ્ઞાન, પંચ વિષય તન્માત્રા ભાન. ૭૩
મન બુદ્ધિ ચિત્ત અહંકાર ને માય, ચૌદે દેવ તેના અધિષ્ઠાય;
સર્વ મળી ચાલે પરચાર, દશ વાયુનો કહું વિસ્તાર. ૭૪

૧ સુષુપ્તિરૂપ આવરણ. ૨ માયાની ઉપાધિવાળા. ૩ પ્રતિબિંબ. ૪ સર્વવ્યાપક. ૫ વધમાન. ૬ વાયુ.

પ્રાણવાયુ ઊંચી ગત્ય કરે, અપાન તે નીચો સંચરે;
ઉદાન જળને તાણે કંઠ, વ્યાને સકળ શરીરની ગંઠ્ય. ૭૫
સમાન સકળ રસ વેંચે ભાગ, દેવદત્ત ત્વચાને લાગ;
કૂર્મ રહ્યો ધરણીને ધરી, નાગ રહ્યો કુંડળી આવરી. ૭૬
ધાવન ગમન ધનંજય કરે, સકળ સાંધામાં કુર્કટ ફરે;
દશ વાયુનાં કૃત્ય ને નામ, પંચકોશ કહું જીવનું ઠામ. ૭૭
અન્નમયકોશ એકનું નામ, પ્રાણમયકોશ બીજાનું ઠામ;
ત્રીજો કોશ મનોમય એહ, ચોથો કોશ જ્ઞાનમય[1] તેહ. ૭૮
પંચમ છે આનંદમય કોશ, નામ ધરે જીવ અભિનિવેશ;
ત્રણ વિશેષણ ઈશ્વરતણાં, સત્ ચિત્ આનંદ નામે ભણ્યાં. ૭૯
તેજ વિશેષણ જીવને વિષે, નામ ફેર કરી નવ ઓળખે;
અસ્તિ ભાતિ પ્રિય એ છે ત્રણ, એ એકતાનું કહું આચર્ણ. ૮૦
અસ્તિ કેતાં સદા સત્યનું નામ, ભાતિ કેતાં ચિદ્‌ને ઠામ;
આનંદ તે જે પ્રિય જાણવો, જીવેશ્વર એકતા અનુભવો. ૮૧
ઊઠ[2] હાથ નામ જીવને વિષે, ચૌદ લોક ઈશ્વર આળખે;
તે માટે જીવ ઈશ્વર બે, બેઉ વિષે સૂત્રાત્મા રહે. ૮૨
સુષુપ્તિ ભોગવે રદિયે રહી, સ્વપ્ન ભોગવે કંઠે જઈ;
જાગ્રત્ તે નેત્રે ભોગવે, તૂર્યા સૂત્ર સહુને જોગવે. ૮૩
જીવેશ્વરની સરખી વર્ત્ય, ઈશ્વરશું હોયે એક સુર્ત્ય;
જીવભાવના જીવથી જાય, અનુસંધાન ઈશ્વરથી થાય. ૮૪
એટલામાં જો રહે અભાસ, તો સાલોક્યેં વૈકુંઠવાસ;
વિશ્વાભિમાન વિરાટશું મળ્યું, સ્થૂલપણું સ્થૂલમાંહે ભળ્યું. ૮૫

૧ વિજ્ઞાનમય–બુદ્ધિને પાંચ જ્ઞાનેંદ્રિય. ૨ સાડાત્રણ.

તૈજસનેં રે સ્વપ્નઅભિમાન, હિરણ્યગર્ભમાં થયું એક સાન;
તેજ ઈશ્વરતણું છે સ્વપ્ન, તેમાં તૈજસ પામ્યો પતન. ૮૬
સામીપ્યમુક્તિ તેનું નામ, પ્રાજ્ઞાભિમાની સુષુપ્તિને ઠામ;
માયાઉપહિત પ્રાજ્ઞજ મળ્યો, સારૂપ્યે એકતામાં ભળ્યો. ૮૭
તૂર્યાવસ્થા ઈશ્વરતણી, સાયુજ્યમુક્તિ તેની ભણી;
સૂત્રાત્માશું અનુસંધાન, જીવેશ્વર બેઉનું નિદાન. ૮૮
જીવેશ્વર કેવા નવ રહ્યા, ત્યારે અપંચીકૃતપારે ગયો;
એ પ્રપંચ કલ્પી કીધો સમાવ, સદા નિરંતર છે તે સાવ. ૮૯
પરા પશ્યંતિ મધ્યમા વૈખરી, પિંડબ્રહ્માંડવિષે ચારે ખરી;
સોહં શબ્દ વૈરાટને વિષે, એક સૂત્ર પિંડમાંહી લખે. ૯૦
લેતાં શ્વાસથી ઉઠે સકાર, મુકે શ્વાસે થાય હકાર;
સકાર હકારનો હોયે લોપ, ત્યાં ઓંકાર રહે વણઓપ[1]. ૯૧
તે ૐકાર અચિંત્ય અંકોર, ત્રિધા થાય અવાચ્યને જોર;
પરા તેજ અવ્યક્ત છે માય[2], પશ્યંતિ વિષ્ણુ સત્ત્વગુણ થાય. ૯૨
મધ્યમા બ્રહ્મા રજોગુણરૂપ, વૈખરી રૂદ્ર સાધારણ ભૂપ;
ચારે વેદ ને ચારે વાણ્ય, સર્વે શબ્દતણું મંડાણ. ૯૩
મંત્ર જંત્ર સર્વ શબ્દનો ઘાટ, શબ્દે બાંધ્યો સઘળો ઠાઠ;
એણી પેરે શોધે આપ, ત્યારે જાય અહંતા થાપ. ૯૪
ચૌદે લોક એકે વૈરાટ, તેમાં ચાર ખાણના ઘાટ;
જેમ ઉદંબર[3] વૃક્ષ [4]થડથો ફળે, મૂળટોચસુધી ફળ નીકળે. ૯૫
તેમ ચૌદ લોકવીધી સૌ જંત, એમ વૈરાટ ફળ્યો છે તંત;
એ વિરાટ કહાવે બ્રહ્માંડ, રચ્યો પિંડ અસંખ્યાત માંડ. ૯૬

---

૧ ઓપવિના—સ્વાભાવિક. ૨ માયા. ૩ ઉંબરો. ૪ થડમાંથી.

સ્થૂળને જોતાં નાવે પાર, અંતર ઉતરે લાધે[1] સાર;
એ લેખે દેહાભિમાન, જીવેશ્વરનું ટાળે ભાન. ૯૭
એ પંચીકરણ છે મહાવાક્ય, એણે થાય અનુભવ પરિપાક;
જંતપણું જેને છે સત્ય, તેણે કરવું એવું નૃત્ય. ૯૮
વેદ તણા વચન છે એહ, નિઃસંદેહ થાય સમઝે તેહ;
જીવન્મુક્ત તે તેનું નામ, જેને સંભાળ્યું મૂળગું[2] ધામ. ૯૯
નૈં અવતરિયાસરખો તેહ, જેણે એમ ન સંભાળી દેહ;
મુક્તિબંધનું નહિ અભિમાન,જ્યાં જ્ઞાતા નહીં જ્ઞેય ને જ્ઞાન. ૧૦૦
ત્રિપુટીરહિત તે છેજ અવાચ્ય, તત્ત્વમસિપદ શોધ્યું સાચ;
શાસ્ત્રારથ તેણે પામ્યું જ્ઞાન, આત્માનુભવ હવું વિજ્ઞાન. ૧૦૧
મહાપદમાં કલ્પ્યું એ દ્વૈત, તે સમઝયાથી થયું અદ્વૈત;
અહંબ્રહ્મ છે શબ્દજવિના, એ સમઝે અખા વેત્તા આપના. ૧૦૨

ઇતિ શ્રીપચીકરણ સંપૂર્ણ.

૧ મળે. ૨ અનાદિ.

# બ્રહ્મલીલા.

## રાગ સામેરી.

### ચોખરો ૧.

ॐનમો આદિ નિરંજન રાયા, જહાં નહિ કાળ કર્મ અરૂ માયા;
જહાં નહિ શબ્દ ઉચ્ચાર ન જંતા, આપેઆપ રહે ઉર અંતા[1]. ૧

### છંદ.

ઉર અંતરમેં આપ સ્વબસ્તુ, ઢિગ[2] નહીં માયા તબેં[3];
અન્ય નહિ ઉચ્ચાર કરિવે, સ્વસ્વરૂપ હોહીં જબેં[4]. ૧
મિથ્યા માયા તહાં કલ્પિત, અધ્યારોપ કિનો સહી;
અર્દ્ધમાત્રા સ્વભાવ પ્રણુવ સો, ત્રિગુણુ તત્ત્વ માયા ભઇ. ૨
આપ જ્યૈં કે ત્યૈં નિરંજન, સર્વ ભાવ ફેલી અજા[5];
જ્યોં ચુંબક દેખકેં લોહ ચેતન, ત્યૈં દ્દષ્ટોપદેશ[6] પાઈ રજા. ૩
પરમ ચૈતન આદિ નિરંજન, અકરતાપદ સો સદા;
અજા અલ્પ અર્વાક[7] અંજન[8], ભો[9] જગત પલમેં તદા[10]. ૪
સગુણુબ્રહ્મ સો સ્તુતિ પદારથ, દ્દષ્ટ પદારથસ્વામિની[11];
અખા બ્રહ્મ ચૈતન્યઘનમેં, ભઇ અચાનક દામિની[12]. ૫

### ચોખરા ૨.

ઐસેં આપ સગુનબ્રહ્મ સ્વામી, ઐસેંહી અંશ ભયો બહુ નામી;
આપ ફેલાવ કિનો ગૃહિ માયા, સહજ ભોગ કરિ સુત તીનું[13] જાયા[14].

---

૧ અંદર. ૨ પાસે. ૩ ત્યારે. ૪ જ્યારે. ૫ માયા. ૬ દૃષ્ટારૂપ ચેતનની સત્તાથી. ૭ અર્વાચીન. ૮ મેલ. ૯ થયું. ૧૦ ત્યારે. ૧૧ વસ્તુના માલિક. ૧૨ વીજળી. ૧૩ ત્રણ. ૧૪ ઉપજાવ્યા.

### છંદ.

જાયે તીન સુત જગતકારન, સત્ત્વ રજ તમસાદિ ભયે;
પંચભૂત અરૂ પંચમાત્રા, તમોગુન કેરે કહે. ૧
દેવ દશ અરૂ ઉભય ઈંદ્રિય, બેગ[1] ઉપજે રજહીંકે;
ભયે ચતુષ્ટય સત્ત્વગુનકે, કામ દિનો કર અજહીંકે. ૨
રજોગુન સો આપ બ્રહ્મા, તમોગુન સો રૂદ્ર હે;
સત્ત્વગુન સો વિષ્ણુ આપે, સગુનબ્રહ્મ પહુંચી ચહે. ૩
ચાર પંચક અરૂ ચતુષ્ય, એક પ્રકૃતિ મૂલકી;
આપકો પરિવાર બઢાયો, ભઇ માતા સ્થૂલકી. ૪
ચલી આવે કલા ચિદ્‌કી, બન્યો પુરૂષ વિરાટ એ;
કહે અખા માયા કહો કે, કહો પરબ્રહ્મઘાટ એ. ૫

### ચોખરા ૩.

ઐસેંઇ અંશ ચલ્યો અવિનાશી, તાકી ભાંતિ ભઇ લક્ષ ચોરાશી;
નિર્ગુન બ્રહ્મ સગુન ભયો ઐસેં, તાકોં ઓર કહીજેં કૈસેં. ૧

### છંદ.

ઓર નહિ કોઇ કલ્પ હરિતેં, જ્યોં પાનીકો પાલા[2] ભયો;
જોઈ નિર્ગુન સોઇ સગુન હે, નામરૂપ આપેં નયો. ૧
નામ નહિં તાકે નામ સબ હે, રૂપ નહીં તાકે રૂપ સબેં;
કારજ કારન ઓર નાંહીં, રૂપ અરૂપી વ્હૈં[3] ફબે[4]. ૨
સગુન બેત્તા નિર્ગુનકો હે, નિર્ગુન પોષક સગુનકો;
જ્યૈં પુરૂષકી પરછાંહિ દર્પન, આનન[5] સમર્યો જંનકો. ૩
જડકો રૂપ ચૈતન્ય લીનો, ચૈતન્ય જ્યોંકો ત્યોં સદા;

૧ શીઘ્ર. ૨ બરફ. ૩ થઇને. ૪ શોભે છે. ૫ મુખ.

રૂપબિના ખેલ ફબુત[1] નાંહીં, આપ બન્યો અપની મુદા[2]. ૪
સહજ ઇચ્છા બાનક[3] બન્યો હે, અન્ય નહિ કોઉ આપતેં;
કહે અખા અહંકૃતિ દુજી, માન લીની વ્યાપતેં. ૫

## ચોખરા ૪.

ઐસો રમન ચલ્યો નિત્ય રાસા, પ્રકૃતિ પુરૂષકો વિવિધ વિલાસા;
જેસેં ભીંત રચી ચિત્રશાલા, નાના રૂપ લખે જ્યોં વિશાલા. ૧

### છંદ.

બિશાલ દર્પન ભીંત કીની, ઓર સ્વચ્છ સત્ય સ્વામિની;
તાહીકે મધ્ય ભાંતી ભાસી, વેસિ સત્ય સુહાવની[4]. ૧
ત્યોં અજાકે મધિ ભાંતિ નાના, વસ્તુ વિશેષહીં ભાસી હે;
આત્મા અકર્ત્તા અભોગ અવયવ, જાનત જીવ વિલાસી હે. ૨
પ્રકૃતિ પુરૂષકે જોગ જંતુન, મિથ્યા પુરૂષ પ્રકટ ભયો;
સો આદ્ય નાંહીં અંત્ય નાંહીં, મધ્ય માનિ તાપેં રહ્યો. ૩
સંશય મિથ્યા વિપરીતભાવના, જબ લગી જો નર કરેં;
તબલગી નાના દેહ ધરહીં, માયામેં ઉપજેં મરેં. ૪
પિંડપર સો મોહ પાયો, પુરંજન[5] તાતેં ભયો;
કહે અખા યહ જીવઉત્પત્તિ, માન મિથ્યા લે રહ્યો. ૫

## ચોખરા ૫.

સદા સર્વદા નાટક માયા, નાટ્ય ચલે દેખે પરબ્રહ્મ રાયા;
સો સબ લે અપને શિર જંતા, તાતેં ન આવહીં જીવકો અંતા. ૧

૧ શોભતો. ૨ પ્રસન્નતાથી. ૩ રચના. ૪ શોભીતી. ૫ કર્માનુસાર શરીરને પ્રાપ્ત થનાર અજ્ઞાની જીવ.

### છંદ.

અંત ન આવહીં કૃત્ય ભાવહીં, રંજના[1] દેહસોં સદા;
મેં મમતા કર આપ પોખે, ત્યોં ત્યોં મન પાવૈ મુદા. ૧
સ્વરૂપ જેસો પુત્ર વંધ્યા, કર્મ નિત ઐસેં કરે;
આકાશકી નિત્ય મોટ[2] બાંધે, ભંડાર લે અપના ભરે. ૨
અજાયે[3] નર સુભટ યોદ્ધા, તાહીકી સેના રચી;
ગાંધર્વનગરી જીતિવેકોં, ચલે રાય સુંદર શુચી. ૩
જય પરાજય નિત્ય પાવે, હર્ષ શોક હૃદેવિષે;
તન મનકે આનંદ કારન, કર્મમાદક[4] નિત ભખે. ૪
અસંભાવના[5] વિપરીતભાવના[6], તાહીકે હિયમેં રહી;
કહે અખા એ જીવલચ્છન, ઉત્પત્તિ સ્થિતિ વાકી કહી. ૫

### ચોખરા ૬.

હોતા નહીં અબેં નાંહીં આગેં, મિથ્યા ભ્રમ ભ્રમિવેકોં[7] લાગે;
જ્યૌં દેહકે સંગ છાયા હોઈ, સો મિથ્યા નાં સાંચી[8] સોઇ. ૧

### છંદ.

નાંહીં મિથ્યા નાંહીં સાંચો, રૂપ ઐસો જીવકો;
જન્મ મરન ઔ ભ્રમન સંશય, ચલ્યો જાઈ સદૈવકો. ૧
તાહી અચાનક ચેતના જબ, ઉપજેં નરકે વિષે;
જન્મ મરન ઔ ભોગ સુખ દુઃખ, કાલ કર્મ ફલકોં લખે. ૨
યહી બિચાર ગુરૂતેં આયો, આતુરતા ઉપજી ખરી;
ચરનકમલપર શીશ ધરકેં, સેવા સ્તુતિ અતિશય કરી. ૩

---

૧ પ્રીતિ. ૨ પોટલી. ૩ નહિ જન્મેલા. ૪ કર્મરૂપ કેફી પદાર્થ. ૫ સંશય. ૬ મિથ્યાજ્ઞાન. ૭ ભમવા માટે. ૮ સત્ય.

કીની જુ નવધા ભક્તિ ભાવૈં, અધિકારપરતે ગુરૂ કહી;
પ્રેમાતુર વૈરાગ કેવલ, જેસી કહી તેસી ગ્રહી. ૪
કહે અખા મહાવાક્ય ગુરૂ કો, ઊગ[1] નીકસે[2] આપસેં;
જ્ઞાનઅર્કકી જોન્હસોં[3] કર, રહ્યો નહિ મન માપસેં. ૫

## ચોખરા ૭.

જૈસેં અંડ પિંડ ફૂટૈં વિહંગા[4], ઔર રૂપ ભયો ઓરહીં રંગા;
આગેં અંડમધ્ય ગંદા પાની, ચલન હલન તાકી કોમલ બાની[5]. ૧

### છંદ.

બાનિ કોમલ અંગ ખેચર[6], ભૂચરભાવના[7] સબ ટરી;
તેસેં જંત પ્રસાદ[8] ગુરૂ[9] તેં, અહંતા અપની ગિરીં. ૧
યથારથ સ્વસ્વરૂપ હરિકો, હરિજનકે ઉરમેં બસ્યો;
સાંખ્યયોગ સિદ્ધાંત પાયો, કહ્યો ગુરૂ ત્યોં અભ્યસ્યો[10]. ૨
તત્ત્વમસિ જો બાકય શ્રુતિકો, ગુરૂકૃપાતેં સો ભયો;
આદ્ય જીવ મિથ્યા કહ્યો, તબ ઐસેંકો ઐસો કહ્યો. ૩
આપ પરબિન ખેલ દેખ્યો, નિત્ય નાટક સંભ્રમેં;
અરૂપમધ્ય સ્વરૂપ ભાસ્યો, જ્યોં પુતરિકા[11] ખંભમેં[12]. ૪
કહે અખા ઐસોઈ જાને, તાઇકે ઘટ ઉપજે;
જૈસેંકો તૈસો ભયો જબ, મધ્યતેં અહંતા તજૈ. ૫

---

૧–૨ ઊગી નીકળે. ૩ જેવડે. ૪ પક્ષી. ૫ બોલી. ૬ પક્ષી. ૭ ભૂમિપર ચાલનારની ભાવના. ૮–૯ ગુરુની કૃપાથી. ૧૦ અભ્યાસ કર્યો. ૧૧ પુતળી. ૧૨ થાંભલામાં.

## ચોખરા ૮.

મહાજન[1] જાને મહાકલ[2] ભેવા[3], જો પરબ્રહ્મ પર્યો સત્યમેવા[4];
જયોં ચુંબકતેં ચેતન[5] ભયો લોહા, જીવપનો તાકો યોં ખોહા[6]. ૧

### છંદ.

ખોહા ગયો બિચ બલ અજાકો, તાહીતેં ચેતન ભયો;
અંધા અચાનક નેંન પાયો, દ્વંદ્વ બિચતેં ટર ગયો. ૧
સ્તુતિ પદારથ નયન દેખ્યો, દષ્ટ પદાર્થ ગયા બિલા[7];
મિટી દેહકી ભાવના અબ, સ્વયં ચૈતન વ્હે ચલા. ૨
ધ્યેય ધ્યાતા અરૂ કરન કારન, માયાકે મધ્ય જો સહી;
રજ્જુ લગી સો ભુજંગ ભ્રમ હેં, બિન રજ્જુ કેસો અહી. ૩
પ્રીછિવેકો પ્રતાપ બડહૈં, જાનહી બિરલા જના;
આગેં પાછેં ઓર નાંહી, આપ બિલસ્યા આપના. ૪
કહે અખા એ બ્રહ્મલીલા, બડભાગી જન ગાયગો;
હરિ હીરા અપને હ્રદયમેં, અનાયાસસોં પાયગો. ૫

ઇતિ શ્રીબ્રહ્મલીલા સંપૂર્ણ.

---

૧ મહાત્મા. ૨ મોટી યુક્તિ. ૩ ભેદ. ૪ સત્યજ. ૫ ગતિવાળું.
૬ ખોવાયું. ૭ વિલીન થઇ ગયા.

# અનુભવબિન્દુ.

## કુંડલિયા.

પરમધામ પરમાત્મ હરિ, પ્રથમ કરૂં પરણામ;
પરમજ્યોતિ પરબ્રહ્મ સદા, જ્યાં નહિ રૂપ ને નામ;
ત્યાં અણુછતો થૈ પરણમું, વર્ણવું વાક્યવિલાસ[1];
જ્યાં મન વાણી પહોંચે નહીં, ત્યાં શું કહી સ્તવે[2] દાસ;
નિર્ગુણમાં ગુણ અણુછતા, આરોપી[3] અખે ઓચર્યું;
સત્ય સત્ય પરમાતમા, હું નહિ એવી સ્તુતિ કરૂં. ૧

## છપ્પય.

નિર્ગુણ ગુણપતિ નામ, ધામ ધર[4] ગુણને આલે;
સ્તુતિ અંબરાતીત[5], દ્વૈતનિર્લિંગી[6] નરાળે;
ત્યાં આરોપ્યા ગુણ ઈશ, શીશ ઢળે જેને ચંમર;
નિકટ રહે અષ્ટસિદ્ધિ, નિધિ નવ ને બહુ અંમર[7];
સુર વિણાધર[8] તેથકે, ચિદ્શક્તિ મહાસરસ્વતી;
જમલો[9] જાણી અખો સ્તવે, સર્વાતીત[10] સર્વનો પતિ. ૨
અનુક્રમે કહું એહ, જેહ છે પ્રપંચપારે;
તત્ત્વમસિપદ[11] જેહ, તેહ કહું વાણી ઉચારેં;
કૈવલ્ય ઈશ્વર જીવ, ભેવ કહું વિવિધ વિચારે;
અંબરવત[12] મન થાય, જાય ગુણ તત્ત્વજ ધારે;

---

૧ વચનનો વિનોદ. ૨ સ્તુતિ કરે. ૩ કલ્પી. ૪ ધરીને. ૫ આકાશથી પર. ૬ દ્વૈતના ચિહ્નથી રહિત. ૭ દેવ. ૮ સરસ્વતી. ૯ બધાનો સમૂહ. ૧૦ સર્વથી પર. ૧૧ તે બ્રહ્મ તું છે એવું વાક્ય. ૧૨ આકાશના જેવું.

જ્ઞાન ભક્તિ વૈરાગ્ય ધર, બોલે અખો વાણી અમળ[1];
એ ભાષા બ્રહ્મવિચારવિધિ, સમઝે તો નર જળ કમળ[2]. ૩

જાણીને જગદીશ, શીશ સદ્‌ગુરૂને નામી;
અવસર છે આ વાર, સાર શ્રીપતિ ભજ સ્વામી;
તે જાવું નથી દૂર, ઉર અંતર અવલોકી[3];
ટાળ અસત અહંકાર, ચાર[4] સ્થળ રહ્યા ઇ રોકી;
ચરણકમળ ગુરૂદેવનાં, સેવંતાં સદ્ય હરિ મળે;
જેમ અર્કતણા[5] ઉદ્યોતથી[6], અખા અંધકાર સેજે ટળે. ૪

મહાપદ તેજ મહંત, સંત શયાણા જાણે;
જ્યાં લઘુબુધનો[7] નહિ લાગ, વાક્ય વિચિત્ર વખાણે;
મનસા વાચા કાય, પાયવણ[8] પંથ વિચરવો;
સગુરે જાણે સંચ, પંચપર[9] અનુભવ ધરવો;
લિંગચતુષ્ટયવિણ[10] અખા, ચિદ્‌યોનિ[11] ચહુ દિશ ભર્યો;
નિરાલંબ નર નાગ સુર, અલગ રહ્યો સત[12] આવર્યો[13]. ૫

નહિ તેજ ને તોય[14], હોય નહિ અવનિ[15] વાએ;
આકાશથી આઘું જેહ, નિગમ[16] ત્યાં નેતિ ગાએ;
ત્રિગુણ નહીં તે શૂન્ય, પુન્ય નહિ પાપ ન ધારે;
રક્ત પીત નહિ શ્વેત, શ્યામ નહિ નીલ વિચારે;

---

૧ નિર્મળ. ૨ જળમાંના કમળની પેઠે. ૩ જો. ૪ સ્થૂલ, સૂક્ષ્મ, કારણ ને મહાકારણ, એ ચાર. ૫ સૂર્યના. ૬ પ્રકાશથી. ૭ થોડી બુદ્ધિનો. ૮ પગવિના. ૯ પાંચ ભૂતોની ઉપર. ૧૦ સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, ને મહાકારણ, એ ચાર ચિહ્ન વિના. ૧૧ ચૈતન્યરૂપ કારણ. ૧૨ બ્રહ્મ. ૧૩ ઢંકાયો. ૧૪ પાણી, ૧૫ પૃથ્વી. ૧૬ વેદ.

ગતિ અવગતિ તે ત્યાં નહીં, તો કહો વિચાર કૈ પેર વદે;
અંબરવત્[1] તે ઈશને, ઓળખ અખા સદ્ગુરૂરૂદે[2].

દેશ વિદેશ ન ભાત, જાત નહિ વર્ણુ વિચારે;
દશ ષટ અષ્ટ ને એક[3] છેક પરપંચની પારે;
ભાનુ ભુવનમધ્ય વાસ, ઉજાસ અંબરથી આપે;
એ જગત જાળ જંજાળ, કાળ માયા શિર થાપે;

આપ અંબુ અંબુજવિધ[4], અલગ રહ્યો જળથી અકળ.
સહેજ વિલાસ શ્રીહરિ તણો, સમઝ અખા વરતે સકળ. ૭

મહાપદનો એ મરમ, ચરમવિણુ[5] ચિદમાં દીસે;
અવલોકે બહુ લોક, જેમ મુખ વિનાઅરીસે;
જેમ દીપકનો એક દેહ, તેહથી થાય અનંતા;
તેમ વસ્તુ વિશ્વ ઉત્પન્ન, અન્ય નહિ આપ નિયંતા;

લોક ચૌદ લગી વિસ્તર્યું, અંબર આધું એમ લહ્યું;
અખા આપ વિસ્તાર વિધ, જગત ભેદ જાણી કહ્યું. ૮

હવે અવનિનો કહું અર્થ, વૃથા રખે અવસર ખોતા;
સેહેલે જે સમઝાય, કાય મન સ્થિર કરી શ્રોતા;
ભૂત ભુવન વૃક્ષ ધાત, સાત[6] વાસ્રાદિક રૂપેં;
સ્થાવર જંગમ જાત, ભાત સ્થૂળ સૂક્ષ્મ અનુપેં;

સુર નર નાગ વૈકુંઠ લગેં, દ્રષ્ટે દીસે જે સહુ;
અખા અવનિ એક તેમ, આત્મા વ્યાપી રહ્યો બહુ. ૯

૧ આકાશ જેવા. ૨ સદ્ગુરુના હૃદયમાં. ૩ ૧૦+૬+૮+૧=૨૫ થી પર. ૪ કમળની પેઠે. ૫ ચામડાવિના—શરીરવિના. ૬ સાત ધાતુઓ.

વળી કહું એક દૃષ્ટાંત, શાંતિ મન સુણતાં પામે;
પુરૂષે કરિસું શયન, થેન જેમ જાગ્રત્ વામે;
વધ્યો સ્વપ્ન સંસાર, પારણે પોઢયો રાજે;
હય હસ્તી નહિ પાર, ચાર પ્રિય પુત્ર બિરાજે;
લક્ષકોટિરૂપે અખા, જંત જેમ એક વિસ્તર્યો;
સર્વાતીત એમ આત્મા, એ પેરે સભરો ભર્યો. ૧૦

જેમ વારિધિકેરૂં વારિ, સકળ દિશામાં ચાલે;
પૃથ્વીપર પથરાય, વનરાજી સહુ ફુલે ફાલે;
ઊગરતું રહે અંબુ, સર્વ ઢળી આવે ઢાળે[1];
તે નામ નદીનું ધરાય, ન્હાય સહુ મહિમા ભાળે;
ગર્વ ભરી ગાજે અખા, સરૂં ન લહે સરિતા સહી;
જેમ સાગર તેમ શ્રીહરિ વર્ચે, જીવ નદી થઇ હું વહી. ૧૧

જીવ થતાં જંજાળ, કાળમાયા વશ પડિયો;
પિતૃ ઋણ ગ્રહ દેવ, સેવની વણજે જડિયો;
ધન દારા સુત માત, તાત જીવિકા વશ વરતે;
અધિક ન્યૂનતા જોઇ, તોય છુટે નહિ મરતે;
અણસમજે અહમેવ[2] વશ, મર્મ ન સમઝે મંદમતિ;
પ્રપંચમાંહી પચ્યો અખા, જેમ સર્પ પરશે વણસે [3]દધિ. ૧૨

અકસ્માત ઉછાળ, કાળજોગે દેહકરણી;
તેમ આત્મા ઉદ્યોત, જ્યોતિમધ્યે આવરણી;
જ્યારે ઉપજે ભાવ, સાવ સ્વતંતર થાવા;
પ્રગટે ભક્તિ વિરાગ, માગ જડે નિજ ઘર જાવા;

૧ નીચાણમાં. ૨ હુંજ. ૩ દહિં.

ચરણકમળ ગુરૂદેવને, શરણુ જતાં ચિદ્[1] ઉપજે;
સદ્ગુરૂ પરમ શુદ્ધ શોધતાં, અખા પામી લે વર વિજે. ૧૩
સાન સમી કહે સંત, જંત હરિ દેખે જમલો.
ઉજ્જવળતા જેમ થાય, જાય જો કાશળ[2] કમળો[3];
અહમેવ વર્જિત અંગ, લિંગ લીન થાયે લેખે;
સમી જાય સકળ વિકાર, પાર મન પામે પેખે;
આલોચે અંબરવિષે, લીન થાય લક્ષે કરી;
જંત જાય નિજ આલયે[4], અખા જાળ સર્વે પરહરી. ૧૪
જેમ વર્ષાઋતુ જાય, શરદઋતુ રૂઠી દીસે;
દામિનિ[5] દોડી પળાય, વાય મન હળવા હીંસે;
ચહુદિશ ચમકે ચંદ, દ્વંદ્વ ઐા મનનો ભાંગે;
તેમ ભાંગે ભવભ્રાંતિ, કાંતિ જેમ દ્વિતીયા આગે;
વિમળ વપુ હોય વારિ, ચતુર લિંગ દેખી લહે;
ચિદાકાશ ચિનમય અખા, ધ્યાતા ધ્યેય સમરસ રહે. ૧૫
જેમ દીપક તે વહ્નિ, વહ્નિ દીપક નહિ દોએ;
તેમ સેવક સ્વામી જાણુ, વાણી કેવાની હોએ;
જેમ સૂરજ ને કિરણુ, ચરણુ સંમુખ જેમ દેહે;
તેમ છે આ વ્યવહાર, પાર જડે જુવે તેહે;
જીવન્મુક્ત કહેવાય અખા, વચન ન લાગે તે સ્થળે;
ગુરૂગમે આલોચતાં, સહજપણે સર્વે કળે[6]. ૧૬
ક્યાંથી ક્યાંયે જાય, કાંઈ નહિ કશોજ કે'વા;
વચન તહાં ન સમાય, જાય કોણુ કેને લે'વા;

૧ જ્ઞાન. ૨ દુઃખ આપનાર. ૩ અજ્ઞાનરૂપ કમળો. ૪ આત્મારૂપ ઘરે. ૫ વીજળી. ૬ જાણે.

ક્યાં છે તે વણુ ઠામ, ધામથી દૂર કે નેડા[1];
ક્યાં છે ઉંચ કે નીચ, ક્યાં છે મધ્ય કે છેડા;
કાંઇ અવકાશ નહિ તે વિના, અધિક ન્યૂન નહિ શું કરૂં;
શ્યાથી શું કાઢું અખા, શ્યામાં શું લાવી ભરૂં. ૧૭

કેને કહું હું મર્ત, તર્ત જો જીવત દેખું;
કેને કહું હું સ્થૂલ, મૂળ જે સૂક્ષ્મ પેખું;
કેને કહું હું મહાભાગ, લાગ નહિ હીણો કે'વા;
કેને કહું હું નીચ, ઊંચ સ્થળ નહિ કોઇ રે'વા;
વેત્તા[2] વિણુ વિજ્ઞાન વિના, કોણુ અખા કેને કહે;
જ્યાં નહિ શબ્દઉચ્ચારવિધિ, ચિદાકાશ ચિદ્‌માં લહે. ૧૮

નહિ લેનારો કોય, હોય નહિ દિલમાં ધરવા;
એવું અચરતજ એહ, છે નહિ પંથ વિચરવા;
જ્યાં નહીં શબ્દોચ્ચાર, સાર છે ત્યાંહાં જાવા;
ઉપાય ઉપાયાંતર નહીં, તહાં છે કાંઇક સાવા;
આપ મરતાં એ અખા, સેહેજે સહજ સરાઇયેં;
લેખે લિંગ લાગે થકે, વણુ બોલે શું ગાઇયેં. ૧૯

જેમ રૂદન રણુમાંય, કરે ત્યાં કો કોંણુ વારે;
તેમ જાણુવાં કર્મ, ધર્મ સહુ અર્થજ સારે;
તિમિર ભરીને પાત્ર,–થકી જન રહ્યા ઉલેચે;
જેમ કુસુમ[3] આકાશ, તાસ[4] લહિ ઘર ઘર વેચે;
તેમ અધ્યાતમજ્ઞાનવિના, કૃત્ય સકળ જાણે અખા;
મંદમતિ માની રહ્યા, કરતા દીસે પખપખા[5]. ૨૦

૧ પાસે. ૨ જાણુનાર. ૩ ફૂલ. ૪ તેને. ૫ પોતપોતાનો મત.

કૈ કરતા દીસે ગાન, તાનને સાધન માનેં;
કૈ વર્ણાશ્રમઅભિમાન,–વાન અસમંજસ[1] ભાનેં;
કોય સાધે અષ્ટાંગ,[2] સાંગ કાયાકૃત જાણે;
કો કરે પૂર્વજ દેવ, સેવ અધિકતા આણે;
એ સર્વે કાયકલેશ છે, મન મલિનતા એ સહી;
અખા તક્રના[3] પાનથી, અંગ તાપ ઉપજે નહીં. ૨૧
કૈ ષડ્દર્શનના જ્ઞાન,–વાન જિહ્વાની અગ્રે;
કૈ ઈશ્વર થૈ પૂજાય, ગાય જશ નગ્રે નગ્રે;
કોય કવીશ્વર થાય, પાય પૃથ્વીપતિ લાગે;
કોય થાય દાનેશ, ઈશ કર્ણાદિક આગે;
તહાંલગી જાણો અખા, ન શમી સઘળી વાસના;
લિંગનો ભંગ થયા વિના, સર્વે મનની ઉપાસના. ૨૨
ભૂતભવિષ્યની વાત, સાંત કોય કૈને આલે;
કો કહાવે ત્રિભુવનનાથ, હાથ મુખ બીડી ઘાલે.
કોઇક સુર તેત્રીશ, ઈશ ને અજ દેખાડે;
કો કરે પ્રૌઢી[4] કાય, અંડકટાહજ[5] ફાડે;
તોએ તે જાણો અખા, માયાએ મર્કટ કર્યાં;
વાસનાદોરી કંઠમાં, કાળનાટ્ય સાથે ફર્યાં. ૨૩
માટે જન તું જાણુ, વાણી લે વિવિધ વિચારી;
તે ન્હોય કવિત ને ગીત, દ્વૈતનું મૂળ સંસારી;
જે કાપે નિજ અંગ, ભંગ કરે ચતુર દેહનો;
તે છે ખાંડું એહ, છેહ જે જુવે તું તેહનો;

---

૧ અયોગ્ય. ૨ આઠ અંગવાળો યોગ. ૩ છાશના. ૪ મોટી
૫ બ્રહ્માંડરૂપી કડાયાનેજ.

ગુરૂતણિ દ્દષ્ટે જોતાં અખા, ઘેન તે સર્વ વામિયે;
આજયતણું[1] જે પારખું, તે ખાંડશું ખાતાં પામિયે. ૨૪
સર્વે માયા જાણ, આણ મન મુળગે ઠામે;
આપથી બીજું તેજ, વિઘન રે' છે નિજ ધામે;
જેમ રાજપુત્રનો ન્યાય, ઉપાય ત્યાં તેમજ કરવો;
જયેષ્ઠ કનિષ્ઠક ભ્રાત, તાતલગ વાંછે મરવો;
તેમાટે અભ્યાસ તું, કરી લે અખા એ વિધે;
દ્વૈતતણો આયાસ છે, તે ટાળે તમ કૈ વિધે. ૨૫
જે દેખે ત્રિભુવનઈશ, તોય વિશ વિશ્વા[2] માયા;
જો દેખે સિદ્ધિવંત, અંત નહિ અમર કાયા;
જો તું દેખે સ્વર્ગ, વર્ગ જાણે માયાનું;
ઉત્તમ મધ્યમ વાત, શાંત એ કૃત કાયાનું;
પસર્યું સર્વ સંકેલજે, મને માન્યું મિથ્યા થશે;
અખા એજ આલોચતાં[3], સુરત સહજ તનમાં હશે. ૨૬
મોટા મંદિર બ્હાર, ચાર દિશ કાચો ઢાળ્યા;
નીલ પીત બહુ રંગ, ઢંગના ભેદો ભાળ્યા;
ઉગ્યો શશિ કાં સૂર, દૂરથી અતિશે ઝળકે;
દેખાડે બહુ રૂપ, ધૂપ વિવિધ પેર ચળકે;
અખા ઉપર અવલોકતાં, તહાં તેમનું તેમ છે;
તેમ ત્રિલોકી જાણજે, એક વસ્તુવડે એમ છે. ૨૭
નવ ભુલીશ તું ઘાટ, નાટ સૌ જાણે ખોટું;
પિંડ તેવું બ્રહ્માંડ, છાંડ સૌ ન્હાનું મ્હોટું;

૧ ઘીનું. ૨ વસા. ૩ જોતાં.

સૂક્ષ્મ તેવું સ્થૂળ, સ્થૂળ સૂક્ષ્મ નહિં અંતર;
નારીકુંજર[1] ચીર, ધીર થૈ જુવે પટંતર.
પૂતળિ જોતાં બહુલતા, પૂતળિકા દ્રષ્ટે પડે;
હસતી[2] તેમ વિરાટ અખા, દિસે બહુલતા એવડે. ૨૮

એથી આઘો ચાલ, ઘાલ હામ આપજ ખાવા;
છાંડ પિંડબ્રહ્માંડ, સ્થૂળ નથી કો ગાવા;
જીવ ને ઇશ્વિર હોય, કોય નથી એણે ઠામે;
સ્રીકુંજર દૃષ્ટાંત, જંત ઇશ્વિરને ધામે;
કૈવલ્યમાં કોઈ અખા, બુદ્ધિબળ પહોંચે નહી;
એ સ્થૂળ સૂક્ષ્મ દૃષ્ટાંતને, કોઈ ધીમંત[3] શકે ગ્રહી. ૨૯

જેમ પર્વતની મોઢ, દીસે તેની તે માટે;
હોય કોશ દશ વીશ, તોય નિકટ એમ નાટે;
તેવડે દીસે તેહ, એહ મરમ પરબ્રહ્મે;
નહીં બોલવા લાગ, પાગ છએ[4] નહિ કર્મે;
તું એવું જાણી રહે અખા, લિંગભંગ સહેજે હશે;
અન્ય ઉપાય જંજાળ છે, તે ટાળ્યે પ્રૌઢું થશે. ૩૦

સાધન સર્વ વિચાર, બુદ્ધિથી જોને શોધી;
હું નહિ તું નહિ તેહ, નહીં ઘર મૂક વિરોધી;
ગુરૂ થા તારો તુંજ, નથી કોઇ બીજો ભજવા;
બાહ્ય સુરતને ટાળ્ય, વાળ્ય અંતરમાં સજવા;
જેમ છે તેમનું તેમ અખા, થયું ગયું કાંઈ નથી;
આપે આપ આનંદઘન, સ્વસ્વરૂપ જોયું મથી. ૩૧

---

૧ પુતળીઓનો હાથી. ૨ હાથી. ૩ બુદ્ધિમાન. ૪ ઠરે.

એ અનુભવ પરમાણુ, જાણી જે રાખે રૂદિયે;
સમઝતાં સમઝાય, જાય નિશિ અરકને ઉદિયે;
એ અનુભવ ભાંખ્યો ઈશ, શીશ નમી પૂછયું ઉમિયા;
એ અનુભવ કહ્યો વશિષ્ટ, તુષ્ટ થૈ રઘુપતિ બનિયા;
એ અનુભવ શુકદેવને, જનક વિદેહે ભાખિયો;
એ અનુભવ નારદે અખા, વેદવ્યાસપ્રતિ દાખિયો. ૩૨

એ અનુભવ કહ્યો હંસ, બ્રહ્મસનકાદિક પ્રીછયા;
એ અનુભવ કહ્યો કપિલ, દિલ દેવહુતિ ઈચ્છા;
એ અનુભવ કહ્યો વેદ, ભેદ જે ચૌદમે[1] કાંડે;
એ અનુભવ કહ્યો શુકદેવ, ભેદ જે સુણ્યો બ્રહ્માંડે;
એ અનુભવ પરિપૂર્ણ છે, ઠામ ન ઠાલું હરિ વિના;
સુર અસુર માનવી અખા, એ સમઝયાવિણ નિર્ધના. ૩૩

એ અનુભવ કહ્યો કૃષ્ણ, પ્રશ્ન પૂછયો જો અર્જુન;
ગીતાઅમૃત પાન, જ્ઞાન ગંગાજળ મજ્જન;
એ અનુભવ કહ્યો ભીષ્મ, ધરમપ્રત્યે પર્વ[2]શાંતે;
એ અનુભવ અવધુત[3], શિવસુતપ્રતિ[4] એકાંતે;
અખા એજ અનુભવ ખરો, જેણે મહાજન નીપના;
લિંગભંગ થયા વિના, સૌ સાધન કાળની સેવના. ૩૪

એક અજાનું દોજ[5], ભોજ્ય ઘૃત નાવે શતથી[6];
જેમ પુલીનો[7] આહાર, ફાર દીસે બહુ વતથી;

---

૧ શતપથ બ્રાહ્મણના ચૌદમા કાંડમાં—બૃહદારણ્યકોપનિષદ્માં.
૨ શાંતિપર્વમાં. ૩ દત્તાત્રેય. ૪ કાર્તિકેય-પ્રતિ. ૫ દુઝણું. ૬ સોથી.
૭ ધાણીનો.

જેમ અદ્રીનો[1] વેપાર, સાર શું ઉગરે તેહને;
જેમ ઝાકળની વૃષ્ટિ, અર્થ શું આવે મેને[2];
તેમ અણુલિંગી અનુભવવિના, સાધન સર્વે જે કહ્યાં;
આકનું[3] ફળ શોષે અખા, પણ તૂલ થઈ ઊડી ગયાં. ૩૫
પારસનો ધનવંત, અંત જેમ ધનનો નાવે;
તેને વસ્તુ નહિ દુઃપ્રાપ, ખાય પેરે જ્યમ ભાવે;
જેમ રવિરથ બેસે કોય, તેહ તો સર્વે દેખે;
જેમ પંખી મળે લખ કોટિ, જોડય નહિ અનળજ[4] લેખે;
તેમ મહાઅનુભવઆગળ અખા, કૃત્ય સકળ લેખો નહી;
પરબ્રહ્મની પ્રૌઢતા, તે રસના શું શકે કહી. ૩૬
એજ છપા છતરીશ, ઈશ અજનું છે જીવન;
એજ સુધારસ પાન, દેવઅંશીનું પીવન;
તત્ત્વજ્ઞાન ઉપદેશ, લેશ લહી તેહજ ધારે;
જે હરિનો અવતાર, સાર ગ્રહી તેહજ તારે;
જેમ ઘટમધ્યે આકાશ રે, તેમ સંસારીમધ્યમાં;
એ આરોપી કહે અખો, જો જાણે તો અવધ્યમાં[5]. ૩૭
જણ્યો નહી કોય જંત, તન શું કાળું ગોરૂં;
કેનો કૈં તાત માત, જનમ જ્યાં ન મળે છોરૂ;
છતે અણછતી વાટ, ઘાટ આવે તો આવે;
વાંઝયતણો સુત જેહ, તેહ જીતી રણ ફાવે;

---

૧ બોરનો. ૨ વરસાદને. ૩ આકડાનું. ૪ આકાશમાંજ સ્થિતિ કરનારૂં પક્ષી. ૫ હણી ન શકાય એવી સ્થિતિમાં–બ્રહ્મમાં.

અખા એજ અકથ કથા, સમજુ નર સમજી જશે;
મહાઅનુભવ આકાશવત, પણ ખેતર સરખો[1] ઉગશે. ૩૮
જે સુણશે નર નાર, સાર વસ્તુ તે સાશે;
બ્રહ્મ હેમાળો[2] જેહ, દેહ ગળી જળમાં જાશે;
જેમ પવને જાય બરાસ, આડચ કીધા વણ ઊડે;
તેમજ બ્રહ્મવિચાર, સાર પામે સત ગૂઢે;
જે જાણ્યો તે જાણજો, બુદ્ધિ મને એમ ઓચર્યું;
નિમિત્તમાત્ર અખો કહે, જે જાણે તેણે કર્યું. ૩૯
આદ્ય અંત્ય ને મધ્ય, બુદ્ધિથી જુવો વિચારી;
તે તે કૈવલ્યબ્રહ્મ, શ્રમ ન લે નર ને નારી.
એ છપ્પા છત્રીશ, દીસે છે મર્મની સાંનો;
ચાર કહ્યા ફળસ્તુતિ, વેશ તે બ્રહ્મદશાનો.
સર્વ મળી ચાળીસ અખા, સમજી જે ઉરમાં ધરે;
ચિદાનંદ ચિદ્રૂપ તે, શ્રીહરિ મુખથી ઉચ્ચરે. ૪૦

ઇતિ શ્રીઅનુભવબિંદુ સંપૂર્ણ.

---

૧ ક્ષેત્ર સમાન–પાત્ર પ્રમાણે. ૨ હિમાલય.

# ચિત્ત–વિચાર–સંવાદ.

## ચોપાઈ.

ચિત્ત કહે શુણ રે તું વિચાર, હું તું મળી કીજે નિરધાર;
મારે તો પરિવારજ બહુ, કામ ક્રોધ મોહાદિક સહુ. ૧
બીજો પરિવાર વિચાર તું આદ્ય, સદ્ય મારગ તો તારે સાધ્ય;
પ્રવૃત્તિમાર્ગમાં તું મુખ્ય હતો, સહુ પેલો હું તુને પૂછતો.૨
અનંત શાસ્ત્ર કીધાં તુજવડે, સત્ય માનું જેવું તું ઘડે;
વિદ્યા ચૌદ[1] અઢાર પુરાણ, તુજવડે બાંધ્યા બંધાણ. ૩
સ્વર અક્ષર ષડ્દર્શન વેદ, તુજવડે સહુ ભેદાભેદ;
જ્યારે હું જે ઉપર થયો, ત્યારે તું ત્યાં આવી રચો. ૪
વિષયભોગ રચ્યા પરપંચ, તે તેં સૌ દેખાડ્યા સંચ;
જ્યારે જેવું મારૂં રૂપ, ત્યારે તું તેવો તદ્રૂપ. ૫
હવે જેવી ઉમેદ છે મુને, જોને ગમે છે તે કે તુને;
વિ૦ જે આજ્ઞા હોય તે કો પિતા, હું સુત આપતણો તેમ છતાં.૬
જે આશય[2] દેખું તમતણો, તે ઉકેલ કાઢિ દૌં ઘણો;
મમ સ્વભાવ દીપકની જોત્ય, આગળ ચાલે જેમ ઉદ્યોત. ૭
મમ સ્વભાવ છે પાણીતણો, સંગસરખો રંગ લાગે ઘણો;
જેવો આશય પૂછો પિતા, તે આગળ પાડી કરૂં છતા. ૮
ચિ૦ઊંડો આશય છે મુજતણો, લાગી શકે જો લક્ષ આપણો;
આગળ મેં ઉપનિષદ કર્યાં, ઉપનાં તત્ત્વ પાછાં ઉર ધર્યાં.૯

---

૧ ચાર વેદ, ચાર ઉપવેદ, ને છ વેદાંગ. ૨ હેતુ.

ઉપનાકેરો કર્યો નિઃશેષ[1], પણ અમથોજ રચો અવિશેષ;
વિ૦ હું તો કહું ઉપનું જે ટળ્યું, અવિશેષ વણમેલ્યું[2] પળ્યું[3]. ૧૦
ચિ૦ મારૂં કર્યું નહિ કાંઈ થાય, વસ્તુ[4] કરે કેમ નહિ કેવાય;
વિ૦ એ તો છે ચિત્ત તારો દોષ, જીવપણાની ચાલી હોંસ. ૧૧
ચિ૦ એ રીતે જીવ શેંનો રચો, પોત[5] ટળ્યાથી પોતે થયો;
વિ૦ મોટી મોટી વાતો વદે, પણ તદ્રૂપ થયું નથી હૃદે. ૧૨
ચિ૦ કે તારે યાં થાવું કશ્યું, એકપણું જ્યારે ઉલસ્યું;
વિ૦ તાત સુણો કોણ ઈચ્છે થવું, આપથી કોણ બીજું છે નવું. ૧૩
ચિ૦ એ તો મેં કીધું છે અટાટ[6], તેશું મારી ઊઠી વાટ;
વિ૦ એવી રીતે કીધું હશે, તે તે ભોગની પ્રાપ્તિ થશે. ૧૪
ચિ૦ મારે ભોગતણી નહિ આશ, મારે જાણપણું અવિનાશ;
વિ૦ અવિનાશી પ્રીછ્યાનું નામ, મધ્ય અહંતાનું નથી કામ. ૧૫
ચિ૦ અવિનાશી શું ઈશ્વર નોય ? કેમ વિનાશી ઈશ્વર હોય;
વિ૦ સમજી લે એ છે અંધેર, જે સમજ્યામાં પડિયો ફેર. ૧૬
ચિ૦ કેને તારો શ્યો છે લક્ષ, હારદ કૈને થા પ્રત્યક્ષ;
વિ૦ હું છું તારૂં સ્વરૂપ વિચાર, આપ વિચારચે બેસીશ ઠાર. ૧૭
ચિ૦ આપ વિચાર્યું પોતાતણું, તારે ગ્લાનિ પામ્યું ઘણું;
વિ૦ હવે કેમ બોલતો નથી, રૂડી પેરે જોને મથી. ૧૮
ચિ૦ હું તો છૌં બોલ્યા લગી ખરો, તે આગળ લક્ષ ન માહરો;
વિ૦ તારાથી નહિ લાભે રૂપ, તો કેમ થાવા હીંડે ભૂપ ? ૧૯
ચિ૦ આઘેરો ઉકેલ[7] ન કરચો, તો શાસ્ત્ર ગુરૂ શ્યાને અભ્યસ્યો ?
વિ૦ એ તો છે સરવે પરમાણ, અહંપણાની ટાળવી તાણ. ૨૦

---

૧ બાકી ન રહે એવી નિવૃત્તિ. ૨ મેલ્યા વિના. ૩ જતું રહ્યું. ૪ બ્રહ્મ. ૫ મૂળ સ્વરૂપ. ૬ મિથ્યા. ૭ સમજણ.

ચિ૦એ રીતે શું આણું અંત, પુંજી નહીં તો શ્યો ધનવંત;
વિ૦ તારી પુંજી જીવ ન હોય, જેણે સઘળી પ્રવૃત્તિ સોય[1].૨૧
ચિ૦પ્રવૃત્તિ તો દીસે મુજવડે, બીજું તાં શોધ્યું નવ જડે;
વિ૦ એ પેરે જો તે નીપજે, તો તું બીજું શ્યાને ભજે ? ૨૨
ચિ૦બીજું તો હું ભજતો નથી, મારૂં પૂર્વ મેં જોયું મથી;
વિ૦ જોને એજ બિજાનું કૃત્ય, અળગું પડે વાધે સંસૃત્ય. ૨૩
ચિ૦કેને એ એમ કાં ઉપજે ? મારૂં અજાણ્યું નવ રહે હૃદે;
વિ૦ સમજે જો ઈશ્વરનો ભેદ, તો સંશેનો થાય ઉચ્છેદ. ૨૪
ચિ૦ઈશ્વરતા તો મુજથી અલગ, જોતાં તો દીસે છે સળંગ;
વિ૦ તુને સળંગસૂત્ર ભાસે જદા, તો શ્યાને ભોગવછ આપદા. ૨૫
ચિ૦મુજને જોતાં ભાસ્યું ખરૂં, ઊપજતું રેતું નથી પરૂં;
વિ૦ તાત તાહેરૂં રૂપજ એહ, જે સંકલ્પરૂપી ધરે નિજ દેહ.૨૬
ચિ૦વિના સંકલ્પે હોય શબવત, તારે તેમાં શેનું વત;
વિ૦ જોતાં શબપ્રાયે જડ હોય, તો ચિત્ત ચિદ્‌માં કારણ કોય. ૨૭
ચિ૦અરે આંઇ તો વાંકું ઘણું, ચિત્તનું ચિત્ત અને ચિદપણું;
વિ૦ જો વિચારી વાંકું નથી રંચ, લેને જોઈ તું તારો સંચ[2]. ૨૮
ચિ૦મારૂં બળ તો છે તુજ લગેં, તુજથી પારે પડશે વગેં;
વિ૦ જો તું તારી હોંસજ ટાળ્ય, મારી વળણે વળતો ચાલ્ય. ૨૯
ચિ૦મારે તો તું એકજ મુખેં, કોય કામ નોચે તુજ પખેં[3];
વિ૦ સુણ રે તાત હું બાળક હતો, તારી સત્તાએ ચાલતો.૩૦
ચિ૦ભાઈ હવે શું મોટો થયો ? મુજથી ક્યાં આઘેરો ગયો;
વિ૦ અરે પિતા તુજવડેજ હું, પણ મુજવિના નપુંસક તું. ૩૧
ચિ૦તેં તે શ્યો પુરૂષારથ કર્યો? આઘો જૈ કેટલો સંચર્યો;

૧ તે, અથવા શોભે છે. ૨ રચના. ૩ વિના.

વિ૦ જો તું મારી પુઠે થાય, તો તું સુરતે ક્યાં ક્યાં જાય. ૩૨
ચિ૦ તું જારે સુત! નાનો હતો, સ્વર્ગ મૃત્યુ પાતાળે જતો;
હમણાં પોચી આધી વૃત્ય, કેને તારૂં જોઊં કૃત્ય. ૩૩
હું એક ઠારે બેઠો રહું, પણ કામનાસાથે નવ વહું;
તું તો સદા કામવશ રહે, કામના સદા વિષેને[1] ગ્રહે. ૩૪
સુત! જો હું ઈચ્છું સંસાર, તેનો મેં કીધો પરિહાર[2];
વિ૦ કહે તાત! તેં શું પરહર્યું, આપોપું[3] પાછું નવ કર્યું. ૩૫
ચિ૦ કે સુત! આપોપું તે શું, કેના પેલાં છે હું હું;
વિ૦ કહું છું હું આપોપું એજ, હું હું કરતું રે છે તેજ. ૩૬
ચિ૦ કે હું વિણ હરિને કોણ લહે, પામ્યાનો આનંદ કોણ કહે;
વિ૦ હું કહું છું તુજને સો વાર, ટાળ્ય વચેથોં પામણહાર[4]. ૩૭
ચિ૦ પાર કાઢયે હું રહેતો નથી, તાળી કેમ પડે એક હથી[5];
વિ૦ તાળી એક હથીએ પડે, જો મધ્ય આપોપું નવ અડે. ૩૮
ચિ૦ કૈ પેરે નાવે અહંકાર, તેનો કે કાંઈ છે પ્રતિકાર[6];
વિ૦ કહું ઉપાય એક છે ભલો, પણ રહે ત્યાં અનુભવ એકલો. ૩૯
તૈત્તરિ પર આદ્ય વિચારે વેદ, કેવળ ઈશ્વર જીવનો ભેદ.
કૈવલ્યતા સદા ભરપૂર, કયો ન જાય નિકટ કે દૂર. ૪૦
ઈશ્વરમાં ઐશ્વર્ય છે બહુ, સામર્થ્ય નામ ઈશ્વર કહે સહુ;
તેણે મોચો આશા કરે, દીનતા ભાખે કાં પરવરે[7]. ૪૧
અસંભાવના કરે વિપરીત, એ ચિત્ત જાણો જીવની રીત;
એક વસ્તુ કલ્પ્યા ત્રંણ ભાગ, દ્વંદ્વ કાઢવા લીધો લાગ. ૪૨

૧ શબ્દાદિ વિષયને. ૨ ત્યાગ. ૩ હુંપણાનું અભિમાન. ૪ પામનાર. ૫ હાથથી ૬ ઉપાય. ૭ ગતિ કરે.

ચિ૦ જારેં એકપણું તાં કળ્યું, તારેં ત્રણ કટકે કરી મળ્યું;
કેવળપણુ તો અદબદ રહ્યું, ત્યાં તો કાંઈ ન જાયે કહ્યું. ૪૩
ઈશ્વર તો બહુ સામર્થ્યવાન, જેનું કર્યું ન જાય વ્યાખ્યાન.
જીવ તો કરમાધીનજ સદા, પરવશ પડયો લિયે આપદા. ૪૪
એકજ બ્રહ્મ કહે કેમ તાત, ઘાટ બેઠે મળે એકજ વાત;
વિ૦ તાત વાંક તો છે તાહરો, મારે ઘાટ બેસે છે ખરો. ૪૫
પેલાં તો તું જીવ વિચાર, તેનું એકપણું નિરધાર;
લક્ષ ચોરાશી જીવની જાત, નામ રૂપ નેં અળગી[1] ભાત. ૪૬
એક એકથી બળિયા બળેં, કીટ પતંગ ને બ્રહ્માલગે;
એક બીજાથી બળિયા ખરા, પણ બળિયાથી ન થાય ઉફરા[2] ૪૭
જેહથકી જેમાં બળ ઘણું, તેટલુ તેમાં ઈશ્વરપણું;
જેથકી જે રે બળહીણ, તેટલું જીવપણું તે ખીણ[3]. ૪૮
પશુઓ ને પંખિડાં ઘણાં, તેઓમાં ભેદ આપાપણા[4];
દેવ નર નાગમાં ભેદાભેદ, નવાંણ[5] પર્વત દ્રુમ[6] વાણી વેદ. ૪૯
સિંધુ ગુરૂ[7] તાં સરસાઈ[8] ઘણી, એ ઈશ્વરતા જાણી ભણી;
વસ્તુમાં જેથી જે હીન[9], તે જીવપણામાં તે આધીન. ૫૦
જીવને ઈશ્વર સળંગ સદાય, એમાંથી કાંઈ અલગ ન થાય;
જેમ અંધારે કીજેં દીપ, તેમ ઈશ્વરતા થાય સમીપ. ૫૧
તેઉપર જ્યારે પ્રકટે શશી, દીપ જીવની હીણુતા વસી;
તે ઉપર જ્યાં દિનકર[10] તપ્યો, તહાં સુધાકર[11] જીવમાં ખપ્યો. ૫૨
અર્ક[12] મહાતેજે અલપાય, ઈશ્વરતા ત્યાં ફીટી જાય;
અંધારે ઈશ્વરતા દીપ, જ્યારે ઊગ્યો શશી સમીપ. ૫૩

૧ જૂદી. ૨ આઘા. ૩ દુઃખી ૪ પોતપોતાના. ૫ જળાશય.
૬ ઝાડ. ૭ મોટો. ૮ મોટાઈ. ૯ કનિષ્ઠ. ૧૦ સૂર્ય. ૧૧ ચંદ્ર. ૧૨ સૂર્ય.

ત્યાં ઈશ્વર થૈ શોભ્યો ચંદ્રે, જીવપણું પામ્યો દીપ ઈંદ્ર;
જ્યાં ઈશ્વિર થૈ અર્કજ તપ્યો, ત્યારે સુધાકર જીવમાં ખપ્યો. ૫૪
તે રવિ જ્યારે રાયે[1] ગળ્યો, જીવ થયો ને ઈશ્વર ટળ્યો;
જીવપણું તે ઈશ્વિરપણું, સમજી લેતાં સારૂં ઘણું. ૫૫
કે વિચાર ચિત્ત સુણજો તાત, જીવેશ્વર સમજ્યાની વાત;
સ્થળ કેરાં તો બહુ છે નામ, એક પરમ ચૈતન્યનું ધામ. ૫૬
સમજે નહિ ઉપજે અહંકાર, વણસમજે માયા અંધાર.
ચિ૦ સુણ સુત! મારો એક વિચાર, બહુ શાસ્ત્રના બહુ નિરધાર. ૫૭
વાદ કરૂં જેવો જ્યાં હું, ત્યાં તેવો થૈ પોષે તું;
જ્યારે મેં નૈયાયક વધું, ત્યારે તારૂં તેવું રદું[2]; ૫૮
જ્યારે મેં વૈશેષિક કહ્યું, ત્યારે તેં તેવું નિર્વહ્યું;
જ્યારે સાંખ્યનો કર્યો વિવેક ત્યાં તેં પૂરો પાડયો છેક. ૫૯
મીમાંસકના કર્યા વિચાર, તેં પૂરા પાડયા નિરધાર;
પતંજળની જોઇ પેર, તે તેં પૂરૂં પાડયું ઘેર. ૬૦
વેદાંતનો મેં લીધો પક્ષ, ત્યારે તારો તેવો લક્ષ;
પુરાણ અઢાર ને ઇતિહાસ, ગીતા ને આગમ ઉપાસ[3]. ૬૧
ધનુર્વેદ ને ગાંધર્વવેદ, વૈદ્યવિદ્યા જ્યોતિષના ભેદ;
એથી બીજાં શાસ્ત્ર અનેક, જોતાં ગણતાં નાવે છેક. ૬૨
સર્વેનો પરિવર્તક[4] તું, તું પરઠે ને માનું હું;
વિ૦ સાંભળ વાત તાત! ચિત્તરાય, મારૂં એ લક્ષણ છે પ્રાય. ૬૩
જ્યારે તું જેઉપર થયો, ત્યારે તેપર હું આવિયો;
શાસ્ત્ર મોટું નૈયાયિક ઘણું, થયું નીઠ[5] એ મુજ તણું. ૬૪

૧ રાહુએ. ૨ હૃદય. ૩ ઉપાસના. ૪ ચલાવનાર. ૫ નક્કી.

તેં પરઠાવ્યાં તત્ત્વજ ચાર, તેઉપર સઘળો વિસ્તાર;
જગતરૂપ થૈ તું પરવરે, નૈં તો આપ સંકોચન કરે. ૬૫
અણુતણો ભાગ થૈ વિશમે, અરૂપ થૈને સરખો શમે;
વળી પાછું થાયે મંડાણ, પ્રેરક માત્ર તે ઈશ્વર જાણ. ૬૬
સ્થૂળ સૂક્ષ્મ કારણ એહનું, કારણ તત્ત્વ ગણો દેહનું;
કે વૈશેષિક તે એમ નથી, બહુ સામર્થ્ય ઈશ્વર મહારથી. ૬૭
તત્ત્વસામર્થ્ય છે ઈશ્વરતણું, ભારણ મુખ્ય તત્ત્વ શિર ઘણું;
છે અનાદિ તે પાંચે ખરાં, તત્ત્વજ ઈશ્વર થૈ પરવર્યાં. ૬૮
રચાં છ ઈંદ્રિ વિષે છ જ્ઞાન, સુખ દુઃખ દેહતણે અનુમાન;
દોષ એકવિશ[1] વિરહિત થયો, તોજ આદિપદ મુક્તેં ગયો. ૬૯
દેહનાં સુખદુઃખવર્જિત શાંત, મુક્ત થઈને રહે એકાંત;
ન્યાયવૈશેષિકની એક મુક્ત, હવે સાંખ્યની કહું છોં જુકત.૭૦
પ્રકૃતિપુરૂષનો જોગ સદાય, સાંખ્ય કહે છે ચાલ્યો જાય;
તત્ત્વભાગ જે પ્રકૃતિતણો, તે માન્યો જીવે આપણો. ૭૧
ગાંઠ બંધાણી પ્રકૃતિવડે, તે ત્રિલોકમાં રહી આથડે;
પાછો તે મૂકે અહંકાર, પ્રકૃતિપુરૂષનો કરે વિચાર. ૭૨
સાંખ્યયોગ કરી જાણે યુક્તિ, તેજ સાંખ્યની જાણો મુક્તિ;
માને મીમાંસા જીવ સદાય, કર્મતણે વશ ચાલ્યા જાય. ૭૩
આદ્ય અંત વર્જિત છે જંત, કોઈ કાળે નથિ એનો અંત;
સત્કર્મે જૈ સ્વર્ગે રહે, દુષ્કર્મે ચોરાશી વહે. ૭૪
સ્વર્ગ ભોગવે માને મુક્તિ, હવે પાતંજળની કહું યુક્તિ;
મૂળ પ્રકૃતિનું ઐા બંધાણ, પ્રકૃતિવડે તારા શશી ભાણ. ૭૫

૧ મનસહિત છ ઇંદ્રિયો, તેમના છ વિષયો, છ વિષયોનું જ્ઞાન, શરીર, દુઃખ ને સુખ.

પ્રકૃતિવડે ચૌદે લોક રચા, જીવ સકળ તેમાંહીં વચા;
જીવમાં પ્રકૃતિ જીવજતણી, તેને વધારે ગત્ય આપણી. ૭૬
પ્રકૃતિપુરૂષનો યોગ સદાય, જો સાધે તો ઈશ્વર થાય;
પિંડ બ્રહ્માંડ પવનનો બંધ, સાધે તો અજરામર કંદ. ૭૭
વણ સાધે નિત્ય મરતો ફરે, સાધે બ્રહ્માંડ પોતે કરે.
સિદ્ધિ પામ્યો પામ્યો મુક્તિ, હવે વેદાંતની કહું યુક્તિ. ૭૮
વેદાંત કે મહાનિધિ કોય, ત્યાં ત્યાં જીવની ગમ ન હોય;
કે વેદાંતશાસ્ત્ર પાંચે ખરાં, પણ અસંભાવના લૈ ઉચ્ચર્યાં. ૭૯
વિપરીતભાવના જ્યાં ઉપજે, તારે રૂપ અનેરૂં[1] ભજે;
જ્યાં હું કરી માન્યો સત્ય દેહ, ત્યારે યુક્તિ લેવી પડી તેહ. ૮૦
જ્યાં છે સઘળો ચિદ્‌વિલાસ, ત્યાં ઉચ્ચરવા નહિ અવકાશ;
તો તે કેને કહું હું કથી, જો આ જક્તજ પ્રાક્તન[2] નથી. ૮૧
વેદાંતે કર્યો એવો લક્ષ, પાંચે બોલ્યાં દ્વૈતનો પક્ષ;
પાંચેને ઉપનાનો લેખ, વેદાંતે કર્યો તેજ ઉવેખ[3]. ૮૨
વિચાર કે સાંભળ ચિત્તભૂપ, મેં ષટ્‌દર્શને દેખાડયાં રૂપ;
ચિ૦ સુત સુણિયા પાંચેના સાર, એમાં કાંઈ ન દેખું ભાર. ૮૩
એ તો સઘળો બદલો ઘાટ, કોયે નથી નિર્મળું નાટ;
વિ૦ વેદાંતે જે ઈશ્વર કહ્યો, તે જોવા કોય નૈં અળગો થયો. ૮૪
તે ઈશ્વર છે સર્વાવાસ, જેણે સઘળો શબ્દવિલાસ;
જે ઘટ જેવો ઉગે રંગ, તેણે તેવું બાંધ્યું અંગ. ૮૫
પ્રભુસામર્થ્યતણો નહિ પાર, જે હુંદ્વારા હોય વિસ્તાર;
ચિ૦ એ છે પ્રિયકર તુજમુજતણો, સર્વ ઘટે ચાલુ આપણો. ૮૬

---

૧ બીજું. ૨ પૂર્વે. ૩ ઉપેક્ષા.

પરતંત્રતા ટળતી નથી, જોતાં તો દીસે એજથી;
વિ૦ પરતંત્રતા તું મ ગણેશ, મેં ઈશ્વર કહી સર્વેશ. ૮૭
તે કેમ તને ન બેસે ઘાટ, વળી યુક્તિ બહુ કહું તે માટ;
અનંત શકિત પ્રભુચેતનતણી, બહુ સામર્થ્યમાં ઉપજણ ઘણી.
સેજે ઉપજે નાના ઘાટ, અસંભાવના મોટો નાટ;
સામર્થ્યસામું જોઇએ નહીં, તો કાંઈક સમું પડે અહીં. ૮૯
ચિ૦ કે ને યાં ગૃહીએ તે શું, શું લઈ પામું જાણું હું;
વિ૦ કૈં તે કર્ય તો પામે પાર, ટાળ્ય મધ્યથો પામણહાર. ૯૦
જ્યારે તું પામવા ચળ્યો, તારે વસ્તુપણેથો ટળ્યો;
તું તો ચિત્ત ચિદ્દની છે લેર, ચિદ્દસાથે કાંઈ નથી વેર. ૯૧
જ્યારે સુરત ચાલી તુજ બાર, ત્યારે તું કેવળ સંસાર;
તેજ સુરત જો પાછી શમે, આવી વસ્તુ પરાણે નમે. ૯૨
તું વિલાસ પ્રભુચેતનતણો, કાં તું રાખે ભાર આપણો;
ચિ૦ હું જો છૈં તેનોજ તરંગ, તો આ સઘળો તેનો રંગ. ૯૩
વિ૦ હું તો કહું છૈં તારે માટ, જોતાં તુજને બેસે ઘાટ;
સહુ ભાવે જે છે તે છે, તું હું થૈ કાં તાણી લે. ૯૪
એ ઉપર દૃષ્ટાંતો ભલાં, સોળે અંશે માને મળ્યાં;
ચિત્ત તું તો જેમ દર્પણ હોય, આગળ સરખું પાછળ નોય. ૯૫
જેવડે પોતામાં છે તેજ, તે અંતરનું ન લહે હેજ[1];
કાચમાંહી કાંઇ શક્તિ નથી, ભાસકશક્તિ સીસે અથી[2]. ૯૬
જો સીસાથી અળગું પડે, ભાસકશક્તિ ન શોધી જડે;
તેનું પાછળ પોષક અવાચ્ય, તે સીસું ને તું તે કાચ. ૯૭

૧ ભેદ. ૨ ગુંથી.

તેવડે તુજમાં ગ્રાહકશક્તિ, એ પ્રકારથી ઉકલે વ્યક્તિ;
એ છે તારૂં મૂળ વૃત્તાંત, હવે સાંભળ આચર્ણ એકાંત. ૯૮
તું સામું આવી જે રે, તે જાણી દર્પણમાં છે;
તેમ ચિત્ત સર્વે તારે વિષે, પાછું ન નિસરે જે જે લખે. ૯૯
ચિ૦ભઈ મુજમાં ભાસ્યું તે શું, કેને પ્રથમ લહું તે હું;
વિ૦ ચિત્ત કાંને જે તેં સાંભળ્યું, તે જાણી એક મણિમાં કળ્યું. ૧૦૦
દીઠું ચર્મચક્ષુએ કરી, તેને તું ત્યાં બેઠો ધરી;
જે પદાર્થ તુજ સામો થયો, તેણે તું રસબસ થૈ રચો. ૧૦૧
તુંજ માત્ર તે થાય તુજવડે, જેમ દર્પણમાં પ્રતિબિંબ પડે;
તેં અવતાર ધરયા ચોવીશ, તે તેં માની લીધા ઈશ. ૧૦૨
દેવ નાગ સ્થિર ચર બહુ પિંડ, તારી કલ્પી સઘળી મંડ[1];
બ્રહ્મા કેશવનો કલ્પક તું, તુજ સત્તાએ બોલું હું. ૧૦૩
બ્રહ્મા વિષ્ણુ ઈશ કોણ કહે, જ્યારે તું જડ થૈને રહે;
માટે તુજને કૌં છૌં બાપ, એ સઘળો તારો છે વ્યાપ. ૧૦૪
ધરયા પિંડ તેં સૂક્ષ્મ સ્થૂળ, તેમાં સૂત્ર તેનું શું મૂળ;
ઈશ્વરમાં તું ઈશ્વરરૂપ, જીવ વિષે તું જીવસ્વરૂપ. ૧૦૫
તારા સામું કોયે નથી, દીસે છે તારી મોરથી;
મહાનિધિ છે પોષણ તુજતણું, તું માને સામર્થ્ય આપણું. ૧૦૬
મહાનિધિકેરો સેજ વિલાસ, તુજમુજદ્વારા હોય પ્રકાશ;
મહાનિધિ તો સેજેંજ અરૂપ, તું વિલસે થૈ આવે રૂપ. ૧૦૭
રૂપ થાય ત્યાં તુંપણું હોય, રૂપદર્શી તું વિશ્વા સોય;
જો તું તારૂં લૈ તુજપણું, તો કેવા નહિ પર આપણું. ૧૦૮

---

૧ રચના.

અપંચીકૃતે પંચીકૃત થાય, તે પાછું તેમાં વળી જાય;
તો તું તેમાં રેતો નથી, તે જો તું મહાનિધિ મોરથી. ૧૦૯
સર્વ ધાતુ દીસે તુજવડે, તું જોતાં આઘું નહિ પડે;
હું જાણુંછું ત્યાં હું નંઈ, એમ જોતાં બેઠું જૈ કંઈ. ૧૧૦
ત્રણ પદનો સમઝાણો ભેદ, કરજે એક સંદેહ ઉચ્છેદ;
પિંડ છતે આ ચરચા થાય, પિંડવિના શું બોલ્યું જાય ? ૧૧૧
છતે પિંડે હું તું રૈ વદું, પડે પિંડે કોય ન રહે પદું;
પિંડવિના ખોટું આ જાણ, પિંડવિના કે ક્યાં રહે પ્રાણ?૧૧૨
પિંડ પડે ક્યાં જાએ વૃત્ય, તેની મુજને કહે નિવૃત્ય;
વિ૦ એ રીતે પૂછછ આવાર, તેં રાખ્યો છે શ્યો નિરધાર ? ૧૧૩
ચિ૦ હમણાં તો ભાસે છે સળંગ, કનક કુંડળ જોતાં ન અલગ;
વિ૦ તાત એમ જો હમણાં હશે, તો પિંડ પડે તેમ રયું જશે. ૧૧૪
જ્યાં જેવું ત્યાં તેવો છું, દેહનું કારણ ન ગણું હું;
મહાનિધિનો તરંગ આ ચિત્ત, દેહ તો ભૂતતણી આવૃત્ત.૧૧૫
સેજ સ્વભાવે ઉઠે લેર, મોટું સામર્થ્ય ઘેરાઘેર;
તેણે ભૂત પ્રત્યે જ્યાં જાય, લક્ષ ચોરાશી બિંબ ભરાય. ૧૧૬
પિંડ પ્રમાણે તું થઇ રહે, દેહેસરખો થૈને વહે;
જુવે પૂર્વ જો પોતાતણું, તો ત્યાં છેજ સ્વતંતરપણું. ૧૧૭
ચિ૦એ સ્વતંત્રતા જ્ઞાને હોય, વણજ્ઞાને સ્ફુરણ નવ જોય;
માનવવિના અનેરી જાત, ત્યાં નોચે તેપણું સાક્ષાત. ૧૧૮
વિ૦ સુણ ને તાત કહું હું વિચાર, માનવદેહે નથી નિરધાર;
રાક્ષસ દેવ માનવ ગજ નાગ, અજા વૃક્ષ ને કપિ ગજ કાગ, ૧૧૯
જાત જાણવા મેં કહ્યું તને, ચૈતન ગાંઠ જાણી રે મને;
સઘળો છે આ ચિદ્નો વિલાસ, તારે કરવો તેજ તપાસ. ૧૨૦

પંખી પશુ દ્રુમ જળચર જોય, અળગો ચેતનમાં નથી કોય;
દેખી દીન અવાચ્યને ચિત્ત, રખે માન્ય થોડાપણું વિત્ત. ૧૨૧
ચિ૦સુણ રે પ્રિય સુત ! એક વિચાર, નૈં એ કાંઇ ઊંડો નિરધાર;
મેં પુછયું તું તે ક્યાં ગયું, નૈં કલ્પ્યું તે આગળ થયું. ૧૨૨
મુવા પછિ શું પૂછું તને, તે આફ્ણિયે[1] સ્પુરિયું મને,
વિ૦ મને તાત ! તું કહી દેખાડ, તો જાણું તારી ભાંગી જાડ[2]. ૧૨૩
ચિ૦જ્યારે મુને સુષુપ્તિ હોય, દેહપ્રાણનું સ્પુરણ ન હોય;
એવું જાણું મારૂં રૂપ, ત્યારે હુંજ સદોદિત ભૂપ. ૧૨૪
જ્યારે છુટી કળ સુષુપ્તિતણી, ત્યારે હું આવું દેહભણી;
દેહસંગે સંકલ્પ ઘટે મટે, વિષે ભોગ કે શાસ્ત્ર ખટપટે. ૧૨૫
પણ તે નીઠ[3] જાગ્રત્નો ધર્મ, વૈકુંઠસરખો એનો મર્મ;
જાગ્રત્ તે દેહનો વેવાર, મુજ નિદાન તો પરપંચપાર. ૧૨૬
વિ૦ હવે તારો હું સમઝ્યો સાર, એ નિશ્ચે આવ્યો નિરધાર;
ચિ૦એવું મારી દ્રષ્ટે પડયું, જોતાં મારૂં કાંઇ નવ ઘડયું. ૧૨૭
વિ૦ તાત ! તારૂં એ ઘર નિત્ય રહે, ત્યારે તું શું બીજું કહે ?
એ તેં દેહનુ કર્યું નિદાન, મુક્તિબંધનું ટાળવા માન. ૧૨૮
ચિ૦એ રીતે મને દ્દષ્ટે પડયું, ચિત્તચિદ્દતણું દ્વાર ઊઘડયું;
વિષ્ણુતણું સત્વગુણ રૂપ, તે ઘટમાં હું છૌં તદ્રૂપ. ૧૨૯
રજોગુણ ત્યારે બ્રહ્મા હુંજ, સૃષ્ટિકરતાં મન રાખુંછુંજ;
તમોગુણ તહાં હર હું તેમ, ઉત્પત્તિ સ્થિતિ સંહારણ એમ. ૧૩૦
મૂર્તિ ત્રણ વરતે મુજવડે, તે પોષે ને ભાંગે ઘડે;
જગત્તણાં કારણ એ ત્રણ, તે સર્વે મારાં આચરણ. ૧૩૧

---

૧ અનાયાસે. ૨ મૂર્ખતા. ૩ નક્કી.

અજ હરિહરનો પ્રેરક હું, તે તો સર્વે જાણુછ તું;
વિ૰ પિતા વાત હું જાણું ખરો, પણ હું ન ચાલું તુંથી પરો[1]. ૧૩૨
તેનું તુજને દૌં એંધાણ, મળી આવે તો પ્રમાણ;
ઇંદ્ર વૈરોચને પૂજ્યા અજપિતા, તાં ગુરૂશિષ્યમાં આપણ હતા.
વિશદ કરી ઉચર્યું નિજ ધામ, વૈરોચન પામ્યો વિશ્રામ;
તેવું ન માન્યું ઇંદ્રે મને, ફરીનેં આવ્યા કમળભૂકને[2]. ૧૩૪
મુખ્ય માનનારો ચિત્ત તું, પોષણહારો નીકળ્યો હું;
માને તો પરમ ચેતન પ્રાય, નહિ તો જીવરૂપ તું સહાય. ૧૩૫
ચિ૰ સુણ સુત! હું કહું તે તું વિચાર, ચૌદ લોકમાં તુજ વિસ્તાર;
તારી સહાયે દ્રષ્ટે પડયું, પણ તું વિના તે રેતું અડયું. ૧૩૬
ચૌદ લોકલગિ ચાલી સુરત, તે જાણે હસ્તામળ[3] વસ્ત;
જીવઇશ્વરને ભેદે કરી, આ બુધ[4] બ્રહ્માંડે વિસ્તરી. ૧૩૭
હિરણ્યગર્ભનું પ્રતિબિંબ થાય, પ્રાયે સ્વયંભૂ નિધિ કેવાય;
તે કહું તો કેવો કેવડો, કરચ સાક્ષાત તોજ તું વડો. ૧૩૮
વિ૰ સાંભળ તાત! કહું હું સાર, એ સમજણમાં મોટો ભાર;
એક વાત હું પૂછું તને, તે ઠેરાવીને કે મને. ૧૩૯
તું શું જે તેને ઝાલવા ધસે, તે શું જે તારો ઝાલ્યો જશે;
ચિ૰ તે કાંઇ હું જાણતો નથી, ઘાટ બેસારી કેને કથી. ૧૪૦
વિ૰ સુણજે તું દ્રષ્ટાંતે કહું, કરી આરોપ પ્રશ્ન નિર્વહું[5];
દીપક તે વહ્નિ કેમ જુવે, વસ્તુ એકને નામ જુજવે. ૧૪૧
કિરણ સૂર્યને ઝાલે કેમ? તારૂં તન પણ જાણે તેમ;
ફળને બીજ કેટલે વેગળે, લોહનાં પોગર[6] રે જેમ મળે. ૧૪૨

૧ જુદો. ૨ બ્રહ્માપાસે. ૩ હાથમાં રાખેલા આંબળાની પેઠે.
૪ બુદ્ધિ. ૫ નભાવું. ૬ પાતળાં વળાં.

એમ જોતાં શું કહું સાક્ષાત, જે કહીએ સર્વસ્વની વાત;
એમ ઈચ્છાવિણ જાણી રહે, તારે તુંજ સદોદિત લહે. ૧૪૩
ચિ૦સુણ સુત ! એ મોટું વાંકડું, રૂંધ્યું તે કેમ રે માંકડું;
પ્રાયે ચેતન ને વળી ચિત્ત, તે રૂંધ્યું કેમ રહે અમિત.૧૪૪
જે સ્વતંત્ર નોય તે રૂંધાય, વસ્તુપણાનો રોધ શું થાય.
વિ૦ સાંભળ તાત ! સ્વતંત્ર લહ્યું, કયાં ફેલ્યું કયાં રોધ્યું રહ્યું.૧૪૫
પર્વતપર હોયે જળવૃષ્ટિ, તેણે પર્વત પામે પુષ્ટિ;
કેટલુંક અંતર્ભૂત ઠરાય, કેટલુંક ઉપરથી વૈ જાય. ૧૪૬
પર્વત કોરા દીસે સદ્ય, પણ અંતર ભરિયા અતિહૃદ[1];
માંઇ બારે રયા તે ઝરે, તે સરિતા[2] અવનિ પરવરે. ૧૪૭
તે જળે સકળ દેશ પોષાય, એથી સિદ્ધાંત સુણો ચિત્તરાય;
ચિદ્‌ઘન તે વરતે છે સદા, પર્વત ચિત્ત ભરતું અદબદા[3].૧૪૮
ચિત્ત તું જેટલું ગ્રહી નવ શકે ત્યાં જાતાં તુજ વાણી થકે;
જેટલું ચિત્ત તેથી ગ્રહ્યું જાય,તેણે તુજ કોતર ભરી જાય.૧૪૯
શનૈઃ શનૈઃ તે ઝરી નીસરે, બુદ્ધિવિલાસ સંસારજ કરે;
તે ચૌદ વિદ્યા ચોસઠ કલા, ભાષાભેદના ટાળા ઘણા. ૧૫૦
સિદ્ધિ અઢારે તેનાં અંગ, નાટકચેટક શબ્દતરંગ;
સપ્તદ્વીપ નવખંડજ લગી, તારી વૃત્તિ દીસે ઊમગી. ૧૫૧
તું તારાં ન પખાં કરી જોય, તારે કૃત્યે તું નવ મોય;
તું તારૂં તુજપણું લૈ ઘેર, તેથી અંતર આવતી સેર. ૧૫૨
નગ[4] દીસે બારે કોરડા, અંતરમાં જળના ઓરડા;
તું તારૂં પરોવ જો ચિત્ત, તો લેવું મુકવું થાયે મિત. ૧૫૩

---

૧ મોટા ધરા. ૨ નદી. ૩ અદ્‌ભુત રીતે. ૪ પર્વત.

તે તે તું ને તું તે તેજ, એમજ છે જો પામે હેજ;
એમ સમજે તુંનો તું રહે, જો જુગતે આપોપું[1] લહે. ૧૫૪
ચિ૦પ્રિય સુત! તેં એ સત્યજ કર્યું, એ સમજે આપોપું[2] ગયું;
જુગતવિના એ જેમનું તેમ, મધ્યે ચિત્તને સ્થિતનો વેમ.૧૫૫
એક વાતનો સંશય ટાળ, જે મુજ શિર અવતરણનું આળ;
ચાલ્યો સઘળો ચેતન ભેદ, મુજને લાગ્યો શોચ ઉમેદ. ૧૫૬
વિ૦ સાંભળ તાત! કહું નિર્ધાર, માને નિશ્ચય જે કહું સાર;
મૂળ તહાં ચેતનનો ઠાઠ, તે તુજને સંભળાવ્યો પાઠ.૧૫૭
દર્પણને દૃષ્ટાંતે કરી, તારી મેં ઉત્પત્તિ કહી ખરી;
સેજે થાયે ચારે ખાણ, તેમાં મનુષ્યને સ્પુરણા જાણ. ૧૫૮
પંચ ઇંદ્રિનું અતિશે જ્ઞાન, કામ ક્રોધ મોહાદિક માન;
રણવેરે[3] પ્રીતની ગાંઠ બંધાય,આસકિત માટે ઘણી થાય.૧૫૯
મોહ અનંતને વિચરણ ઘણું, હું સહુનો ને સહુ મુજતણું;
માનવદેહવિષે એ ઘણું, બાકી પ્રવાહી માયાતણું. ૧૬૦
ગાંઠ બંધાણી એ વાતની, એ સંસૃતિ મનુષ્યજાતની;
સેજે છુટે સેજે બંધાય, સેજે કોય દિ ચાલી કાય. ૧૬૧
પ્રાયે તે ચેતનનો ઠાઠ, તારે ચોગે ચાલે ઘાટ;
ચિ૦ સુત! તારૂં કેવું શુદ્ધ સાર, એક વાતનો કર નિરધાર. ૧૬૨
માણસવિના અનેરી જાત, અતિ વિચિત્ર બહુ દીસે ભાત;
એ શું ને કેમ તે નીપજે, પાછો પુનરપિ દેહને ભજે. ૧૬૩
વિ૦ સહેજે ખેલ મચે છે સદા, જેમ સાગર લેર ને બુદબુદા;
ચેતન ઉલસે ભૂત કલ્લોળ, રેણુ[4] તૃણ તોળે વંટોળ. ૧૬૪

૧ પોતાનું સ્વરૂપ. ૨ દેહાદિમાં હુંપણાનું જ્ઞાન. ૩ પૂર્વનાં કર્મ-વડે. ૪ ધૂળ.

છે નિમિત્તમાત્રજ વાસના, સામી નથી કોય દર્શના;
તેમ એ પસરયો ચેતનજોગ, ભૂતભેદ પણ છે નિજભોગ. ૧૬૫
ચિ૦ કે સુત ! શાસ્ત્રમાંહી શું લખ્યું, શું સમજ્યું ને શું નીરખું;
વિ૦ સાંભળ રે તું પિતા ચિત્તરાય, દૃષ્ટાંતે સંદેહજ જાય. ૧૬૬
સ્વપ્નાવસ્થા નર ભોગવે, ત્યારે સુખદુઃખ બહુ અનુભવે;
જ્યારે નર નિદ્રાવશ થયો, એક શરીરે ઊંઘી ગયો. ૧૬૭
એવામાં જ્યાં થયું સ્વપન, તેવારે પ્રકટ્યાં બહુ જન;
પ્રકટ્યાં પશુ પંખી નર નાગ,વણ નિરમ્યાં પુર ને સૌભાગ્ય.૧૬૮
વણ નિરમી સૃષ્ટિ દૃષ્ટે પડી, તે કે ક્યાં બ્રહ્માની ઘડી;
ચિ૦ કેને ભાઈ નિયંતા કશ્યો, એ તો અવસ્થાભેદ ઉલસ્યો. ૧૬૯
સાંભળ મારા પુત્ર વિચાર, તુજને પૂછું હું નિરધાર;
હું જાણું તે કાંઇયે નહીં, તું જે કે તે સાચું સહી. ૧૭૦
વિ૦ કાંઈક તું સમજીને કે, સરખાં સ્વપ્ન ને જાગ્રત બે;
તેના દૌં તુજને એંધાણ, મળે તોજ રાખે પરમાણ. ૧૭૧
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, જાગ્રત્‌થી દીસે સંબંધ;
તેજ સ્વપ્નમાં પાંચે થાય, નેત્રે સ્વપ્નમાંહી નિરખાય. ૧૭૨
શ્રવણે ત્યાં સુણી લીજે ઘણું, સ્પર્શનું સુખ કામાદિકતણું;
ખાટા મીઠા રસના ભોગ, ઉત્તમ મધ્યમના ઉપયોગ. ૧૭૩
હું ને મારૂં ત્યાં જે હોય, સરવે સાંભળે જાગ્યો સોય;
જાગ્રત્‌ સ્વપ્નમાં શાનો ફેર, કરચે વિચાર ટળે અંધેર. ૧૭૪
સ્વપ્નપદારથ જાગ્યે ટળે, જાગ્રત્‌નું સ્વપ્ને નૈં મળે;
સ્વપ્ન તેવું જાગ્રત્‌ને જાણ, અવસ્થા નિષ્ઠે બહુ પરમાણ. ૧૭૫
ચિ૦ એ તો સ્વપ્ન અવસ્થા ભૂત, મુને ભરોસો નૈં અદ્‌ભુત;
વિ૦ એમજ જાણે તાત ! વિચાર, મિથ્યા સઘળો દેહવેવાર. ૧૭૬

નિમિત્ત અને નિયંતા બે, ત્યાંજ લગે તું સાચું કે;
જ્યાંલગી અનુભવ અદ્ભુત નથી, ત્યાંલગી તું દેખે બ્હારથી. ૧૭૭
ચિ૦ જે હું મુજપણુને ભલ કહું, કારણુસહિત ભલું નિર્વહું;
જીવપણાનો નિર્વાહ સ્ફુર્યો, ઈશ્વરતા બાધી ઉચર્યો. ૧૭૮
કૈવલ્ય જે કારણ બેઉતણું, તે ભારે લાગે છે ઘણું;
જહાં જાઊં તેને પ્રીછવા, લક્ષરૂપ મોટપ ઇચ્છવા. ૧૭૯
તારે લક્ષ આઘેરો પડે, બુદ્ધિ સરાડે જૈ નવ ચડે;
વિ૦ તાત! સરાડું એને નથી, નાંખે જેમ બાણો મ્હારથી. ૧૮૦
બળસારૂ ઘણી બુદ્ધિ જાય, પણ આકાશવિષે ન લખાય;
મોટપસારૂ સુરત સંચરે, પણ મોટપસામું ડગ નૈં ભરે. ૧૮૧
ચિ૦ સુત! ખરૂં એ તો એમજ થયું, એ મુજપણનું માનજ ગયું;
રૂપસહિત અરૂપની માંય, પેસવું કોય દિયેં નવ થાય. ૧૮૨
વિ૦ તાત તું એ રીતે કાં કહે, દૃષ્ટાંતે આપોપું લહે;
જેમ ગજ નૈં દેખે નિજ પુંઠ, શુંઢ ન પોંચે પુંઠે મુંઠ. ૧૮૩
માટે જાય નહીં અજ્ઞાત, પોંચે જ્ઞાન તહાં સાક્ષાત;
પોંચે કદાચિત ઇંદ્રી છેક, જ્ઞાન તો તન જાણે છે એક. ૧૮૪
શુંડાદંડ[1] કુંજરની પઠે, ચિતડું જોવા હીંડે હઠે;
ઇચ્છા તે જે શુંડાદંડ, ફરવા હીંડે શરીર અખંડ. ૧૮૫
કૈવલ્યદેહતણો નહીં પાર, તે માટે તું એમ વિચાર;
અવ્યક્ત[2] વૃક્ષ [3]ઉદંબરતણો, તે શાખાથી પસર્યો ઘણો. ૧૮૬
બ્રહ્માંડ ઉદંબરે લાગ્યાં અપાર, કોટ ભાતે નૈં લાભે પાર;
ફળસ્થાને છે બહુ બ્રહ્માંડ, બ્રહ્માંડે બ્રહ્માંડે બહુ પિંડ.

૧ શુંઢ. ૨ માયા. ૩ ઉંબરાનું ઝાડ.

અંડ અંડમાં હરિ હર અજ, ચૌદ લોક સરખી નીપજ;
એવાં ફળ ત્યાં છે અસંખ્યાત, અવ્યક્તપક્ષની સમજે વાત.૧૮૮
તે ફળપ્રત્યે જીવ અનેક, ત્યાં અમિત નૈં નીસરે છેક;
તે જંતને ત્યાં ભૌતિકકાય, સૂક્ષ્મે સૂક્ષ્મ સૂક્ષ્મતર થાય. ૧૮૯
પિંડ પિંડને હ્રદે આકાશ, તેથી રોમે રોમે વાસ;
સૂક્ષ્મસ્થળે આપણ બે રચા, તે સૂક્ષ્મથી સૂક્ષ્મ થયા. ૧૯૦
એવું ઝીણું તુજ મુજ રૂપ, કૈં સામર્થ્ય ઇ સુણ ચિત્તભૂપ;
અવ્યક્તવૃક્ષની કીધી વાત, ત્યારે સુરત થઇ સાક્ષાત. ૧૯૧
અનંત બ્રહ્માંડે ઘાલી બાથ, એવા તારા મારા હાથ;
સૂક્ષ્મમાંહી તો એવો તું, સ્થૂલપણું તારૂં શું કહું. ૧૯૨
તારૂં સામર્થ્ય એવું રૂઢ, સર્વાંગે તું રેતો ગૂઢ;
ત્યાં લગી તારૂં છે ચિત્તનામ, એ સમજીને લે નિજધામ. ૧૯૩
જોવા જા તું તારો પાર, તારે બે વાંકાં નિરધાર;
તેથી ત્યાં તું જીવ ન ટળ્યો, વસ્તુનો છેડો નવ મળ્યો. ૧૯૪
તે માટે એ ન ટળે દ્વૈત, એમ સમજે થાયે અદ્વૈત;
ચિ૦ તું તો ચિદ્દમાં રસબસ થયો, તો જોવા કેવા નવ રચો. ૧૯૫
સુનુંસરખું થૈને ગયું, તોયે શૂન્યે શૂન્યપદ રહ્યું;
વિ૦ અરે તાત ! તું એમ કાં કહે, સમજીઃસમજ વાંકું લહે. ૧૯૬
એક જીવપદ ને ઈશ્વરપદ, કેમ તહાં થાશે અદબદ;
કેવળ મહાનિધિ છેજ અવાચ્ય, તેને તું નિજ જાણી રાચ્ય.૧૯૭
જે સત્–ચિત્–આનંદ સદાય, તેમાં તતત્વંપદ બહુ પ્રાય;
તે મેં તુજને કયો પ્રકાર, સદા નિરંતર સારોદ્ધાર. ૧૯૮
ત્યાં તે શૂન્ય કેમ કેવાય, જે નિદાન એવું છે પ્રાય;
ચિ૦ ક્યાં શૂન્યવાદ કરૂં છૈં હું, તેનો મર્મ સમજી લે તું. ૧૯૯

એમ જાણીને કરૂ હું વાદ, પોતપોતાને કીજે સાદ;
વિ૦ ત્યાં સામો હુંકારો દેવા નથી,એસ્થળને કાં શૂન્ય કે કથી.૨૦૦
પોતાનું માન્યું ભૂતકલોળ, ઉપજે સમે તત્ત્વનું ટોળ;
પણ તત્ત્વાતીત નવ જાણિયું, તેણે શૂન્ય તાણી આણિયું.૨૦૧
મુજને જોતાં દીસે અસ્યું, ભિન્ન કેવા કારણ નહીં કસ્યું;
ચિ૦ કારજ ને કારણ તે તુંજ, ઈહાં ચિત્ત ને તહાં તેજપુંજ. ૨૦૨
દર્પણની ગત જોઈ કળી, અવળ સવળ ધુંખળ નિર્મળી;
વિ૦ સાંભળ તાત ઈહાં તું ધન્ય, મિથ્યામાંહી થયો પતન. ૨૦૩
તુંજ ચિત્ત ને તુ ચિદ્વિલાસ, હવે હવો તુંને બ્રહ્મપ્રકાશ;
અક્ષયપદ જાણ્યું તેં ભલ્લ, હવે થયો તું એકલમલ્લ. ૨૦૪
જેમ છે તેમ તું આપ સદાય, એમ અખે પદ પ્રીછુંજાય;
જો ચિદ્ જાણે તો લક્ષ ઝાલ્ય, અક્ષયપદ તો છે અજવાળ્ય. ૨૦૫
ચિ૦ સુણ રે મારા સુત! તું અંગ, સ્રીપુરૂષ ભિન્ન દિસે લિંગ;
ચૈતન્ય જોતાં નરમાદા નથી, પંચભૂત જોયાં મેં મથી. ૨૦૬
રૂપમાંહી દેખું છું ભાત્ય, તે સમજુતી ઘાટે ઘાત્ય;
વિ૦ તાત! કહું એક સાંભળ વાત, એ તો છે બીબાની જાત.૨૦૭
જેમ ખાંડ કથિરનાં નિપજે રૂપ, બીબાભેદે ભાત અનુપ;
બેહુ પડ મધ્યે રૂચ ભરાય, પડમાં કિયો નર ને કૈ માદાય.૨૦૮
એ મંત્ર જાણ નરમાદાતણો, ઊંધો ભાર મ રાખીશ ઘણો;
ભગલિંગ દેખી ભરમે બહુ, આકારે વળગ્યા છે સહુ. ૨૦૯
અંતર મરમ વિચારે કોય, તે નર કૌતુકમાત્રજ જોય;
ભગ દેખી પરઠે ભામિની, લિંગ દેખિ નર માને મની.૨૧૦
સંસારની છે એવી રીત, વળી ફરી કહું તને પ્રતીત;
નારી નર તે એકજ જાણ, તું મનમાં એ પ્રતીત આણ.૨૧૧

પ્રાચે કર જો મૂળવિચાર, કહ્યાં ન જાએ નર કે નાર;
સ્રીને ગર્ભ કમળ ને લિંગ, પુરૂષને દીસે પ્રસિદ્ધ અંગ. ૨૧૨
બેહુના લિંગવિષે છે શૂન્ય, તેમાં રજ–વીરજનું ગમન;
બેહુ પડ માંહીં અનંગ[1] નિપજે, સુરતના[2] સુખને બેહુ ભજે. ૨૧૩
બેહુ પડમાં બેહુનાં અવેવ[3], નરને સ્થાન નારીનો ભેવ;
કોઈક ઘટ એવો નીપજે, બેઉ આકારને એકલો ભજે. ૨૧૪
કોઇક ઘટમાં એકે નહીં, તો શેની સ્થિત રાખું સહી;
ચિ૦ સાંભળ સુત ! કશો નથી થાપ, ચૌદ લોકમાં એવો વ્યાપ. ૨૧૫
વિ૦ હવે તાત ! સાંભળ ચિત્તરાય, શબ્દ નર શબ્દ માદાય;
ચૈતન નરમાદા ન કેવાય, પંચભૂતનું નામ લેવાય. ૨૧૬
બેહુથી હેઠો આવું હું, ત્યારે કહું જે પૂછે તું;
લોક ચૌદમાંહી પરવરૂં, અંતર આંખ વીંચી ઉચરૂં. ૨૧૭
તો કાંઇએ મુખથી બોલાય, જો આ નેત્રો આઘાં થાય;
જ્યારે નેત્ર આઘાં સંચરે, ત્યાં રસના તે શું ઉચરે. ૨૧૮
જો પરમેશ્વર કહીને સ્તવું, તો તે નામ પાડવું નવું;
જો માયા કહું તો સ્રી થાય, નામરૂપ·કર્ત્તવ્યમાં જાય. ૨૧૯
એ બોલ્યા પાખી શું કરૂં, માટે રૂપ લખી ઉચરૂં;
ચિ૦ શોધ્યું કેવા કાંઇયે નથી, એટલી વાતો તેં કેમ કથી. ૨૨૦
વિ૦ સાંભળ તાત ! કથી એ ખરી, તોએ તે અવાચ્ય પાધરી;
ચમકગિરિની[4] સત્તા કરી, લોહનૌકા[5] આવે પાધરી. ૨૨૧

---

૧ કામ. ૨ રતિ ક્રીડાના. ૩ અવયવ. ૪ ચુંબકના પર્વતની. ૫ લોઢાનું વહાણ.

તે અંતરમાં લોહનો બંધ, તેને આવે ચમકનો ગંધ;
લોહની સુરત ચમકગિરિ જાય, લોઢાલીધે કાષ્ઠ ઘસાય. ૨૨૨
બહુ પદાર્થ તે માંહીં ભર્યા, તે ત્યાં લોહે ચેતન કર્યા;
એક ગાંઠ લોહચમકવિષે, તો તું ધન્ય જો તે ઓળખે. ૨૨૩
ચમકસ્થાને તેજ અવાચ્ય, જે સત્તાએ લોહજીવની નાચ્ય;
લોહ ઘસંતે જેમ કાષ્ઠ ઘસે, તેમ એ જગનૌકા ઉલસે. ૨૨૪
તે નૌકામાં પદારથ બહુ, તેમ એ જગત નાનાવિધિ સહુ;
ચાળો તો લોહચમકજ તણો,પ્રપંચભેદ ત્યાં ચાલ્યો ઘણો.૨૨૫
જો લોહ–ચમકને સંબંધ નોય,તો કારજકારણ કેવા નથી કોય;
એણે ભેદે ચાલે ભાત, તો સ્ત્રીપુરૂષ શું પૂછે જાત. ૨૨૬
પૃથ્વી તે સર્વે સ્ત્રીલિંગ, અપ તેજ આકાશ નપુંસક અંગ;
પુરૂષ લિંગ વાયુને કહે, રૂપવચનને સહુ કોય વહે. ૨૨૭
કોય ન ભાંખે ફરી બોલાય, વિચાર કહે શું પુરવું જાય;
વિ૦ તાત ! વસ્તુ મેં કાંઇક લહી, અળગી પડી કીમત નૈં થઇ. ૨૨૮
માદક[1] ભખી માદકનું રૂપ, જોવા હીંડે મૂળગું રૂપ;
માદક હુંથી અળગો કરૂં, હૃષ્ટપુષ્ટ વચને ઉચ્ચરૂં. ૨૨૯
એવો શો મારે અભિલાષ, સામર્થ્ય હોય તો તું કાંઇ દાખ;
એ રીતે છે સુક્ષ્મ વાત, સમજીશ તો થાઈશ સાક્ષાત. ૨૩૦
છે કાયાવિના કાયાનાં કૃત્ય, જેમ હાથે કંકણ દીસે તર્ત;
જે માદક ઐાષધિમાં હતો, ત્યાં તે છતે રહ્યો અણછતો. ૨૩૧
ઐાષધિ જો નર ભક્ષણ કરે, ત્યારે માદક ત્યાં અવતરે;
અનંત પરાક્રમ કરે ત્યાં રહ્યો, બહુ પ્રકારે પોતે થયો. ૨૩૨

૧ કેફ ઉપજાવનારી વસ્તુ.

બોલે ચાલે ભોગવે સ્વાદ, બહુ ડહાપણ કાં બહુ ઉન્માદ[1];
તે એકે ચેન નોય તુજવિષે, તેમનો તેમ હતો ખાધાપખે.૨૩૩
ખાતાં દીઠા બોળા રંગ, માદકકેરા જેવા ઢંગ;
એટલા ઉફરૂં[2] શું દેખીશ, મેં સર્વસહિત કહ્યો સર્વ ઈશ. ૨૩૪
ચિત્ત તું ત્યાં જેમ માદકવાન, ચિત્ત માદક તેં કીધું પાન;
રગરગમાં તે માદક ચડયો,મનવચકર્મ સહુમાં ફેર પડયો.૨૩૫
ફાટયું[3] આચરે ફાટયું બકે, જાણે પણ જાળવી નૈં શકે;
જે જોવા કીધું તું ભક્ષ, તે જાણે નૈં પોતે રહે અક્ષ. ૨૩૬
તેમ તું તે તું ને તે તે તે, એ મહા અનુભવ ચિદ્ તું એ;
પોતામાં વીંચે વીંચણું, તે સમજે તો સારૂં ઘણું. ૨૩૭
ચિત્ત તારી કિંમત નૈં થાય, તારાં મૂળ ઉંડાં છે પ્રાય;
મૂલ થાય તે ઓછી વસ્ત, મૂલે મહાત્મ થાએ અસ્ત. ૨૩૮
તે તું જાણે ચૂકી હદ, તારૂં નિદાન તો છે અદબદ;
અચળ્યું વીર્ય તારૂં ચિત્ત નામ,પણ મુજ વિના તેં ખોઇહામ.૨૩૯
અચાનક જ્યારે હું ઉમટયો, તો નિજરૂપ થૈને આઘો વટયો;
અવાચ્ય વીર્ય શું જાણી વદે, તે ચિત્ત મુજને લેખું દે. ૨૪૦
સુણ ચિત્ત એ કેવો ન કેવાય, ત્યાં નિજકલણ[4] તુજ ચિત્તરાય;
જેમ મેઘનિશા હોય ઘોર, ચંદ્ર નક્ષત્ર ઢંકાણાં જોર. ૨૪૧
કીડી કુંજર નાવે દ્દષ્ટ, બોળી થયે તિમિરની વૃષ્ટ;
એવામાં ઝબકી દામિની, તે દિવસ નોય નોય જામિની. ૨૪૨
પણ સહુ દીઠું ઝાતકારજ[5] કરી,જેને રહ્યું તું તિમિર આવરી;[6]
સૂર્ય ચંદ્ર તારાવિણ સાર, મહા અગ્નિ કેરો ઝાત્કાર. ૨૪૩

૧ ગાંડપણ. ૨ આઘું. ૩ અઘટિત. ૪ પોતાને જાણવું. ૫ પ્રકાશવડે. ૬ ઢાંકી.

એનું સિદ્ધાંત તું સાંભળ ચિત્ત, તારૂં મૂળગું કહું હું વિત્ત;
હું તું અદબદ નરબદ ધુંધકાર, નહુતાં તત્ત્વ નહુતા આકાર.૨૪૪
ઉડુ[1] નહુતા ઉડુગણુપતિ[2] ભાણુ,નહુતાં તત્ત્વ વેદ સ્મૃતિપુરાણુ;
નહુતા શિવ બ્રહ્મા ને વિષ્ણુ, નહુતું શીત અને વળી ઉષ્ણુ. ૨૪૫
અકસ્માત ઝળકયો તું પિતા, તારે સહુકો દીઠા છતા;
બ્રહ્માંડ આદ્ય પતંગિયાલગી, તારી ચમક ચઉદિશે ઉમગી.૨૪૬
હરિ હર અજ તુજમાંથા થયા, તુજમાંથા વરતે તે રયા;
તહાંમહાઅગ્નિ તેમ ઇહાં અવાચ્ય,ત્યાંવિદ્યુતતેમ ઇંહાં ચિતસાચ.
એમ બ્રહ્માંડની ગણ્યે નીપજ,પિંડ ગણે તોય એમજ ભજ;
બ્રહ્માંડ સ્ફુર્યું ત્યાં ઇશ્વર થયો, પિંડ સ્ફુર્યું ત્યાં જીવ થૈ રયો.૨૪૮
કદાચિત્ જીવ તું વૈકુંઠ જાય, તોયે તું તુજમાં અવગાહ્ય;
અષ્ટ મહાસિદ્ધિ કરે કિંકરી[3],તોય તે તારી ચિત્ત! આચરી.૨૪૯
ચિ૦એથી અળગો શો નીકાળ, તેની કાંઈ કાઢી છે ભાળ;
વિ૦ સાંભળ ભાળ તું દાદાતણી,તે દાદે પેર કહી આપણી. ૨૫૦
મુજદ્વારા જો પ્રકાશે વાટ, તો તુજને તે બેસે ઘાટ;
ઘણા પ્રકાર છે મળવાતણા, નિદાન જોતાં નેઠ આપણા. ૨૫૧
જોગ અખંડિત દિલમાં વસે, જો તું તારૂં આપ અભ્યસે;
નોળીનું[4] નર પરાક્રમ કરે, અધોમુખ કમળ ઉર્દ્ધમુખ ધરે.૨૫૨
સગુણભક્તિ દાસ આકાર, તો એ તે તારેજ આચાર;
ધ્યાન શૂન્યમાં શબ્દ ઉચ્ચરે, તે તુજ સાથે લટકાં કરે. ૨૫૩
જ્યાં તુજમાં તું પાછો વળ્યો, ત્યારે ચમક સઘળો નીકળ્યો;
વંશ વિચારે અંશ ઓાળખે, ઇચ્છિા ટાળે ને આપોપું ભખે.૨૫૪

---

૧ તારા. ૨ ચંદ્ર. ૩ દાસી. ૪ નળને ફેરવવાની ક્રિયા.

એમ થકો જેવો રે તું, પિંડબ્રહ્માંડ ને તારે શું;
ત્યારે તું તો છેજ અવાચ્ય, તદ્રૂપથી તું રાચ ન રાચ્ય.૨૫૫
ત્યાં તારૂં તુજને કો નથી, આણી મોર સૂતી મહારથી;
ચિ૦અવાચ્ય વીર્ય ત્યાં તે હું ખરો, એણે સ્થળે મર્મ આકરો. ૨૫૬
ત્યાં મુજવિના કોણ પરાક્રમે, ચિદ્ અભાવ તે રૂપે રમે;
મહાભૂત ઈશ્વર બ્રહ્માંડ, તેનો અંશ આ ભૌતિક પિંડ.૨૫૭
એટલું ચિત્ત કહે મેં ગ્રહ્યું, પણ અરૂપી રૂપે કેમ થયું;
અરૂપ હતું તે થયું રૂપવાન, અગ્રાહ્યને ગૃહવાનું ભાન. ૨૫૮
ચિત કે એને ઘાટ બેસાર, અન્ય શાસ્ત્ર મેં કર્યું નિઃસાર;
વિ૦ જો આ અરૂપ રહ્યું આકાશ,ત્યાં સહસા હોય અભ્ર[1]પ્રકાશ.૨૫૯
તે ઉપજે ત્યાં ન પડે ખાણ્ય, ડગ ન ચડે ત્યાં સમે નિર્વાણ;
એવું અધર ચાલેજ સદૈવ, એ વાદળમાં ઉપજે જીવ. ૨૬૦
જીવવૃત્યે કોય દી નવ રહે, તે ખોખાં કોય માનવ ગૃહે;
તે કાદવમાંથી પીયે નીર, શીતળ કરી પછી મૂકે શીર.૨૬૧
અરૂપી રૂપે એમ થયો, નભમાં અભ્ર કોણ કરવા ગયો;
તહાં જેમ સહસા ઉઠી ઉપાધ્ય,અદૃષ્ટમાં દૃષ્ટ એણીપેરેસાધ્ય.૨૬૨
અભ્રસ્થાની પંચ મહાભૂત, ખોખાં તે પંચીકરણભૂત;
અદૃષ્ટમાં દૃષ્ટ તન એણીપેરે થયું, તે અગ્રાહ્ય ગ્રાહ્ય કેમ ગયું.૨૬૩
તેનો તું સુણી લે પ્રતિબોધ[2], જેણે ભવનો ભાંગે રોધ;
અગ્રાહ્ય તે ગ્રહવા કોણ છે, એ તો ભૂત ભૂતને ગૃહે છે. ૨૬૪
સોનું તોળિયે કાટલાંવડે, તો સરખે તોલે કાંટે ચડે;
સંખ્યાની કળ કાટલામાટ્ય, કાર્યવાદીને બેસે ઘાટ. ૨૬૫

૧ વાદળાનો. ૨ ઉપદેશ.

તેનો કર્ત્તા વસ્તુવિચાર, ભૂતકલોળ દીઠો નિર્ધાર;
અવની હેમ ને અવની લોહ,અવની જાણે ટળ્યોસહુમોહ.૨૬૬
ગ્રાહ્યગ્રાહક બેઉ ભૂતવિચાર, એ આકારે ગ્રહ્યા આકાર;
ચિ૦સુત ! એ તો તેં અદ્ભુત કહ્યું,એમ અવાચ્યઅભોગત રહ્યું.૨૬૭
વળી એક મોટો છે ખ્યાલ, તે રૂડીપેરે ઘાટે ઘાલ;
અવાચ્ય કારણ નહિ એક અનેક,ત્યાંનપોંચેવાણીનેવિવેક.૨૬૮
ત્યાં વિચાર જો પેખિયે બિંબ, તો તેનું ગણિયે પ્રતિબિંબ;
બિંબપ્રતિબિંબ નથી તે ઠાર,જેટલાં ચિત્ત તેટલા આકાર.૨૬૯
એહેનો જોને બેસે ઘાટ, તો અતિ સારૂં થાએ નાટ;
દ્રુમ સાગર પર્વત વન નદી,મણિ મંત્ર ચેટક ઔષદી.૨૭૦
એવું સામર્થ્ય દીસે લંબ, સહુ સહુમાં મૂળગું પ્રતિબિંબ;
વિ૦ અરે તાત!સાંભળ તું ચિત્ત, દૃષ્ટાંતે સંશય થાય વીત[1]. ૨૭૧
ચામખેડું છે દીપકવડે,દીપવિના ન રમત ઊમડે;
ચામખેડાપડે ભક્તિભેદ, સર્વતોગોચર હોએ વેદ. ૨૭૨
નાનારૂપ આવી રહે જાય, દીસે દીપતણે મહિમાય;
સૂર્ય હોય તારે નોચે ક્ષણ, દીવાતિમિરતણું દેખણું. ૨૭૩
દીપકસ્થાને તું ચિત્તરાય ! દેહ મંજ્ઝ કરી બેઠો માંય;
બારથકી દીસે તુજમાટ, અંતર તુજવડે ચાલે ઘાટ. ૨૭૪
અજ્ઞાનનિશાલગી એ ખેલ, સંકલ્પ નટ એ ચલવે વેલ;
જ્ઞાનોદયે કરી ભાંગ્યો ભર્મ, ત્યારે દીઠાં આળાં ચર્મ.૨૭૫
તારૂં સ્ફુર્ણજ દેખે તું, આદ્ય અવાચ્ય કારણ જોતાં શું;
તું અવાચ્ય કરૂં પ્રતિબિંબ, તેમાટે તું પ્રાયે શંભ[2]. ૨૭૬

---

૧ દૂર. ૨ નિરાકાર.

એણે ભેદે પિંડબ્રહ્માંડ, બ્રહ્માંડે બ્રહ્માંડે એમજ મંડ;
પિંડે પિંડે એક માંડણી, એમજ સમજ રાખ આપણી.૨૭૭
એમ સમજે તું છે સાક્ષાત્,અન્ય શાસ્ત્ર તે સ્વપ્નની વાત;
ચિ૦વલ્લભ સુત ! તું ધન્ય વિચાર, તત્ત્વસાર કીધો નિર્ધાર. ૨૭૮
મૂળ કહ્યું તે છે વૃત્તાંત, એમાં સંશય નૈં એકાંત[1];
નિજ માહાત્મ્ય ત્યાં મ્હોટું કહ્યું, એમાં કાંઇકેવા નવ રહ્યું.૨૭૯
મૂળમાં તમે તો છે અનંત, પણ પદ નહિ રેશે ત્યાં અંત;
જેવો સોહં છે સાક્ષાત્, તેમ ન રેવા એ ઉત્પાત. ૨૮૦
એનું શું કારણ છે અંગ, વિશદ કરીને કે પરસંગ;
વિ૦ સાંભળ તાત ! એ વૈગુણ વધે,જે તુજને બહુ ભોજન રૂચે. ૨૮૧
ભોગ રૂચે મહામોહને માટ, તે રાજસુત પાડે વાટ;
આજ લગે કહી જે મેં વાત,તે તારૂં કારણ સાક્ષાત્. ૨૮૨
તું કારણ જે કારજતણું, તેજ વગોવે તુજને ઘણું;
ચિદપણું ખોઇ બેઠો જેમાટ, જેનો મ્હોચો કરે અટાટ[2]. ૨૮૩
ચિ૦પ્રિય સુત ! તું મુજને સમજાવ, મોહની જાળ કરે અસંભાવ;
વિ૦ અરે તાત ! તું તો ચિદ્રૂપ, તારૂં તેજ નિદાન અનુપ. ૨૮૪
તું મોટો ને અતિ આધીન, કામક્રોધઆગળ અતિ દીન;
કહાવે તારા પણ તત્ત્વથી, અમલ કરે તારા સત્વથી. ૨૮૫
સેવક તારા ઠગી લે તને, તું ન જાણ જે ગ્રાહકકને;
તારે એથી સંબંધ આકરો, વિયોગ પડે તો બેઉએ મરો. ૨૮૬
કામ ક્રોધ મચ્છર મોહ માય, તું મરતે તે તરત મરી જાય;
તું જીવે એ જીવે ખરા, અન્યો અન્ય સંબંધ આકરા. ૨૮૭

---
૧ નક્કી. ૨ ખોટું.

ચકમકમાંથી નીકળે આગ, તેને ન મળે વળગ્યા જાગ;
કાંઇ ન થાય અગ્નિ એકલે, તત્ક્ષણુ પાછો થૈને વળે. ૨૮૮
તે જો કફને[1] વળગી જાય, તો જીવતે મોટેરો થાય;
માયા કાળ ચક્ર આથડે, મહા અગ્નિથી ફૂલજ પડે. ૨૮૯
તે ચૈતન્ય નરાળું ચિત્ત, કામ ક્રોધ ફૂલ ભૂતનું વિત;
તેને વળગ્યો વધે અનંત, શેષનાગ વૈકુંઠપર્યંત. ૨૯૦
શુચિ અશુચિ જીવોને વરે, ઈંદ્રિવિષે સરખો આવરે;
અસંભાવના ઉપજે ત્યાંય, વિપરીતભાવનાશું બંધાય. ૨૯૧
ચિ૦એ મારૂં મૂળ લક્ષણ કહ્યું, જ્યારે જ્ઞાનમાં ઉપજી ગયું;
તે ઘટતો મુજ કહે ઉકેલ, ત્યાં ચિત્તનો હોય એવો ખેલ. ૨૯૨
વિ૦ તાત ! ઉપજમાંહીં છે યુક્તિ, સાંભળ તે તે કહું વિવક્તિ;
સ્વાંતબુંદ અહિને મુખ પડે, તેનું હળાહળ થૈને ચડે. ૨૯૩
છીપમાંહિ મુક્તાફળ[2] થાય, તેને માણસ સકળ સરાય[3];
માટે જ્ઞાનને તું એમ જાણ, યુકત કહું તે ઉરમાં આણ. ૨૯૪
એમ સમજ તું ચિત્તરાજાન, તારે તો મુખ્ય બે પ્રધાન;
ડાબો મોહ જમણો વિવેક, બેઉનાં લક્ષણ જુજવાં છેક. ૨૯૫
પ્રવૃત્તિનિવૃત્તિ સ્ત્રી તુજતણી, એક એકને સંપત ઘણી;
કામ ક્રોધ ને મચ્છર માય, દુગ્ધા મમતા અસૂયા[4] પ્રાય.૨૯૬
એ છે ઘણા કહું સંક્ષેપ, એ સઘળો પ્રવૃત્તિ આક્ષેપ;
વિવેક વિચાર સંયમ ને શાંત,સહાય સત્ય સંતોષ અચિંત્ય.૨૯૭
દયા ધર્મ એ સઘળા જેહ, વર્ણવું શું તુજ આગળ તેહ;
એ આદિ છે બહુ નિવૃત્તિ, કુટુંબ કેટલું કહું પ્રવૃત્તિ. ૨૯૮

---

૧ કળીના બાળેલા ભાગને. ૨ મોતી. ૩ વખાણે. ૪ કોઇના ગુણમાં દોષનો આરોપ કરવો.

વામાંગે જો આવે જ્ઞાન, તેહ સ્થળે છે મોહ પ્રધાન;
જ્ઞાન ભોગવે પ્રવૃત્તિવડે, નિવૃતિમાં જાતાં આખડે. ૨૯૯
ઉપજે જ્ઞાન જો દક્ષિણ અંગ, ત્યાં મંત્રી સેજે વિવેક સુચંગ[1];
વિવેકતણી નિવૃત્તિ છે માય, તે તેના રંગમાં લૈ જાય. ૩૦૦
વિવેકવડે જે છે નિજભોગ, તે શોભે અદ્ભુત અમોઘ;
ચિં૦ પ્રિય સુત! કેને એજ વિચાર, પ્રાપ્તિમાં કાંઈ સારાસાર.
વિં૦ હવે કહું એનું દૃષ્ટાંત, ભૂચરખેચર હોયે જંત. ૩૦૧
ભૂચરને જો આવે પંખ, પણ ઊડી ન શકે નિઃશંક;
ખેચર જેવી ગગનગતિ કરે, ભૂચર તેવો નૈં સંચરે. ૩૦૨
ચિં૦ પુત્ર ગગનગતિ જ્યારે થૈ, ભૂઉપાધ્ય ભૂઉપર રૈ;
તે ભોગવણીમાં છે ભેદ, એ સંશયને કર ઉચ્છેદ. ૩૦૩
વિં૦ ભૂઉપરનો જે અધ્યાસ, થૈ નૈં શકે નિરાળો -હાસ;
ગુરૂવડે પાંખો આવી ખરી, ઊડે પણ પડે પાછો ફરી. ૩૦૪
વામજ્ઞાની મોહદ્વારાતણો, વાતવિષે ખેંચાણો ખરો;
તન મન સુખ તે પ્રવૃતિસંગ, નિવૃતિ આકાશશું ન મળે રંગ.
વિવેકદ્વારા જે નિજજ્ઞાન, ચિદાકાશમાં તેનું ધ્યાન;
વૃત્તિમાત્ર આવે દેહભણી, સુરત રહે ચિદ્દમાં તેતણી. ૩૦૬
તેમાટે દ્વારોમાં ફેર, લુખી વૃત્તિ ટળે અંધેર;
મુક્તિલગે છે તે એક વાટ, વિવેકે ચાલે નરાળો નાટ. ૩૦૭
ચિં૦ વિવેકતણું બળ કે તું કસ્યું, જેમ તેજ દીપમાંહી વસ્યું;
દીપક જ્યાં મહાતેજે મળ્યો, ટળવા કોણ ને કયાંથી ટળ્યો.
વિં૦ કહું તાત! ઊંડું સ્થળ એહ, જ્યાં ન મળે દેહી[2] ને દેહ;
તેહથકી ભોગવણી અલગ, દૃષ્ટાંતે સમજી લે સળંગ. ૩૦૯

૧ બહુ શ્રેષ્ઠ. ૨ જીવ.

જે પારો ઔષધિએ મરે, તેની શીશી નીપજે સરે;
તેનાં પરાક્રમ હોય અમોઘ, જે અનુભવે તે થાય અરોગ.૩૧૦
ગુટકાકેરી નીપજ થાય, સ્વર્ગ મૃત્યુ પાતાળે જાય;
મુવાપછી બહુ પરાક્રમ કરે, પ્રજ્ઞાવાનની સુરત સંચરે. ૩૧૧
પારો ગંધકથી મરી જાય, દીસે નૈં અંતર મુરછાય;
થંભે નહિ અગ્નિની પાસ, કર્યો કરાવ્યો થાયે નાશ. ૩૧૨
વિવેકવિના તે એવું જ્ઞાન, નીરસ થૈને વરતે નિદાન;
ચિ૦ પરાકાષ્ઠા તેં સુચવી વાત, જેવું હતું તેવું સાક્ષાત્. ૩૧૩
સરસ થયાનો શિયો વશેક, તે આદિનો કરો વિવેક;
વિ૦ સરસ થયાનું એ એંધાણ, દેહથકી ટળે દ્વૈતનું ભાન. ૩૧૪
ચિ૦ વાત મુવાની જીવતે કહી, તે તે હું કેમ માનું સહી;
સ્વપ્નસાખ્ય દેવા નહિ કોય, એવું સરખું તે ત્યાં હોય. ૩૧૫
વિ૦ સાંભળ વાત હવે ચિત્તભુપ, હું જ્યાં રહીને કહું અનુપ;
મુજપણું રાખી બોલું હું, તો કહી દેજે જીવતો તું. ૩૧૬
પિંડબ્રહ્માંડ પરેરી[1] રેણ, ત્યાંજ રહ્યો હું બોલું વેણ;
જાણે પડછંદાની પઠે, તું જાણી બોલે છે હઠે. ૩૧૭
પણ ત્યાં બોલવાસરખું નથી, તુજ ઉદ્દેશે વાણી કથી;
ચિ૦ સુણ સુત ! જ્યાં હોએ આકાશ, ત્યાંથી હોએ શબ્દ પ્રકાશ.૩૧૮
તેમાટે ઊઠે છે ઘોષ, તું છું ત્યારે શું છે મોક્ષ;
વિ૦ સુણ રે તાત ! જહાં આકાશ, તહાં શબ્દે નૈં હોય સમાસ.૩૧૯
બોલંતાં એવો મુજ લક્ષ, જોવા એ તો મારી ચક્ષ;
મુજ જોતાં એવું છે સદા, તે થૈ વર્ત્તે થાએ દધા. ૩૨૦

૧ દૂર.

ચિ૦ વર્ત્યાની કે શા થૈ પેર, પિંડસહિત એકપણે ફેર;
વિ૦ હવે તાત ! સાંભળ ચિત્તરાય ! છોરૂ પિતાકાંધે ચડિ જાય. ૩૨૧
તેને પૂછવી પડે ન વાટ, થાકે નહિ ને કરે અટાટ;
પિતા કરે યોગખેમની પેર, જાગે ઊંઘે પણુ ઘેરનો ઘેર. ૩૨૨
દેશકાળ ત્યાં તેને નહીં, પિતાવૃત્યમાં વર્ત્તણુ રહી;
પર્વત ચડે જાય પાતાળ, રંચ આયાસ ન પામે બાળ. ૩૨૩
વસ્તુવિષે એમ દીઠું આપ, તેને નહિ સંસારઆલાપ[1];
અસંભાવના તેને નહીં, જેણે એવી ગૂઢ ગતિ ગૃહી. ૩૨૪
ચિ૦ પ્રિય સુત ! એ તો ગતિ છે ગૂઢ, તુજવિણુ હું છું જેવો મૂઢ;
હવે જેમ દેખાડે વાટ, તેમજ હું ચાલું રૈ ઘાટ; ૩૨૫
દેહ વળગીયો સરખો મને, દેહને ઈંદ્રી વળગ્યાં કને;
ઈંદ્રીને વળગ્યા સર્વે વિષે, તે ત્યાં ન રહે કીધા પખે. ૩૨૬
કરતા પડે શબ્દનો માર, તેનો શ્યો કરવો પ્રતીકાર;
વિ૦ અરે તાત! સાંભળ તું ચિત્ત ! સત્ય વરતાવે તેમ તું વર્ત્ય. ૩૨૭
સત્ય દેખાડે સુધી વાટ, સત્યવિના નૈં પામે ઘાટ;
તું સત્ય અગવો[2] આગળ કરે, તે પુંઠે જો તું સંચરે. ૩૨૮
પ્રવૃત્તિનિવૃત્તિ ભોગવ સત્યવડે, તો ક્યાંયે નૈં ભૂલો પડે;
સત્ય ખોયું તેણે ખોયું સર્વ, જ્ઞાન કથી રખે આણે ગર્વ. ૩૨૯
ચિ૦ જ્ઞાન તહાં સત્યનું શું કામ, શું ઉત્તર દેવાનું ઠામ;
વિ૦ જ્યારે તું નિદ્રાએ સુવે, ધર્મ્યું ધર્મ્યું તે વાએ ખુવે. ૩૩૦
એ ઉપર આપું દૃષ્ટાંત, જો સમજીશ તો થાશે શાંત;
જેમ કોય મ્હોટો મહારાજ, અંધથકો કરતો હોય કાજ. ૩૩૧

૧ સંસારની વાત. ૨ વાટ દેખાડનાર.

તેની પ્રજા હોય મહા દુઃખી, ચક્ષુહીન જેહનો રે સુખી;
નેત્રવિના તે ન્યાય કેમ કરે, મંત્રીનું ગમતું આચરે. ૩૩૨
મોહઆદિ દૈ કામ ને ક્રોધ, એવા પ્રધાનતણો તુજ બોધ;
તેણે કરી વણસે તુજપણું, તેમાટે હું કહું છું ઘણું. ૩૩૩
ચિ૦ સાંભળ રે પ્રિય પુત્ર! વિચાર, મુજસાથે એનો અવતાર;
તે કેમ મુજથી અળગા થાય, જેમ દીપકે તેજ વચું જાય.૩૩૪
વિ૦ હવે કહું સાંભળ ચિત્ત ભૂપ, એ દષ્ટાંતનું દેખાડું રૂપ;
જેમ શોભાવે દીપકને તેજ, તેમજ તુંમાં વિષેનું હેજ. ૩૩૫
સેજે દીપ કરે ઉદ્યોત, તેમ સુખે કરી હોએ જ્યોત;
તેજ દીપ જ્યારે પરશે તૃણ, ત્યારે દુષ્કર હોય આચર્ણ. ૩૩૬
જેમ જેમ જ્વાળા વધે બહૂળ, તેમ તેમ વાધે સ્નેહનું શૂળ;
કર્ણસ્વભાવ શબ્દની વૃત્ય, એટલે રહેતાં વાધે કૃત્ય. ૩૩૭
ત્વચા સ્પર્શ જાણતી ખરો, અદકો આદર શ્યાને કરો;
નેત્રજ જુવે સ્વભાવે રૂપ, તેનો તાણ્યો પડિયો કૂપ. ૩૩૮
રસના રસ જાણે તે ખરી, દુઃખ પામે છે અન્ય આદરી;
નાશાવિષે જાણે ખરો ગંધ, આદર કરે વધે છે ધંધ. ૩૩૯
સ્વાભાવિક હોય જેટલે તેટલે, રહે નિવૃત્તિ સુખ ભોગવે ભલે;
પણ તુજને ત્યાં વધાર્યા ગમે, વળતા વિષય તે તુજને દમે. ૩૪૦
ચિ૦ પ્રિય સુત! મુજને કે તે વાત, દુઃખરહિત જેમ રહું સાક્ષાત;
વિ૦ રે જો તાત! મૃતકવત થઇ, એમ કરીને જેમ રે વઈ. ૩૪૧
ઘટે ઉપાયે અચાનક ભોગ, ઉદ્યમવોણો ફળે જેમ રોગ;
ક્રિયા સમાય સહજ જેમ ફળે, ભોગવિયે અનુભવને ચળે. ૩૪૨
એવે થકે વસ્તુનો ભોગ, રેણીવિના[1] કીજે તે રોગ;

---

૧ સદાચરણ વિના.

જ્ઞાનભરોંસે કરવા જશે, તે આંતરશે હોંશને રસે. ૩૪૩
તેમાટે તનમનને માર, હોંશ ચડયો કરશે પ્રતીકાર;
ઉત્તમ મધ્યમ હોંશ જાણજે, એ નેઠો[1] અંતર આણજે.૩૪૪
નિશ્ચય રાખીશ સર્વાતીત, વેવારે ગુરૂભક્તિ ને પ્રીત;
વિહિતકર્મ આચર્યાનું નેમ, સત્યવૃત્તિયે યોગક્ષેમ. ૩૪૫
બાહ્યાભ્યંતર શુચિ રહે અંગ, જ્ઞાનખળોનો ન કરે સંગ;
વચન યથારથ વિષેમાં ઉદાસ, અનુભવ સરખો સર્વાવાસ.૩૪૬
એજ લક્ષણો જ્ઞાની જેહ, અતિશે વાલા હરિને તેહ;
ચિ૦ જ્ઞાનખળોનો કિયો વિચાર, તેનો કયો હોય આચાર. ૩૪૭
વિ૦ તાત ! તેની હોય ખળનિષ્ઠા, વચન વિવેક રૂડી ન ચેષ્ટા;
અંતર હરિગુરૂશું નહિ હેત, સ્નેહરહિત જેમ લુખી રેત.૩૪૮
ગુરૂના વચનવડે કરે વાત, રહે ન લે ગુરૂનું સાક્ષાત;
દૂધ જમાવે માંખણ કાજ્ય, જો જામે તો નીપજે આજ્ય.૩૪૯
વિષમ પડયું તો કાંજી[2] થાય, ખળજ્ઞાની એવા છે પ્રાય;
નૈષ્ઠિક જે જ્ઞાની નીપજે, તે સકળ ભાવે પામે વિજે. ૩૫૦
ચિ૦ પ્રિય સુત ! તું ધન્ય ધન્ય વિચાર, તારો લક્ષ તે સાક્ષાત્કાર;
વાત ચર્ચીને મુજને કે, જે ગુરૂ ગોવિંદ એક કે બે. ૩૫૧
શબ્દે દ્વૈતસરીખું થાય, અંતરનો શો છે અભિપ્રાય;
પરાત્પર[3] ગોવિંદ સહુ કહે,જે દૃષ્ટ ન આવે મુષ્ટિ ન ગ્રહે.૩૫૨
ગુરૂ તો દીસે પ્રગટ પ્રમાણ, ભૌતિક પિંડ સહિત પદ પાણ;
તો તે કેમ કહીજે એક, તે નિજરૂપ કહે પિંડવિવેક. ૩૫૩
વિ૦ સાંભળ તાત ! એ મોટો મર્મ, એ સમજે તું ચૈતન ચર્મ
ગુરૂવિષે જે ન દેખે કાય, તેણે પ્રીછયો ગુરૂમહિમાય. ૩૫૪

---

૧ નિશ્ચય. ૨ છાશ. ૩ માયાથી પર.

પરાત્પર ગુરૂ તેણે લહ્યો, જે ગુરૂને એમ સમજી રહ્યો;
પદપાણીવર્જિત[1] સુણ્યો જેહ, અવેવસહિત તેણે ધર્યો દેહ. ૩૫૫
જેમ કપુરની પ્રતિમા કરી, રૂપસહિત નિરખી વાપરી;
પલકે તે અદૃષ્ટ થૈ જાય, એમજ ગુરૂની દેખે કાય. ૩૫૬
નિપનો શિષ્યજ તેવો તેહ, એમ ગુરૂની દેખે દેહ;
કારણ એજ ભાવનાતણું, થોડામાંહી કહું છું ઘણું. ૩૫૭
ચિ૦ એક પ્રશ્ન મુજને ઊપજે, મુજથી કાંઇ ન ઉપજે રજે;
પરાધીનસો[2] દીસું હું, મુજને શબ્દે મારે સહુ. ૩૫૮
મુજ ઉપર બહુ પેરે પડી, જેમ વાટપાહા[3] કાડે હડી;
જાતાં આવતાં સહુ ધન શાય[4], ઈયાં દૃષ્ટ ને અહિંયાં કાય. ૩૫૯
ધજા ફરેરે વાયે કરી, સર્વ ધજાને દેખે ફરી;
વાયુ વાયાવિના નહિ રે, ધજા તહાં સ્થિરતા નવ ગ્રહે. ૩૬૦
મુજને એવી પેરે થયું, જો વિચારમાંહીં કાંઇ રયું;
વિ૦ નિશ્ચય કહું સાંભળ ચિત્તપિતા, મારા વિણુ તું ખાતો ખતા.
ચિ૦ સુત ! જેમ તું કે તેમ હું કરૂં, તનધજા સહી શું આચરૂં;
કાળરૂપિયો અનિલ વહે, તેણે કાયાધજા આફળે. ૩૬૨
કાળવાયુ વાતો નવ રહે, જીવ ધકા ખાતો નિર્વહે[5];
મારે તે શું કરવું કામ, મારી ભાંગી સર્વે હામ. ૩૬૩
વિ૦ ઊડી ધજા જો કયાંઇયે પડે, તો મારૂત વાતો કયાં આથડે;
હું સ્વરૂપિયું વસ્ત્રજ સડયું, તો ચિત્તરૂપિયું રહ્યું લાકડું. ૩૬૪
કાળવાયુ તેને શું કરે, ઘૂમે ઘણો તેથી પણુ ચળે;
તેમ તુંથી જો ઉપજણુ ગઇ, તો તું રયો વસ્તુમય થઈ. ૩૬૫

૧ હાથપગ રહિત. ૨ પરતંત્ર જેવો. ૩ માર્ગે જનારાઓને લૂંટનારા. ૪ લઇ લે. ૫ નભાવ કરે છે.

વસ્તુ તો સ્વે ગુરૂ મહારાજ, તેને સેવ્યે શીઝે[1] કાજ;
કાળવાયુ ચલાવી નૈં શકે, ગુરૂને સેવે એવેથકે. ૩૬૬
કાચી સેવા ત્યાં કાચું જ્ઞાન, જેમ ઔષધવિનાનું અનુપાન;
કાચી ભક્તિ ને લક્ષણહીન, તે પ્રજ્ઞા ત્યાં હોએ ખીણ[2].૩૬૭
પ્રજ્ઞાવંત પુરૂષ તો તેજ, જેને ગુરૂસાથે બહુ હેજ[3];
કાળરૂપીયો દવ[4] પરજળે, તો નાશી પેશિયે ગુરૂજળે. ૩૬૮
તેને પરાભવ ન કરે લાય, જો લે સદા ગુરૂમહિમાય;
ગુરૂ કૈવલ્ય કૈવલ્ય તે ગુરૂ, હું કૈવલ્યમાં શું ઉચ્ચરૂં. ૩૬૯
ચિ૦ ઘણી વાતના ગુરૂ મેં લહ્યા, તે તો પરપંચમાંહી રહ્યા;
જે વિદ્યા જે ગુરૂથી લહી, તેજ કળાનો તે ગુરૂ સહી. ૩૭૦
વેદ વિદ્યા ચૌદે[5] પરજંત[6], જે જે કર્ત્તવ્ય આદરે જંત[7];
તે વાતોના ગુરૂ તે હોય, તેને તેને સેવતાં સોય[8]. ૩૭૧
તું સત્ય કિયો રાખે છે ગુરૂ,મારૂં જાણ્યું મેં ઉચ્ચર્યું;
વિ૦ સુણ એકાગ્ર થઇ ચિત્ત વાત,જ્યારે અર્ભક[9]જન્મે માત.૩૭૨
પ્રસવતાંજ કરે પયપાન[10], ત્યારે જે ગુરૂ આપે જ્ઞાન;
તે ગુરૂ તો સાથે છે સદા, બીજા ગુરૂ તો છે બુદબુદા[11]. ૩૭૩
ચિ૦પ્રિય સુત! એમ તોછેજ સ્વભાવ,યંત્રભેદ[12]ચાલ્યો જાય સાવ[13];
જો દ્રુમ[14]કેમ પીયે છે નીર, અવનીનું શોખી[15]લે હીર[16].
મુક્તા નર માદાકને[17] જાય, સંપુટ બેસી એકઠાં થાય;

---

૧ સિદ્ધ થાય. ૨ ક્ષીણ. ૩ સ્નેહ. ૪ અગ્નિ. ૫ ચાર વેદ, ચાર ઉપવેદ ને છ વેદાંગ. ૬ સુધી. ૭ પ્રાણી. ૮ તે. ૯ બાળક. ૧૦ દૂધનું પાન. ૧૧ પરપોટા. ૧૨ યંત્રનું રહસ્ય. ૧૩ તદન. ૧૪ ઝાડ. ૧૫ શોષી. ૧૬ સાર. ૧૭ એમ કહેવાય છે કે નરમાદાની મોતીની જોડીમાંથી નરને વેચે તો તે મોતી રાત્રે પાછું માદા મોતી પાસે આવે છે.

અંબુજ[1] અર્કસામું[2] કેમ રહે, એમ સૌ સેજ સ્વાભાવે વહે.
ભૂલીને તું એમ ન ગણીશ, લૂખા લક્ષ પરેરો[3] હીશ;[4]
જે અવાચ્યનો છેજ સ્વભાવ, તે છે ગુરૂ સ્વતંતર સાવ. ૩૭૬
પ્રિય સુત! જો ગુરૂ એમજ છેજ,તો અંતરથી કાં નવ હેજ;
બાર ગુરૂ કાં શોધવો પડે, તું કે પ્રાપ્ત હોય સેવાવડે.૩૭૭
સેવાયે હોય ગુરૂસ્વરૂપ, તેં તો ગુરૂને કહ્યો અરૂપ;
વિ૦ તું તો ગુરૂને જોતો નથીજ,પણ પ્રત્યક્ષ દીસે છે ઇજ[5]. ૩૭૮
એઉપર કહું જે દૃષ્ટાંત, તે સોળે અંશે માને શાંત;
સૂર્યધામ કોય જોવા કરે, જોઈ ન શકાય તેજ આકરે. ૩૭૯
જેટલાં માંડે જળનાં પાત્ર, ત્યાં પ્રતિબિંબે રવિ સાક્ષાત;
જ્યારે દીઠો પ્રત્યક્ષ અર્ક, ત્યારે ગયો સંશયનો તર્ક. ૩૮૦
બિંબ જોવાએ પ્રતિબિંબવડે, તેમ ગુરૂ જોવાએ ગોવિંદવડે;
તે પ્રતિબિંબ ત્યાં ઝળકે બહુ,તેમાટે ગુરૂને ગોવિંદ કહું.૩૮૧
અર્ક આકાશે પ્રતિબિંબ ધરી,પણ લક્ષ જોતાં એકજ ખરી;
ગુરૂ તે એમ જેરે વ્યતિરેક[6]તે ગુરૂ સદા સ્વતંતર છેક. ૩૮૨
એમ શિષ્યને દેખાડે આપ, તે સદ્‌ગુરૂનો રાખે થાપ[7];
બીજા ગુરૂ બીજી વાતના, મંત્ર યંત્ર ઔષધ ધાતના. ૩૮૩
વિદ્યાઅવિદ્યાના દાતાર,તેનો શિદને કરછ વિચાર;
એ સર્વે પ્રપંચના ગુરૂ, તેનું જોતાં માથાસરૂ[8]. ૩૮૪
પ્રેરક તેનું છેજ અવાચ્ય, સપના સરખું જાણી રાચ્ય;
કોડી[9] નિશાને દ્રવ્ય તો ખરો, તેનો ક્રે વિક્રે સહુકો કરો.૩૮૫
પણ ઢાળ ન નિપજે ગાળ્યા થકે, કોય મુદ્રા પાડી નૈં શકે;

---

૧ કમળ. ૨ સૂર્ય સામું. ૩ ઉપર. ૪ અભિમાન. ૫ એજ. ૬ ભિન્ન. ૭ સ્થિતિ. ૮ મથાળું. ૯ રમવામાં વપરાતી કોડી.

પરપંચમાં કાજાગરી[1]વાત, નીપજ નોય તેથી સાક્ષાત.૩૮૬
ચિ૦એક પ્રશ્ન સૂઝે છે મને, તેં તો ગુરૂ દેખાડયો કને;
પણ પરથમ તેં રાખ્યો થાપ, જે કરવી ભક્તિ સહી બાપ.૩૮૭
હવે તે વચન ક્યાં બેસશે, જે બહુ પિંડે તું કે છે રસે;
નવધા સુધી ત્યાં કહી ભક્તિ, એક એકની નવનવી યુક્તિ.૩૮૮
અર્ચન વંદન કીર્તન કરે, પદસેવન અર્ચન આદરે;
સ્મરણ દાસત્વનો બહુ ભેદ, સખાભાવ ને આત્મનિવેદ.૩૮૯
એકાશી સુધી તે લખી, તે તેં કહી પરશી પારખી;
બહુ પિંડે તું આચરણહાર,વેશ ક્રિયા ને વિવિધ આચાર.૩૯૦
તે તેં શું જાણીને કહ્યું, વસ્તુવિષે તો કાંઇ નવ રહ્યું;
વિ૦ હવે કહું સાંભળ ચિત્તરાય! મેં કહિયું તેનો અભિપ્રાય.૩૯૧
તુજને જ્યારે પિંડજ સ્ફુરે, ત્યારે સ્વરૂપ નિશ્ચય વીસરે;
જેમજેમ બોળો દેહાધ્યાસ[2],તેમ તેમ હોય સ્વરૂપનો નાશ.
જ્યારે નિજપણુ ગયું વીસરી,ત્યારે સ્વપ્ન શ્રેણી[3]ચોરાશીખરી;
તે નિદ્રા નિર્ગમવાકાજ, ભક્તિ દેખાડી અંતરબાહ્ય. ૩૯૩
જેમ કેને ઉપજે ભ્રમરોગ, વિકળ થૈ જાય તનમનજોગ;
સ્વાદે લાગ્યો દહીં ખાંડ ખાય, તેમતેમ ગ્રથલ[4] ઘણેરૂં થાય.
તે પછી નિર્મળ કરવા કાય, તીખાં ખારાં ઓસડ ખાય;
શાંતિમાં આવ્યે થાય આરોગ્ય,રસમાં પડે તો થાયે રોગ.૩૯૫
જેમ કોય બાળક આડે[5] ચડે, સ્વાસ લઇને પૃથ્વી પડે;
તેને આળેલુંબે[6] લગાડે માત, ત્યારે કરતો રે ઉતપાત.૩૯૬

---

૧ કામની. ૨ દેહાભિમાન. ૩ હાર. ૪ ગાંડપણુ. ૫ હઠે. ૬ ખોટી વાતે.

કહ્યું હતું ઘટવા ઉન્માદ, તું તો કરવા લાગ્યો વાદ;
નહિ નાચ્યાખુંદ્યાનું કામ, અંતરમાં ઓળખવો રામ. ૩૯૭
એ ઓસડનું અજીરણ થાય, વ્યસને લાગ્યો ક્યાંયે જાય;
ચિ૦સુત! જેવારે કરવી ભક્ત્ય, પાછી આણવી આતમવૃત્ય[1]. ૩૯૮
આંઈ ભક્તિ તે કેવી ઘટે, આ તો લખાણી ગુણને પટે;
જેણે પામીયે સ્વામી સદ્ય, એવું અમૂલ્ય વિચારી વદ્ય.૩૯૯
વ૦ હું કહું તે દૃષ્ટાંતે જાણ, અણુલિંગી ભક્તિની ખાણ;
મેઘવૃદ્ધિ થનાર હોય ઘણું, તારે દેખાડે બહુતેજપણું.૪૦૦
તપે ઘણું તેણે પિંડબ્રહ્માંડ, તેણે કળી આવે સઘળે માંડ;
બહુ તેજે જળ પરગટ થાય,હરી[2]હરી પૃથ્વી થૈ જાય.૪૦૧
એણે દૃષ્ટાંતે જે છે ભક્તિ, આતુરતા ઉપજે અમિતિ;
બહુતાપે જેમ પ્રગટે તોય[3], અંતરથી હરિ પરગટ હોય.૪૦૨
વ્રેહવૈરાગ અંતરે અપાર, બાર ન જાણે કોય લગાર;
જેમ ગજકોઠાની[4]પર થાય, અંતરથકિ દ્રવ્ય બળીજાય.૪૦૩
તેમ દેહાભિમાન અંતરથી ગળે, રસરૂપ થૈ સ્વામીમાં ભળે;
સદા સમવાનો તે ઘટ રામ, અહંકૃત થૈ રચું રૂપનામ. ૪૦૪
અણુલિંગી ગુરૂ તેને મળ્યો, ગુરૂ રહ્યા ને શિષ્ય તે ટળ્યો;
લૌકિક ભક્તિ તહાં નવ હોય,આપે આપની નીપજ જોય.૪૦૫
કરવી કહીતિ જે મેં ભક્તિ, તેની એમ જાણી લે યુક્તિ;
ગુરૂસેવા તે આતમ અલખ, બ્રહ્મ બ્રહ્મ ત્યાં રે છે પક્ષ.૪૦૬
જો નીપજે તો એમ નીપજે, બાકી સૌ મન ગમતું ભજે;
દેહાભિમાન એ મોટો રોગ, જેણે નોએ આતમજોગ. ૪૦૭

૧ આત્માકારવૃત્તિ. ૨ લીલી. ૩ પાણી. ૪ હાથીના પેટમાં ગયેલા કોઠા નામના ફળની પેઠે.

સમઝવો છે મરમ ચિત્ત એહ, હરવો[1] છે વાસના લિંગદેહ;
દેહાભિમાન રહ્યું છે અહીં, તારે કુશળ રહ્યું નૈં કહીં.૪૦૮
ચાં તો છે ટાળ્યાનું કામ, અહં ટળે રહે આતમરામ;
જો જાણે તો એમજ જાણુ, મૈં તો કૈં મૂક્યું નિર્વાણ.૪૦૯
ચિ૦એ રીતે સુત! ભાંગ્યો ભર્મ, ભ્રમ ભાગ્યે મેં લીધા મર્મ;
વચનમાત્ર મારૂં ચિત્તનામ,જેમ છે તેમ પૂરણનિજધામ.૪૧૦
મારો મુજમાં હવો સમાસ, તુજદ્વારા હવે હવો પ્રકાશ;
હવે નહીં રહી પૂછવા વાત, જેમ છે તેમજ છે સાક્ષાત.૪૧૧
જ્યાં જેવો ત્યાં તેવો હું, એમજ સરખા હું ને તું;
અહં બ્રહ્મ તે સ્વે સાક્ષાત, સ્વે સ્વેમાં છે સઘળી વાત.૪૧૨
તેમાટે સુણ ચિત્તવિચાર, તેને નોહે ભવસંસાર;
દમાય નહીં તે દેહને વિષે,કહે અખો એમ સમઝો સુખે.૪૧૩

ઇતિ શ્રીચિત્ત-વિચાર-સંવાદ.

[1] દૂર કરવો છે.

# ગુરૂ-શિષ્ય-સંવાદ.

## પ્રથમ ખંડ-ભૂતના ભેદો.

### દોહરા.

ગુરૂચરણે શિષ્ય આદરે, પ્રેમે કરી પ્રણામ;
પદપંકજ પાવન સદા, નમો નમો પરં ધામ. ૧
તપત થયો મહારાજ હું, ભવતાપ અંતર્બહૂલ[1];
તમ કૃપારૂપી વચન જે, તે વહી આવિયો મુજ તૂલ[2]. ૨
મંદબુદ્ધિ હું પૂછવા, સામર્થ્ય નહિ ગુરૂરાય;
પ્રભુ પધારો અંતરે તો, મારૂં સાર્થક થાય. ૩
ગુ૦ ભલે ભલે શિષ્ય ઉગ્રબુદ્ધિ,મહા આશંય[3] તું વીર;
હું જાણું તુજ બોલતાં, તું પરં પદ પૂછીશ ધીર. ૪
શિ૦સત્ય સત્ય સ્વામી ગુરૂ, તમે હાર્દ લહ્યું હરિરૂપ;
પરમપદ તે મુજને કહો, ટળે પ્રપંચ અંધકૂપ. ૫
ગુ૦ ગુરૂ કહે શિષ્ય પરં પદનો, રસનાયે નહિ થાપ;
કરે ગ્રહી નથી આપવા, તે સમજે સનમુખી આપ. ૬
પ્રકૃતિ પુરૂષનો વિવેક એ, જો બુદ્ધિ ગોચર થાય;
તો જનમમરણસંશય ટળે, મન તુર્યાતીત ઠહેરાય. ૭
વિધિ વિવેકે પ્રીછતાં, દીસે આપોપું અલગ;
આત્મઅર્ક ઉદે હવો, તાં તેજ છે તત્ત્વ સળંગ. ૮

---

૧ અંતઃકરણમાં બહુ. ૨. રૂના જેવું સ્થૂળ શરીર. ૩ ઉદાર અંતઃકરણવાળો.

## ચોપાઈ.

આતમજ્ઞાનતણો જે વિવેક, એક અનંત અનંત મળી એક;
તેહતણા ત્યાં જન્મ ને ભેદ, સત્ય શાસ્ત્ર તે કહે છે વેદ. ૯
જેમ સૂર્ય ને સૂર્યનાં કિર્ણ, એ સમજી દૃષ્ટાંતે વીણ;
અર્કસ્થાની કહિયે વસ્ત, જેને નહીં ઉદે ને અસ્ત. ૧૦
અકળ અનુપમ સર્વની આદ્ય, કેમ હોય મનબુદ્ધિ સાધ્ય;
અર્વાચીન પ્રપંચ તેથકે, તે તેને જાણી કેમ શકે? ૧૧
જાણ્યાવિના પ્રપંચ ન ટળે, ભલે કોટ જન્મો આફળે;
શુક સનકાદિ નારદ વ્યાસ, શેષ શિવ વસિષ્ઠ બુદ્ધિરાસ.૧૨
જ્ઞાનતણા તે કહિયે અર્ક, સદ્ય શાસ્ત્ર જેના છે તર્ક;
તેજ અનુભવ તત્ત્વનું જ્ઞાન, જેણે તત્ત્વનું લહિયે માન.૧૩
તત્ત્વ જાણ્યા વિણ ચેતન જેહ, સમ્યક્બુદ્ધિમાં નાવે તેહ;
જ્યાંલગી નોચે વસ્તુભોગ, પ્રપંચ દીર્ઘ તે ન ટળે રોગ. ૧૪
તેમાટે તત્ત્વજ સર્વથા, થાશે ગોચર સુણજે કથા;
ગુરૂ ગોવિંદ શાસ્ત્ર સંતે કહી, બુદ્ધિપ્રમાણે જે મેં લહી. ૧૫
એજ જ્ઞાન ભક્તિ વૈરાગ, એજ દાન તપ તીરથ ત્યાગ;
જે ચેતનશું સમરસ હોય, પૂર્ણકામ નર ભણિયે સોય. ૧૬
તત્ત્વ ઉદ્ધરી અળગાં કરે, શેષ ભાગ ચેતન ઊગરે;
તે ચેતન નિજ જાણ્યું આપ, ત્યારે સહેજે ટળિયા તાપ. ૧૭

## દોહરા.

શિ૦ ભેદ કહો મહાભૂતનો, જેમ બુદ્ધિ સમજે મર્મ;
ચેતનમય દીસે સકળ, જેમ સમજું હું અનુકર્મ[1]. ૧૮

---

૧ અનુક્રમ.

## ચોપાઈ.

ગુ૦ પરબ્રહ્મ પ્રપંચ સમ રહે, પંચ વિશેષણ શ્રુતિ કહે;
ત્રે[1] વિશેષણ વસ્તુતણાં, અને બે તે પ્રપંચનાં[2] ભણ્યાં. ૧૯
અસ્તિ કેતાં સદા સ્થિત જેહ, આદ્યઅંત્યનું કારણ તેહ;
જગત જેવડે ઝળકી રહ્યું, બીજું વિશેષણ ત્યાંએ કહ્યું. ૨૦
સર્વે પ્રિય લાગે જેમાટ, દુઃખ ટાળી સુખ ઘાલે ઘાટ;
પરબ્રહ્મનાં વિશેષણ ત્રણ, બે પ્રપંચનાં સુણજે કર્ણ. ૨૧
ઉપજે તેનું રૂપ બંધાય, રૂપ થયું તેનું નામ ધરાય;
ઉત્પત્તિ સ્થિતિ લે તે થાય, નામ રૂપ આવે ને જાય. ૨૨
એ પંચવડે કાહયે સંસાર, જે સમજે તે પામે પાર;
પેલાં ત્રણ તતું નિજ આપ, અને બે કયાં તેનો ટાળે થાપ. ૨૩
પંચભૂતનાં જાણ્યે અંગ, ભૂતોનાં સ્થૂળ સૂક્ષ્મ લિંગ;
મહાનુભાવ એમ સમજી રહ્યા, તે પ્રપંચ પારંગત થયા. ૨૪
સાંભળ શિષ્ય ભૂતનો ભેદ, જેણે કરી ઉપજે નિર્વેદ;
ભૂતકલ્લોળ જાણે જે કોય, સ્વયં આત્મા ભણિયે સોય. ૨૫
કહ્યું વશિષ્ટે સુણિયું રામ, પંચભૂતથી રૂપ ને નામ;
ઉપર ભૂતળ ને બિલ[3] સર્ગ, પંચભૂતનો જાણ્યે વર્ગ. ૨૬
છઠ્ઠો કાંઇ પદાર્થ નથી, મુનિજને મન જોયું મથી;
હું તું એમ જાણી રહ્યા સંત, તો કહે શું ને શું બાધે રત. ૨૭
તેમાટે શિષ્ય સાંભળ વાત, તત્ત્વ લહે છે જે સાક્ષાત;
એ સમજાયે અન્ય નવ રહ્યું, હતું તેમ જથારથ થયું. ૨૮
અવિગતથી નભ ઉપન્યું સાર, નભે પવનનો હુવો વિસ્તાર;
પવને તેજ હુવું ઉત્પન્ન, તેજતણું તે પાણી તન્ન[4]. ૨૯

૧ ત્રણ. ૨ જગતનાં. ૩ પાતાળ. ૪ પુત્ર.

પાણીથી મહી[૧] પ્રગટ હોય, જેમ ઉત્પત્તિ તેમ લે[૨] તું જોય;
તેહતણી હું કહું વિધિ જેહ, એક મને સાંભળજે તેહ.૩૦
પંચ પંચમાં વરતે સદા, સાક્ષીવત્ આત્મા રહે તદા;
એકમાં બીજાં વરતે ચાર, સમરસ ત્યાં સેજે વ્યાપાર. ૩૧
અવની જહાં ધરે અવકાશ, ત્યારે જાણવું સત્ય આકાશ;
જ્યારે જ્યાં ભૂકંપન થાય, ત્યાં અવનિમાં વરતે વાય. ૩૨
રત્નાદિક હીરા કહેવાય, એ ધરતીમાં તેજે થાય;
પ્રત્યક્ષ જળ દીસે છે ધરા[૩], એકમાં ચાર વર્ત્તે તે ખરા.૩૩
હવે જળમાં વર્ત્તે છે ચાર, તેહતણો કહું છું નિર્ધાર;
અંબુમાં[૪] જે જામણશક્તિ, તે અવનીની જાણે વ્યક્તિ. ૩૪
જડપણુ જે ઊઠે છે માંય, અંતે તેજ વરતે છે પ્રાય;
વીચી[૫] જે વણસે છે મધ્ય, એ મારૂતની[૬] જાણો વૃધ્ય.૩૫
ગગનતણો ગુણ એ જળવિષે, જે આવે તેને રાખી શકે;
એજ ચતુર્ગુણ ધરે છે વાર, હવે કહું જે તેજે ચાર. ૩૬
તેજવિષે એ જાણો મહી, જે વિદ્યુતમાં લોહ ઉપજે સહી;
અગ્નિવિષે જળ એ કેવાય, જે લાગે વહ્નિ સેજે ઓલાય. ૩૭
અગ્નિદાહ અગ્નિથી ટળે, તેજમાંહી જળ શોધ્યું મળે;
તેજમાંહિં ચંચળતા જેહ, વાયુતણું ત્યાં લક્ષણ એહ. ૩૮
દીપસરખા પ્રકાશે દેહ, એ આકાશ મહાપુરૂષજ કેહ;
અગ્નિમાંયલાં તત્ત્વ એ ચાર, મારૂતનો હું કહું વિસ્તાર. ૩૯
ધારકશક્તિ ધરે સમીર, એ મેદિનીનું જાણે હીર;
અહિ જોગીની ટાળે તૃષા, એ મારૂતમાં જાણો વૃષા. ૪૦

૧ પૃથ્વી. ૨ લય. ૩ પૃથિવીપર. ૪ જળમાં ૫ તરંગ. ૬ પવનની.

વાયુ શોષણુશક્તિ ધરે, તેજતણો ગુણુ એ પરવરે;
અણુસંગી ને અરૂપજ હોય, એ ખંકેરૂં[1] લક્ષણુ જોય. ૪૧
હવે કહું ઘોલક્ષણુ[2] સાર, અંતર તત્ત્વો વર્ત્તે ચાર;
અહંકાર ધરતીનું રૂપ, ચિત્ત તે આપતણુંજ સ્વરૂપ. ૪૨
તેજસ્થાની તે કહિયે બુદ્ધિ, મનમાં વાયુતણી છે શુદ્ધિ;
એ અંબરનું લક્ષણુ કહ્યું, જે ગુરૂગોવિંદસંતે લહ્યું. ૪૩
ભૂતભેદ કહ્યા સારોદ્ધાર, પાંચેને ચેતન આધાર;
ચેતનની લહેરો મહાભૂત, લહેરોનું પ્રતિબિંબ અદ્ભુત.૪૪
ભૂત ઉપજે વરતે સમે, કોઇ કાળે મહાભૂત આથમે;
ચેતનસાગર જેમ છે તેમ, એકે દ્વંદ્વ નહીં ગુણુકર્મ. ૪૫
દત્ત કહે ષટ્આનન[3]! સુણો, થોડામાંહે અર્થજ ઘણો;
તત્ત્વમસિ વાયકનો ભેદ, એ આદ્યે હૈ બોલ્યા વેદ. ૪૬
આત્માનું પ્રતિપાદન કર્યું, તત્ત્વપણું અળગું ઓધર્યું;
મહાજળમાં જેમ ભમરા વળે, વારિમાંહી આવી ભળે.૪૭
આવૃત્તિ ભમરાનું નામ, પંચભૂતકેરૂં તે ઠામ,
નેતિ નેતિ કહે છે વેદ, ભૂત નોહે વસ્તુનો ભેદ. ૪૮
શિષ્યને ગુરૂ કહે સુણુ વાત,વસ્તે[4] રહેને તું સાક્ષાત;
શિવના તનપ્રત્યે કહે દત્ત, મહા ઉપદેશ માન તું સત્ય.૪૯

**इति श्रीगुरुशिष्यसंवादे भूतभेदो नाम प्रथमखंड. ॥ १ ॥**

---

૧ આકાશનું. ૨ આકાશનું સ્વરૂપ. ૩ હે કાર્તિકસ્વામી! ૪ વસ્તુએ-ચેતનસ્વરૂપે.

## દ્વિતીય ખંડ–જ્ઞાનનિર્વેદ યોગ.

### ચોપાઈ.

ગુ૦ પંચભૂતની આકૃતિ જેહ, વસ્તુસિંધુમાં દીસે તેહ;
નેતિ નેતિ જે વેદે કહ્યું, તેનું કારણુ મેં તો લહ્યું. ૧
ભૂત નોહે એ વસ્તુજ વસ્ત, કહે નિગમ ઊંચો કરિ હસ્ત;
આર્ય શિષ્ય પ્રીછી લે મર્મ, આગળ બોલ્યો જે અનુક્રમ. ૨
યત્ કિંચિત્ પદારથ જેહ, ભૂતઉપાધિ જાણે તેહ;
એણે વિવેકે તત્ત્વ ઉદ્ધરે, શેષ ભાગ ચૈતન્ય ઉગરે. ૩
કારણુ જાણ્યાનો એજ ઉપાય, જો કારજ બુદ્ધિગોચર થાય;
ત્યારે બુદ્ધિ કારજમય ટળે, વસ્તુ થૈ વસ્તુમાં ભળે. ૪

### દોહરા.

શિ૦આ લોક ચૌદલગી પ્રભુ મેં, જાણ્યો ભૂતકલ્લોળ;
પણુ પરમાત્મા પ્રીછ્યો નહીં, એ સંશય અંશે સોળ. ૫

### ચોપાઈ.

ગુ૦ તત્ત્વ કહ્યાનું કારણુ એહ, ચલણુવલણુ દીસે છે દેહ;
તેમાં જીવ ધરે છે આપ, તે જાણી કહ્યો જીવનો વ્યાપ. ૬
ભૂતઉપાધિ ઉપજે પિંડ, પિંડ તેમ જાણે બ્રહ્મંડ;
ભૂત ભેદ ઊઠે આકાર, આકારે કહાવે સંસાર. ૭
ત્રણુ સ્વર્ગ મૃત્યુ પાતાળ, લોક ચૌદની જોજે ભાળ;
ભૂતવિનાનો પદારથ નથી, પેરે પેરે જોયું મથી. ૮
નામરૂપ મહાભૂતે ધર્યાં, બહુ વિધે કરીને વિસ્તર્યાં;
જહાં રૂપ ત્યાં વાસનાલિંગ, એહ ભૂતનું જાણે અંગ. ૯
તત્ત્વસાગરે બુદબુદ પિંડ, સચરાચર દીસે બ્રહ્મંડ;

સેજે ઉપજે સેજે ખપે, અણુછતો જીવ થૈ હું જપે. ૧૦
કરતા કારવતા નહિ કોય, જોગ ભોગ સૌ સેજે હોય;
વસ્તુવિષે નૈં ઉપજ્યું શમ્યું, મનનું કારજ મનશું રમ્યું. ૧૧
પરમાત્માની પેર કોણ કહે, જે પ્રપંચઅગોચર રહે;
શબ્દે કરીને જે કહેવાય, તે આકાશતણો મહિમાય. ૧૨
આકાશ તો મહત્તત્ત્વથી થયું, તેથી ચેતન આગળ રયું;
મહત્તત્ત્વ શૂન્યેથી હોય, પ્રકૃતિ શૂન્યે કલ્પિત સોય. ૧૩
કલ્પનામાત્ર કલ્પ્યો સંસાર, તે શું જાણે વસ્તુ નિરધાર;
શબ્દવિના જો જાણી રહે, ઉત્પત્તિ સ્થિતિ લે કોણ કહે? ૧૪
સોણાજેવું છે હું છેક, વાણી ઉચ્ચારવિના નહિ એક;
સુણે કોણ ને કોને કહે, આપવિના આપ સમજી રહે. ૧૫
પદમાં રહી જન જે જેમ કરે, વાંછિત ભોગજોગ આચરે;
પદ પ્રિછ્યાનો એહજ મર્મ, નથી ઉપાધિ ધર્માધર્મ. ૧૬
જે ઇશ્વરપદ ભેદી વટયો, કાળમાયાએ તે નૈં નટયો[1];
અણુલિંગી નવ દીસે આપ, ત્યાં કેમ લાગે પુણ્ય કે પાપ. ૧૭

### દોહરા.

શિ૦ અન્ય શાસ્ત્ર સુણતાં પ્રભુ, મારૂં ઘુંચાણું મન;
અહં ટળે જે અહં રહે, તે મહાભાવ મહાજન. ૧૮
કૃપા કરીને તે કહો, જેણે અહંભાવ સદ્ય જાય;
મહા સામર્થ્ય મનમાંહી પ્રગટે, તનમન શીતળ થાય. ૧૯

### ચોપાઇ.

ગુ૦ સાંભળ શિષ્ય કહું હું સાંખ્ય, સન્મુખ થૈ સમજીને રાખ્ય;
ગીતામાંહી કહ્યું શ્રીકૃષ્ણ, જે જે અર્જુને પૂછયાં પ્રશ્ન. ૨૦

---

૧ નાચ્યો.

કૃષ્ણ અર્જુનને કે સુણ વીર ! તે ગુરૂ શિષ્યને કે સુણ ધીર !
જેને અહંતા નથી લગાર, તેને નવ લેપે સંસાર. ૨૧
જગત્‌નિયંતા હોય જો જન, તોય પરાભવ નહિ તે તન;
કર્ત્તાથકો અકર્ત્તા તેહ, જેને અહંભાવ નહિ દેહ. ૨૨
કહે અચ્યુત અર્જુન સુણ વીર ! તત્ત્વદર્શીને નથી શરીર;
ગુરૂ કહે છે સુણ શિષ્ય! તાત! હરિએ અર્જુનને કહી વાત.૨૩
એ તો સદ્‌ગુરૂનો ગુરૂભાગ, શુદ્ધ શાસ્ત્રનો નહિ ત્યાં વાદ;
કાંડ ચાદમે[1] બોલ્યા વેદ, તેનો જાણે વિરલા ભેદ. ૨૪
શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું, તે દત્તાત્રેયે નિર્વહ્યું;
રઘુપતિપ્રત્યે કહ્યું વસિષ્ટ, તે ઉદ્ધવપ્રત્યે કહે ઈષ્ટ.[2] ૨૫
કહું અવનિને અવનિ મ જાણ, ઉદકે નોહે ઉદકનવાણ;
તેજને રખે જાણ તું તેજ, પવન તે પવને નોહે એજ[3].૨૬
આકાશ તે નોયે આકાશ, વસ્તુદષ્ટિનો થાય વિનાશ;
બુદ્ધિભેદે ભાસ્યું વિપરીત, ત્યારે લીધી અવળી રીત. ૨૭
આત્મગુરૂ જો આપે દષ્ટ, ત્યારે બુદ્ધિ બને ઉત્કૃષ્ટ;
તે બુદ્ધિનું વિચરણ અલગ, ચિદ્‌વિલાસ છે સર્વ સળંગ.૨૮
ઉર્વિ ચેતન ચેતન આપ, ચૈતન અનળ અનિલનો વ્યાપ;
ચેતન વ્યોમ અવ્યક્ત બ્રહ્મ સદા, તે જાણે ટળે દ્વૈતઆપદા.૨૯
વકરી[4] દષ્ટયે[5] દીસે ભૂત, વસ્તુ વિચારે છે અદ્‌ભુત;
વસ્તુ વિચારે વસ્તુજ વસ્ત, તહાં કો કહે ઉદે ને અસ્ત. ૩૦

## દોહરા.

શિ૦શિષ્ય કહે છે હે પ્રભુ ! એ સંશય મુજ મન;
વકરી દષ્ટ તે કોણતણી, જો વસ્તુવિના નથી અન્ય. ૩૧

---

૧ શતપથ બ્રાહ્મણને ચાૈદમે કાંડે–બૃહદારણ્યકોપનિષદ્‌માં. ૨ શ્રી કૃષ્ણ. ૩ બ્રહ્મજ. ૪ વિકાર પામેલી–બહિર્મુખ થયેલી. ૫ દષ્ટિએ–વૃત્તિએ.

ગુ૦ ગુરૂ કહે છે વસ્તુની, હે વત્સ! છે મોટી વાત;
પ્રપંચનામ તેણે પડયું, જે લઘુલાઘવ છે તાત! ૩૨
પર કેતાં પરબ્રહ્મ હરિ, અને પંચ કેતાં પંચભૂત;
એ પ્રપંચ નામ જુઠાતણું, એમ પ્રગટયો વંધ્યાસુત. ૩૩

## ચોપાઈ.

મિથ્યા પુરૂષ મિથ્યાથો છતો, ચાલ્યો જાય પ્રકૃતિનો વતો;
મિથ્યારૂપ ને મિથ્યા નામ, મિથ્યા માંડયું મિથ્યા ગામ. ૩૪
તેને ભૂત ભવિષ્ય વર્તમાન, ધર્મ અર્થ ને મોક્ષનું ભાન;
ઉત્પત્તિ સ્થિતિ તેને હોય, હાનિ વૃદ્ધિ જ્યાં ત્યાં જોય. ૩૫
બાળક જોબન વૃદ્ધતા તેહ, સુખ દુઃખ ખટ ઉર્મી છે દેહ;
મૃષાપુરૂષ[1] માયાનો પુત્ર, જીવઈશ્વર માંડ્યાં બે સૂત્ર. ૩૬
જીવેશ્વર કહાવે સંસાર, વિદ્યાઅવિદ્યા ચાલી લાર[2];
કર્મવિકર્મ તે સર્વે સત્ય, જો આપોપું માન્યું નિત્ય. ૩૭
નિત્ય બંધન જીવે કેવાય, તે ભજવા ઈશ્વરને જાય;
ઈશ્વર ભજતાં જીવજ ટળે, નહિ તો બે સંસારે રળે. ૩૮
એમ અજાનું[3] ચાલ્યું જાળ, વસ્તુ વિચારે આળપંપાળ;
જીવેશ્વર બે માયાએ ઘડ્યા, સ્વામીસેવક થૈ રડવડ્યા. ૩૯
કલ્પનામાત્રજ કહિયે અજા, ચારે ખાણે તેની પ્રજા;
વસ્તુવિષે એકે નહિ દ્વંદ્વ, જે દીસે તે માયાફંદ. ૪૦

## દોહરા.

શિ૦સ્વામી! માયા એવી બળવતી, તે કોણે કરી ગુરૂદેવ;
કે સર્વે સમર્થ છે અજા, કહો મુજને તેનો ભેવ. ૪૧

---

૧ મિથ્યા પુરુષ. ૨ હાર. ૩ માયાનું.

### ચોપાઈ.

૦ આરજ! માયા સર્વે બળવતી, તે મિથ્યા હુતી થૈ છતી;
નામે તો છે પણ નહિ રૂપ, મોહ્યા સુર દાનવ મુનિભૂપ.

### દોહરા.

૧૦ હરિ હર અજ દાનવ, મુનિસરખા મોહ્યા માય;
તો શ્યો આશરો માહરો, એ સંશય મનમાં થાય. ૪૩

### ચોપાઈ.

૦ જે પેરે માયા જાણી જુઠી, ત્યારે પંચની છૂટે મૂઠી;
બુધની[1] ધારા ટાળો કુટી, અનુભવાનંદ આવે ઊઠી. ૪૪
જ્યારે અનુભવ ઉગ્યો કિરણી, ત્યારે કરશણુને તુઠી ભરણી;
નિરાલંબ વસ્તુ આદરણી, પદ પ્રાપ્ત દીસે ન ધરણી. ૪૫
તજજ્ઞ ગગન ન દીસે વેહેરો, બ્રહ્મકવચ જાણીને પેહેરો;
દ્વૈતાદ્વૈતનો પરવાહ હેરો, ટળે ધ્યેધ્યાતાનો ચેહેરો. ૪૬
સંશયપણે સંસાર સવાયો, નિઃસંશે નહિ મૂળ ન પાયો;
નહિ હૂતું કોણે કોણ ગયો, એમ સમજે સંસાર શમ્યો.૪૭
જ્યાં કેવા ને સુણવા નથી, ત્યાં કલ્પના થાપી અણછતી;
તે કલ્પનાએ કર્યો સંસાર, પ્રકૃતિપુરૂષકેરો વિસ્તાર. ૪૮
વાચારંભણુ[2] સાચું થયું, જ્યાં આપોપું વિસરી ગયું;
જ્યારે આપ સંભાળ્યું નરે, ત્યારે મુક્તિ પામ્યો વણ મરે.૪૯
હોય આકાશમાં અંધકાર, ત્યારે ભાંગે ચક્ષુવ્યાપાર;
તે અન્ય પ્રપંચ કેમ દેખે મંડય, જો પોતાનો ન દેખે પંડય.૫૦
મનોમય સઘળું મંડાણ, મનોમય પંડિતની વાણ;
મનોમય આ ચૌદે લોક, મને રચિત તે સર્વે ફોક. ૫૧

---

૧ બુદ્ધિની. ૨ વાણીવડે કહેવાતું.

મનવડે પંડિત બાંધે ગ્રંથ, મનવડેજ દર્શન ને પંથ;
મનવડે જોગી સાધે જોગ, મનવડે ભોગી માને ભોગ. ૫૨
મનથી ઈશ્વર મનથકી જીવ, મન જેમ ઘાટ ઘડે ચક્રીવ[1];
મન મનમાં જ્યારે ગયું શમી, તારે તદ્રૂપી પ્રકૃતિ આથમી.૫૩
મદ્યપાની જો મધુ પી છકે, અણુછતો પ્રપંચ દેખે બકે;
માદક ઊતર્યો પાછો વળી, તારે મદરૂપી પ્રકૃતિ ટળી.૫૪
તેમ મન તે માયા માયા મન, વહ્નિ જ્વાલા જ્વાલા તે અગ્ન;
અગ્નિમાંહી અગ્નિ ગયો શમી, શિખા તેજ માયા આથમી.૫૫
તેમાટે સત્યે સર્વથા, મન મરે પામે નહિ વ્યથા;
એમ જાણી જો ફીટી જાય, કોણ બીજો જે પુંઠે ધાય. ૫૬
ત્યારે શિષ્ય પૂર્વપક્ષ કરે, સ્વામી મન અવતર્યું અવતરે;
ગુરૂ કહે જો પરંપરા તન, ત્યારે અગ્રજ થાશે મન. ૫૭
તેઉપર કહું તુજને સાખ્ય, દત્ત બોલ્યા તે હૃદયે રાખ્ય;
મહાનુભવનો અનુભવ જેહ, સમજી લેતાં ટળે સંદેહ. ૫૮
મનવડે મોક્ષ બંધ મનવડે, મનવડે માનવ નામજ પડે;
જેવી જાયા[2] તેવી દુહિતા[3], આલિંગનમાં પતિ ને પિતા.૫૯
જાણે અર્થ સુભાષિત એહ, હવે કહું દત્ત બોલ્યા તેહ;
ગગનાકાર થાય જો જન, તો સર્વમાં મુખ્ય માનવું મન. ૬૦
મન પરમાત્મા થૈને રહે, મન પરમાર્થ સર્વે લહે;
તેમાટે મનનું કૃત્ય તાત, મનઅમન એ મોટી વાત. ૬૧
તું કે છે પરમાત્મા સત્ય, મન તો તેની સત્તા વૃત્ય;
સૈંધવ સત્તા સિંધુતણી, તેમ મન સત્તા હરિ તે ધણી. ૬૨
લવણ લવણને રૂપે રહે, સિંધુપણું તે તે કેમ લહે;

૧ કુંભાર. ૨ સ્ત્રી. ૩ દીકરી.

જ્યારે મીઠું ગયું ઓગળી, કોણ કહે મને વસ્તુ મળી.૬૩
પંડિતજને કર્યો નિર્ધાર, મનવિના કયાંથી સંસાર;
મન કારણ એ સર્વેતણું, જુવો વિચારી આપઆપણું. ૬૪
એ સાનને સમજે સંતજન, ચિંત્રવિચિત્ર જે દેખે મન;
તે મન જ્યાં સુષુપ્તિમાં શમે, ચેતન તહાં સદોદિત રમે.૬૫
મન લખે છે અવસ્થા ચાર, સજે તહાં સહેજે સંસાર;
જ્યારે મન વિચિત્ર મુકી રહે, ત્યારે અમન એવી સંજ્ઞા વહે.૬૬
અમનતા પામ્યું જે મન, જેમ સાગર ને તટસ્થ જન;
તે સાગરને દેખે તોય, ભૂવિકારથી અવળો નોય. ૬૭
કહું દૃષ્ટાંત તેનું વળી સાર, કોઈક જન જે બુડયો વાર;
જડતા પામ્યો મૃત્યુએ કરી, તેમ મનને સંસૃત્ય વીસરી. ૬૮

દોહરા.

શિ૦ સ્વામી! એ સંશય મોટો મુજને, સંસૃતિ વીસરે જન;
તેને દેહધારીસમ દેખિયે, તે કેમ ચાલે છે તન. ૬૯

ચોપાઇ.

ગુ૦ વાસનાલિંગ જેનું જ્યાં ગળ્યું, તેને ત્યાં અવલંબન ટળ્યું;
સ્વેચ્છાચારી પોતે થયો, મુક્તિબંધ તેનો ત્યાં ગયો. ૭૦
જે સંસ્કારે થયું તું તન, તે ઇચ્છા થૈ વિસર્જન;
થયો અણુલિંગી કહું વૃત્તાંત, તે:સમજે જે હોય ધીમંત.૭૧
જેમ સુકું પત્ર તરૂથી ખરે, પવનજોગે પૃથ્વીપર ફરે;
પવન થંભે તો તે સ્થિર થાય, નૈં તો જળ થળ વાયે જાય.૭૨
આપ મુક્ત નહિ ને નહિ બંધ, જેમ રે દ્વૈતાદ્વૈત કબન્ધ[1];
તેમ તજ્જ્ઞને[2] અન્ય ન સ્ફુરે, જગત જાણે જે બોલે ફરે. ૭૩

૧ માથા વિનાનું શરીર. ૨ તજ્જ્ઞ–તત્–જ્ઞ–તજ્જ્ઞ=બ્રહ્મને જાણનારો.

જેમ સ્ફાટિક નિકટ બહુ રંગ, તે પ્રતિબિંબે મણિને[1] અંગ;
મણિ મધ્યે એકે નહિ વાન, જોગ મળે ભાસે પ્રતિભાન. ૭૪
તજજ્ઞ સ્ફટિકની પેરે સદા, લિંગવિના શ્યે લાગે દધા[2];
વસ્તુમાં ઉત્પત્તિલય નોય, લક્ષાલક્ષવિવર્જિત[3] હોય. ૭૫

इति श्रीगुरुशिष्यसंवादे ज्ञाननिर्वेदयोगो नाम द्वितीयः खंडः ॥२॥

## તૃતીય ખંડ-મુકતમુમુક્ષુનાં લક્ષણ.

### દોહરા.

ગુ૦ વસ્તુવૈરાગ હવે વર્ણવું, જેણે જાયે દ્વૈત;
જીવઈશ્વરપદ પ્રીછતાં, સર્વે ભાસે અદ્વૈત. ૧
જીવ કશો ઈશ્વર કવણુ, કવણુ વિશેષણુ તેહ;
શિષ્ય એ સ્થળને પ્રીછતાં, ટળે સર્વ સંદેહ. ૨

### ચોપાઈ.

સાંભળ સંમત કહું તુજ અંગ! શંકરભાષ્યતણો જે રંગ;
તીવ્રબુદ્ધિએ કરજે ગૃહણુ, મહાપુરૂષ બોલ્યા જે વયણુ. ૩

### દોહરા.

જીવઈશ્વર ત્યાંએ કહ્યાં, હવે કહું પરબ્રહ્મ;
શિષ્ય એ સ્થળને પ્રીછતાં, દીસે જેમ છે તેમ. ૪
સુલભ મારગ સંતનો, જહાં કાયકલેશ ન કોય;
સમજણુ સાધન સાધતાં, સ્વયંપ્રકાશજ હોય. ૫
મહા અનુભવ મહંતનો, જે જુવે જંત વિચાર;
જેમ સેજે સુવર્ણ ઉપજે, પારસને પ્રતીકાર[4]. ૬

---

૧ સ્ફટિકમણિને. ૨ દાઝ. ૩ લક્ષ્ય ને અલક્ષ્યથી રહિત. ૪ ઉપાયથી-સ્પર્શથી.

## ચોપાઈ.

કાર્યોપાધિતણું નામ જીવ, કારણોપાધિ ઈશ્વર સદૈવ;
જીવેશ્વરનું કારણ જેહ, પરબ્રહ્મ ત્યાં કહિયે તેહ. ૭
હેતુવિના બ્રહ્મ કારણ સદા, નભ વરતે ઊતરે બહુ દધા;
ધૂળ ધૂમ્ર ઘન ઉપજે શમે, નભ અવકાશવિના કયાં રમે.૮
વ્યોમવિષે સંભવે નહિ માન, કારણબ્રહ્મ તે એમ નિદાન;
એ ઉપરે દૃષ્ટાંતજ સાર, એમ ગણવો વસ્તુનિર્ધાર. ૯
રવિકિરણે જળ ઊંચું ચડે, મેઘબિંદુ થઈ પૃથ્વી પડે;
જોતાં તે દિનકર પ્રપંચ, સેજે ઇશ્વર સૂર્યનો સંચ. ૧૦
પણ કિરણે આદર નૈં કશો, સત્તાભેદ તે માંહીં વશ્યો;
જીવ ઈશ્વર બ્રહ્મને વિષે, વ્યોમ ચિત્ર માયા રહી લખે. ૧૧

## દોહરા.

શિ૦જીવઈશ્વરપદ પ્રીછતાં, વિધિ આવી સદ્ય હાથ;
વળી વિશેષે કહો મુજને, જે સંશે પડે સહુ સાથ. ૧૨

## ચોપાઈ.

ગુ૦ કાર્યોપાધિ કહિયે જંત, કારણ ઈશ્વર કે વેદાંત;
જીવ વિષયનો વ્યસની ઘણો, સાધે ઉપાધિ ઈશ્વરતણો.૧૩
ભોગભાવના ઈચ્છે બહુ, ઈશ્વર અધિષ્ઠાન માન્યું સહુ;
સદા જંતુની એવી રીત, તેણે ચાલ્યું જાયે દ્વૈત. ૧૪
ભોગભાવના જ્યારે ટળે, ત્યારે દ્વૈત આફણિયે પળે;
ટળે ઉભયથા તો એ બ્રહ્મ, વસ્તુ જાણવા એ અનુક્રમ. ૧૫
પતિત પુરંજન[1] કર્મજ કરે, વિદ્યાઅવિદ્યાને અનુસરે;
પ્રત્યક્ષ આપ ન દેખે વસ્ત, જેને નહીં ઉદે ને અસ્ત. ૧૬

---

૧ જીવ.

તે ચિદ્રૂપ અવસ્થા ફરી, જ્યારે અવિદ્યા અંગીકરી;
વળી વળી તે કરે ઉપાય, જેણે જીવ જાડેરો થાય. ૧૭

દોહરા.

શિ૦એ સંશય સદ્ગુરૂ મને, જો છે જીવ ચિદ્રૂપ,
તો કાં અવિદ્યાએ આવર્યો, ભિક્ષુક કાં થયો ભૂપ. ૧૮

ચોપાઈ.

ગુ૦ આરજ! એ મોટો આલોચ, એજ સ્થળે ઉદીયો છે શોચ;
ઘણી સંગ જાળવણી પુત્ર! તેથી વસ્તુ પ્રીછે સૂત્ર. ૧૯
વસ્તુવૈરાગ્ય હોય જો મન, તો વસ્તુ પ્રીછી લે જન;
અંતે સૂક્ષ્મ સમજવી તાત! તેજ બુદ્ધિ હોય સાક્ષાત.૨૦
પ્રત્યક્ષ વસ્તુ ન દેખે તેહ, જેને દૃશ્ય ઘણું છે દેહ;
દૃશ્ય નિવારે તો છે રામ, સ્વેં પદ આપ તુરીયા ધામ.૨૧

દોહરા.

રૂપ વસ્તુવૈરાગ્યનું, સાંભળ કહું તુજ તન;
અચ૦યું આપ વિચારતાં, નામ ટળે પુરંજન. ૨૨

ચોપાઈ.

અચ૦યું આપ જાણી જે એહ, પિંડબ્રહ્માંડ ન દીસે દેહ;
સોહંલગી જે છે અધ્યાસ, તે જેવો ખ પુષ્પનો વાસ. ૨૩
જહાં અહંભાવ નહિ લવલેશ, આપવિના ત્યાં શો ઉદ્દેશ:
ગર્ભ નથી કોઇ આ૦યો જન, તેનું શું કલ્પે કહો મન.૨૪
તજ્જ્ઞતણો લક્ષ એવો હોય, સ્વપરભાવથી નહીં ત્યાં લોય[1];
વણ સંકલ્પે લક્ષ એ નિત્ય, જ્યાં નહિ કાળકર્મની વૃત્ય.૨૫
તેહતણું તુજ કહું દૃષ્ટાંત, જુવો વિચારી મનશું સંત!

૧ દૃષ્ટિ.

જેમ નર એક બેઠો મહાતમ,તે નિજ દેહ ન દેખે જેમ.૨૬
ભૂષણભૂષિત સઘળું અંગ, અશનવસન નાનાવિધ રંગ;
તેમ બુધ્યનેત્ર છે વર્દ્ધમાન, પણ કાંઈ ન દેખે તે રજમાન.૨૭

## દોહરા.

શિ૦તજ્જ્ઞતણું ત્યાં વપુ અશું, જ્યાં ચળ્યું ન દીસે આપ;
બીજો નહિ કોય તેહને, તો કોણ કરે નિજ થાપ. ૨૮

## ચોપાઈ.

ગુ૦ તજ્જ્ઞતણી તે વાત અગાધ, સ્વલ્પ બુદ્ધ્યે તે નાવે સાધ;
કુશાગ્રબુદ્ધ્યે કરીને તાત, સ્થિતપ્રજ્ઞની સાંભળ વાત. ૨૯
પદારથ પદથી નહિ ભિન્ન, નદી સમાધિ ન મળે મન;
તેને વાક્ય બોલતો ગણો, તે ઉપર દૃષ્ટાંતજ સુણો. ૩૦
મહા સુભટ ભણ્યા હોય ભોમ, હિંકવાનાદ[1] રહે તે વ્યોમ;
જદપિ કાળ અતિક્રમ મધ્ય, તોય સ્થૂળમહિમાં કે વધ્ય. ૩૧
અણુલિંગિનું એવું ધામ, પ્રપંચપ્રલય કરે નહિ કામ;
સમ્યક્ કાઢી ન શકે કોય, વસ્તુરૂપનો મહિમા જોય. ૩૨
વસ્તુવૈરાગ્યનું એ ત્યાં રૂપ, જે વેત્તા તે વસ્તુસ્વરૂપ;
વસ્તુવૈરાગ્ય ન રોપ્યું અંગ, હવે કહું તેં જે પૂછ્યું વ્યંગ.૩૩

## દોહરા.

શિ૦સ્વામી! તમો એમ ઓચર્યા, સાખ્ય વશિષ્ટ સહિત;
જે છઠું કાંઈ મળે નહીં, સર્વે પંચભૂત અદ્વૈત. ૩૪
તો સ્વામી! વૈકુંઠને, કેમ બેસાર્યું ઘાટ;
કેમ પંચભૂત જાણી રહું, જેમ પ્રભુ દેખાડો વાટ. ૩૫

---

૧ હોકારાનો શબ્દ.

## ચોપાઈ.

ગુ૦ આરજ! તુજને શ્યો સંદેહ, શબ્દે કરી બોલીજે જેહ;
મન સંકલ્પી શકે જે વસ્ત, મન મરતે તે પામે અસ્ત. ૩૬
મન મારીને જોને તાત! પછી કેજે મને તેની વાત;
શિષ્ય કે વાચારંભણુતણું, ગુરૂ કહે વાત વિચારે ઘણું. ૩૭
સાંભળ તુજને કહું વૈકુંઠ, જ્યારે મન ભાંગી ઉત્કંઠ;
નૈરાશી મન નિર્લિંગ નરાળ, જહાં ન લાઘે કર્મ ને કાળ. ૩૮
કાળ ન લાગે તે નિજધામ, બાહેર વાચારંભણ નામ;
જગત જાણે તે વૈકુંઠ નોય, તહાં તો ગુણની વૃત્યજ હોય.૩૯
જો જયવિજય જહાંથા પડ્યા, તે જીવ થૈ પૃથ્વી રડવડ્યા;
સાથે હરિએ ધર્યો અવતાર, જોઇએ ત્યાં લિંગતણો વ્યાપાર.૪૦

## દોહરા.

શિ૦ હે સ્વામી! સદ્ગુરૂ તમો, અંતરજામી રામ;
લિંગ તે શું લિંગ કેમ ટળે, તે દેખાડો મુજ ઠામ. ૪૧

## ચોપાઈ.

ગુ૦ શિષ્ય! હવે સુણી લે તું વિચાર, એ કથતાં લિંગ કહિયે ચાર;
ઉગ્ર બુધ્યે જે ગૃહે છે તેહ, વેદે આદ્ય કહી છે જેહ. ૪૨
કારણ ને મહાકારણ લિંગ, સ્થૂળ સૂક્ષ્મ એ ચાર પ્રસંગ;
કહું એક સમરસ રે મળી, ઉગ્ર બુધ્યે ભિન્ન કાઢે કળી. ૪૩
મહાકારણ કૈવલ્યદેહ સદા, જેને અસિપદ[1] વેદે વદ્યાં;
કારણદેહ ઈશ્વર તું જાણ, જે પરમાત્મા નામ પ્રમાણ. ૪૪
સૂક્ષ્મદેહ જીવાત્મા નામ, જેને ધર્માર્થ મોક્ષ ને કામ;
ચોથું કહિયે સ્થૂળશરીર, જે ક્ષણભંગપ્રમાણે ધીર. ૪૫

૧ છે એવો શબ્દ.

ચારે દેહ સમજે ધીમંત, સમજે આવે લિંગનો અંત;
પંચીકરણનો જાણે સંચ, પ્રીછ પડીને પડયો પ્રપંચ. ૪૬

દોહરા.

શિ૦ મંદબુદ્ધિ મહારાજ હું, અને એ તો વાત અગાધ;
વિધે કરીને વિકાશિયે તો, કાંઈ હોય બુધ્ય સાધ. ૪૭

ચોપાઈ.

ગુ૦ ભલિપેરે મેં તુજને કહ્યું, હું જાણું છું તે તેં લહ્યું;
બીજે પક્ષે કહું છું વળી, ઉગ્ર બુધ્યે લેજે સાંભળી. ૪૮
પહેલો કહ્યો જે કેવળદેહ, તેજ સ્વતંતર નિઃસંદેહ;
પરમ ચેતનની શી કહું જુકિત, ઈશ્વરદેહ જેની સહજ શકિત.
ઈશ્વરદેહ તે ચેતન અંગ, તેની છાયા વાસનાલિંગ;
વાસનાથી તે ભૌતિક પિંડ, જે નાનાવિધ દીસે ખંડ. ૫૦
પંનર તત્ત્વની ભૌતિકકાય, નવ તત્ત્વે વાસનાલિંગ થાય;
ચૈતન્યમાત્ર તે ઈશ્વરવપુ, ષાડ્વંશક મહાવિષ્ણુ જપું. ૫૧
મહાકારણ પરમ ચૈતન્યદેહ, વાણીમાંહી ન આવે તેહ;
પરાત્પર પરબ્રહ્મ અગાધ, કેમ હોય મનબુદ્ધિ સાધ્ય. ૫૨

દોહરા.

શિ૦ ચારે દેહે એક દેહ જે તે, તમો દેખાડી વિધ્ય;
આપે આપ જાણે નહીં, એ શું પ્રગટયું મધ્ય. ૫૩

ચોપાઈ.

ગુ૦ હવે શિષ્ય તું તત્પર થા, વસ્તુવિચારતણે ઘર જા;
વિનાવિચારે રે છે આડ્ય, થા તત્પર ને સંશય કાઢય. ૫૪
વસ્તુતણી પક્ષેથી કહું, જેવું હું બુદ્ધિમાને લહું;
આ મારે તો જગતજ નથી, તો અજ્ઞાન કેને કહું કથી.૫૫

### દોહરા.

શિ૦ઢીઠપણે[1] કરીને કહું, બાળકબુદ્ધે પ્રશ્ન;
અનુભવસાગર રાય છો, ત્યાં ટાળવા હીંડું ઉશ્ન. ૫૬
ગુ૦ પૂછી પુત્ર નિઃશંક થા, શંકે કાં તું વીર !
મહા અનુભવ તો ઉપજે જો, કહિયે સુણિયે ધીર ! ૫૭
શિ૦રાય ! કહો છો તહાં નથી, જગતતણો લવલેશ;
તો શિષ્યગુરૂ ક્યાંથા થયા, ક્યાંથો ફળ્યો ઉપદેશ. ૫૮

### ચોપાઈ.

ગુ૦ પહેલો જે વંધ્યાસુત કહ્યો, તે શું તુજને વીસરી ગયો;
મિથ્યાને માન્યું છે સત્ય, તેણે તને ઉકલે છે જુક્ત. ૫૯
સોળે અંશે જૂઠો થાય, અન્ય ન રે તો ક્યાં મન જાય;
મિથ્યાને મિથ્યા થયું સત્ય, તેને અનોપું માન્યું નિત્ય.૬૦

### દોહરા.

શિ૦મિથ્યાની જે મનવિષે, ખરી બંધાણી જાડ્ય;
પ્રભુ પધારી અંતરે કાંઇ, કૃપા કરીને કાઢ્ય. ૬૧

### ચોપાઈ.

ગુ૦ સંતજનોનો કરતાં સંગ, સાહસપણું ઐા ઉપજે અંગ;
સાધુપુરૂષની સંગત સાર, મનવૃત્તિ હોય બ્રહ્માકાર. ૬૨
જ્ઞાતાને સંગે નિર્ધાર, ઉજ્વળ બુધ હોય વણપ્રતીકાર[2];
લોભમોહાદિક મળ છે જેહ, ઉજ્વળને ત્યાં ન છબે તેહ. ૬૩
શીતતણી વ્યાપત હોય ઘણી, સંગત કીજે વહ્નિતણી;
તો હિમે કંપે નહિ અંગ, એમ કરે સજ્જનનો સંગ. ૬૪
તજ્જ્ઞતણો સાંભળ મહિમાય, કીજે સંગ તો શું શું થાય;

---

૧ નફટપણે. ૨ કઠણ ઉપાય વિના.

ખટ ધાતુ પારસને મળે, મૂળરૂપ તેનું નવ ટળે. ૬૫
હલકે મૂલ્ય હતું જે લોહ, કુંદનનો દેખાણો મોહ;
કઠણ લોહ જે ભયાનક હતું, તે સર્વાંગે થયું શોભતું. ૬૬
જેમ પારસ તેમ જ્ઞાતા જન, મૂળગાં તે મુકાવે ચેન;
જીવ ટાળીને સ્વેં શિવ કરે, તજ્જ્ઞ પુરૂષ એ મહાતમ ધરે.૬૭
જે કરે આપસરીખો તાત, એ બ્રહ્મવેત્તાની મોટી વાત;
તે માટે કરવો સતસંગ, તો સમજીએ વસ્તુપ્રસંગ. ૬૮

## દોહરા.

શિ૦ તજ્જ્ઞપુરૂષ તે કહો કિયા, અને તજ્જ્ઞતણી કાંઇ જાત;
શે એધાણે ઓળખું, તેની કયા ચિહ્નની ભાત. ૬૯
ગુ૦ તત્ત્વદર્શી મહાપુરૂષની, નાત નોય નોય વર્ણ;
પ્રપંચપક્ષે પેખતાં, બુદ્ધિ ન પામે ધર્ણ; ૭૦

## ચોપાઇ.

જોશે એંધાણ જો દેહતણાં, તો તું ભટકીશ હજી ઘર ઘણાં;
દેહધારીને ચિહ્નજ ઘટે, મૂકી બ્રહ્માંડ તજ્જ્ઞ આઘો વટે. ૭૧
પ્રપંચને યોજતાં પુત્ર, નહિ પામે જ્ઞાતાનું સૂત્ર;
સંશય ઉપજે તો વળી દાખ્ય, એઉપર કહું તુજને સાખ્ય.૭૨
શિષ્ય જોને શુક જોગી હવા, તત્ત્વદર્શી મહામોક્ષ પાકવા;
કૃષ્ણ ભોગીમાં પહેલા ખરા, તત્ત્વદર્શી તે થયા ઉફરા. ૭૩
રામ જનક તે કર્ત્તા રાજ, તત્ત્વદર્શીનાં કીધાં કાજ;
કર્મકાંડમાં મુખ્ય વસિષ્ઠ, તત્ત્વદર્શીમાંહીં તે શિષ્ઠ. ૭૪
ગુરૂ કહે શિષ્ય ! સાંભળ તાત ! પાંચેની જો વિચારી વાત.
લક્ષ એક ને વિચરણ અલગ, થાય ધીમંત તે ગ્રહે સળંગ.૭૫
તજ્જ્ઞ નામ તેમાટે વીર, જેને લક્ષમાં નથી શરીર;

સ્વપ્નમાત્ર જ્યાં નથી પ્રપંચ, ત્યાં તેને કેમ લાગે અંચ? ૭૬
તેહતણું તુજ કહું દૃષ્ટાંત, જો તું મન આણે એકાંત;
ગૌર શ્યામ પાંડુવર્ણો પુરૂષ, તેની છાયા નોય દેહસદશ. ૭૭
વસ્ત્ર અલંકૃત છે બહુ રંગ, પણ છાયાનું એકજ અંગ;
છાયા તેમ જ્ઞાનીનો લક્ષ, લક્ષણા કરી શકે કોઈ દક્ષ. ૭૮

## દોહરા.

શિ૦ મહાનુભાવ મહંત ગુરૂનો, કરવો જે સત્સંગ;
તેનાં કાંઇ લક્ષણ નહીં, તો કેમ મળે પ્રસંગ? ૭૯
ગુ૦ સત્સંગને કાંઇ શિંગ નોહે, યાં તો ગ્રહવો ચોજ[1];
સંત શાસ્ત્ર સદ્દગોષ્ટની, જાણી લેજે ખોજ. ૮૦

## ચોપાઈ.

તેઉપર દૃષ્ટાંત અદ્દભુત, જો કેમ નિપન્યા દત્ત અવધૂત;
તેણે ચોવીશ ગુરૂ કર્યા હતા, નિજબુદ્ધિથી ગ્રહેતા જતા.૮૧
વિચાર કરતાં લાધી વસ્ત, દ્વૈત સકળ ત્યાં પામ્યું અસ્ત;
યાજ્ઞવલ્કય બ્રહ્મજ્ઞાની હવા, તેણે પ્રતિબોધ કીધા નવા. ૮૨
ભણ્યા વૈશંપાયન સૂરજકને, શું બીજા ભણુતા નહિ તે કને;
તેમાટે શિષ્ય! સાંભળ વચ્છ[2], થૈ મુમુક્ષુ ને ભિડવો કચ્છ.૮૩

## દોહરા.

શિ૦ સ્વામી! કહો છો તજ્જ્ઞને, ચિહ્ન નહીં લવલેશ;
પણ ઉદ્ધવપ્રત્યે ઓચર્યા, લક્ષણ ત્રીશ દેવેશ. ૮૪
તે સ્વામી! કેને કહ્યાં, તે જે લક્ષણ ત્રીશ;
તે વિવિધ વચને પ્રીછવો, જેમ પામું પદ જગદીશ. ૮૫

---

૧ સાન. ૨ વત્સ—હે પુત્ર!

## ચોપાઈ.

ગુ૦ મુમુક્ષુને સર્વે એ કહ્યું, જેને કાંઈ પામવા રહ્યું;
પણ તજજ્ઞનું છે પદ આરૂઢ, તેને અંતરભાવ ન ગૂઢ. ૮૬
જે જનને ઉતરવું પાર, નાવનાવિકનો કરે નિર્ધાર;
જ્યારે નર પારંગત થયો, ત્યારે જળનો સાજ ત્યાં રહ્યો. ૮૭
મુમુક્ષુને સર્વે એ ઘટે, જેનું મન પામવા રટે;
વણ પામ્યે નહિ શીતળ હોય,તેણે ઉપાય કરવો સહુ કોય. ૮૮
હવે પદાર્થનું કહું દૃષ્ટાંત, તે ચિત્ત દૈ સાંભળજે શાંત;
જેમ લક્ષણ બત્રીશનો જન, તેને પગલે પગલે ધન. ૮૯
સ્વત:સિદ્ધ ઉપનો ધનવંત, તેને ભોગતણો નહિ અંત;
શ્યાને કાજે કરે ઉપાય, રહ્યો ચરણે લક્ષ્મીધર[1] થાય. ૯૦
ભોગે ભર્યો રહે દિનરાત, તે કેમ લહે દરિદ્રની વાત;
તેણે દરિદ્ર દીઠું ન સાંભળ્યું,જહાં તહાં મન ભોગે ભળ્યું.૯૧
તે ઉપાય કરે નહિ કશો, ધન દેખી જાએ નહિ ધસ્યો;
એમ પદાર્થ પદને વિષે, મગ્ન થયો તે અન્ય નવ લખે. ૯૨
તે મન દરિદ્રી નહિ કોઈ વળી, મહાભોગે જેની મત ઢળી;
ચિદ્રૂપને ત્યાં અન્યજ નથી, સુણ તું મુમુક્ષુનું કહું મથી. ૯૩
મુમુક્ષુ તે સાધારણ જન, તેને આતુરતા ઉપની મન;
લક્ષણ ત્રીશ ધરીને તાત ! જેમ તેમ લેવું પદ સાક્ષાત. ૯૪
જે જન જાણે છે સંસાર, હું બંધાણો છૌં નિર્ધાર;
તે જાણે મન છૂટું સહી, વારંવાર એ અવસર નહીં. ૯૫
એ અજ્ઞાની કહ્યો ન જાય, જ્ઞાની નહિ જેવો રઘુરાય;
તેને શાસ્ત્રતણો અધિકાર, શોધીને ઉતરવો પાર. ૯૬

---

૧ દ્રવ્યવાળો.

સંતતણાં લક્ષણ સુણ તાત, જે અનુભવતાં થાય સાક્ષાત;
આદરતાં ત્રાંબું હેમ થાય, લક્ષણ ગ્રહતાં બદલી જાય. ૯૭
તેમાટે એ લક્ષણ સાર, જે સાધે તે પામે પાર;
પેલું તે સત ભાષણ કરે, બીજું ક્ષમા મનમાંહી ધરે. ૯૮
ત્રીજું લક્ષણ દ્રોહબુધ્ય ટાળ્ય, ભૂતઉપર કૃપા કરિ ન્યાળ;
આત્મભાવ હૃદેને વિષે, સમાનદૃષ્ટે સહુને લખે. ૯૯
પ્રિયઅપ્રિય કેને નવ ગણે, સર્વભૂતપર કરૂણા ઘણે;
ધીર બુદ્ધિ હોએ તે જન, કામક્રોધપરાભવ નહિ તન. ૧૦૦
લોઢું સુવર્ણ ન ગણે લેશ, જેનું મન ગળ્યું છે શેષ;
બાહ્યાભ્યંતર અતિપવિત્ર, એકાદશ[1] રાખે તે સૂત્ર. ૧૦૧
કોમળભાવ હૃદેને વિષે, પ્રાપ્ત ભોગ આવે તે ભખે;
નૌકા તે ભવસાગરતણું, રહિતવિકારે મન આપણું. ૧૦૨
નિષ્કંચન જાણવા જન, મુક્તિસંગે ઇચ્છા થૈ મન;
બ્રહ્મચર્ય હરિ સેવે સદા, અલ્પ આહાર સંતોષી મુદા. ૧૦૩
લેલીન હોય દેહે વૈરાગ, જાણે સકળ તત્ત્વના ભાગ;
સ્થિરભાવે હરિચરણે રહે, શીતળ શુદ્ધ અંતઃકરણ વહે. ૧૦૪
મતપણું નહિ અતિદીનતા, ઉદધિ કેરી ગંભીરતા;
મરાળકેરી મન ચાતુરી, પય ગ્રહી નીર દિયે પરહરી. ૧૦૫
ખટ ઊર્મિ લોપી નવ શકે, નિરભિમાની સહુ ભૂતને વિષે;
નિજઆત્મ દેખે સહુમાંય, કલ્પદ્રુમના જેવી છાંય. ૧૦૬
દુઃખ હરે શરણે આવ્યાનું, નિજજ્ઞાન આપે આપ્યાનું;
આત્મસુખ આપે તે સંત, મિત્રભાવ જાણે ભગવંત. ૧૦૭
બ્રહ્મભાવ કરૂણા મન ધરે, સંગી બાહ્ય અસંગી ફરે;

---

૧ મનસહિત અગીઆર ઇંદ્રિયો.

ફળ નહિ ઇચ્છે હરિને ભજે, અનન્યભાવે પામે વિજે. ૧૦૮
તે સમદર્શી કહાવે જન, જેને રાગદ્વેષ નહિ તન;
ઘરમાં ન રહે વન ન જાય, લેલીન થૈને સમો સમાય. ૧૦૯
નિશ્ચળ ધ્યાન એવું તે ધરે, સમબુદ્ધે ભક્તિ આદરે;
લક્ષણ ત્રીશ કહ્યાં ભગવંત, તે ગ્રહી લેજે એકે ચંત[1].૧૧૦
મુક્તમુમુક્ષુનું લક્ષણ કહ્યું, જેવું મેં બુધમાને લહ્યું;
વળી ઉપજે તો પૂછે પ્રશ્ન,કહીશ હું જો કેવરાવશે કૃષ્ણ.૧૧૧

इति श्रीगुरुशिष्यसंवादे मुक्तमुमुक्षुलक्षणनाम तृतीयःखंड. ॥३॥

## ચતુર્થ ખંડ–તત્ત્વજ્ઞાન નિરૂપણ.

### દોહરા.

ગુ૦ ગુરૂ કહે છે શિષ્ય ! સુણો, ખંડ કહ્યા મેં ત્રણ;
તે તારા ચિત્તમાં વસ્યા, સુણી લીધું કાંઇ કર્ણ. ૧
ગુરૂકૃપાળુતા મન ધરી, શિષ્યે વિચાર્યું મનસાથ;
કોઈ ભાગ્યવાન નહિ મુજ સમો, જે સદ્દગુરૂએ સાયો[2]હાથ.૨
શિ૦ શિષ્ય કહે છે મહંત ગુરૂ ! મારે સર્વસ એહ;
તમો કહો હું સાંભળું, જેથી ટળે સર્વ સંદેહ. ૩
મારે સર્વસ રાય છો, તીર્થ વ્રત પુણ્ય દાન;
પ્રભુ કહો હું સાંભળું, તમો મૂર્ત્તિમંત ભગવાન. ૪
સ્વામી ! એટલું સાંભળીને, પદ્ધતિ લઇ પ્રભુરાય;
હવે કૃપાનાથ ! કૃપા કરો, તો કાંઇક સમજાય. ૫
સ્વામી ! સંશય મોટો મને, જે છે આ પંચભૂત;

૧ ચિત્ત. ૨ પકડયો.

તે જડસરખાં ભાસે ખરાં, તે તમો કહ્યાં અદ્‌ભુત. ૬
જે દ્દષ્ટે મહાનિધિ તમે, જોઈ કહ્યું મહારાજ!
તે દ્દષ્ટિ આપી પ્રીછવો તો, સદ્ય સમજું હું આજ. ૭

## ચોપાઇ.

ગુ૦ દ્દષ્ટિ શી તુજ આપું વીર! સમજે સાન કહું જે ધીર;
ચોવીશ તત્ત્વ તુજ મુજ દેહ, તેમાં જો ન કશો સંદેહ. ૮
જે બુદ્ધિવડે કહું છું હું, તે બુદ્ધિવડે ગ્રહે છે તું;
જે મનવડે તેં માન્યો ગુરૂ, તે મનવડે હું ઉત્તર કરૂં. ૯
માયે[1] તો માને છે બે, મનવોણું કાંઇ જુદું છે;
તું શિષ્ય હું મૂકી દે માન, મને ન જાણીશ ગુરૂ નિદાન.૧૦
બે માનિનતા બેથી ગઇ, ચેતનતા ત્યાં મૂળગી રઇ;
તે ચેતનતા જે છે તેહ, એમાં નથી કશો સંદેહ. ૧૧
શિ૦ સ્વામી! ઇયાં તો બોલવા નથી,
ગુ૦ મેં એમાંથી વાણી કથી;
શિ૦ તો સ્વામી! હું તું ત્યાં નોય,
ગુ૦ એમ એક ગાંઠે ફરે છે સોય. ૧૨

## દોહરા.

શિ૦ એ તો વાત આઘી પ્રભુ, ધન્ય ધન્ય ધન્ય મહારાજ!
કોણ કહે સદ્‌ગુરૂવિના, સહજ બોધ એ આજ. ૧૩
ગુ૦ તેં જે કહ્યું કૃપા કરો, પણ વચનતણું નહિ ઠામ;
એ તો આરોપીને બોલવું, પણ સેજે છે રામરામ. ૧૪
શિ૦ પ્રભુ એ વાતને પ્રીછવા, મેં કીધા અનંત ઉપાય;
મહાનુભાવ અંતરથકી, કીણી કૃપા ગુરૂરાય. ૧૫

---

૧ માયાવડે.

એ પક્ષે શ્રીગુરૂ તમો, ચિદ કહ્યાં પંચભૂત;
ચમત્કારની વારતા, જેમ હૃદે તમારૂં હેત. ૧૬
કેતાં સુણતાં અતિ ઘણું, આજલગે ગુરૂદેવ;
તેજ વાતે મહાનિધે કાંઈ, અળગો પ્રગટયો ભેવ. ૧૭
ગુ૦ કેમ કહે છે મહંત તું, મહા ગહન ગતિ જીવ;
તુજ મુજમાં અંતર કશો, જેમ દીવેથી પ્રગટે દીવ. ૧૮

## ચોપાઈ.

પાંચ ભૂત દીસે ચિદ્રૂપ, ત્રણ ભુવન ભાસે તદ્રૂપ;
મહાજ્ઞાન હવું મુજને આજ, તેણે ચિદ દીઠું મહારાજ! ૧૯
કિયાં જાઊં ને કયાં હું રહું, શેને ત્યાગું ને શું ગ્રહું;
આત્મા ભરભરી પૂરી રહ્યો, કલ્પાંતે એકાર્ણવ થયો. ૨૦
અંબુવિના દીસે નહિ અન્ય, આત્માવિણ ભાસે નહિ મન;
એમ વસિષ્ઠને બોલ્યા રઘુનાથ, શિષ્ય કહે સાંભળો ગુરૂનાથ! ૨૧

## દોહરા.

શિ૦ સ્વામી! જે દીસતું જેમ હતું, તેમાં પડિયો ફેર;
જેમ ભવ પ્રગટે અભિનવો, તેમ ફરે અનુભવની લેર. ૨૨
ગૃહની ગ્રથલતા[1] ઊપજે, જેમ માદક ભક્ષણે ભૂર[2];
શ્યા સરખું મહારાજ! છે, શું ચઢી આવ્યું પૂર. ૨૩

## ચોપાઈ.

ગુ૦ નોયે શિષ્ય! ગ્રથલતા પુત્ર, જાણી લે એ આત્મસૂત્ર;
જીવબુદ્ધિનો થયો વિનાશ, આત્મતાનો થયો પ્રકાશ. ૨૪
અણહવો હોય જેમ અવતાર, તેની પ્રકૃતિ રહે તે ઠાર;
જ્યારે પ્રગટયું અનુભવ અંગ, તારે ફરિયા સઘળા રંગ. ૨૫

---

૧ ગાંડાઇ. ૨ બહુ.

શરદઋતુનો હવો પ્રકાશ, ત્યારે નિર્મળ જળ આકાશ;
દૃષ્ટિતત્ત્વ પ્રકટ્યું જ્યાં જ્ઞાન, તારે ટળ્યું પ્રકૃતિનું માન. ૨૬

## દોહરા.

શિ૦ દૃષ્ટિતત્ત્વ સ્વામી કહો, દૃષ્ટિતત્ત્વ શું નામ;
દૃષ્ટિતત્ત્વ પ્રગટ્યે હોય શું, જેમ બુદ્ધિ બેસે ઠામ. ૨૭

## ચોપાઇ.

ગુ૦ દૃષ્ટિતત્ત્વ કહું તે જાણ, તારી દૃષ્ટિતણું એધાણ;
જહાં જહાં વિચરણ જેવી વિધ, સર્વે ચિદ્રૂપ દીસે નિધ. ૨૮.
અગમ અગોચર કહે છે વેદ, તે પ્રત્યક્ષ દેખે છે વેદ;
પંડિત કહે પ્રકૃતિને પાર, તે દેખે આ દૃષ્ટિ બાર. ૨૯
ત્રિલોકી રંગભૂમિ સદા, ચિદ્રૂપી નટ નાચે મુદા;
નાના ગુણ કર્મ રૂપ નામ, સચરાચર સ્વેં આતમરામ. ૩૦

## દોહરા.

કહ્યામાંહિ આવે નહિ, તો હું શું કહું હરિરૂપ;
જેમ છે તેમ એ વસ્તુ છે, આઢ્ય સ્વરૂપી કૂપ. ૩૧
તેં પુછ્યું જે દૃષ્ટિતત્ત્વ કહો, તેનો ઉત્તર એહ;
દૃષ્ટિતત્ત્વ એનું નામ શું, તેનો ટાળું હવે સંદેહ. ૩૨

## ચોપાઇ.

દૃષ્ટિતત્ત્વ તે એનું નામ, જે દેખીજે દષ્ટે ધામ;
દષ્ટે દેખે તેજ અસત્ય, બાકી તે અનુમાને નૃત્ય. ૩૩
બંને ભાતનું કહિયે જ્ઞાન, સાંભળ કહું તેનું નિદાન;
એક જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ, બીજું તે અનુમાને જાણ. ૩૪
એ ઉપર કહું હું દૃષ્ટાંત, ધાર્યે મનને કરિ એકાંત;
આયુધ પડ્યાં દેખીને જેમ, મન વિચાર આણીજે તેમ. ૩૫

આ છે જુદ્ધતણાં હથિયાર, અહિંયાં કોઈક હશે નિર્ધાર;
ઉપકરણ દેખી કલ્પે અનુમાન,એનું નામ અનુમાની જ્ઞાન.૩૬
એવું જ્ઞાન ઘણાને વિષે, પ્રત્યક્ષ પ્રમાણ તે થોડા લખે;
દેખી ઈશ્વર આવ્યો વિશ્વાસ, અનુમાનજ્ઞાની કહિયે દાસ. ૩૭
પ્રત્યક્ષ પ્રમાણની સુણ કહું વાત, હસ્તામળ દીસે સાક્ષાત;
હસ્તે કંકણ હાટકતણું[1], અવલોકંતાં શોભિત ઘણું. ૩૮
શેનું હશે એમ ચિત્તે ચડયું, એટલે સુવર્ણ દૃષ્ટે પડયું;
પ્રત્યક્ષ પ્રમાણ જાણ્યે એહ, કારજસંબંધી ન મળે દેહ.૩૯
પ્રત્યક્ષ અનુમાનનો ભેદ કહ્યો, કેજે સંદેહ સમૂળો ગયો.
શિ૦શિષ્ય કહે હા ગુરૂમહારાજ!ત્રીજું પ્રશ્ન ચરચો તમો આજ.૪૦
ગુ૦ ગુરૂ કે શિષ્ય ! સાંભળજે ખરૂં, ત્રીજા પ્રશ્નનો ઉત્તર કરૂં;
તેં કહ્યું દૃષ્ટિતત્ત્વ પ્રગટે શું થાય,હવે તે કહું ગ્રહેજે મનમાંય.૪૧
જ્યારે પ્રગટયું અદૃષ્ટિતત્ત્વ, શૂન્યકેરૂં કહિયે તે સત્ત્વ;
પરાત્પર પરબ્રહ્મ ચૈતન્ય જેહ, વસ્તુ નામ ત્યાં કહિયે તેહ.૪૨
વસ્તુતા પ્રગટે જે અંગ, ત્રણ દ્વૈતનો તેને થાય ભંગ;
પ્રાયે વસ્તુનો છે સ્વભાવ, ટળે દ્વૈત ને થાએ સાવ. ૪૩

### દોહરા.

શિ૦ત્રણ દ્વૈત સ્વામી ! કહ્યાં, ત્રણ દ્વૈત શું નામ;
અને તે ટળ્યે તે હોય શું, તે દેખાડો ઠામ. ૪૪
ગુ૦ હું તો આપ કહીશ ખરો, મોટી વાત અગાધ;
મોટાનો અનુભવ મહા, તે નહિ છીલરને[2] સાધ્ય. ૪૫

### ચોપાઇ.

પહેલું તે ભાવાદ્વૈતનામ, બીજું ક્રિયાદ્વૈત છે સ્વામ;
દ્રવ્યાદ્વૈત નામ ત્રીજાતણું, સુણ લક્ષણને વિચારી ભણું. ૪૬

---

૧ સોનાનું. ૨ ક્ષુદ્રને.

એકમેવ અદ્વૈતજ બ્રહ્મ, કાયાભાવે જુજવાં કર્મ;
ખરો અધ્યાસ ભિન્ન ભિન્ન થયો,કહ્યા પૂછ્યાનો ઉત્તર રચો.૪૭
ત્રણ દ્વૈતનો કહું વિસ્તાર, ધારીશ તો તે બેસશે ઠાર;
દ્રવ્ય કેનાં તે પંચમહાભૂત, લોક ચૌદ નાના અદ્ભુત. ૪૮
સચર અચર ચોરાશી લક્ષ, દ્રવ્યસ્વભાવે જુજવી પક્ષ;
મનુષ્ય દેવ પશુ પક્ષી બહુ, એક કેતાં જાણવા સહુ. ૪૯
વિચરણ સમાધિ નહિ એક રીત, એનું નામ તે દ્રવ્યાદ્વૈત;
ભાવાદ્વૈતની સુણ કહું વાત, સમઝી લેજે મર્મે ધાત. ૫૦
ભાવાદ્વૈત જાણયે તું પુત્ર! જે પિંડ સકળ નોહે એક સૂત્ર;
પશુ પંખી યક્ષ કિન્નર નાગ, પિંડસ્વભાવે જુજવા રાગ. ૫૧
હેતુવિનાનાં કારણ વેર, સહજસ્વભાવે જુજવી પેર;
મુષક માર્જાર વ્યાઘ્ર ગૌતણે,સ્હેલો[1] સર્પ હસ્તિ સિંહ હણે.૫૨
પ્રિત્યાદિકની જાણે પેર, સહજ સ્વભાવ ન કારણ વેર;
માનવ દાનવ તિર્યક્ જાત, સકળ પિંડે નોહે એક ભાત. ૫૩
ભાવાદ્વૈત એ સમજ એ તાત, ક્રિયાદ્વૈતની સુણ કહું વાત;
કોઇ જળચર કોઈ થળચર ઠરે, કોય પંખી આકાશે ફરે.૫૪
કોઇક ભખે બળતા અંગાર, કોઇક દ્રષદ્તણો[2] કરે અહાર;
શાખામૃગ શાખાએ રમે.અનળ આકાશે મીન જળ ભમે.૫૫
તેમ માનવમાં ક્રિયા જુજવી, કોય કેની ન શકે અનુભવી;
પંખીગત પશુએ નવ થાય, પશુગત દ્રુમે કરી નવ જાય. ૫૬
વૃક્ષ પૃથ્વીથી આકર્ષે તોય, માનવ દેવે તે નવ હોય;
પ્રત્યેકે ક્રિયા છે જુજવી, વછ! વિવેકે જો અનુભવી. ૫૭
ત્રણ દ્વૈત દેખાડયાં તાત! વળી ઉપજે તો પૂછે વાત;
ચિત્ત દે જોતાં દીસે એહ, મહા અનુભવથી ભાગે તેહ. ૫૮

૧ શેળો. ૨ પથ્થર.

## દોહરા.

શિ૦ શિષ્ય કહે છે હે પ્રભુ ! સંશય મને મહારાજ !
કૃપા કરો તો દાખવું, એ સંદેહ ટાળો આજ. ૫૯
સ્વામી ! મેં સાંભળી હતી, કોઈકને મુખ વાત;
જોગસિદ્ધિ પ્રગટે થકે, અસંભાવ્ય કૃત્ય થાત. ૬૦
તે અન્ય દેહનાં કૃત્ય કરી શકે, તો ગયું ગણીજે દ્વૈત;
તેને કૈવલ્ય પરઠવો તે, કેવો પ્રભુ ! અદ્વૈત. ૬૧

## ચોપાઈ.

ગુ૦ કેવલતા પરઠી નવ જાય, પરઠી જે તે સર્વે માંય;
સિદ્ધિ સકળ માયાનું રૂપ, મુરદાનવ[1] મોહ્યા મુનિભૂપ. ૬૨
વ્યસની જીવ માયાવશ પડચો, કરે ઉપાય સંકલ્પે ચડચો;
સંકલ્પે ચડિયું મન જેહ, પરપંચો દેખે બહુ તેહ. ૬૩
એક બે વાર કાંઇક તે થાય, ચટક દેખાડી સર્વે જાય;
જેમ વેશ્યા નિર્ધનને તજે, વંઠી તે પુનરપિ નવ ભજે. ૬૪
સિદ્ધિ સાધકનો કરે એમ અંત, માટે સંત ન ધારે ચંત;
બીજો પ્રકાર કહું સુણ વીર ! મૂળ મરમ સમજે એમ ધીર. ૬૫
એકમેવ અદ્વૈત કહે વેદ, જ્યાં બીજો તે ભેદાભેદ,
વાસનાલિંગવિના નોય કૃત્ય, કૃત્યે થાય વાસના સત્ય. ૬૬
સત્ય વાસના જીવ કેવાય, ભરમે ભ્રમણ કરે ભવમાંય;
તે માટે મિથ્યા અધ્યાસ, કેવલતામાં સર્વે નાશ. ૬૭

## દોહરા.

શિ૦ સ્વામી ! હું એમ જાણતો, જે છે એમજ તે સિદ્ધિ;
કેવલતા જે તમે કહી, એ તો છે મહાનિધિ. ૬૮

---

૧ મુરનામનો રાક્ષસ.

સ્વામી ! એટલું મેં લહ્યું, જે નામરૂપ પ્રપંચ;
કાળકર્મની પ્રેરણા, તે જાણ્યો માયા સંચ, ૬૯
જ્યાં રહ્યા ભાસે સકળ, મિથ્યા રૂપ ને નામ;
તે સ્થૂળ કાંઈ કહી શકો, તો તે દેખાડો ઠામ. ૭૦

## ચોપાઇ.

ગુ૦ લક્ષાલક્ષવિવર્જિત જેહ, પક્ષાપક્ષવિવર્જિત તેહ;
મનવાણી પામે વિશ્રામ, કોણુ કેને દેખાડે ઠામ. ૭૧
હું નહિ તું નહિ ત્યાં છે તેહ, જ્ઞાન નહિ જ્ઞાતા ને જ્ઞેય;
જ્યાં કાંઇયે કહ્યું નવ જાય, ૐકારાદિક વર્ણ સમાય. ૭૨
તે ગુરૂ શિષ્યને શું કરી કહે, મનવાણીથિ અગોચર રહે;
મન કલ્પે તે બીજું થાય, મને તહાં હું કયું ન જાય. ૭૩
માટે શિષ્ય કહું સુણુ વાત, સમશ્યાથી તું સમજે ધાત;
એક વસ્તુ બીજું કાંઇ નથી, હું છું એમ કેને કે કથી. ૭૪
સામું ત્યાં પ્રતિબિંબ નવ મળે, વેત્તાવિણ્ કોણુ કેને કળે ?
પોતે કહે ને કહે હું સત્ય, શિષ્ય કરી જો એનું નૃત્ય. ૭૫

## દોહરા.

શિ૦ હું ને તમો ક્યાંઇયે નથી, જેમ છે તેમનું તેમ;
શું થૈ શું દેખી કહું જે, આ વાતનું તે કેમ. ૭૬
જેમ છે તેમ એ મહાનિધિ, પરાત્પર પરિબ્રહ્મ;
અણુછતો હું તો માનતો, જેમ થયું હતું તેમ. ૭૭
એમ કહી શિષ્ય લય થતો, પ્રેમે કરે પ્રણામ;
હું હુંને પ્રણમી કહું, નમો નમો નિજધામ. ૭૮
મહા અનુભવ મહાપુરૂષનો, સાર ગ્રહી કર્યો ગ્રંથ;
પરમ પદ છે તેવિષે, જે ચાલે એ પંથ. ૭૯

સંસાર દીર્ઘ રોગને, ટાળવા હીંડે જેહ;
તેને ઔાષધ આ ઘટે, હોય જીવન્મુક્ત વિદેહ. ૮૦
મોહકંળણે[1] કળ્યો[2] કંઠલગી, મનની તજવા ધાંખ[3];
તેને હરિ હીંડે કાઢવા, તો તેને એ પાંખ. ૮૧
અજ્ઞાન અર્ણવે માનવી, ડુબ્યો ભટકે ભૂર;
હીંડે નિજ ગૃહ પામવા, તો તેને આ સૂર[4]. ૮૨
અંતર આશય મુગતનો[5], મુમુક્ષુને ઉપાસ્ય;
મૂરખને કાંઇએ નહીં, શ્રીફળ વાનરપાસ. ૮૩
ગુરૂ-શિષ્યનામે ગ્રંથ એ, જેમાં ખંડ છે ચાર;
હરિચરણે જેને વાસ કરવો, હોય તે સુણો નરનાર. ૮૪
અંતરજામીએ જે કહ્યું, તે અખે કીધો વિવેક;
દૂષણભૂષણ હરિભણી, એશી ઉપર વળી એક. ૮૫

इति श्रीगुरुशिष्यसंवादे तत्त्वज्ञाननिरूपणनाम चतुर्थः खंडः ॥४॥

ઇતિ શ્રીગુરૂ-શિષ્ય-સંવાદ સંપૂર્ણ.

---

૧ અજ્ઞાનરૂપ ખુતાણમાં. ૨ ખુત્યો. ૩ ઝંખના. ૪ સૂર્ય. ૫ મુક્તનો.

# કૈવલ્યગીતા.

## રાગ આશાવરી.

આ તું પૂરણ પુરૂષોત્તમ પરબ્રહ્મ, દેખું છું હાજરા હજૂર
પરાપારથી બોલે પ્રાણપતિ, કેમ કહું નેણથી દૂર રે. તું પૂ૦ ૧
આ ઉપમા દીજે તે આરોપણ, દૃષ્ટાંત દીજે તે દ્વૈત રે;
આપે આપમાં આડચજ[૧] શેની, દ્વૈતસહિત અદ્વૈતરે. તું પૂ૦ ૨
આ શ્વાસ ઉસાસ સરે ત્યાં તું છે, કળ ભારે તુજ માંય રે;
હું હું કરૂં પણ છે પ્રાયે તું, તું જોતાં હું કયાંય રે. તું પૂ૦ ૩
આ નખશિખ જોતાં તુજ નર્યો[૨] હરિ, અન્ય તે કોણ ને કયાંથું રે;
ઇચ્છાબીજ વાવ્યું તુજ માંહે, ઉગી આવ્યું તુજમાંથું. તું પૂ૦
આ મૂળ સ્કંધ શાખા પ્રતિશાખા, પલ્લવ પત્ર ફળ ફૂલ રે,
સ્વાદ રંગ ગુણ નામ રૂપ બહુ, બીજ જોતાં નહી ભૂલ રે. તું પૂ૦ ૫
આ નિરંજન નિરાકાર નિરામય, એવું સરખું છે આપ રે;
અંજન આકાર કયાંથી આવ્યા, આપમાંહેથી સર્વ વ્યાપ રે. તું પૂ૦
આ વસ્તુ નિરંતર કહું હું ધ્યાતા, ધ્યાતાવિના ધ્યેય કયાંય રે,
હું તું તું હું વસ્તુ વિચારે, અંકુરબીજજ પ્રાય રે. તું પૂ૦ ૭
આ પરાપારમાં પેશીને જોયું, હુંપણું ન મળે રંચ રે;
પોષણ ત્યાં તું તેમનો તેમ છે, સર્વે તારો સંચ રે. તું પૂ૦ ૮
આ તું ચેતન તુજમાંહે જાગ્યો, જોયો ત્યાં તું જીવ રે;
સ્થૂળ નામ ધર્યાં જીવેશ્વરના, તેમનું તેમ સદૈવ રે. તું પૂ૦ ૯

---

૧ પડદોજ. ૨ એકલો.

આ હું નહીં તું નહીં તે નહીં તેહજ, ફાલ્યું ફળ્યું આતકાર રે;
અવ્યકતમાંહી વ્યકત સર્વ દીસો,આપ તે જાણણહાર રે. તું પૂ૦૧૦
આ ઉપનાકેરી આદ્ય કહે કોય, અંત નહીં કોય કાળ રે;
મધ્યમાંહેથી નામજ નીસરે, એવું ધામ વિશાળ રે. તું પૂ૦ ૧૧
આ ગાઉં છું હું ને ગાતો જા તું, અંતર ઉતરીને જોતે રે;
હુંનો હું અને તુંનો તું અજ, એમ પોતાનો પોતે રે. તું પૂ૦ ૧૨
આ પિંડ જોતાં બ્રહ્માંડ જોવાયું, થાવરજંગમ દેહ રે;
સ્વર્ગ મૃત્યુ પાતાળ દશે દિશ,આપ તું સ્વામી એહ રે. તું પૂ૦ ૧૩
આ કાયા ચલણવલણ કરે નરની, ગમનધાવન બહુ ભાવે રે;
પુરૂષવિના પ્રતિબિંબ ન હોયે, ચેતન સ્હેજ સ્વભાવે રે. તું પૂ૦૧૪
આ સ્વે ચેતન જડસરખું ભાસે, આપે તે ભૂત આકાર રે;
નૃત્ય નિધાન કરતાં કૈવલ્ય, ભાસે ચૈતન્ય સાર રે. તું પૂ૦ ૧૪
આ તું તારી ઇચ્છાએ પ્રાણપતિ, અક્ષરતણી લે ઓટ રે;
દર્શનમત નાનાવિધિ ચાલે, ભેખ ટેક કોટે કોટ રે. તું પૂ૦ ૧૬
આ દેશ દેશ ભાષા ભિન્ન ભિન્ન બોલે, ચાલ ચરિત્ર આચર્ણ રે;
રૂપ રમણ આકાર અનેરાં, પવન તેજ નીર ધર્ણ રે. તું પૂ૦ ૧૭
આ જળચર થળચર ખેચર તું હરિ, કયાંક મિશ્રિત તું હોય રે;
કયાંક પંડિત મૂરખ સાધારણ, આપથી અળગો ન કોય રે. તું પૂ૦
આ જીવ ઈશ્વર તું તુજને ઠરાવે, અળગો કલ્પે આકાર રે;
કલ્પિતમાં પરમેશ્વર નાવે, અકળિત આપ અપાર રે. તું પૂ૦ ૧૯
આ દીસે તેવો તું ત્યાં ન હોયે, છે તે સર્વે ઇશ રે;
તું તુજને જાણે નવ જાણે, દેવ દૈત્ય જગદીશ રે. તું પૂ૦ ૨૦
આ બોલતાં બીજું થૈને ભાસે, કહેતાં કવતાં ને ગાતે રે;
પોતાનાં પરાક્રમ પોતામાં દીસે,તેટલે નહિ સ્થૂળ જોતે રે. તું પૂ૦૨૧

આ વણસતું દીસે પણ નહિ વણસે, રેતું દીસે ન રેવાય રે;
અટપટું દીસે સત્ય સર્વથા, કેતું દીસે ન કેવાય રે. તું પૂ૦ ૨૨
આ નિત્ય અનિત્ય મિત અમિત ન થાય, શબ્દાતીત ચૈતન્ય રે;
અન્ય અભ્યાસે ખાંતે ગાયો, વસ્તુગતે નહિ અન્ય રે. તું પૂ૦ ૨૩
આ કૈવલ્યગીતા નામ સંજ્ઞાએ, આપે તે નિજ આનંદ રે;
સમજતા શ્રીપતિ સ્વેં થાયે, અખા એ કૈવલ્યકંદ રે. તું પૂ૦ ૨૪

ઇતિ શ્રીકૈવલ્યગીતા સંપૂર્ણ.

# સંતપ્રિયા.

## દોહરા

ઓંકારથી આદ્ય હો, અકળરૂપ અનંત;
કલ્પિતતા મધ્ય શૂન્યસી, માનિનતા માનંત. ૧
આદ્ય નિરંજન આપ અજ, ત્યાં કીનો અધ્યારોપ;
અર્ધમાત્રા અખો કહે, કીનો પ્રગટ ગોપ. ૨
તાહીકો વિસતાર સદ્ય, ભાષાકવિતકરકે કહું;
હે ચિદ્અરણુવ અગાધ, હું ચીડી[૧] ચંચ ભરીકે કહું. ૩
સંતપ્રિયા સુખવર્ધની, જાકે હૃદે હેત;
અખા કરત આલોચના, તહાં ધર આપ લે દેત. ૪
સંતપ્રિયા સંતકું રૂચે, ખડ આસે[૨] શિવરૂપ;
રૂપ અરૂપી જે નરા, અનુભવ અકળ અનૂપ. ૫
પરબ્રહ્મ કહત પરોક્ષ હે, બિન પ્રત્યક્ષ પ્રમાન;
જાકું પિંડ પરચા[૩] નહી, સોકોટિ કરે અયાન[૪]. ૬

## કવિત.

પ્રત્યક્ષ કે પ્રમાન બિના, નર ધાવત ધુપત તોરત પાતી[૫],
પ્રત્યક્ષ કે પ્રમાન બિના, નર નાચત ગાવત હોય હે યાતી[૬];
પ્રત્યક્ષ કે પ્રમાન બિના, નર ખાવત પીવત શ્યામા સરાતી[૭];
ન પ્રત્યક્ષ પ્રમાન સોનારા, બિન ભરથાર સોહે જ્યું બરાતી[૮]. ૭
પરબ્રહ્મ રામ નારાયણ નરહર, જાકે હે નામ અનંત અપારા;

---

૧ ચકલી. ૨ અભિપ્રાય. ૩ પરિચય. ૪ અજ્ઞાન. ૫ પાનડાં. ૬ સંન્યાસી–શિષ્ય. ૭ વખાણતી. ૮ જાન.

સો હરિ હાજહજુર હથો હથ, સ્વેં નર પાવે જો આવે વિચારા;
ગુરૂ ગોવિંદ ગોવિંદ સોહી ગુરૂ, ગુરૂ ગોવિંદ ગને નહિ ન્યારા;
વૈકુંઠતેં શુકદેવ ગુરૂ બિન આયો, ફરી ભૂ ભાખેં સોનારા. ૮
સદ્ગુરૂચરન સરન ગ્રહે બિન, ભવજલ આએ સો બહોત વિરાસે[1];
સદ્ગુરૂચરન સરન ગ્રહે બિન, વેદ પઢતેં બંભ[2] નિરાસે;
સદ્ગુરૂચરન સરન ગ્રહે બિન, દાની કરન સંસે પરે સાંસે;
સદ્ગુરૂચરન સરન સોનારા, સ્વેં હરિરૂપ કરે મન આસે. ૯

### દોહરા.

મનસા વાચા કરમના, હરિ ન ભજ્યો પ્રિય જાન;
અંનત વિષે રસમેં પચ્યો, પુની ગયો પસારે પાન[3]. ૧૦

### કવિત.

કહા ભયો કંચન કુંદસો[4] અંગ, રંગ સુંગધ શોભા અતિ ઓપે;
કહા ભયો તાન તુરંગ તુરી[5] ચઢે,ધ્રજે ધરા જાકે નેક[6] કોપે;
ધનદ[7] સો ધન કરન સો દાની, તો કહા કામ સર્યો હરિ તોપેં;
એતે ગુન અવગુન ભએ સોનારા, જો ગુરૂજ્ઞાન ન પાયો ગુરૂપેં.૧૧
મન રીઝાવન વેદવિદ્યા સબ, મન રીઝાવન ચૌદ વિદ્યારી,
મન રીઝાવન પાટપટંબર, મન રીઝાવન મહોલ અટારી;
મન રીઝાવન તાપ તપે સબ, મન રીઝાવન હોય બ્રહ્મચારી,
મનકું મેટ મનાતીત પાવે, સો તો અખા હે ગુરૂકલ ન્યારી.૧૨
રામરસાયન પી ન શકે જન, બહોત જીએતેં કહા કીનો ભગો રે;
રામકી ઠોર ચામરંગ રાચ્યો જ્યું, સ્વાન સુની[8] કીરેહી લગ્યો રે;

---

૧ દુઃખી થયા. ૨ બ્રાહ્મણ. ૩ હાથ. ૪ મોગરાના ફૂલ જેવું. ૫ ઘોડો. ૬ થોડા. ૭ કુબેર. ૮ કૂતરી.

ગુરૂ ગોવિંદ પહેચાન ન પાયો, રિપુસેં હેત તો સોહી ડગ્યો રે;
એ ઠહકયો[1] ડગે ડગ માયા સોનારા, જો ગુરૂબેન સુની ન જગ્યો રે.
ધન–તન–ત્રિયાસું એસે જડયો મન,જેસેં પડયો મીનકે મન પાની;
ધન–તન–ત્રિયા સો છાંડ જાત હે, મનકી પ્રીત ન હોય પુરાની;
એહી અવિદ્યા ઘેર્યો દશોદિશ, જ્યું જલ ડુબત નાવ ભરાની,
અબ કર કરતારશબ્દકો ખેવા[2],જોંલોં[3]સોનારા ભીનેકી ભાન ન જાની.
રે મન ! રામભજનકી ઠોરતેં, ભઇ હે રંગ રંગીલીસી રામા;
સુંદર શ્યામ સુનાયો સુન્યો હે, સ્વેં સત્યરૂપ સરાવે તું શ્યામા;
અંબુજસી અંગના અતિ આછી, મન મધૂપ પાયે વિરામા;
ભાવ ભગતિ ભરેંસો સોનારા, ભૂધરકી ઠોર ભઈ હે જ્યું ભામા.૧૫
રે મન ! રામ રદે ન પહેચાન્યો તું, કવન નિંદ સોયો રે ગુમાની;
ઓસકો[4] નીર યહ તન ધન જોબન, જ્યું ધનમેં બીજલી મુસકાની[5];
તાહીમેં મોતી તું પોઈલે પ્યારે, સઇ લે સદ્દગુરૂ સંત જ્ઞાની;
હંસકલા ગુરૂ દેવે સોનારા, ન્યારા રહે દૂધ પાનીકા પાની. ૧૬
સદ્દગુરૂ સાન સંભાલે સો સંતજન, અન્યતેં મન કછુ ઠોર ન આવે;
મંજન સો મલ ટારે ઉપરકે, ભવભંજન ગુરૂ જ્ઞાન બતાવે;
ખંજનસી મતિ છાંડ સદ્દગુરૂ, અંજન દે નેન ઘેહેન ગમાવે;
ગુરૂ ગોવિંદ નહિ નર ન્યારા, સોનારા સેવે સો સબેં સુજ પાવે.૧૭
સદ્દગુરૂ માન સબે વહે સંપન, ખંપન ચેહી કે બ્રહ્મ ન જાને;
બ્રહ્મજ્ઞાનબિના ભટકે નર ભૂલે, અટુલે આપા પરહાથ બિકાને;
આપ કોઈ ઓર ઉપાસનઓરજ્યું,નીલકા[6]નીર મસીમધ્ય[7] સાને[8];
એસેં અખો કહેભએ ભવમેં ગુરૂ, સો ગોવિંદ કહા શિષપેં ઉરઆને.

---

૧ કરડયો. ૨ વહાણ હાંકનાર. ૩ જ્યાંસુધી. ૪ ઝાકળનું. ૫ ઝબકી. ૬ ગળીના. ૭ મેશમાં વા શાહીમાં. ૮ ભેળવે.

એસે નરકું ગુરૂ કીજે સોનારા જ્યું, ન્યારા જમે સિંધુમેં જલ મોતી;
જ્યું કિંમત કોઇ કલા ન પહેચાને, જલમેં પહાડ છપે મધ્ય જોતી;
જલે જુપરી ઓર સૂન્ય જરે નહિ, જો ભરપૂર ભરી મધ્ય હોતી;
એસા ગુરૂ રામ રામ કર છોડે, ટાલે સો સ્વાનસ્રુગાલકે ગોતી. ૧૯

## દોહરા.

અચ્યુતગોત્ર જનરામકા, હંસબરન હરિરૂપ;
ગુરૂગોાવંદકું જબહી મિલ્યા, તબહી ભયા તદરૂપ. ૨૦

## કવિત.

નીચથેં નીચકેસા કુલ હોતા, જાતબરન ખપે ચતુરાઇ;
પંડિત જાણુ બડે ભટ બૈકુંઠ, ન ચલે જ્યું નિસાન બજાઇ;
ચમાર જુલાહા[1] નાઈ[2] ધુનીઆ[3], દાદુ રૈદાસ સેના કબિરાઈ;
રામ સોનારા અગ્નિકીસી જવાલા, મધ્ય પડયો સો કીનોઅપનાઇ. ૨૧
નાંહીં કરમકી કીચ હરિજનકું, મક્ષિકા ન છુએ જેસે ચંદનકું;
જ્ઞાનગગનમેં જાત સબે ગેબ, એબ નહિ મેઘ બુંદનકું;
ભીલીકે બોર જુઠે ભક્ષે ભાવસોં, તો કહાં લાજ લાગી રઘુનંદનકું;
એ જેસો તેસો હે હરિજન સોનારા, કીયો હે જ્યું નીર બંધનકું. ૨૨
જોપેં રામ રહ્યા રદીયા, ઉદયા હે દિનકર કહોં શસી;
વિધિનિષેધ બપુરાકો કહાં બલ, જહાં ગુરૂકી કરૂના વિલસી;
સ્વેં સુકદેવ પાયો ગુરૂભેવ, કહાં ચંદન ચરચ્યો તુલસી;
અખા જેસેહેં મૂકકી[4] સાકર, ઘટ ઘુંટે સો જાને સીરી બિલસી.૨૩
બ્રહ્મજ્ઞાન બિના સુખકી સીહીર ન પાવે, જ્ઞાનબિના સંસે નહી છુટે;
જ્ઞાનબિના દેહકો અપરાધી, જ્ઞાનબિના નિત્યથે સબ લુટે;

---

૧ વણકર. ૨ વાળંદ. ૩ પિંજારો. ૪ મુંગાની.

જ્ઞાનબિના સ્વાનસુકરજેસો, જ્ઞાન આયો ભ્રમકો ભાંડ[1] પુટે;
જ્ઞાનસો ગોવિંદ ગોવિંદ સોહીજ્ઞાન, એસેં અખો કહે માયાસેં છુટે.
જ્ઞાનબિના ઢુંઢે ગિરિગહવર, જ્ઞાનબિના પરાધીન સો નંચે;
જ્ઞાનબિના મંજન મલધારી, જ્ઞાનબિના કાયકે કેશ ખંચે;
જ્ઞાનબિના જુવતી જન મોહ્યો, જ્ઞાનબિના કરમ કોટચ ન વંચે;
જબ જ્ઞાન ગર્જ્યો સંગ સોનારા, ભાગે ભ્રમ મોગલ[2]મદ મંચે. ૨૫

### દોહરા.

સર્વાતીત સબ જાવિષે, સબસમેત સબશૂન્ય;
સ્વેં સ્વરૂપ સ્પુરન ભયો, નાંહીં જ્ઞાન નહિ નૂન્ય. ૨૬

### કવિત.

જ્યું જન સોયો એક સેજાપર, સો સ્વપ્ને સત કોટ ભયો હે;
હય હસ્તી નર વાહન નરપતિ, સેન સુંદર જોષિતા નચ્યો હે;
આઇ ગુરૂ જગ્યો જન સોવત, તાકત અંતહી એક રહ્યો હે;
તેસેં અખા સોયા સ્વપ્ન સબ, દેખત સો ગુરૂજ્ઞાન દીયો હે. ૨૭
જ્ઞાનીહીં જ્ઞાન પુકારે સબેકું, જ્ઞાનકો રૂપ અનંત અપારા;
કોઉ હે કર્મધર્મકે જ્ઞાની, કોઉ હે મંત્ર–ઉપાસનહારા;
કોઉ હે જોગપવનકે જ્ઞાની, કોઉ કરે પંચભૂત વિચારા;
જાકું સોનારા આપાપર છુટા સો, જ્ઞાનવિજ્ઞાન જ્યુંકા ત્યું સારા. ૨૮
સોહાગનકી સીર જાને સોહાગન, ન જાને દોહાગન કંથ વિછોઈ;
નવ નવ નેહ નવપલ્લવ નારી, ઉર આતુર રહેત હે જ્યું અછોઇ;
પ્રત્યક્ષ રામ પલોપલ પૂરન, જાનત નાંહીં મેં કોન હોં ઓઇ;
આપા ગયો ગુરૂભેવ સોનારા, સારથેં સાર લીનો હે જ્યું દોહી. ૨૯
ઇતિ ઉત મન પ્રીરે કહા તેરો, તોમેં રહત આધાર ધરાધરકો;

---

૧ વાસણ. ૨ હાથી.

તેરો સમાસ હોવે મન તોમેં, જબ જાને તું ભેવ ગિરિધરકો;
શબ્દમેં શબ્દાતીત બોલત, પાયો પરછંદો પરાધરકો;
જાને કો સંત સોનારા સીધી કળ, પ્રત્યક્ષ પહુંચેં પરાધરકો. ૩૦
પૂરન બ્રહ્મ ઠહરે સો પૂરન, પુછયો ગિરિજા ગિરિજાપતિસોં;
પૂરન બ્રહ્મ ઠેહેરાવ શુન્યો જબ, કહ્યો આદ્ય પુરૂષ પ્રજાપતિસોં;
પૂરન બ્રહ્મ ઠેહેરાવ કીનો હે, ગુરૂ વસિષ્ઠ હર જાપત સો;
મહાજન બ્રહ્મ ઠેહેરાવ સોનારા, સત્યમાન શબ્દ નાર જાપતિ સો. ૩૧
સોહંપ્રકાશ સ્વરૂપકો પુની તહાં, પહોંચત નહિ બતીયાં દંતકી;
આપાનંદ અનોપમ આસે, તહાં લાગત નહિ સત્તા જંતકી;
આપાપર ભંગ અધ્યાસ નહિ અંગ, સૂત્ર નહિ તહાં કહાં મંતકી;
સદ્ગુરૂકે બિન બગસે નિજ નેન, સમજ સોનારા સરે સંતકી. ૩૨
જેસો હે બ્રહ્મ એનેએન પૂરન, એસો ન જાની શકત હે જીયરા;
કોટ કાલકી કલા મન જાનત, તેસો તો કહે ન શકે એ ગીયરા;
જેસી રસના ભાષાકર ભાખે, એસો તો લે ન શકે અગરા;
સેન ગુરૂકી સમજ સોનારા, લક્ષ પાયો નિબર્યો ઝગરા. ૩૩
જહાં કછુ નાંહીં તહાં કછુ થાપત, શુદ્ધ નિરંજનકે મધ્ય ઓટે,
જહુંકા ત્યું સોહાં સહજ સ્વતંત્ર, કલ્પના નેક સો ભ્રમકી કોટે;
જહાં પરપંચ તહાં પુરૂષોત્તમ, જહાં મધ્યભાગ તહાં ક્ષેતી કરોટે;
કહત અખો યહાં નહિ ચિતવન ચિત્ત, ઉઠાવિના જયું કોઇ અઠોટે.

## દોહરા.

એસો લક્ષ હે જ્ઞાનકો, ઔર સબે મનકીન;
અખા સબે મનકો રચ્યો, મનુઆ અધિક આધીન. ૩૫
દેહ અભિમાની જબ ભયો, ઇત ઉત ફેલ્યો આપ;
કહત અખો મન તાહીં સબ, લોક ચૌદકો વ્યાપ. ૩૬

## કવિત.

જાવત હે સબ લોક યહાંથે, આવત નાંહ જન કોઇ ફરી;
સચ રાનાસે બડે ભટ પંડિત, કોઇ ન દે પઠયો પતરી;
ધન દારા સુત રહત પરે, માનીનતા દેહસંગ વરી;
ઈતની તો અપને નેનું દેખો, ઓર અખા મનને પકરી. ૩૭
દેહધારી કહત અલૌકિક, પરલોકકી દેહ કરત બતિયાં;
સાધન સંગ કરત દેહધારી, દેહ લિખત પુસ્તક પતિયાં;
સ્વર્ગ વૈકુંઠ બતાવે દેહધારી, કહત બનાઇ ઘર છતીયાં;
દેખીયત હે સોનારા સબે ઇત, ઉતકી કોઈ કહે નહિ રતીયાં.૩૮
ઈત ઉત મન પુરયો હે જ્યું તેરો, મન ખડો હે તો સબે સચ્ચો;
કારન કરન સબે મનહીકો, મન ભયો હે પવન રચ્યો;
મનપવનકી લે શૂન્યસાગરમેં, એસેંહી એહી ખેલ મચ્યો;
એહી અનુક્રમ અખા ભયો ગોચર, અચયો રસ ઉનકું જ્યું અચ્યો.૩૯
હે કછુ ઓર ભઇ કછુ ઓર, યે અટપટી આદ્ય અનાદ્ય ચલી;
લૌકિક ઓટ અલૌકિક ઉરે, લૌકિક લૌકિકમાંહીં જ્યું ભલી;
સદ્‌ગુરૂસેન સોનારા સીધી કલ, જેસેં ઉઘડત હે કદલી;
શેષે રહ્યો સો રહ્યો બરાબર, બિન સમજ્યો શુક બંધ્યો નલી. ૪૦

## દોહરા.

છુટ કથીર કંચન ભયા, ગુરૂકલ વસ્તુ વિચાર;
આપા મેટયા આપ રહે, કહેતા હવા સોનાર. ૪૧

## કવિત.

મેં નહિ મેં નહિ મેં નહિ પ્યારે, તુંહી હે તુંહી હે તુંહી હે સહી;
કંચુકીકો બલ હે જ્યું કહા, હરે ફરે જ્યું આપે હી અહી;
અંગ ભુજંગ ગયો જબ નિકસી, તબ જડ જરા જિતહી તિતહી;

નેન શ્રવન નાસા અંગ મેરો, રામ સોનારા ફ્રરે હે જ્યું બહી. ૪૨
જ્યું અંગ ! અહીકે અંગ હોત જરા, સો તો અંગહીતે આહીઉપજી;
અન્ય ઉપાય કારન નહિ ઉરે, સહજ સમારી સો સેજ સજી;
તેસે નર નારાયણ નિરગુન, સગુનતા એસેહીં ભજી;
ગુન નિરગુન અખા નહિ ઉરે, ભેવ પાયો ભવ ભ્રાંત તજી. ૪૩
જો મન માન્યો તો બ્રહ્મ સબે કો, જો મન માન્યો તો જીવ સબે;
જીવહી જીવ ટરત નહિ કો જુગ, અબ જેસો હે તેસો તબે;
દેહદરસી દિનોદિન દારૂન, દેહકે દોષતેં રહે જ્યું દબે;
જો દિવ્યદ્રષ્ટ દીની ગુરૂદેવને, તો બ્રહ્મ સોનારા સબેહીં ફ્રબે.૪૪
મનકો લક્ષ પલટેતેં પૂરન, બ્રહ્મ જેસો કો તેસો હે સદા;
જ્ઞાનબિના ભટકે હે જુગોજુગ, જ્ઞાન આયો ભયો બ્રહ્મ તદા;
અક્ષરતેં ઉલઝણુ નહિ ભાગત, કહા ભયો પુસ્તક પોઠ લદા;
કહે સુને સિધ નાંહીં સોનારા, સ્વયેં હરિરૂપ ભયો હે ન જ્યું રદા.

દોહરા.

ચિદ ચરાચર ચિહ્નિનબિન, ચિતવતહીં ચિત્ત કહેન;
પૂરન લક્ષબિન પામરા, આયુ ઘટત દિનરહેન.
પૂરનતા જાનત નહિ, લેત ગુનનકી ઓટ;
સો ભવમેં ભટકે અખા, શીસ તિમિરકી મોટ. ૪૬

કવિત.

જ્ઞાનકી ગત બુઝત નાંહીં બાવરે,જ્ઞાનબિના જ્યું અજ્ઞાન ટટોરે[1];
દેહ વિદેહ કીની ચાહે મૂરખ, ઉદ્યોત કેસે હોય ગુંજા બટોરે[2]
ભિંન સુભાવ ઇંદ્રીં ગુન ઉરે, તાં કરી સુદાદુર ચાહેતોરે;
દેહાતીત અધ્યાસ અનોપમ, સો તો અખા હે ગુરૂકલ ઓરે.૪૭

---

૧ શોધે. ૨ એકઠી કરે.

સુઝ ન બુઝ ન ગુઝ ગોવિંદકી, લુઝ પરે દેખી લોક અડંબર;
આછો સોઅંગ ઉર તાન તરંગ, શોભા સુગંધ રંગ પાટ પટંબર;
તનસુખ મનસુખ લાલચ કે લીએ,ચિત્ર વિચિત્ર દેખી ભયોગુંબર;
રામબિના રિત્ય[1]માની સોનારા, જેસેહી અંક ભરે કોઇ અંબર[2].
ધન–તન–મન ઉપાસે સબે કો, જાનત હે જગદીશ આરાધે;
એઠોસો ચાલ એઠોસો આરાધન, એઠોસો બોલ બોલે જ્યું આલાધે;
આત્મજ્ઞાન નહિ ગુરૂકી ગમ, ભ્રાંતહી છોત સારે દિન સાધે;
ઠાકરકો ઠેહેરાવ ન પાયો, માયાતેં સોનારા ખેલાવત ખાંધે. ૪૯
માયાકે રંગ દેખી જ્યું મનોહર, માનત હે જગદીશ ગુસાંઇ;
ધન તન હય હસ્તી શિષ્ય સેવક, જાન સબે ગેબ જેસેં ઘનછાંઈ;
પંચભૂતકો ઠાઠ ઠર્યો ચૌદલોકમેં, કીટ પતંગ સ્વામી સેવકતાઇ;
નાંહીંકો અધિક નૂન્ય સોનારા, સબ ચિત્ર ચિતેરા હે સાંઇ. ૫૦
દેહદરશી દેહ દેખી જુગ મોહે, ભંગુરકુ માનત્ત અવિનાશી;
ઉપજ્યા સો અલપાય નિશ્ચે કર, કોઇ રહત નહિ ભૂતલવાસી;
પંચભૂતકોં પરમેશ્વર માનત, આઈ લગી કોઈ ગેબ બિલાસી;
પંચાતીત અલક્ષ સોનારા, જાનત હે કોઇ પંથ નિરાશી. ૫૧
અન્ય ઉપાસન પેઠો રદામેં, જાતન હે હમ હે જ્યું અછોહે;
અન્યહી અન્ય દેખે સબનીકો, પલભર રહત જ્યું નાંહીં વિછોહે;
અનીનકો ઉપદેશ સુને કહાં, જ્યુંલોં ના અનર્થ ગછોહે;
નરનરમધ્ય નારાયન નિરગુન, સગુન સોનારા ભેખ કછોહે. ૫૨
મનકે પીછે ફરે ખટ દરશન, રામ પહેચાનત નાંહીં મના;
યાહી લગા બિલગ્યો હે અચાનક, તહાં તદરૂપ હોવે જ્યું ઘના;
પાનીકીસી[3] બાન પરી મનહીકી, રંગરંગમેં રૂપ ધરે અપના;

૧ ખાલી. ૨ શૂન્ય. ૩ જળના જેવી.

મનાતીત અગોચર આસે, તહાં તો અખા મન હોત ફના. ૫૩
અપરસ અંગ રહત નાંહીં બાવરે, રાખ શકે જોપેં મન અછુતા;
તન તપાસ કરત નાંહીં તાથે, કુંજર શૌચ કીનેથેં પશુતા;
જાવત ચીહીનત નહિ પરમાતમ, તાવત દેહ કૃતમેં સબ ગૂતા;
આપાપર છાંડ ભયો વસ્તુરૂપી, તબે સોનારા સબે બ્રહ્મભૂતા. ૫૪
ભંડુ ન જાને ભલાસા અનુભવ, જેસી તેસી અપની કરે આગે;
નેહેચા નાંહીં નાંહીં ગુરૂકી ગમ, સ્વાન ભૂંકે જેસે જાગ કુજાગે;
કર્મ ન ધર્મ ન જ્ઞાન ન બુઝત, જાનત નાંહીં ચંચલ ભક્તિવૈરાગે;
જ્ઞાન અખા હે હંસકો ખાવનો, મુક્તાફલ ચુગ્યા જાય કેસેં કાગે. ૫૫
સંગતે રંગ ફરે ન કુબુદ્ધિકો, બક મિલ્યો જેસે હંસકી ટોરી;
મરાલ મિલે મુક્તાફલ ચુગે, બગ બુરી બુરી મછી ઢંઢોરી;
ત્યું જ્ઞાનમતામેં મિલે ખલજ્ઞાની, મનકો મોડ જેસેકો તેસોરી;
એસે નરકોં મત માનો સોનારા, કહા ભયો દૂધજેસી છાછકી[1] ગોરી[2].
વર્ષકી કોટિ પચ્ચો પથરા, નીરમધ્ય સોતો રહત પર્યો;
નીરકો નેક સમજ ન લાગત, ટાંકી લાગી તબ વહની જર્યો;
ત્યોં ખલજ્ઞાની અહંકાર ન છાંડત, અંતર ભિન્ન ભંગાર ભર્યો;
એસે નરકું ફિટકાર સોનારા, કર્મ અરૂ બ્રહ્મ દોનોતેં જ્યું ટર્યો. ૫૭
જ્ઞાનીસું જ્ઞાન કથીજે સયાને, અજ્ઞાનીસું વાદ વદે કોન ભોરે;
અજ્ઞાની અહંકાર આને ઉર અંતર, સત્ય શબ્દકોં દેત મરોરે;
ભીતર ભિન્ન ભંગાર ભરે હે, બાહેર બાત બનાવે ઓરે;
સંતસમાજ સોનારા સો ન્યારા, સતભાવવિના ભવભૂત પછોરે. ૫૮
અજ્ઞાનકું જ્ઞાન માને મન મૂરખ, જ્ઞાન પર્યો કંહી દુરીદરાજે;
સીખી સુની ગલ મારે ગુસાંઇ, જ્યું જોગપવન કુંભ ખાલી સો ગાજે;

1 છાશની. 2 ગોળી.

જીવજંજાલ બલા ભરી ભીતર, ઉપર આછીસી બાત બિરાજે;
સો નરકું મત માનો સોનારા, કહા કુલટા ટલે જો નવસત્ય સાજે.
કહા જ્ઞાન કથ્થો મમતા નહિ છુટી,કહા જ્ઞાન કથ્યો નિંદા મુખ બાઢી;
કહા જ્ઞાન કથ્થો લક્ષ્મી લક્ષ લાગી, કહાજ્ઞાનકથ્થો મનછાબભઈગાઢી;
કહાજ્ઞાનકથ્થોપીછોફર્યો પામર,જયુંપાકોઇંદ્રાનીફલકટુકતાબઉકાઢી;
જ્ઞાન ઓટે અજ્ઞાન સોનારા, ભાવ ગયો ભયો ભૂત ભરાડી[1]. ૬૦
ટૂટો તન ગાત મમતા મટી નહિ, ફુટ ફજીત પુરાનોસો પિંજર;
જરજર અંગ ઝુકયો તન નીચો, જેસેહીં વૃદ્ધ ભયો ચલે કુંજર;
ફુટેસે નેન દસન બિન બેન, એસો ફબે જેસો ઉજર ખંજર;
અજહોંસોનારારામભજનકી ભાતનાંહીં,જોપેંઆઇપહોંચ્યોહેમંજર[2].
એસે નરતેં ખર ખરો ભલો, જો ક્ષામ ભયો ખરતા ન ટરી;
જરજર અંગ જરત નેન નાસા, જેસેં ગ્રીષ્મ ચલ્યો પગરી;
જરાકો જોર બઢયો જિનકે અંગ, જોબનતા ડસસું ડગરી;
અજહુંસોનારાટેડો નટર્યો નર, જોપેં આયમિલ્યો મૃત્યુલગ જગરી.
યૌવન ગયો જરા ઠન્યો, સિર સેત ભયો બુધ કારેકી કારી;
સબ આપન્ય વટીતન નિરત ઘટી, મનસાજ્યું રટી કુલટાજેસી નારી;
જ્ઞાન કથ્યો સો તો નીર મથ્થો, આઇ અખા શૂન્યવાદીકી ગારી;
રામ ન જાને કલિમલ સાને, ભયે જયું પુરાને અવિદ્યા કુમારી. ૬૩

## દોહરા.

કહેત અખો કેતી કહું, જીવ કુબુધકી બાત;
કોટ કલ્પસુધી જીએ, તોહુ ન વિષયે અઘાત. ૬૪
તાકો આતમ ઉલસે, પરાપારથેં બ્રહ્મ;
કોટ કર્મ છિનમેં બરે, યેહી પ્રભુકો ધર્મ. ૬૫

---

૧ મોટો. ૨ બિલાડારૂપ કાળ.

જીવ ન કરે અઘ ઇતનો, જે એક રામ જરાય;
બારો મેઘ વરષે અખા, તહાં લાગી શકે કયું લાય ? ૬૬

## કવિત.

ભાવના ફિર પરત જીઆ જાન લે, ભાવ જેસો તેસો રૂપ તેરો હે;
જો તુજ ભાવ હોઇ શિવરૂપા, તો તુંહી ચરાચર જોપેં ભાવકુર્યોહે;
જયુંલોં માનતહે આપા સાચા,ભૂત ભવિષ્ય સત્ય તો તું ચેહેરોહે;
કહત અખા સતભાવ નિશ્ચે કર,ચિત્ત ફર્યો તો ચિદ્ નેરોહે. ૬૭
સુધીસી ચીહીન ન આવે સબનકું, તાથે રહે પરપંચ ઉપાસે;
તા ઘરકો પહેચાન ન આવત, જામેં સમાત હે સાસઉસાસે;
કાગદ ઓટ નહિ જીવશિવબીચ,ભ્રમ પર્યો લાગો માયા તમાસે;
કહત અખો ગુરૂગમબિના નર, કાલકે હાથ બિકાનો નિકાસે.૬૮
ધોખેકે ધંધ પરે જયું સયાને, અયાને વહે તાકી કોન ચલાવે;
ધોખે પરે પરલોકકું તાકે, ધોખે પરે ધ્યાની ધ્યાન લગાવે;
ધોખે પરે જ્ઞાની આપકોં થાપત, ધોખે પરે દેહી દૂર બતાવે;
ગામ નહિ કહા સીમ સોનારા, સહજ કથી કથી દ્વૈત બઢાવે. ૬૯
સંસે સંસાર સાચા કર લીના, સંસા મટે સોઇ સાન બિચારો;
નાદ ન બિંદ વિસતાર ન વાચા, તા દિન કોન કહાંથે જયું ન્યારો;
આપ હુએ તેં ઠાઠ ઠઠયો હે, આપ મટેતેં મટયો જયું પસારો;
શૂન્ય સોનારા વિચાર સો સુન્યા, શૂન્ય લખે સો લખનહારો. ૭૦
પિંડબ્રહ્માંડકે ભેદકોં ભેદે તો, વેદ વદન સબે બિલાવે;
દેહદરશન દીઓ મુખ આગે, પ્રતિબિંબ બ્રહ્માંડ તબે સત્ય કહાવે;
જબઆદ્રશ્યઅંગઅલપાનોઆગેથેં,તબજગતજંજાલકીકોનચલાવે,
સઘ સોનારા સમાયા તાહીમેં,જા ઘરકું નિગમ નેતિ નેતિ ગાવે.૭૧
ના હમ જ્ઞાની અજ્ઞાની સયાને, માની ન ધ્યાની કબ હમ હુએ;

પાની પવન અગની ઓર અવની, અંબરથેં નાંહીં કો દિન જુએ;
જ્યોં ગેબ ઘટા ઘન ગરજત ઘેરા, વરસે વિલાવે તો કહા કછુ મુએ;
અખા આનંદ આપે આપ કરતા, દેહ દેખે સો દેવકું ખુએ. ૭૨
મંદિરકી મનસા નહિ જાકોં, કંદરસેવા તો તાહી ભલી હે;
મંદિર કંદર દોઉ નહિ જહાં, બુઝકી સુઝ તો તાહુ ચલી હે;
પંથ ચલે સો તો પંથ સમારે, પંછીકું તોસો અટક ટરી હે;
સોવે અખા સો જાગૃત્ ચાહે, જાગૃતકું તો જાગૃત્ મિલી હે. ૭૩
નામ અરૂ રૂપ સકલ જન ઠહરે, પંડિત જાણ ભક્ત અરૂ જ્ઞાની;
કારજ કારન દોઉ વિવરજીત, તા ઘરકી વિરલા હે જો નિશાની;
ભાંતકે ભ્રમ ભૂલે જન સારે, પાનીકે ચંદહીં સ્થિતિ ઠાની;
હોવે અખા ઉસી દેશકે સાની, ઔર કયા જાને પુરાનકે માની.૭૪
જ્ઞાન અરૂ ધ્યાન સયાન સબે કૃત, ભક્તિ વૈરાગ માયાકી ઠગોરી;
ધંધકા ફંદ બઢે જો દિનોદિન, ટારત નાંહીં ન ઝામરઝોરી;
સહજકે નયે હેજમેં પહેજ કહાકો, આપ નહિ કહા વ્યાપ સચોરી;
એહ સુઝકી બુઝ સબનતેં ન્યારી, કૃતકી બુઝ અખા હે જયું થોરી.૭૫
જ્ઞાનકા ગહેન કથે બહોતેરે, ધ્યાનકે ઘોખે ધુની વહી સારી;
ભગતકે ભ્રમ ભટકે જો ભમે, પણ અવગતકી ગત રહત જો ન્યારી;
કૃત્યકી કલંક છપી હે જો છાની, અહંકારકી ઓટ પરી હે જો ભારી;
ગ્રહન છોડન એહી વસ્તુખંડન, કહત અખા જો પુકાર પુકારી.૭૬
બિંદથે કંદ કીયો જિન પેદા, છંદ કરી છુપીયો સબમાંહાં;
નેનની દેખે બેનની બોલે, શ્રવનની સુને સબ ચહેન જે જાંહાં;
નાપેદથેં કેદ કર્યા જન પેદા, કેદ નાપેદ કરત કોઇ કાંહાં;
આપે તું ખુદી ખુદાભી તું આપે,નાંહીં અખા ઇસ ઠાંહાં ઉસ ઠાંહાં.૭૭
જાકે નેનનહીં સબ નેનની દેખે, બેનનહીં સબ બોલી સો બોલે;

કાનનહીં સબ કરનહી વાકે, નાસાનહીં સબ વાસ તો ઓ લે;
વ્યોમકી ઓટે તું આપ સહરાઇ, ફોમ ધરી કહી વ્યોમની ખોલે;
અખા ભેખ ખેલારા સાંઇયાં, બુધકા ફેર કપોલ કપોલે. ૭૮
ભેખકી ટિક ચલે ખટ દરશન, ભેખ નહિ તહાં ટેક કીનાકી;
ટેકકી ટેક ચલી જો દશો દિશ, ટેક હમારી તો હે જો ફનાકી;
નેતિ નેતિ કર નિગમ જહાં રહે, ટેક છુટી તહાં બહોત જનાકી;
એસી બુઝ અખા ઘર કાના, ટેક ગઇ હે તિનોં દિનાકી. ૭૯
જ્ઞાનગયંદ ચઢયો નર નીકેતેં લોકનકી બક[1] ચિત્ત ન આવે;
જ્યું બુંદકી[2] ઘડી પહાડ ન ટુટત, ચોટ અનેક કરી જો ધાવે;
ચિત્ર લતાકો રસકો દેખત, તો ઔરનકી કહો કોન ચલાવે;
ચૈતન નિંધકે ભોગી અખા, કહાં શ્વાન શૃગાલકે ભક્ષકું ખાવે. ૮૦
જીવ રીઝે અરૂ ખીજે તો કહા હે, બુઝ ગયો મેરો કહા જો દ્રઢેગો;
જ્યું જલ બુંદ પડે બહુતેરે, કહા બુંદકે જોર ઉધાન[3] બઢેગો;
જયોં દિનકર દીપ દિખાવે કો મૂર્ખ, કહા દીપવિના વાકો રથ અઢેગો;
ચઢાઓ અખા કહાં નાવકું તારે, સોહી તરેગો જોપે નાવ ચઢેગો.૮૧
લંઢ કરો કોઉ ભંડ કહો પાખંડ કહો, ઓરે કહો જો ભીખારી;
સજ્જન કહો દુરિજન કહો ચોટ કહો, કોઉ કહો બ્રહ્મચારી;
કાહુકો પાવ ટિકે નહિ તહાંલોં, જહાં જાઇ કીની અખે જો પથારી;
જિને જેસોદેખ્યો તિને તેસોધ્યાયોં,બહોતકરેહ જોવિચાર વિચારી.
રહેણીકી કહેણી ચલાવે સબે સો, રહેણીકી બાત ન બુઝે સંસારા;
જે જિનકું પરલોક ઉમેદા, અહી લોકકી આસ કરે ન પસારા;
નામહી ભૂતભવિષ્યકા સોથા, વર્ત્તમાનકા કાલ ચલાવનહારા;
કહેત અખો ગેબરહેની હમારી, જ્યું બાદલતેં નભ ન્યારેકા ન્યારા.૮૩

૧ બકવાદ. ૨ વરસાદનાં ફોરાંની. ૩ સમુદ્ર.

કહાં રહેણી કહું કહાં સહેણી સહુ, કહેણુ કહું કહાં જેસેકા તેસા;
કાલો પીલો લાલ સબજ[1] સ્વેત,અભ્ર ગગન ગેબ નભ એસેકા એસા;
બાણુર કરી દુરગંધ પંચામૃત, વહુની જરાવત નાંહીં અંદેશા;
કહત અખા જાકું પ્રગટ પાઇયત, તાકું કહેવાં ઈતિ કેસા સંદેશા. ૮૪
માલા ન પેરૂં ટીકા ન બનાઉં, શરણે ન જાઉં મેં કોઉ કિસીકા;
આપા ન મેટું થાપા ન થાપું, મે મદમાતા હું મેરી ખુશીકા;
ભિસ્ત ન દોજક દોઉ ન ચાઉં, ના ચાઉં નામ ન રૂપ કિસીકા;
હે નહિકી સંધ્ય પરી જો અખાકી, જાનેગા જે કોઇ ડેર[2] ઉસીકા૮૫
સોંણુકી બરઢ બકત જન સારે, જાગૃતકી બતીયાં કછું ઓરે;
જયું સુરજકોં ભરી ભાદ અંધેરા, દેખાવનકો જન રહે જો બટોરે;
તરનીકી દષ્ટ કીનો જબથેં, તબ જેસેકો તેસો મધ્ય ઠોરે;
એસોજ્ઞાનકેઆગે અજ્ઞાનસોનારા,નાગોહ પેહેરે ધોવે કહાઉ નિચોરે.
ચંદ રાહુ ગત્ય હે જીવ શિવકી, ચંદ રાહુ કુંજ દેત દિખાઇ;
ભિન્ન પરે રાહુ દષ્ટ ન આવત, સંગ મિલે બતીયાં લોક ગાઇ;
ઈંદ્રિય તત્ત્વ તન્માત્રા ચતુષ્ટે, યા વસ્તુકી આભા બની આઈ;
ભ્રાંતકી ભ્રમ ભુલો જન કોઉ, કોવિદજનતે અખે મતિ પાઇ.૮૭
ચિત્તકી ચલક ચલકે જયું બહુતેરે, ચિત્ર ચિતેરી આપ ભયો હે;
ચિતેરા ચતુર ચલે ચાલ એસી, જો ચિત્ત ચલે ઓપ એન રચો હે;
જલકે જોકે જયાં ચંદ્ર ચપલતા,સહેજે ચપલ ચંદ કહાજો કયોહે;
ચૈતનકી ચીહીન જો એસી અખાકી,જોચિત્ત અચિંતમેં ગેબ ગયોહે.
અબ ધ્યાન ધરી કહો કોનકોં નિહારૂં, જો પ્રગટ ખેલકો આપ ખેલૈયા;
ભક્તિ કરી કરી ભોગ લગાઉં, સો પ્રગટ ભોગકોં આપ લેવૈયા;
ગુન નિર્ગુનકો વિચારો કેસે, જો વિવેક વિચારકો આપ કરૈયા;

૧ લીલો. ૨ સ્થાન.

વામ ફેમ ચાહા અપની સો, એસે અખા ગઇ દૈઇયા મૈઇયા. ૮૯
સોઇ ભગત ભગવંત ભરોસે, ખેડત હે ભર ખુટાકે મહીયાં;
સો સતજ્ઞાની રહત આપ આધારા, લાગત નાંહી પ્રભુતા શુન્યબહીયાં;
ઇંદ્રિય અચલ ચલત નહિ કબહુ, કોટ મધ્ય કોઈ કરે ઉપઇયાં;
અખા બલેવ કેસો બાભન, જો ધાન માનેકો દેખી બડઇયાં. ૯૦
ના મુંહી વણુજ વ્યાપાર ઉપાસન, ના મુંહી મંત્ર ગુરૂ નાંહીં ચેરા;
ના મુંહી રસ રસાયણુ આવત, ના ગુટકા અંજન દેવ દેહેરા;
લાલચ લોભકી બોલી ન બોલું, મેં હું તમારા કે હો તુમ મેરા;
એસી ગેબકી બાન પરી જો અખાકી,હઠપરહઠ નાંહીં સેહેજેનરબેરા.
જ્ઞાનીકું માની કહે સોઇ બાવરે, રાવરી રીતકું રંક કહા જાને;
નરપતિ નેક ન માને ન્યૂનાધિક, કુળકી ક્રિયા જો સુભાવહી ઠાને;
જયોં ઘનઘટા કરી ગરજત ગેહેરા, કેહરી પ્રાન તજત હઠ માને;
એસેં અખા કલ્પો કોઉ કેસા, જ્ઞાનીકી ગત્ય ગોવિંદ પહેચાને. ૯૨

## દોહરા.

લક્ષ બડા હે જ્ઞાનીકો, અખા ન ચીહીનત કોય;
હારદ હાથ આવત નહિ, તાથે અસંભાવના હોય. ૯૩
જયોં બહુ મૂલી હીરા બનમે, દૂરથે દેખ્યો જાત;
ડર્યો બટાઉ પ્રેત માની, અખા અંધેરી રાત. ૯૪
ત્યું રહેણી કહેણી જ્ઞાનકી, ભેચક લાગત જંત;
ગુણુ છાંડે અવગુણુ ગ્રહે, જાનત નાંહી મહંત. ૯૫

## કવિત.

સંતકી નિંદા કરત જન ભંડુ, સો આનત હે અપને ઘર કુતા;
વેરીકું સોણુ બુરા કરનેકું, નાસિકા નિજ કાટી સો આપ વિગુતા;
જયાં પારોસીકો મંદિર જારને મૂર્ખ, આપનો ઝુંપ લગાયકે સુતા;

કહેત અખા કુબુદ્ધિ નર જેતે, ઓર અકાજકું આપ ભે ભૂતા. ૯૬
નિંદક નેક નારાયણ ન જાનત, ઠાનત હે ઓગુન મુખ નિંદા;
કાગ કુકર કપુર માનો વિષ્ટા, અંતર સહેજ સુભાવકા ગંદા;
સુંદર સરમધ્ય ખર નહિ નહાવત, મર્દન છાર કીનેથેં આનંદા;
કહત અખો સતસંગ ન લાગત,કુબુધ કુટીલ નર મતિકા મંદા. ૯૭
સંસેકો બાણ લગ્યો સબકે તન, માર લીએ સબ માયા આહેડે;
મારે હે વંચક શ્રોતા સબેકો, જ્યું તરૂવર ફલ દારે પબેડ;
જ્યું વિછુઆ જનમે બહુ બાલક, ઓહી અપત્ય વાકો તન ઉઘેડે;
કહત અખો બેઠે બ્રહ્મ ઝરૂખે, સો સંતનિકુ માયા નહિ છેડે.૯૮
રામહીં રામ જપે સો રામ હે, નામ કહે નિત્ય સો શ્યામસુંદર;
શ્યામની સુરત ચલી સુરલોકમેં, તાથેં ફર્યો ગિરિ સેવત કંદર;
જબ ઉલટ ફર્યો નર નિજ ઉર અંતર, કોટ કલા રવિ પાવે સો ચંદર;
કહત અખો ગુરૂ જ્ઞાની સેવે બિન, રામ ન પાવે જો દેખે પતંદર.૯૯
દેખે સબ અંજન માને રંજન,રંજન મનકોં વાહે તે વાહાયો;
તાથેં ભયો નહિ ભવકો ભંજન, નામ પુરંજન માન કહાયો;
સંતજન સાહે ન સદ્ગુરૂ બહારા, મંજન માટી મલી મલી નાયો;
કહત અખાજહાંનહિ સ્વરવ્યંજન,સોબાવન બાહ્યકોંહાથ નઆયો.
આપહીં રામ રમે જો રમાવત, સત્ય કહું હું દુહાઇ પિતાકી;
ચેતનરૂપ ચરાચર ચલકત, માનીનતા મન છત છતાકી;
જહાં ઉદ્યોત ભયો હે અચાનક, સો નરકું સતા હે પરાતીત તાકી;
કહત અખાએસો વેદવચન હે, ઓરકુ ચલાવેજો મન મતાકી. ૧૦૧

## દોહરા.

મનકી સુરત હે સામની, રહત પૂરવકું રામ;
કહત અખા ગુણરંજના, માન કીયો આરામ. ૧૦૨

## કવિત.

રામ ન રીઝે જો દાન અનુપે, રામ ન રીઝે અજાન ખેલવના;
નાચન ગાવનથેં રામ ન રીઝે, રામ ન રીઝે પાની પાહાન મેલવના;
આશ્રમ વરન ભરોસેકેં ભૂલો, કવિકલારસ કરત કેલવના;
કહત અખો મૃગવારી ઝકોરતેં, માનત હે હમ ગંગ ઝેલવના.૧૦૩
જો ગાવનથેં ગિરિરાજ રીઝાવત, તાનથેં પથ્થરકો કરે પાની;
પંડિત સો પરજાપતિ પુલકત, સરસતી સુનતેહી જોત સરાની;
સિધીથેં સુરસુમનકેં સમારે, ઓર બ્રહ્માંડ કરત ઉર આની;
કહતઅખો બિનઆપ પહીચાન, માનો સ્વપ્નેકીલક્ષ્મી સત્યમાની.
નિરાધાર રહે સો સબકે આધારા, આધાર રહે સો તો હે જીયરા;
કરાત્રમ વસતુ તેલ પુંઠ બાતી, બચારતેં દરપત રહે દીયરા;
આત્મ અરક જતનબિન ઝલકત, કોટ સુધાકરસો સીયરા;
કહત અખો સ્થિત ભઈ તઝાંકી, જહાં બિરાજત હે ગિયરા. ૧૦૫

## દોહરા.

અબ કહું પરબ્રહ્મ પીઠકા, વસ્તુ વિશ્વકો ભેવ;
રૂપ અરૂપી વહી રમે, જે જગત દુર્લભ દેવ; ૧૦૬
સર્વાંગી પ્રકરણુ કહ્યા, કવિત ચોરાસી ચોજ;
વીશ કહ્યા મધ્ય દાહેરા, કોઈ જ્ઞાની દેખે ખોજ. ૧૦૭

ઇતિ શ્રીસંતપ્રિયા સમાપ્ત.

# અખાના છપ્પા.

## વેશનિંદા અંગ.

**સૂતર** આવે તેમ તૂં રહે, જયમ ત્યમ કરિને હરિને લહે;
વેશ ટેક છે આડી ગલી, પેઠો તે ન સકે નિકળી;
અખા કૃત્યનો ચઢશે કષાય, રખે તૂં કાંઇ કરવા જાય. ૧
**રંગ** ચઢે તે જાણો મેલ, પોત રહે તે સામું સહેલ;
આપે આતમ સ્વયંપ્રકાશ, કર્મધર્મનો કાઢી પાસ;
અખા એવી સદ્ગુરૂની કલા, સમઝે નહિ તો વાધે બલા. ૨
**ખટદર્શનના** જુજવા મતા, માંહોમાહીં ખાધા ખતા;
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અધકો ગણે;
અખા એજ અંધારો કુવો, ઝગડો ભાંગી કોય ન મુવો. ૩
**સમજી** રહે તો સઘળો લાભ, કાયકલેશે વાધે ગાભ;
હું માને તો હોય સંતાન, આતમતાનું થાએ જાન;
અખા હરિ જાણી હું ટાળ, જન્મ કોટિની ઉતરે ગાળ. ૪
**આની** ત્યાં માયાનો ભાગ, માને માયા પામે લાગ;
કેવળમાં જે બીજું ભળે, કલ્પિત ભ્રમ ટાળ્યો નવ ટળે;
અખા નિજ આતમને સાધ્ય, ઔષધવોણી જાયે વ્યાધ્ય. ૫
હું ટાલી અછતો થૈ રહે, હરિપ્રભામાંહે થૈ વહે;
પોતાપણેથી જે નર ટળે, અણુ આયાસે હરિમાં ભળે;
અખા વાત સમજી લે વિધ્યે, જાંહાં છે ત્યાં આકાશજ મધ્યે. ૬
**પડે** નહીં જે પૃથ્વી સુવે, કને નહીં તે કો શું ખુવે;
ટાઢું ઉનું નોહે આકાશ, પાણીમાં નોહે માંખણ છાશ;

બ્રહ્મજ્ઞાન એવું છે અખા, જ્યાં નૈં સ્વામી સેવક સખા. ૭
એક નહીં તાં બીજું કશું, જાણું નૈં શું વાસો વસું;
પંચ નહીં ત્યાં કેની શાખ્ય, વણુ રસના અચવ્યો રસ ચાખ્ય;
અખા સમજે તો સમજી જુવે, બાપના બાપને ઘેલાં રૂવે. ૮

## આભડશેટ અંગ.

આભડશેટ અંત્યજની જણી, બ્રાહ્મણવૈષ્ણવ કીધા ધણી;
બારે માસ ભોગવે એ બે, સૌને ઘેર આવી ગઈ રહે;
અખા હરિ જાણે જડ જાય, નૈં તો મનસા વાચા પેશી રે કાય. ૯
પોતાનાં પડખાં નવ જુવે, હાડ ચામડાં મૂરખ ધુવે;
શુદ્ધ કેમ થાય જો ચામડું, મોટું માંહે એ વાંકડું;
હરિ જાણ્યા વિના ભૂલા ભમે, અખા પાર ન પામે ક્યમે. ૨૦
ઈશ્વર જાણે તે આચાર, એ તો છે ઉપલો ઉપચાર;
મીઠાં મૌડાં માન્યાં દ્રાખ, અન્ન નોય અન્નમાંની રાખ;
સોનામખી સોનું નવ થાય, અખા આંધળીને પાથરતાં વાણું વાય. ૧૧

## ગુરૂ અંગ.

ગુરૂ થૈ બેઠો હોંશે કરી, કંઠે પાણુ શકે ક્યમ તરી;
જ્યમ નાર નાંનડી હવું પ્રસૂત, વલતી વાધે નૈં અદ્ભૂત;
શિષ્યને ભારે ભારે રહ્યો, અખા તે મૂલગેથો ગયો. ૧૨
પોતે હરિ નૈં જાણે લેશ, કાઢી બેઠો ગુરૂનો વેશ;
સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ;
એવા ગુરૂ ઘણા સંસાર, તે અખા શું મુકે ભવપાર. ૧૩
તું તારૂં સમજીને બેશ, કાં ચોળે ડીલે પ્યારી મેશ;
તુંબડું જ્યમ માંહેથું મરે, જે લૈ પેસે તે સૌ તરે;
તરુવર ફળ દેવા નવ જાય, અખા આવી જાચે તે ખાય. ૧૪

ચેલો તું પરમારથ પ્રીછ, પછે ગુરૂ થાવાને ઈછ;
પારો મુવો તે રોગ નિગમે, પછે ભોજન બોળું તે જમે;
ત્યમ નિરાશે મલે નારાણ, અખા તું પહેલે એવું જાણ. ૧૫
તું તારા મનમાંહી પ્રીછ, શાને મોટપ લે છે શીશ;
ઝીણું મળતાં મોટું થાય, મોટું કણુકા થૈ ને જાય;
અખા વાત વિચારે વિદ્યે, રિધ્ય ઘણી તો રહે સંનિધ્યે. ૧૬
આપે આપ પૂરણ બ્રહ્મ હરિ, પોત પસાર્યું રચના કરી.
ચૈતન્ય બ્રહ્મશલાનું ચિત્ર, ઋષિ જક્ષ માનવ પશુ પિતૃ;
થાય જાય એ માયાભેદ, અખા ચેતન નોહે ઉચ્છેદ. ૧૭

## સહજ અંગ.

ધર્મ સતવાદી ભીમ બળવંત, સેહેદેવ જોશી જાણે તંત;
અર્જુન બાણાવળિ નકુળ ચતુર, સાથ જેને શ્રીકૃષ્ણ હજુર;
વન ભોગવતા દુખિયા થયા, પામી રાજ્ય અધુરા ગયા; ૧૮
સહેજે જે થાયે તે થાય, કર્તવ્યનું બળ અખો ન ગાય.
સુધું સમજી સુખિયો થા, મૂકી આપ ઈશ્વરમાં જા;
ધરમ અરથ મોક્ષ ને કામ, એ માયા પગ મૂક્યાં ઠામ;
નિસ્પૃહી તે નિરાળો રહે, અખા લાલચિયો લીધે વહે. ૧૯
સમજે તો અવળું છે તાન, બીજું ઇચ્છે એહજ જ્યાન;
સોનામાંહે બીજું ભળે, મૂળ રૂપ તેનું જ્યમ ટળે;
જેમ છે તેમ એ છે આત્મા, અખા કેની એવી છે ક્ષમા. ૨૦

## કવિ અંગ.

કવિતા ઘણા કવિ કવી ગયા, અદ્યાપિ કવે પ્રત્યક્ષ રહ્યા;
વળી આગળ કવશે બહુ કવિ, મનની વૃત્ત્ય જો જો અનુભવી;
અખા મનાતીત તેમનું તેમ, મનની વૃત્યમાં મનની ગમ્ય. ૨૧

જ્ઞાનીની કવિતા ન ગણીશ, કિરણ સૂર્યનાં કેમ વરણીશ;
શબ્દતણો છેડો કેમ થાય, આકાશને કેમ તોળ્યું જાય;
એવું વચન અલિંગીતણું, અખા નહિ કોય પર આપણું. ૨૨
સ્થિતિ નહીં આપાપરતણી, પંડ્ય બ્રહ્માંડનો થાએ ધણી;
અચળ્યું સરખું દીસે આપ, ભૂત ભવિષ્યનો નોહે થાપ;
અખા જોતાં ચિદ્આકાશ, આવિર્ભાવ વિના શો નાશ. ૨૩

## વૈરાગ્ય અંગ.

જો ઉપજે તો ભલો વૈરાગ, બીજા કૃત્યનો ન છબે પાગ;
હેલામાં હરિ પામે વેદ, જો ઉપજે સાચો નિરવેદ.
જ્યમ ફૂલ પાછળથું ફળ નિદાન, અખા વૈરાગ્ય તે પરમનિધાન.૨૪
વૈરાગવિના તે ઉપજે ખેદ, મારા તારા ભેદાભેદ;
સત્ય વૈરાગ ગોળીની ચોટ, લાગે તો તે થાએ લોટપોટ;
જો ભાગે અખા પર કે પાગ, તોય ટલે તે ઉડવા લાગ. ૨૫
સત્ય વૈરાગ સ્વામીનું રદે, મહાપુરૂષ સર્વે એમ વદે;
જે વૈરાગ દેખાડે કરી, એ તો મનકેરી મશ્કરી;
પલકે પલકે પલટે ઢંગ, એ તો અખા માયાના રંગ. ૨૬
સુરજ તેમ સાચો વૈરાગ, પડતાં ન જુવે જાગ્ય કુજાગ્ય;
સહુને તેજ કરે તે સહી, પડછાયો પોતામાં નહીં;
જ્યાં ઉપજે સાચો નિર્વેદ, નોહે અખા ત્યાં ભેદાભેદ. ૨૭
સત્યવૈરાગ સ્વેં જાણો હરિ, ત્યાં માયાને શું ગ્રહિયે આદરી;
જેમ નવ ગ્રહનાં રત્ન મૂલવાય, પણ પારસનું મૂલ કોયે ન થાય;
અખા તે વૈરાગ વિચાર, વેશ તુને નૈં મૂકે પાર. ૨૮
પતિ કહાવે તો મનને જીત્ય, બાકી જે કરશે તે રીત;

ચાર વર્ણ ને આશ્રમ ચાર, જ્યાં અવતરે ત્યાં વેશ વેવાર;
અખા વાત પામ્યો શી નવી, જે લાગ્યું તે છુટચો ભોગવી. ૨૯
એમ સમજે નર પામે પાર, જે તું પ્રથમ હતો કર્તાર;
મુજ જાતે જે રે છે હરિ, વચ્ચે હું રહ્યો માથે કરી;
અખા એમ વિચારી રહે, શીશ પોટલો નાખી વહે. ૩૦
ગોળે મરે કાં શોધે વખ, તપી ભમી કાં પામે દુઃખ;
ફરતા ફરતા દીસે ઘણા, જેમ તાતી વેળુમાંહે ચણા;
અખા ઉડી જો અલગો પડે, વસ્તુવિચાર સદ્‌ગુરૂથી જડે. ૩૧
હેતવિના પ્રવૃત્તિ વધે, હોંશે કુબુદ્ધિ બેસે ગધે,
દેખાદેખી સહુ કોઇ કરે, કોણ જુવે જે શું છે સરે[1];
અખા જો વિચારી જુવે, રોતાં દેખી સૌ કોઈ રૂવે. ૩૨
ઘરમાં ઘાયલ મનકામના, કર્મે મોહ્યા દામચામના:
કુલે શેકે કેમ હોય નિર્વાણ, જો નૈં ઉપજે આતમ જાણ્ય;
સોનામાં સૌ ઉપજે મરે, અખા સમજ તે મોટી સરે. ૩૩
ભૂનાં ભાંડ એક જોતાં શરૂ, લાગ્યો અગ્નિ કહાવ્યું ઠીકરૂં;
તેમ જીવશિવ વસ્તુગત એક, અહંતાકેરી લાગી ટેક;
અખા જીવ અહંતાભાગ, ઉજ્જવળમાં જેમ કાળો દાગ. ૩૪
અગમપંથમાં મોટો ભલ્લ, ચાલી શકે કોય એકલમલ્લ;
સામો મળે ન વાંકો જાય, નિજબળ બળિયો તાં ઠેરાય;
બાકી અખા હોંકારા કરે, ભૂમિવિના પગ કોઇક ધરે. ૩૫
વણ ખાંડે જગતીમાં જીત્ય, જો કોઈ સમજે આતમરીત;
જાઈશમાં ખોવા પામવા, ઇચ્છીશમાં ટલવા ને થવા;
પ્રવૃત્તિનિવૃત્તિ દાસી છે બે, જો અખા તો એ ઘેર રહે. ૩૬

---

૧ છેવટ.

## વિચાર અંગ.

આપ વિચારે મળશે રામ, વણસમજ્યો લે કોનું નામ;
બોલે ચાલે જેવડે સુણે, તેને જીવ લેખે નવ ગણે;
કેમ અખા હરિ મળશે તને, કંઠે હાર પાછળ પડ્યો કને. ૩૭
પૂરો તે જે પૂરણ લહે, બીજા વેતા કેડે વહે;
જે નર દેખે સઘળે હરિ, પૂર્ણ ભક્તિ તો તેણે કરી;
જ્યાં જેવો ત્યાં તેવો રામ, અખા સઘળાં એનાં નામ. ૩૮
ધીર ધીર મન ધસતું રાખ્ય, કર્મશાસ્ત્રની ન પૂછે સાખ્ય;
આગલ મન વિષયે લાલચી, તેને બ્રહ્મ દેખાડે રચી;
અખા મોટું છે એ વાંકડું, જેમ કરડું વીંછીએ માંકડું. ૩૯
સાચું કેતાં જુઠું શમે, પણ સુધી વાત સૌને નવ ગમે;
જેમ દીવે અંધારૂં ટળે, તેમ બ્રહ્મજ્ઞાને પરપંચ પળે;
જગતતણી જુગતીશું પ્રીત, અખા ન સમજે આતમરીત. ૪૦
ત્રણ ગુણનો સઘળો સંસાર, ગુણવડે ચાલે દેહવ્યાપાર;
કાલ ભરાવ્યે ચાલે ગાંઠ, મન આદિ સઘળો આ ઠાઠ;
અખા વસ્તુની ચૈતન્યશક્તિ, જે સમજ્યા તે પામ્યા મુક્તિ. ૪૧
હું નહીં ગુણ ઇંદ્રિય દેહવાન, પ્રકૃતપુરૂષનું નહિ મુજમાન;
મુજમાં સહુ હું સર્વાતીત, હું છું ત્યાંહાં નૈં દ્વૈતાદ્વૈત;
અખા એમ સમજી રહે જેહ, જીવન્મુક્ત યોગેશ્વર તેહ. ૪૨
પ્રીછે તો ગુણપારે રહે, ગુણમાં આવે તેને દહે;
જે ઊડયો જાયે આકાશ, તે નોય પૃથ્વીની પાસ;
અખા એમ સમજ્યો તે હરિ, તેને સરખી દરીસુંદરી. ૪૩
અહંબ્રહ્મ જાણીને રહે, શબ્દપ્રવાહમાં શેને વહે;

વસ્તુવિચારવિના અન્ય અભ્યસે, જેમ કંચન તે કથીરે ઘસે;
અખા સમજી રે તું મનમાંહ, બીજાની નવ ઝાલીશ બાંહ. ૪૪

## દોષ અંગ.

દોષ ન જોઈશ કેના ભૂર, તો હરિ દેખીશ ઐ ભરપૂર;
મેલીઆંખે ક્યમ દીસે વસ્ત, જેણે જોયાં આમિષ ને અસ્ત;
અખા તોજ દીસે આતમા, જો નાવે રસના તાસમાં. ૪૫
હરિજન સર્વે હરિ નહિ માનવી, જેમ સરિતામાં ભળી જાહ્નવી;
તેની નિંદા કરતાં ક્રૂર, નિજ આતમથી પડશે દૂર;
હરિજન સર્વાંગે હરિવડે, અખા વેલો તાણ્યો આવે થડે. ૪૬
પુરુષાકારે પૂરણ બ્રહ્મ, જેણે સમજ્યો મૂલગો મર્મ;
કર્મવાક્ય જીવબુદ્ધિ ગાય, સ્વયંવિના સિદ્ધાંત ન થાય.
નિજનું જ્ઞાન નિજરૂપે હોય, પાલો અખા જેમ થાયે તોય. ૪૭
પૂરણતામાં સર્વ સમાય, નદીવડે સાગર ન ભરાય;
જેમ દાવાનળ બાળે સર્વ, તેમ જ્ઞાન દોષ દહે સર્વ;
દેહવિકાર હરિજનને કશા, અખા જેહની મોટી દશા.
અણુલિંગી હરિજનની કળા, કર્મ ન બાંધે આધી બલા;
અહંતાપોતવિના નોહે ભાત્ય, દિવસવિના તે શેની રાત;
લૌકિક લેખું રહે લોકમાં, અખા જિત નહિ ફોકફોકમાં. ૪૯
રૂડું જાણી નથી રાખવા, કૂડું જાણી નથી તાગવા;
તન તપાશી તુજને શોધ્ય, બાહ્ય ઉપચાર મુકી બુધ્ય બોધ્ય;
તજ્યા ભજ્યા વણ તે યોગેશ, અખા જો માને ઉપદેશ. ૫૦
તજતાં ભજતાં નહિ પૂરવે, જુનું તજે મન લાગે નવે;
જ્યાં જેવો જીવ કાઢે વેશ, તે સાથે મન કરે પ્રવેશ;
મનની રીત જે ગુંથે જાળ, કાઢ અખા આતમની ભાળ્ય. ૫૧

હરિ જાણીને સુવે નચંત્ય, સુલભ મારગ સમજ્યા સંત;
સનકાદિકે ન ભજ્યો પ્રપંચ, જનકાદિકે ન તજિયો રંચ;
તજવું ભજવું તે સંસાર, અખા સમજતાં આવે પાર. ૫૨
સર્વાતીત શ્રુતિ કેતા હવા, માયારંગ બિજા નવનવા;
મનને જોડ માયાશું ઘણો, કરે ઉપાય તે ભજવાતણો;
વસ્તુ વિષે છે મનનો અંત, તેહ અખા લે વિરલા સંત. ૫૩
હું નહીં તું નહીં તે ન કેવાય, જે જોતાં જોનારો જાય;
ત્રણ પ્રકાર વિના જેમ તેમ, તેથી હેઠો મનનો વેમ;
નહીં પદાર્થ જોવા ઝાલવા, અખા સરખું છે નૈં પ્રીછવા. ૫૪
વસ્તુ અનુપમ છે તે માંય, તો તે કૈયેં કેમ ઉપાય;
ઉપમા સર્વ છે માયાવડે, તે તો કૈવલ્યે નૈં અડે;
અખા વસ્તુ ગુંગાનો ગોળ, ત્યાં ઉપમા તે માયાની ટોળ. ૫૫
સગુણને ઉપમા સર્વે ઘટે, જે ઉપમા ને ગુણ બંને વટે;
જ્યાં થાવા ને જાવા નથી, ત્યાં વાણી શું કાઢે કથી;
અખા તે વડે સર્વ જાણ, તો તેને કથી શકે કયમ વાણ્ય. ૫૬

## માયા અંગ.

માયાના ગુણ કર્મ રૂપ નામ, માયાના ગુણ શ્વેત ને શ્યામ;
માયાને મારા પારકા, દેવ દાનવ બે માયાથકા;
માયાના ગુણ જ્યાં નવ છબે, તેને અખા તે કોણ આલંબે. ૫૭
વસ્તુ નથી ઈંદ્રિને ગ્રાહ્ય, શાથી જંત ટલે શું બાહ્ય;
બાહ્ય મધ્ય અંતરપટવડે, અંતરપટ માયા રહી ઘડે;
માયાનાં કૃત્ય માયાલગે, અખા વિચારે પડશે વગે. ૫૮
ક્ષર પિંડ ને અક્ષર આત્મા, જે સમજ્યો સરૂજ્યો વાતમાં;
તત્ત્વ ચોવીશતણો સમુદાય, મુજવડે સહુ આવે જાય;

હું પૂરણ ચેતનઘન એક, નામ રૂપ ગુણ કર્મ અનેક;
અખા જે સમજ્યો તે આંચ્યો, જેણે એ માર્ગ અનુભવ્યો. ૫૯
**મનશું** વાત વિચારી અખે, જ્ઞાની તે જે માયા ભખે;
નાઠો છૂટે નૈં એ થકી, અલગી નૈં છાયા દેહથકી;
જે આશ્રમ દરશનને ગ્રહે, રસબસ થૈ માયા ત્યાં રહે; ૬૦
**ભેદુ** માયા સમૂળી ગળે, સામું ટળે ને આપે ટળે;
આપાપર ટળતે ઉગરે, સેજ લક્ષ તેમાં સ્થિત કરે;
અખા જીત્યાનું ન ધરે માન, જીત્યો હારે ઝાલે કાન. ૬૧
**મહા** વલગણી માયા પાપણી, જેમ સેવતાં ડસે સાપણી;
સિદ્ધિકાજે યોગીજન, થાવા અજર કરે છે જતન;
મંત્ર અઘોર ખવારે નર્ક, અખા ન દેખાડે આતમ અર્ક. ૬૨
**દેહ** ઇંદ્રિ ગુણનાં સર્વ કૃત, દીસે માયા કરતી તર્ત;
તે ક્યાંથી તાણી લે અખા, માનવિના પણ રેશે કખા;
સર્વે જાણે ભૂતાવકાર, સમજે સેજે પામે પાર. ૬૩
**અખા** જીવતણી એ વજા, અજને ઠામે પૂજે અજા;
ઇંદ્રિયગ્રાહ્ય નહિ હરિલિંગ, જીવને જોઇએ નાના રંગ;
રંગ ઢંગ માયામાં ઘણા, સૌકો સેવક માયાતણા. ૬૪
**સૌકોની** માયા છે માત, મળવા ન દિયે કેને તાત;
પિતાતણું વદન જે જુવે, માતાને ખોળે નવ સુવે;
તાત ભજંતાં આડી થાય, અખા સહુ માયાગુણ ગાય. ૬૫
**મુક્તિ** વાંછવી એજ બંધન નામ, જેમ ઘડી માપતાં પ્રગટ્યો જામ;
વસ્તુ અમોઘ ઇંદ્રિય ગુણવ્રત્ય, માયાની જાણો સંસત્ય;
અખા વિચારે તેમનું તેમ, તો સમજે જો હોય ગુરૂગમ. ૬૬

જ્યમ સરપે નર સમણે ડસ્યો, તે દેખે વેખે મરતક જસો;
મણિ મંત્ર મેલી ઔષધિ, મૃત્યુ પામ્યો કરતાં વિધિ;
સર્પ મંત્ર ઔષધ ઉપચાર, જાગે અખા ટળ્યો સંસાર. ૬૭
અખા સર્વ માને ત્યાં ભેદ, માને તેને વિધિનિષેધ;
બંધમોક્ષ ચેતનને કશા, જોતાં જડની જડશે દશા;
એ તો વિચારવિના ઊધરે, દીસે ફરતું ફરતાં ફરે. ૬૮
માનણુહાર શોધે નવ જડે, વણુશોધે નવ ભમવું પડે;
પડછંદો નર માન્યો નરે, જેમ બોલે તેમ ઉત્તર કરે;
મૂળ તપાસી જોયું અખે, મારો ભ્રમ પૂર્યો મુજવિષે. ૬૯
અણુલિંગી કરતાની કથી, માંઈ બાર ચસમાને નથી;
તો તેજ બળ પોખે આંખ્યને, જો જો ભેદ યોગસાંખ્યને;
કહેતામાં તે સમજી જશે, અખા ગુરૂનો કર શિર હશે. ૭૦

## ક્ષમા અંગ.

કિલ્વિષ જન્મ કાલનાં જાય, જેના નામતણો મહિમાય;
એવા નામતણો જે ધણી, તેની મોટપ જોતાં ઘણી;
તેની ભક્તિ કરે ઓળખી, એ સમરેથી અખા નર સુખી. ૭૧
જે બોલે ચાલે સાંભળે, કરતાથકો કેમાં નવ ભળે;
નર નારી ને નપુંસક લિંગ, જળચર થળચર ખેચર અંગ;
કર્ત્તા ભર્ત્તા હર્ત્તા જેહ, અખા ભક્ત જે જાણે એહ. ૭૨
પૂજ્ય તેને સમજી ઓળખી, જે વચને વચને ટાળે દુઃખી;
નરવેષે હરિ પૂરણબ્રહ્મ, સૂકતે કરી સમજાવે મર્મ;
ગુણાતીત ગુણ અંગીકરી, આપે આપ સમજાવે હરિ. ૭૩
પૂજંતાં પ્રતિમા ગુણ સેજ, પણ બોલતી મૂર્તિમાં હરિ છેજ;

જડમૂર્તિ મુખ બોલે નહીં, ચેતન કે તુજ સેવા સહી;
પિંડ ન જોઈશ જોજે વસ્ત, અખા મળે હરિ હસ્તે હસ્ત. ૭૪
**અખિલ** જગત્ મૂર્તિ રામની, મહાજ્ઞાનીની મૂરત કામની;
જડથી ચેતન મૂરત ભલી, જ્ઞાની મૂરત સર્વોપરી;
કારણ તેનું એક વિશેષ, અખા હું ન મળે જ્યાંહાં શેષ. ૭૫
**કોટિ** વર્ષ પ્રતિમા પૂજીએ, પણ જ્ઞાની મૂરત પામી સેવીએ;
પોતાસરખો હરિજન કરે, મોટું માતમ જ્ઞાતા ધરે;
જડચેતન ગમે તે પૂજ, અખા સેવન તેની સૂજ. ૭૬
**પૂજાનો** એ ભાળે ભેવ, જે પૂજી નીપના શુકદેવ;
જનકવિદેહી સેવ્યા દ્વિજે, તે બેઠા જ્ઞાનીને ધ્વજે;
અખા જ્ઞાનીનો મેમા ઘણો, ઈશ ઈશ રખે કોઈ ગણો. ૭૭
**દીસે** સૌ સરખાં વરતંત, ખાતાં પીતાં મરતાં જંત;
એક અધિકતા જ્ઞાની ધરે, હરિશું વૃત્ય સ્વતંત્રજ કરે;
અખા તે વૃત્યમાં ઐ ભાવ, જળને ભારે તર્યું જાય નાવ. ૭૮
**ભક્તિ** એકાસી પૂરી થઈ, બ્યાસીમી બુધ્ય આવી રહી;
તેવો ભક્ત જ્ઞાનીને ભજે, નવની કાશ નહીં રહે રજે;
પંચ કરે તે સૌકો કરે, અખા એવું વિરલા મન ધરે. ૭૯
**સોલે** અંશે હરિ જાણી રહે, જેની વાણી બીજું નવ વહે;
જેમ અગ્નિથી દીવો થયો, દીવામાં દાવાનલ રયો;
તે માટે હરિજન સ્વેં હરિ, અખા રખે કો પૂછો ફરી. ૮૦

## તીર્થ અંગ.

**તીર્થ** કોટિ હરિજનને ચરણ, કૃપા હશે તે જાશે શરણ;
બારે કાળે હરિજનને રહે, હરિ બોલાવે તે જન વહે;
મહા મોટા જનનો પ્રતાપ, અખા થાય હરિ આપે આપ. ૮૧

જો મુક્તિ વાંછે માનવી, તો એ કાશી એ જાહ્નવી;
પ્રગટ મુક્તિ આપે હરિદાસ, હરિ દેખાડે સર્વાવાસ;
અખા નહીં ઉધારે પડી, હરિજન મુક્તિ આપે રોકડી. ૮૨
રામ રડવડતાં કેને મળ્યો, ઘેલો તે ઘરસુખથી ટળ્યો;
હું મારૂં ખોયાશું કામ, મળે અખા ઘર બેઠા રામ;
હરિવણ જાણે ક્ષેપણ કાળ, ધોયે હીર ન થાયે વાળ. ૮૩
છળનિંદા જો નૈં વિસરે, ખડિયો કાંધે શું નિસરે;
મન જાણે હું પાવન થયો, પણ રેખ દોષ પેલો નવ ગયો;
અખા પડી એ સઘળી વેઠ, જો નૈ લાધી હરિની પેઠ. ૮૪
હેતેશું હરિજનને મળે, મૂકી માન માર્ગમાં ભળે;
હરિની તું પ્રીછી લે પેર, પછે ફરય કે બેશી રે ઘેર;
અખા આ તન જોને હાડ, દહીં મથી ઘી અલગું કાઢય. ૮૫
એમ સમજે તે પામે પાર, હરિથી બીજો તે સંસાર;
તપ ત્યાગે કરી તીરથ ફેર, વને તપે બેસી રે ઘેર;
કાળા ધોળા સઘળા કેશ, અખા હરિ જાણી ને બેસ. ૮૬
લોભે લોક બડાઇતણો, ઊંદર કાજે ડુંગર ખણો;
આગળ એક રીઝવવું મન, તેને કાજે બહુ જતન;
અખા શું છે કીધે થવા, વ્યસની ચાલ્યો ખાવા હવા. ૮૭
જે કરતવ્ય મોટા આદરે, કરતાં દેખી સૌ કો કરે;
માયા મન નિરંતર સાવ, સૌ બેઠા પણ એકજ નાવ;
અખો તેહને મોટો વદે, જેને રામ રમે છે રદે. ૮૮
ધન તને કોઇ મોટો કુળે, કોઈ વિદ્યા કોઇ ખાંડાબળે;
એ મોટમ સઘળી જાય ટળી, આતસબાજી પલકે બળી;
અખા કારણવિના વડપણ વડું, જેમ અલ્પ મૂલે તારે તુંબડું. ૮૯

કૃત્યે ન મળે વસ્તુ અમૂલ, મટે જાડય તો ભાગે ભૂલ;
કોઈ શૂર કોઇ દાતા દયા, કોઈ તપસી સતવાદી થયા;
સૌને જોડચ અધિક થૈ મળે, અખા વસ્તુથી સૌકો ટળે. ૯૦
સાચી વાત ન માને રગ્યે, સૌ લાગ્યા માયાની ઠગ્યે;
પ્રત્યક્ષ દેવ પોતામાં વસે, મૂર્ખ સામો જાણી ધસે;
જેમ છે તમ ન શકે ઓળખી, અખા શી પેરે થાશે સુખી. ૯૧
ચુસે અસ્થી શ્વાન મહા દુઃખે, નિસરે રૂધિર પોતાને મુખે;
રાતો રંગ દેખી મલકાય, પણુ કારણુ પડયું પોતામાંય;
સઘળે રચાણું તારૂં મન, અખા ગમે તેમ કરે જતન. ૯૨
શબ્દતણી માંડી છે જાળ, ચાળા કરે છે માયાકાળ;
ચણુ મુકે માંઈ ફળકામના, મોહ્યા પશુ પડે દામચામના;
ત્રણુ ભુવનમાં એક પારધી, અખા કોક ઉગરે સારધી. ૯૩
જ્યારે ઉપની મનકામના, ત્યારે ફેર પડચા ગામના;
સેજે નર થાયે નિષ્કામ, તો નથી લેવા જાવો રામ;
જેમ સૂર ઉગેથી વાદલ ટળ્યું, અખા ધામ દીસે નિરમળું. ૯૪
અથ સમજે છુટે અનર્થ, જ્યમ અલગો છોડી નાખ્યો રથ;
કટકે નામ જુજવા સહી, પણુ વેલ વચ્ચેથી દીસે નહીં;
અખા દેહ ગુણુના વ્યાપાર, વાસ્તે તું રાખે નિર્ધાર. ૯૫
સ્વામીનું પદ સર્વાતીત, જે કોય સમઝે આતમરીત;
ચુંબક દેખી લોહ ચેતન થાય, ચુંબક તેમનો તેમ છે પ્રાય;
ત્રણુ ગુણુ તેમ છે દેહવ્યાપાર, અખા આત્મા આપ વિચાર. ૯૬

## સ્વાતીત અંગ.

દેશકાલનો મેમા ક્રમ, ભાવભેદ નહિ પદ પર્મ;
સત્યજુગ ત્રેતા દ્વાપર કળિ, લઘુ દીરઘ હસ્તે આંગળી;

અખા હાથ ચૈતન તેમ એક, એમ સમજવો વસ્તુવિવેક. ૯૭
**હીસે** મન જુગમહિમા સુણી, અદકે ઓછે નૈં કોય ધણી;
જુગજુગના જુજવા વર્ત્તમાન, ક્યારે જપ તપ યજ્ઞ ને ધ્યાન;
અખા એ માયાવિસ્તાર, ચારેના ઉદરમાં ચાર. ૯૮
**મુક્તબંધ** નહિ જુગમાટ, અણજાણ્યા જીવ બાંધે ઘાટ;
સાઠ સહસ્ર સાગરના તન, થયા અવગતિયા પામ્યા પતન;
ત્યારે અખા કલિજુગ ક્યાં હતો, એ બારે કાળ માયાનો મતો. ૯૯
**અચાનક** જ્ઞાન ઉપજે એમ જાણ, કાંઇ દેશકાલનું નૈં પ્રમાણ;
જેમ અકસ્માત પડે પર્જન્ય, ઋત કુઋત નહિ મેઘને મન;
વય વર્ણ દેશ કાળજ કશા, અખા જ્ઞાનની મોટી દશા. १००
**ધરા** અવતાર ચોવિશે વિષ્ણુ, તેમાં પૂરણબ્રહ્મ કાવ્યા કૃષ્ણ;
તેથી બળિયા બીજા હતા, માનવ દાનવ બૌ દેવતા;
છતે પિંડે કેવળ કૃષ્ણ રહ્યા, અખા અધિક તે તેણે કહ્યા. १०१
**કૈવલ્યને** આધારે સૌ, બ્રહ્મા વિષ્ણુ મહેશજ બૌ;
સહુ તેમાં થઇ રહે ને જાય, અધકી ઓછી વસ્તુ ન થાય;
તું તદ્રૂપ વિચારે અખા, બાકી શબ્દ સઘળા મેં રખા. १०२

## ચેતના અંગ.

**વારંવાર** માનવદેહ નથી, પામ્યો તો ચેતે ધરથી;
જ્યારે જર્જર થાશે અંગ, ઈંદ્રિય મૂકી જાશે સંગ;
ત્યારે અખા જપમાલા ગ્રહે, ભાંગે ઘડે પાણી કેમ રહે. १०३
**તાપ** મેલે જેમ લોઢાતણો, વાયે અગ્નિ કાંઇ થોડો ઘણો;
તકેતક થઇ આવે કાજ, હાજર રાખે સઘળો સાજ;
એમ અખા પરમેશ્વર ભજે, પડે મને કાંઈ નૈં નીપજે. १०४
**અવસર** ચેતે તે નર ભલો, શૂરો જેમ ઝુઝે એકલો;

મહારથી તેમ સાચા હરિજન, મનમાં નાણે તન કે ધન;
જેમ તેમ કરી સારે નિજકાજ, અખા જાઓ કે રેજો લાજ. ૧૦૫
વૃદ્ધ થયો વંઠયું મન તન, ઉપાય ટળ્યો ને ખુટયું ધન;
ત્યારે ધર્મ સાધવા જાય, કોયું કાપડ સોદો થાય;
અખા ભજી નૈં જાણ્યો નાથ, ભોંયે પડિયા ચારે હાથ. ૧૦૬
હરિ ભજતાં જોઇએ હેતપ્રીત, માંહે આતુરતા સંતની રીત;
સદ્‌ગુરૂનું શરણ ગ્રહેવું ખપે, હરિને કાજે મન ઐા તપે;
તે નર હરિને પામે નિર્વેદ, અખા એજ ભજવાનો ભેદ. ૧૦૭
આરતવિના ભજે શું થશે, પીતળ સોનામાં કેમ જશે,
દુખિયો દુઃખ નિગમવાકાજ, નવરો રૂડી ચલાવા બાજ;
કથા કિર્તન ઐા કરતા ફરે, અખા હરિ પ્રાપ્ત લેખે સરે. ૧૦૮
આતુરતા આણી આરાધ, સંમુખ થૈ સદ્‌ગુરૂને સાધ્ય;
સદ્‌ગુરૂ મળે તો સેજે તરે, સમજવિના સૌ ફેરા ફરે;
હરિવિના ફોકટ ફાંફા જાણ, અખા રામ નોહે પાણી પાણ. ૧૦૯

## કૃપા અંગ.

પૂરણબ્રહ્મ પ્રીછવાકાજ, નવધા ભક્તિ વૈષ્ણવ સાજ;
જેમ કશી વસ્ત કનેથી પડી, આદર કરતાં પાછી જડી;
અલ્પ આદરે જો આવે હાથ, તો અખા કાજ શું શોધ્યા સાથ.૧૧૦
હરિમણિ કંઠે પોતાને અમૂલ, તે પડયો જાણી બાર ખોળે ધૂળ;
ત્યાં કર્મ કાચની કણિકા જડી, વ્યસને લાગ્યો કાઢે હડી;
અલ્પ પ્રાપ્ત ને અતિ આયાસ, અખા ન જાણે આતમપાસ.૧૧૧
હરિની ઈચ્છાએ હરિ મળે, તે તો અખા અંતરમાં ગળે;
જનક ખટ્‌વાંગે કયાં નવધા કરી, વિચાર કરતાં પામ્યા હરિ;

કૃપા હરિહસ્તણીશું કાજ, ઢોળે કળશ તો પામે રાજ. ૧૧૨
**સાત** દિને પરિક્ષત રાજાન, ભ્રમ ગયો ભેટ્યા ભગવાન;
બીજા બૌ ત્યાં બેઠા હતા, શુકના મુખની સુણતા કથા;
તે તેવાના તેવા રયા, અખા હરિની જોઇ મયા. ૧૧૩
**અખા** કામ છે સમજ્યા સાથ, પણ કૃપા રૂપણી જોઇએ આથ્ય;
બીજો સઘળો દેહવ્યાપાર, જન્મમરણ ન ટળે સંસાર;
કૃપા સમજ અર્થ સર્વે કૃત્ય, જો ઉપજે તો પામે તર્ત. ૧૧૪
**વણુસમજે** સબળો સંસાર, સમજે જાયે સઘલો ભાર;
જેમ જેમ સાચું માને જન, તેમ તેમ વાધે દને દન;
અખા પ્રેત બીનાને ખાય, પણ ધીરજવાન તે કુશળે જાય. ૧૧૫
**એકુ** અફીણ [બીજો] સંસારી રસ, અધિક કરે તેમ આપે કસ;
જેમ જેમ અધકું ખાતો જાય, અંગે અકલે હીણો થાય;
જો મૂકે તો મુવે સરે, નૈં તો અખા તે ખાતો મરે. ૧૧૬
**ત્યમ** એ ભોગતણો સંસાર, જીર્ણ થયો તો પડિયો આહાર;
નવો નીપજે તેમ લાગે સ્વાદ, તો કેમ જાયે ભવની વ્યાધ;
અખા ખસ જેમ સંસાળ્યે થાય, ઘસી ફેંદી તો સમૂળી જાય. ૧૧૭
**જાય** સમૂળો તેમ સંસાર, કરતાં આતમતત્ત્વવિચાર;
અન્ય ઉપાયે નથી એ જવા, સામા બંધ બંધાયે નવા;
કર્મ કરતાં નાવે છેક, અખા વિચારે ન મળે શેષ. ૧૧૮

## ધીરજ અંગ.

**બ્રહ્માદિક** નવ પામ્યા પાર, એમ જાણીને ખાશો માર;
અગમ અગોચર સૌને હરિ, બ્રહ્માકીટલગી માયા આવરી;
અખા હરિ જો મળનારા થાય, તો ન ગણે ઊંચનીચ રંકરાય. ૧૧૯
કુળ અધિકાર અધ્યયન ચાતુરી, પાપી મૂર્ખ ત્યાં ન જુવે હરિ;

જેમ વાયની વળગે લાગે લાય, પણ ડાબું જમણું ન ગણે વાય;
ત્યમ ઊંચનીચ ન ગણે નારાણ, અખા એમ ખરાખરી જાણ. ૧૨૦

## સુજ અંગ.

**સમી** સુજ સુજે તે પામ, સુજવિના સૌ ચાંપ્યાં ચામ;
સુજે દુઃખ તે સુખની વડે, સુજય વિના જ્યાં ત્યાં આથડે;
અખા સુજ આલે નરહરિ, અણુલિંગી સુજ આવી ખરી. ૧૨૧

**સુજયે** ભજવા તજવા નથી, રાજ કરે કે ભીખે ઘેરથી;
દુઃખસુખ કાળે આવે જાય, પણ સુજાળો તે ધણી ન થાય;
અખા સુજ ન્હોણી તે હાણ્ય, રાજે ભીખે ન ટળે તાણ્ય. ૧૨૨

**સુજાળાને** સરખું સદા, કારણવિના તે પામ્યો મુદા;
ચારે જુગ સુજઆગળ ફરે, પણ જુગબળ તેને નવ આવરે;
સુજે વસ્તુ નિરંતર ભજે, અખા અચાનક જો ઉપજે. ૧૨૩

**જ્યારે** હવી અણુલિંગી સૂજ, આપપરવિનાનિ જે બૂજ;
એકલમલ અણુલિંગી ઓજ, ચિદ અચાનક પામી ચોજ;
તે સ્થળનો સાક્ષી ત્યાં તેજ, ધારવું જેનું ગુણપારે હેજ. ૧૨૪

**નિર્ગુણમાં** ગુણની ઉપાધ્ય, જીવપણાની લાગી વ્યાધ્ય;
ગુણી જીવ નિર્ગુણ સાચા રહે, તે ધ્યેધ્યાતા સત્ય જાણી વહે;
દ્વૈતરોગ લાગ્યો મનવિખે, અખા અદ્વૈતપણું સમજ્યા પખે. ૧૨૫

**સાધન** લખિયે વેદપુરાણ અદ્વૈતની ઉપજવા જાણ;
ધ્યેધ્યાતા જાણવા એક, નવધા ભક્તિનો કીધો વિવેક;
સાબુ ખારે પટ ઊજળું થાય, અખા ભક્તિ વૈરાગ્યે દ્વૈત પળાય.૧૨૬

**ચૈતન્ય** બ્રહ્મ સદોદિત સદા, સેજ કલ્લોલ કરે છે ચિદા;
નાટક ચાલ્યું જાય સદાય, કોકે કર્મ ને કોકે માય;
પણ એવાનું એવું અખા, વચે અણછતી કરે પક્ષપખા. ૧૨૭

અંત્ય જુવો જેની નહિ આઘ, પણ કોયે કાળ પડે નહિ ખાધ;
નિત નિત થાતું જાયે નવું, પણ કો ન કહે મુજ આગળ હવું;
અખા વિચારી જો એહને, પણ વળગીશ નહિ તું દેહને. ૧૨૮
જ્યારે જગત વિચાર્યું જને, તે ઊઠ હાથને ન રહે તને;
દીસે સ્વતંત્ર ભૂતમાં ભૂત, અદકું ઓછું નૈં અદ્ભુત;
અખા વિચારવિના સંસાર, જો સમજે તો ઘરમાં પાર. ૧૨૯
જન કોઇ ભૂખ્યો ઉંઘી ગયો, કરે આહાર સ્વપ્નવશ થયો;
ભક્ષ કરે પણ માંહે ભૂખ, ઠાલીની ઠાલી રહે કુખ;
તેમ અખા સઘળો સંસાર, ત્રિગુણ ભોગનો કરતો આહાર. ૧૩૦
પ્રત્યક્ષ મૂકી જુએ પરોક્ષ, કર્ત્તવ્યને શિર મૂકે દોષ;
સભર ભરાઈ રહ્યો છે નાથ, હીંડતાં લાગે હરિને હાથ;
અખો કહે ફેરવવું મન, જો જાણો તો જાણો જન. ૧૩૧
એમ જાણે તે હરિનો જન, મારે પોતે કયાંથું મન;
દેહ હરિ ઇચ્છાયે થયો, અણુછતો હું તે આવી ગયો;
તારૂં કર્યું ને તું છે નાથ, એમ જાણી અખે ઝાટકયા હાથ. ૧૩૨
અહંકાર વિચારે કર્યો નિરધાર, હરિસાગરનો જોઇએ પાર;
અહંકાર પાર કાઢવા ગયો, વિચાર વિચારી બેસી રયો;
પાર કાઢતાં અહંકાર ટળ્યો, વિચાર અખા વર્ત્યો હરિ ભલો. ૧૩૩
મળે વિચારે હરિ તે ખરો, બીજા સરોડાં કાં સામરો;
કૃષ્ણ ઉદ્ધવનો એ નિરધાર, સ્વરૂપ મારૂં લહે સદ્વિચાર;
ગુણ ગુણને કાજે અવતરે, અખા દ્વૈત નોહે માહેરે. ૧૩૪
જેને જગત માને હરિ કરી, તે કૃષ્ણે ગીતા ઉચ્ચરી;
અર્જુન મારે નૈં અવતાર, ગુણ ગુણશું વરતે નિરધાર;
મારૂં ને હું બે જ્યાં નહીં, તેજ શકે અખા મુજ લહી. ૧૩૫

**હરિના** હોય તે હરિને લહે, બીજા હરિની મોટમ કહે;
સાગર–ઉદર માંહેલો મર્મ, માલમ જાણે જે કુળધર્મ;
બીજા જળવડે કરે વ્યાપાર, અખા જ્ઞાનિજન લે નિર્ધાર. ૧૩૬
**હાર** સેવક ને કો હરિપુત્ર, કુંવરનું બાંધ્યું ઘરસૂત્ર;
સેવક તે જાણે નિજ દાસ, આપ અન્ય ને રાખે પાસ;
આત્મજ તો છે એક આતમા, ત્યાં અખા કેની શી તમા. ૧૩૭
**તાત્પર્યમાં** તાણાતાણ, સેજમાં નહિ વૃદ્ધ ને હાણ;
સેજ તેજ સર્વે હરિનું રૂપ, તાત્પર્ય તે જીવસ્વરૂપ;
અખા તે માટે સેજજ સાર, ચૈતન્ય પરમેશ્વર નિર્ધાર. ૧૩૮
**માયા** મૂકીશ માં તું અખા, નવરો થઇને સુઈ જા;
મરતાં પહેલો જાને મરી, અણહાલ્યું જળ રહે નીતરી;
ત્યાં કર્મરૂપિયાં ઘાલ્યાં ઢોર, મેલું મન અંધારૂં ઘોર;
અખા જીવનો અવળો ન્યાય, મેલું વેલું ફાટી જાય. ૧૩૯
**ઉન્મત્ત** મનને યોગ સાધવો, જો કર્મ ઓઘ કરે નૈં નવો;
જેમ છુટી ધેનુ મારતી ફરે, અંધારે બાંધે ટેવ વિસરે;
અખા તે જાણી કર્યો ઉપાય, ત્યાં સિદ્ધિરૂપી લાગી બગાય. ૧૪૦
**એક** જ્ઞાની બીજા સાધનવંત, બેનો લક્ષ મળે નૈં તંત;
સ્થિતિ બાંધી સૌ સાધન કરે, અચવ્યું આપ તજજ્ઞજ ઉચ્ચરે;
જેમ અનલ અવનિપર નાવે કયમે, અખા ભૂચર તે ભૂપર શમે.૧૪૧

## મહાલક્ષ અંગ.

**તત્ત્વમસિ** પદ કહાવે ત્રણ્ય, વેદે જેનું કર્યું વિવર્ણ;
કૈવલ્ય ઈશ્વર ત્રીજો જંત, તેને જાણે પંડિત સંત;
જુક્ત ભલી સમજાવા મન, એજ અખા અધ્યારોપ અન્ય. ૧૪૨
**જેમ** છે તેમ રૈ શકતો નથી, જીવને ટેવ પડી ઘરથી;

અંતર્ભૂતને પ્રેરે માય, સંકલ્પવિકલ્પ મન કરતું જાય;
અખા એ બીજો અહંકાર, આપ નહીં તો નૈં સંસાર. ૧૪૩
થયું નોતું હમણાં નથી થવા, રહ્યા સંકલ્પ ઉપજતા નવા;
નિયંતા ઈશ્વર હું નિમિત્ત જીવ, મારે પુરાતન કર્મ સદૈવ;
એક કેવાને કો નવ રહ્યો, જ્યારે અખા ભ્રમ મૂળગો ગયો. ૧૪૪
અંતર ઉપજી મોટી બલા, હું ભુંડો ને હરિ તે ભલા;
બે આરોપણ બે ને વિષે, એને વેદ માયા કરી લખે;
અખા ઉપજતું રહે જો એહ, પ્રાયે જાણે કૈવલ્ય તેહ. ૧૪૫
અદબદમાં ઉપજે તે જીવ, જીવના કલ્પ્યા ઈશ્વર શિવ;
જ્યારે જંતે તપાસ્યું આપ, રજ્જુ નહિ તો શેનો સાપ;
અખા તેમનું તેમ સદાય, બંધમોક્ષ વણ સમજ્યા ગાય.૧૪૬
વાત અલૌકિક અનુભવતણી, પ્રપંચપારે રહેણ આપણી;
પંખી ઓછાંયો પડિયો જાળ, પણ પોતે ઉડે અલગ નિરાળ;
અખા જ્ઞાનીની એવી કળા, વર્ત્યાં જાય તે ઉપરછલા. ૧૪૭
અખા સમજ તે સાધનરાજ, બેઠાં બેસાર્યાં સીઝે કાજ;
નર નૌકામાં આસન કરે, બેઠો બાધી પૃથ્વી ફરે;
કાયકલેશ કરવો નવ પડે, સુજ સમજમાં સર્વે જડે. ૧૪૮
સુજવિના સઘળાં સાધન, વાધે અધકા દનેદન;
ઘાણીનો બળદ ઘરમાં ફરે, દશ ડગમાંહે થાકી મરે;
એમ અખા સઘળો સંસાર, સમજવિના નૈં પામે પાર. ૧૪૯

## વિશ્વરૂપ અંગ.

આળા ચર્મકેરાં બૌ રૂપ, નટ દેખાડે ભાત્ય અનુપ;
ચામખેડામાં બેઠો છપી, રમી રૂપ છપાવી લે ખપી;
ખેલ ચાલે જે દીપકવડે, તેને અખા કાંયે નવ નડે. ૧૫૦

લક્ષ ચોરાશી ખાણે જંત, પડતાં ન મળે ઇશ્વર અંત;
દીપક તે પર્મે ચૈતન બ્રહ્મ, જેવડે ચાલે ઈશ્વિર કર્મ;
અખા એમ સમજી રહે જેહ, તેને નથી કોઇ કાળે દેહ. ૧૫૧
પ્રભુ પામવા મારગ એક, સદ્‌ગુરૂશરણે જ્ઞાન વિવેક;
બીજા મારગ કોટાકોટ, રહે આવર્યા ગુણની ઓટ;
અખા નોકાના મુષક જથા, વાર પાર ન જાણે કથા. ૧૫૨
વસ્તુ જાણવા સાધન કાજ, આરોપી બોલ્યા કવિરાજ;
ફળ તેનું તે જ્ઞાન વિવેક, જેમ તેમ કરી હરિ જાણે એક;
સમજી અખા સર્વ ધોઇ કાઢ, નેં તો હરિમાર્ગમાં થાશે આડ.૧૫૩

## સ્વભાવ અંગ.

સ્વયંભાવે નભ ઉલસે સદા, જેમ હેમપર્વત અદબદા;
ધનઘટાવિના થાએ વૃષ્ટ, એમ જ્ઞાનીને હોયે પુષ્ટ;
ગળી પાલો ગંગા થઇ વહે, ત્યાં અખો શું સાધન કહે. ૧૫૪
નિરાધાર નાટક અટપટું, સ્વતઃસિદ્ધ દીસે સામટું;
ઉત્પત્તિ સ્થિતિ લય સેજે થાય, પ્રવાહતણી પેરે ચાલ્યું જાય;
તેમાં આચાર્યે કીધી જુક્તિ, કલ્પ્યો બંધ ને માની મુક્તિ.૧૫૫
દર્શનભેદ દાવા મત ઘણા, ગઢ બાંધી રયા આપ આપણા;
એક એકપેં હુંકી રયા, અમે પામ્યા બીજા વેતા ગયા;
અખા નાટકની એવી રીત, મન લાગે છે દ્વૈતાદ્વૈત. ૧૫૬
જે છે તે ત્યાં આપોઆપ, બીજો તે નારાયણ થાપ;
સમી સમજ સમજ્યાવિના સૌ, આપાપણા મત તાણે બૌ;
અખા ચાલ્યો મત માયાતણો, દ્વૈતઅધ્યાસ સૌને છે ઘણો.૧૫૭
પંડિત ડાયા વિચારો સાત, પણ સાત વાતની એકજ વાત;
જો પ્રગટ હરિ વસનારા થાય, ત્યાં સાધન ધર્મ ન જુએ કાંય;

અખા સાધન બીજાં જે બૌ, કાળકર્મકર સોંપ્યાં સૌ. ૧૫૮
ભણે ગણે હરિ નાવે હાથ, દાન તપસ્યા કાળને સાથ;
વ્યાકરણ વેદ સમાધિ અભંગ, જોતાં સર્વ માયાનું અંગ;
અખા અણુલિંગી પદ અનુપ, જ્યાં ધ્યેધ્યાતા ન રહે રૂપ. ૧૫૯
પૂર્વજન્મ કર્મ અનુસાર, ઉત્તમ મધ્યમ ભોગ સંસાર;
જેણે હું મમતા સત્ય માન્યો દેહ, ત્રિવિધ કર્મ કલ્પે છે તેહ;
પ્રાય અખા જ્યાંહાં દ્વૈતઅભાવ, ત્યાં પૂર્વજન્મનો શિયો ઠરાવ.૧૬૦
મહાવિચાર વિચાર્યો અખે, જે ગગનચંદ નાવે જલવિષે;
વચે લહરી તરંગ બુદબુદા, બિંદુવિકાર ઈંદુને નહિ કદા;
એમ પરમાત્મા જાણે પિંડ, તે મહામહાત્મા તારક ભૂમંડ. ૧૬૧

## પ્રપંચ અંગ.

પ્રાય પ્રપંચ આળપંપાળ, પંડિતે તેનાં ગુંથ્યાં જાળ;
શ્લોક સુભાષિત મીઠી વાણ, તેણે મોહ્યા કવિ અજાણ;
કહે અખો મર્મ સમજ્યા પખે, સંસ્કૃતનું પ્રાકૃત કરી લખે. ૧૬૨
કવિએ શકય જણાવાકાજ, ગાજે જેમ રોહણીનો ગાજ;
વૃષ્ટી થવાને નવ ગડગડે, સામો અવધ્યથો પાછો પડે;
મિથ્યા સંસાર સાચો કવિ કવે, રખે અખા તું એવું લવે. ૧૬૩
પૂજાવા મનમાં બૌ કોડ, શબ્દતણા જોડે છે જોડ;
ભૂખ્યો નર બહુ તક્રજ પીયે, જાણે ઉદર ભરીને પુષ્ટી પામિયે;
તેણે ધ્રાય નહીં ને વાધે રોગ, એમ અખા નોહે આતમભોગ. ૧૬૪
કવિ થૈને અધકું શું કર્યું, જોતા નહીં બ્રહ્મ અણચર્યું;
રાગદ્વેષની પુંજી કરી, કવિ વ્યાપાર બેઠો આદરી;
તેમાં અખા શું પામે લાભ, વાયે ગયો જેમ સ્ત્રીનો ગાભ. ૧૬૫

**કુહે અખો** હું ઘણુંએ રટયો, હરિને કાજે મન આવટયો;
ઘણાં કૃત્ય કર્યાં મેં બાહ્ય, તોય ન ભાગી મનની દાઝ;
દરશન વેશ જોઇ બૌ રયો, પછે ગુરૂ કરવાને ગોકુળ ગયો. ૧૬૬
**ગુરૂ** કર્યા મેં ગોકુળનાથ, ગુરૂએ મુજને ઘાલી નાથ;
મન ન મનાવી સદ્ગુરૂ થયો, પણ વિચાર નગરાનો રયો;
વિચાર કહે પામ્યો શું અખા, જન્મજન્મનો કયાં છે સખા. ૧૬૭
**બહુ** કાળ હું રોતો રયો, આવી અચાનક હરિ પ્રગટ થયો;
ત્રણ મહાપુરૂષ ને ચોથો આપ, જેનો ન થાયે વેદે ઉથાપ;
અખે ઉર અંતર લીધો જાણ, ત્યારપછી ઉઘડી મુજ વાણ. ૧૬૮
**પરાત્પરબ્રહ્મ** પરગટ થયા, ગુણદોષો તે દિનના ગયા;
અચ્યુત આવ્યાનું એ એંધાણ, ચવ્યું ન ચાવે અખો અજાણ;
જે નરને આત્મા ગુરૂ થશે, કહ્યું અખાનું તે પ્રીછશે. ૧૬૯

## જ્ઞાની અંગ.

**સકળ** લોક ત્યમ જ્ઞાતા પુરૂષ, એમ જાણે તે નર છે મૂરખ;
દેહ વિષે સૌ સરખા ગણે, જેમ કંચનતાર ત્રાપડમાં વણે;
અખા અમૃત તે પાણી નોય, રસ જાણી ગણશો માં તોય. ૧૭૦
**જ્ઞાનીનો** લક્ષ પરપંચપાર, જેમ નાવ ચાલે ધ્રુને આધાર;
વણ વાળી જેમ વહે છે નદી, આવી મેલાણ કરે ઉદધી;
જેમ દીપકકેરી ગત્ય ગગન, એમ પરબ્રહ્મમાં અખા તું ગણ. ૧૭૧
**સેજ**સ્વભાવે સર્વાતીત, દ્વૈત તેજ ભાસ્યું અદ્વૈત;
જેમ દુમાસવિષે બૌ દીસે ભાત્ય, પણ પોતથકી નૈં અળગી જાત્ય;
અખા જ્ઞાતા દેખે અશું, અદભુત કારણ જયાં ઉલસ્યું. ૧૭૨
**સમજ્યો** સમજ્યાની ગત લહે, જેમ સ્વપ્નસાખ્ય બીજો નવ કહે;
નિજ પિંડ આદે ચૌદે લોક, વસતાં રહે તે દેખે ફોક;

સમજણહારવિના સમજવું, કહે અખો હું એવું કવું. ૧૭૩
**ભવન** ત્રણ સ્ફુર્ણે મનતણું, જેમ સૂર્ય કારણ રેણીદિનતણું;
સૂરજવિના નોહે દિનરાત, તેમ તે વિના કોણ દેખે ભાત;
અખા તેમ જે મનને લહે, ત્યારે સેજે પરમકારણ રહે. ૧૭૪
**પરાપાર** પરમેશ્વર વસે, સેજે સેજ ત્યાંથો ઉલસે;
આપે આપની પામે ભાલ્ય, ત્યારે જાય જગતજંજાળ;
અખા વાત એ સાચી જાણ, તેહ વિના મન રખતી વાણ. ૧૭૫

## જીવ-ઈશ્વર અંગ.

**કામ** સકળ હરિથી નીપજે, પણ હરિ શિર પોતે નવ લે રજે;
જીવથકી કાંઈ નવ થાય, હું હું થૈ ફોગટ બંધાય;
શકટતળે જેમ ચાલે શ્વાન, એમ અખા ધરવું સૌ માન. ૧૭૬
**ભલું** જાણ તો હરિમાં ભળ, વાંકો જાતો વાટે વળ;
કર્મ કરે ને ફળની આશ, એ તો હરિમાર્ગમાં મેવાસ;
લોભે લાગો ચાલે ગામ, અખા સુવાનું નાવે ઠામ. ૧૭૭
**ખરા** વગુતા[1] પંડિત જાણ, કર્મતણું બાંધ્યું બંધાણ;
ભણી ગણી થઇ બેઠા પૂજ, પણ અલગું રયું આત્માનું ગુહ્ય;
ભેદ ન લહ્યો વાંચ્યાં ફાંકડાં, કાળે અખા ફેરવ્યાં માંકડાં. ૧૭૮
**હરિજન** તો હરિલક્ષણે રહે, બાહ્ય ઈંદ્રિય વિષય સર્વ ગ્રહે,
અંતર રહે અકરતા થઇ, ત્યારે કર્મ કરતા લાગે નઈ;
તેમ ભાજે ઘડે સેજે સંસાર, પણ અકરતા રહે કરતાર. ૧૭૯
**દેહદમન** મુંડાનું કર્મ, મૂરખ જાણે માંડયો ધર્મ;
પીડે પિંડને પેટને કાજ, કાયા કસી જાચે મહારાજ;
વિષે વલુધ્યો વ્યસની થયો, અખા આત્મપરિચે ગયો. ૧૮૦

---

૧ વગોવનારા.

**ભક્તાજક્તાને** વેર સદાય, હરિજન આપ્યું હરિનું ખાય;
દ્રવ્ય હરિ ને હરિ દાતાર, વચે વેતાગરો જીવ વહે ઉપકાર;
એ તો હરિનો શત્રુકાર, સ્થાવરજંગમ પામે આહાર;
એમ જાણે દીધે હરિ ફળે, અખા અહંકારે આણું વળે. ૧૮૧
આપોપું ગાળે અર્થ સરે, મન મૂકી અણુછતું ઉલું કરે;
મિથ્યા હુંપણું માને સત્ય, કર્મસંઘાથે તેને રત્ય[1];
પચ્યાવિના સૌ કાચા મરે, અખા સદ્‌ગુરૂ ન મળ્યા શું સરે. ૧૮૨
ઈશર ફેરે શિવ જાણ્યા માટય, જીવતે મૃત બેહું નૈં ઘાટ;
કાળ કર્મ ને પિતૃ ગ્રહ દેવ, કેડે થઈ વહેતો અહમેવ;
હરિ અણુજાણે સર્વે ખરૂં, અખા પ્રભુ પ્રીછે પાધરૂં. ૧૮૩
હરિજન હોય તો હીંશી બોલ, રાજપુત્રને શેની ડોલ્ય;
ચાલ મલપતો નૈં ચાસંધ, ભ્રમકર્મના ભાગ્યા બંધ;
અર્કથકો નાસે અંધકાર, અખા હરિજનને શો સંસાર. ૧૮૪
હરિજન જક્તની અળગી દશા, જળચરસ્થળચર એકઠા વશા;
અવની ઉપર લાગી લાય, જળચર હોય તે જળમાં જાય;
ભૂચરની કાંઈ બીજી પેર, એમ જાણી અખા આદેર્ય. ૧૮૫
હરિના હો તો હરિ ઓળખો, વણુચાખ્યું બીડું કાં ભખો;
સ્વાદ ન આવે રંગ ન થાય, તેમ ભક્ત ભક્ત કહિ લોકો ગાય;
જ્યાં હું હુવો ત્યાં હરિ તો ખરો, વંદો તેની નિંદા કાં કરો.૧૮૬
જેમ મછપ્રતે માછી દે દાન,તેમ દમે ભક્ત દુહુવાય ભગવાન;
લોક લોભ ઉપાય સૌ કરે, જેમ જમતાં રમતાં સુખ સરે;
તે દેખી ન શકે સંસાર, કરે નિંદા અખા લે શિર ભાર.૧૮૭

૧ પ્રીતિ.

ભક્ત તો તે જે પ્રીછી ભજે, ફોતરાં ભાંગે ન તાંદુળ તજે;
સર્વાવાસ લહે હરિ મળે, નૈં તો બેઠો કંકોડી દળે;
એક સ્વામી સઘળે વિસ્તર્યો, એમ છે અખા જાણો તે કરો.૧૮૮
ખટપટને ખટપટવા દે, તું અળગો આવી પ્રીછી લે;
જંગી ઢોલ ઘણા ગડગડે, ત્યાં ઝીણી વાત કાને નવ પડે;
નિરહાવાના જનને ખોળ, તે અખા બેસારે બોલે બોલ. ૧૮૯
પાને પોથે લખિયા હરિ, જેમ વેળુમાં ખાંડ વિખરી;
સંતે ખાધી કીડી થઈ, અને વંચકે તો સળુધી[1] વહી;
તે માટે તે તેવા રહ્યા, અખા સંત પારંગત થયા. ૧૯૦
ભણ્યું ગણ્યું તે એટલું કરે, જેમ બેસે વાયુ સૂકર્ય વૈતરે;
તેણે ફળે કરી પંડિત પૂજ્ય, સંતને સૂકર્યની પડે સૂજ્ય;
સંત તેજ હરિધનના ધણી, અખા ગત્ય આપે આપણી. ૧૯૧
પંડિત તો છે વિદ્યાકરસણી, સંત તો છે તે ફળના ધણી;
બી પાણી હરિનું નિરધાર, ઉપાય કરાવી આપે આહાર;
અખા ભોગ ભોગીને કાજ, વઢે સેવક રાજાને રાજ. ૧૯૨
કુલીશ માં નામ વૈષ્ણવ ધરે, શું થયું ઘેર ઘેર ખાતો ફરે;
કાંઇ રાજા નામ ધર્યે નોય રાજ, નરપતિ થયે નરપતિનું કાજ;
આખા અર્થ ઇચ્છિશ માં કશા, અખા તેજ મોટાની દશા. ૧૯૩
કોઇ આળસ કોઇ ક્રોધે થયો, વાટે વેષ પેરીને ગયો;
નહિ મહેનત વેઠે નહિ સાય, વંદે વિશ્વ એ ફળ મહિમાય;
હરિને અર્થે અખા એક વિચાર, પછે સમું પડે તેમ રહે સંસાર.૧૯૪
વિશ્વ વિચારે કાંઇ નવ લહે, વહેતાસાથે સૌ કો વહે;

---

૧ બધી. સબુદ્ધિ પાઠ સ્વીકારીએ તો સારી બુદ્ધિ.

આડંબર કરે મોહે કરી, જે જ્યાં તે ત્યાં બેઠા ઠરી;
અખા પશુ જેમ જવનને હળે,તો મહાજન મૂકી તે સંગે પળે.૧૯૫
**અણુસમજ્યો** જીવને બીજું ઝાંખરૂં,જ્યાં દેખે ત્યાં વળગે ખરૂં;
પ્રકૃતિ મળે તો ત્યાં તે અડે, નૈં તો પાછું વાટે પડે;
એમ અખા સઘળો સંસાર, ઝામરઝોલે કરે વ્યાપાર. ૧૯૬
**ભલું** જાણે તો પાછો ભાજ, પય ટળે જેમ પ્રગટે આજ;
દૂધ રહે તો થાય નૈં નવું, ઘૃતસહિત પડે ડાટવું;
એમ અખા વિશ્વ કાચું શમે, જામણુવિના બૈ ઘૃત નિગમે.૧૯૭
**વિશ્વ** વસ્તુમાં શાનો ફેર, જે મણુ એક ને ચાળીશ શેર;
નાનાં કાટલે સઘળા પિંડ, મણુ કહિયે વૈરાટ બ્રહ્મંડ;
હરિમાં વિશ્વ ને વિશ્વમાં હરિ, એમ અખા સૌ ઘરનું ઘર કરી.૧૯
**વિશ્વ** ભજંતાં વસ્તુ ભજાય, નીર નદીનાં સાગરે જાય;
લોક સકળ હરિ વેદજ વદે, બ્રાહ્મણ મુખ ને સંત તે રૂદે;
મુખ જમે વાણી ઉચ્ચરે, પણ હૈયામાં હોય તે કરે;
તે માટે હરિ ભજવા સંત, અખા ભવનો આણે અંત. ૧૯૯
**મોટમ દીધી** હરિજન ખમે, હરિશું બોલે હરિશું રમે;
જનને દીઠે હરિ સાંભરે, તે જો હરિજન સાથે ફરે;
જેમ દીવે સમરસ ઉજાસ, એમ અખા હરિ ને હરિદાસ.૨૦૦
**હરિજનને** ગ્રહ કહો શું કરે, જે ગ્રહ બાપડા પરવશ ફરે;
રવિ ભમંતો શશીનો ખે, રાહુ તો ધડવોણો વહે;
કાણો શુક્ર ને લૂલો શની, બૃહસ્પતિએ સ્રી ખોઈ આપણી;
ગ્રહે નહીં ગ્રહ હરિ મુજ રદે, અખા દીન વચન કોણ વદે.૨૦૧
**એક** પરમેશ્વર ને સઘળા પંથ, એ તો અળગું ચાલ્યું જુથ;
જેમ અગ્નિ અગ્નિને સ્થાનક રયો, અને ધુંવાડો આકાશે ગયો;

અળગો ચાલ્યો તે કયમ મળે, એમ અખા સૌ અવળા વળે.૨૦૨
બાજરો જીવ જુગત શું કરે, પ્રકૃતિ પાપણી પૂંઠે ફરે;
જે જે સાધન સાધે સહાય, તેજ વાતના મળ બંધાય;
અખા અમળ થયાનું કામ, રાખવા હીંડે સૌ કો નામ. ૨૦૩
કીધું સર્વ હરિનું થાય, મૂરખ કર્મતણા ગુણ ગાય;
નૃગ રાજા કાકિડો કર્યો, વિભીષણને શિર કર ધર્યો;
સત્ય પાળંતો હરિશ્ચંદ્ર દુઃખી થયો, જરાસુત વેરી તે વૈકુંઠ ગયો;
એવો અસંભાવ્ય હરિ મન વસ્યો, એમ જાણી અખો આળસ્યો.૨૦૪.
ક્રયવિક્રય બાબત શોભવા, સ્વામીસેવક રંગ નવનવા;
વચે લોભની વીટણ કરી, રસથી જીવ કરે આદરી;
આપે લે નિશ્ચે નારાણ, અખા તું તે એવું જાણ. ૨૦૫
કર્મ નામ તે હરિ નાવતાં, મસ ઘાલ્યાં પેલાં ક્યાં હતાં;
મનુ ઉપજતાં ક્ષત્રિ થયા, સનકાદિક તે યોગી રયા;
જગત નોતું ત્યાં ક્યાંથાં કર્મ, અખા હરિનો મોટો મર્મ. ૨૦૬
જીવ ભક્તિ કરે શાવડે, સામગ્રી હરિની નીવડે;
તેનું લાવી તેને સજે, પોતાને તો મળે નહિ રજે;
જાણ્યું આપ સમર્પું હસ્ત, તેતો નીવડી તેની વસ્ત;
અખો જે જે કરવા ગયો, ત્યાં એમ અણબોલ્યો રયો. ૨૦૭
સમજી રૈયે તો સમું પડે, નૈં તો કાંઇનું કાંઇ નીવડે;
જે જે કરવું તે અહંકાર, તે ત્યાં હરિને લાગે ભાર;
ભાર ચઢયો નિશ્ચે ઉતરે, એમ જાણી અખો શું કરે. ૨૦૮
ધામધૂમ તે ધનનો ધગા, મોહ અહંકાર મેલીને ગા;
માવઠે મે વરસે ગડગડે, ફળ ન ઉમટે ને લાગ્યાં પડે;
રતવિના કર્ષણ ક્યાંથી ફળે, એમ અખા હરિ ક્યાંથી મળે. ૨૦૯

મર્મ ન સમજે ભર્મે પડ્યા, કરે અહંકાર હીંડે ઉથડ્યા;
ટીલાંટપકાં કાઢે ખાસ, જાણ્યો મારગ પણ છે મેવાસ;
વંદે ચરણું ને નંદે પિંડ, ભક્તિ નોય અખા પાખંડ. ૨૧૦
પોતે પરતક્ષ દેવ ઉપાસ્ય, અન્ય ઉપાસન માયા હાસ;
જેમ જેમ મેલ ચઢે લૂગડે, તેટલું ધોએ પોત ઉઘડે;
આદરવો આતમ અભ્યાસ, અખા સંભાળે આપણુ પાસ. ૨૧૧
કુબુદ્ધિ જીવ અને કપાસ, તે પીલ્યા વોણ્યા નાવે રાશ;
તે માટે કે છે ભગવાન, જાણે દેહદમને આવે સાન;
ધેન ઉછળતીને ડેહેરો ગળે, અખા જો હરિ વળણે વળે. ૨૧૨

## ચાનક અંગ.

હઠ કરી નૈં ઓળખ્યા હરિ, કાચો જીવ જાશે નિસરી;
જેમ નિંભાડે ભાજન કાચું રહ્યું, ન સર્યું કામ માટીથું ગયું;
છતી બુધ્યે હરિ નૈં અભ્યસ્યો, તો ડાહ્યા થતાં ઠેકાણે થશો. ૨૧૩
ભણ્યા ગણ્યા ભલ પાકે પંચ, ન્યાય ઉકેલે જાણે સંચ;
સભાપતિ થઇ બેસે મધ્ય, આતમની નવ જાણે વિધ;
અખા ક્યાંય ન કુંવારી ગાય, ઠાલા આવ્યા ને ભૂલા જાય. ૨૧૪
મૂક મછર[1] ને પરહર માન, ચતુરાઈ સામું છે જાન[2];
કરકરો થયે કાળ નવ બિયે, જોરે જમ જીત્યો છે કિયે;
ગળિત થયે ઉતરશે ગાળ, અખા હરિ મળવાનો એ કાળ. ૨૧૫
નિત્યનિમિત્ત બે માથે પડ્યાં, જેમ બાળક હીંડે કાંધે ચડ્યાં;
પુણ્ય ન લાગે પાડ ન થાય, પેર પડ્યાં કેમ નાખ્યાં જાય;
નિષ્કર્મ થઇ નર હરિને જાણુ, તોજ અખા ટળશે તુજ તાણુ. ૨૧૬

૧ મત્સર. ૨ હાનિ.

## ભક્તિ અંગ.

ભલું ભુંડું કહે પૂરવતું નથી, પેરે પેરે મેં જોયું મથી;
એક પિંડ અવેરતાં બહુ, નામ રૂપ ગુણ કર્મે તેમ સહુ;
એક શરીર અવેરતે ઘણાં, ઉત્તમ મધ્યમ ઇંદ્ર હરિ તણા. ૨૧૭
જે ઇંદ્રિયે જે કયાષ કર્યું, તેથી કામ ત્યાં તેવું સર્યું;
મુખે બોલ બોલે છે બહુ, અને ગુદે બોલે તો નિંદે સહુ;
કુબુદ્ધિ એ જીવ છે હરિવડે, અખા એ ઠામે જોડ નવ પડે. ૨૧૮
સત્યવાદી ને સૂર્ય એ બે, બોધ પ્રકાશ સૌ કોને દે;
જેમ અર્કે ઉદેલું કમળ શમે, તેમ કુબુદ્ધિને સાચું નવ ગમે;
અખા અદ્રોહી બુધ્યે બોલે સમ, રવિની રીત જે ટાળે તમ. ૨૧૯
જ્ઞાની થૈ કૈ મારે ગાલ, મુક્ત થઇ વઢવાનો ખ્યાલ;
ભક્તિ જ્ઞાન ત્યાં ઠામે હશે, એ તો બેઉ લડે છે રસે;
અખા એજ નિષ્કારણ વેર, જેમ ચૌટે ભેંશ ને વઢવાડ ઘેર. ૨૨૦
ભક્ત દેખે સઘળે ભગવંત, તેને દુહુવે તો શાના સંત;
જ્ઞાનીને નિર્દાવો ઘટે, તે નિત્યે બેશીને આથડે;
ભક્તિ જ્ઞાન નોહે એ ખેદ, વંઠયા જીવ અખો કહે વેદ. ૨૨૧

## દોષ અંગ.

નૈ પાપીને નૈં પુણ્યવંત, એકલમલ તે સાચા સંત;
કાળચક્ર તે સ્વભાવે ફરે, સેજે ઉપજે સેજે મરે;
એમ જાણીને અખા જા ભળી, પુનરપિની કચકચ ગૈ ટળી. ૨૨૨
ગ્રંથમાંઈ જેમ તેમ હો, પણ તરી નીસરે તેને શેનો ભો;
તું જાને જીવતો મરિ, પછી દેણું લેણું રેશે ઠરી;
તાણો જીવ અખા ગયો ટળી, હવે શાંશો વાણો રેશે મળી.૨૨૩

**સદ્ગુરૂ** મારગ સદા અલગ, જેમ પંખીને ગત્ય સલંગ;
પગ નૈં દીસે પંથ કપાય, તેમ સદ્ગુરૂમારગ ઉપર જાય;
ઉપાય અખા નૈં લક્ષશું કામ, કર્મધર્મ તો જ્યાં રૂપનામ. ૨૨૪

## ચાણાક અંગ.

**ડાંડી** પાઘડાં કર ને ઠામ, જો નૈં જાણો આતમરામ;
મરડી મૂછ મુખ વાંકા બોલ, કાલ વળગશે ઢીલા ઢોલ;
અખા વરણાગી વણશી જશે, ભુંડાં ભગળ ઉઘાડાં થશે. ૨૨૫
**ખાટા** થૈને નૈં ખટી વળો, કાં ઘાટા થૈ ગોવિંદથા ટળો;
એક મેલો મંત્ર બીજો કુતર્ક, સાધકને મુખે મુકે નર્ક;
અખા ઈશ્વરને નૈં છેતરે, લાંબો દાંતો વેલો ખરે. ૨૨૬
**કુળવકુળ** કાળ મન કશી, શું બાળક છે જે છેતરશો હશી;
હિરણ્યકશ્યપે વર માગ્યો છળે, હરિએ તે ઘાટ ઘાલ્યું કળે;
તો અખા તે હરિશું શી હોડ, હથેળીથી ઉજળો તે કોડ.૨૨૭
**અણછતો** જીવ તું કાં થાય છતો, જોને વિચારી પેલો કયાં હતો;
જે કાળથા નિરમ્યા જીવ, ત્યાર પેલો ત્યાં હતો શિવ;
વચ્ચે બીજું કયાંથી વળી, એમ જાણી અખા જા ટળી. ૨૨૮
**વા** પાણી સઘળો સંસાર, તેનો શું આણે ઇતબાર;
મારૂત માટીને લઇ ચઢે, તેનું નામ તે પિંડજ પડે;
વંટોળે તે વપુ વાવડે, અખા આતમને કાંઈ નવ અડે. ૨૨૯
**વડપણ** મેલી વસ્તુ વિચાર, તન તપાસી રહે સંસાર;
કોઈ વર્ણ વેષ અહંકારે મરે, વાણ સોનાનું તે નવ તરે:
એક મિશાલે બ્રહ્મા કીટ, જોઈ વિચારી અખા ગુરૂમીટ. ૨૩૦
**ભૂત** પંચનો આ સંસાર, મુરખ વહે તે વરણ અહંકાર;
ભાત ચલાવા વર્ણાવર્ણ, કોઈ મસ્તક હસ્ત કટિ ચર્ણ;

બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ને શૂદ્ર, હરિનો પિંડ અખા કોણ ક્ષુદ્ર.૨૩૧
જાણપણું મેલીને જાણ, આફણિયે રહેશે નિરવાણ;
જાણ થયે જાણ્યું નહિ જાય, જાણણહારો બીજો થાય;
ઓછાયો નરને શું કળે, સ્વે થાય અખા જો પોતે ટળે. ૨૩૨
પિંડ બ્રહ્માંડે ને બ્રહ્માંડે પિંડ, વસ્તુ વિચારે જોને અખંડ;
શું શાથી કો અળગું પડે, જો સમરસ પિંડ બ્રહ્માંડજવડે;
જેમ વૃક્ષને પત્ર આવે ને ખરે, તો સ્વર્ગ નર્ક અખા શું કરે.૨૩૩
ભ્રમે ભાવના બીજી થઇ, જેમ જાગ્રત્ અવસ્થા સ્વપ્ને ગઈ;
તેજ મન બુદ્ધિ ચિત્ત અહંકાર, સ્થૂલ થઈ પસર્યો સંસાર;
સ્વપ્ન સંસાર જાગ્રતમાં ટળે, એમ અખા વિશ્વ બ્રહ્મમાં ભળે.૨૩૪
જારે આશ્રમે મન જે તણું, તેને નિદ્રા ઘેરે ઘણું;
નિજરૂપે ત્યાં રહી નવ શકે, નાના કર્મ ધર્મ બહુ બકે;
મધ્યે વ્યસન લાગે કરી જીવ, અખા આદિ અંત્યે તે શિવ.૨૩૫
કોઇ એક ઉત્તમ વ્યસની થયા, કોઈ એક મધ્યમ વ્યસનમાં વહ્યા;
ઉત્તમ મધ્યમ બેએ વ્યસન, જેમ મદ્ય કપુર બે ઘેરે તન;
સત્કર્મ વિકર્મ બેય વિકાર, અખા નિજરૂપે રહે નિરધાર. ૨૩૬

## પ્રાપ્તિ અંગ.

બાધું બોલે આવ્યું રાજ, બેઠા બેસાર્યા સીધ્યું કાજ;
વણ કીધે હરિ લેખે રહ્યો, પ્રીતે કરી પારંગત થયો;
હવે મારે સઘળે સુખરાસ, અખા સ્વતંતર દીઠો વાસ. ૨૩૭
કામ સકળ મુજ પૂરણ થયું, બ્રહ્મ સાગરમાંહિ મળી ગયું;
બોલું ચાલું હરિની સાથ, અતિ પોતે જે રૈને આથ;
હું હરિમાં અને મુજમાં હરિ, એમ અખા નખશિખ રહ્યો ભરી.૨૩૮
આવું જાઉં જો અળગો હોય, જેમ વેધુમાર ન ભૂલે કોય;

વ્યાપકની વ્યક્તિ કેમ થાય, કહો આકાશ કેમ વેર્યું જાય;
સલંગ જાણ્યું તાં તું તો અલગ, પાંખ આવી પડતું રહ્યું ખગ. ૨૩૯
મારે એમ પડયું પાધરૂં, હુંપણું મટયું એજ આદર્યું;
કર્મ અહંકારતણું ગયું મૂળ, જેમ અરકનાં ઉડે તૂલ;
ન લહ્યા સરખું મેં ત્યાં લહ્યું, એમ અખા યથારથ થયું. ૨૪૦
વાંકું સમું જાણું ત્યાં હરિ, હું તો મારે બેઠો ઠરી;
ભલા ગૃહસ્થને વાડે ગાય, એમ આપ સોંપ્યું હરિમાંય;
છીંડું ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ. ૨૪૧
બાવનથી બુધ્ય આઘી વટી, ભણ્યા ગણ્યાથી રહિ ઉઘટી;
ઉઘડ ભાંગ્યું ટાળ્યું આપ, સેજે ટળિયો દ્વૈતનો થાપ;
હવે રહ્યો તે હું કે હરિ, વિગત કરે અખો શે કરી. ૨૪૨
મારે મોટો હુંનર જડયો, જે ઈશ્વરરૂપી જહાજે ચડયો;
પંચસહિત ઉતરિયો પાર, પગ નહિ બોળું જળ સંસાર;
હું હસ્તો રમતો હરિમાં ભળ્યો, અખો જાણે તે વળણે વળ્યો.૨૪૩
એ સુખમારગ મેલીને શઠ, કાયક્લેશ કરે કાં હઠ;
ગીતામાં ગોવિંદ મુખ કહે, જે મારૂં શરણ ગ્રહીને રહે;
મુજ વાયક જે માને અખા, તેને સ્કંધ લહી ઉતારૂં સખા.૨૪૪
પરમ ગુહ્ય હરિનું એ હૃદે, મહાપુરૂષ મુનિ એમ વદે;
જે અહંબ્રહ્મ જાણીને રહે, શરણ જાવું શિવ એને કહે;
અળગું નથી અખા શું કળો, આકાશને કેમ લાગે સળો.૨૪૫

## ભાષા અંગ.

ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર;
સંસ્કૃત બોલે તે શું થયું, કાંઇ પ્રાકૃતમાંથી નાસી ગયું;
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર. ૨૪૬

સંસ્કૃત પ્રાકૃત જેવડે ભણે, જેમ કાષ્ઠવેષે રહ્યો ભાથા કણે;
તે છોડ્યાં બાણો નાવે અર્થ, તેમ પ્રાકૃતવિના સંસ્કૃત તે વ્યર્થ;
બધા દામ વેપારી લખે, અખા વ્યાજ નોય છુટા પખે. ૨૪૭
હરખે કરખે અનુભવ કશા, આકાશ ઉદરમાં વરતે દશે દિશા;
જ્યારે જેનું રાજજ જાણ, ત્યારે માનવી તેની આણ;
જ્ઞાનગગનમાં નોહે દેશકાળ,એતો અખા અજાણ્યા બોલે આળ.૨૪૮
જ્ઞાનાધિક નોય સિદ્ધિવડે, સિદ્ધિનામ શણગારે પડે;
એક મની કહાવે સાધવી, તેમ સેજ ન ઇચ્છે સિધિ વાધવી;
અખા અણુલિંગી નાવે સંસાર,એ તો ફોકટ માયા ઉડાવે વાર.૨૪૯
અષ્ટ મહાસિદ્ધિ ઇશ્વિરને વિષે, તેને વેદ માયા કરી લખે;
તેની કણયકા તે આ જીવ, તો સિદ્ધિસહિત કેમ થાએ શિવ;
લોકપતિ જે તે સિધ્યવડે, અખા અનુભવને કાંઇ ન અડે.૨૫૦
મૂળગો અહંરોગ નહિ ટળ્યો, તેમાં સિદ્ધિરૂપી ભરમજ ભળ્યો;
જેમ પેલો ઘેલો હોય બુધ્યવિષે, વળી વ્યસને લાગ્યો માદકભખે;
અખા અહંકારને ટાળી જોય,તું ન રહે તો સિદ્ધિસાથે સિદ્ધ હોય.
પોત ન લહ્યું પછે પોતે થયા, ઉત્તમ મધ્યમ વ્યસને વહ્યા;
માયાકૃતનો નાવે અંત, માને નહિ તો જો વેદાંત;
અખા ઉપનું ન માને આધ, ક્રયવિક્રયવિના શી વ્રાધ્ય. ૨૫૨
પ્રપંચ પ્રીછી જોયો ખરો, નહીં ઉપજ ને નહિ તો વરો;
જ્યાંથું ઉપનું ત્યાં નવ ઘટે, શઠ ન વળે જ્યાં જઈ આવટે;
જાતું મરતું દીસે ખરૂં, અંતે અખા ભર્યાનું ભર્યું. ૨૫૩
જેમ દૂધે ફીણ ફિસોટા થાય, તોલ ન વધે આકાશ રૂંધાય;
જેમ અગ્નિયોગે જળ ઉભરે, તેમ તત્ત્વે તત્ત્વ જગત અવતરે;
વકર્યાં તત્ત્વ ધરે રૂપ નામ, અખા ઉત્પત લે ઠામનું ઠામ.૨૫૪

પંચતણાં પચવીશે તત્ત્વ, વાસનાલિંગ તે તેનું સત્ત્વ;
ભૂત ભૂત પ્રત્યે વિચરે, અને મૃત્યુ નામ પરપોટા મરે;
ભૂતકલ્લોલ સદા સર્વદા, ચિદ્વિલાસ અખા મન મુદા. ૨૫૫
ચલનવલન તે ચેતનતણી, પંચરૂપે આપે થયો ધણી;
આપ આપમાંહી વિસ્તર્યું, ન કર્યા સરખું તે ત્યાં કર્યું;
જેમ છે તેમનું તેમ છે જાણ, સમજે સાન અખા નિર્વાણ. ૨૫૬

## પ્રતીતિ અંગ.

હરિ પામવા સૌ તપ કરે, અખો હરિમાં મેળે ફરે;
મારે સમરસ સેજ સંયોગ, સાવ સ્વતંતર પામ્યો ભોગ;
જેમ ભરસાગરે તીમિંગલ રમે, હું હરિમાં તો દેહ કોણ દમે. ૨૫૭
પેરે પેરે મેં જોયું મથી, જે હરિવિના પદારથ નથી;
તો આઠ વેંતનો હું જે ઘડયો, તે તે ક્યાં અળગો જઇ પડયો;
એમ જોતાં હરિ લાગ્યો હાથ, ટળ્યો અખો ને એ રહી આથ્ય.૨૫૮
ઉમેરણ જે ઉસરણ કર્મ, હરિ મારગમાં જાણે શ્રમ;
શ્યાથું લૈને શ્યામાં ભરૂં, અખંડ બ્રહ્મની ખંડણા કરૂં;
અખા એ ત્યાં છે અદબદ, અહંપણાની ચૂકી હદ. ૨૫૯
અનુભવી જ્ઞાન ત્યાં એવું કથે, કર્મ ધર્મ ભાજી કરે જથે;
આતમતત્ત્વ માંહેથી ધરે, નામરૂપ કુચા શું કરે;
એમ અખા ત્યાં કીધી આથ્ય, હવે કામ શું ઝાલે હાથ. ૨૬૦
છાંછળ માંછળની નહિ વાત, એ તો રમવી વાત અઘાત;
ખોવું મન ને લેવી વસ્ત, નાખ્ય નસંક લાધે નહિ અસ્ત;
કે તુટે કે અડે ન આડય, અખા હરિ અર્થે હડિયું કાઢ્ય. ૨૬૧
ક્યાંથી અવસર પામ્યો વળી, મોતી વેહે પરોવાં વીજળી;

મરે ત્યાંહાં તો સૈ કો મરે, પણ સુરતે જે સ્વામી અર્થ કરે;
અખા પામ્યું હરિ કે ખોઉં સંસાર, સર્વ નિગમ્યું કે પાલું બાર. ૨૬૨
તપ તિરથ શ્યાવડે હથિયાર, પુરૂષ ચીંથરાનો એ સંસાર;
તે ઉપર આયુધ શ્યાં વહે, મારીશ કેને તે તું કહે;
પેસ ખેતરમાં ઘાલી હામ, ભ્રમ કરશો ન અખા રૂપ નામ. ૨૬૩

## ખળજ્ઞાની અંગ.

જ્ઞાન કથી શું કીધું ઘાટ, અંતર અવિદ્યાએ વેધ્યાં હાડ;
અનુભવ કરે ત્યારે એક આતમા, મુખ નિંદા દીસે નહીં ક્ષમા;
અખા કથ્યું પણ ન લહ્યું જ્ઞાન, શું ગુરૂ આગળ માંડયા'તા કાન.૨૬૪
ભલો કહાવ્યો પણ ભલપણ ક્યાં, જેમ ગોખર હિંડે ગોધણમાં;
વેષ પેરે વિંટબણા વધી, વંઠયું દૂધ થયું નહિ દધી;
કવિતા થયે ન કાઢયું કર્મ, અખા ન સમજે મૂળગો મર્મ. ૨૬૫
મહાપુરૂષ કૂહાવે માંઇ બલી, વેષ પ્હેર્યો પણ ટેવ ન ટળી;
સ્તુતિનિંદા અદેખાઇ આઘ, પેરે ખાય પણ વાધી વ્રાધ્ય;
અખા કૃપાવિના જીવ કબુધી, પાકયું ઇંદ્રવારણું ને કટુતા વધી. ૨૬૬
કુથા સુણી શ્રોતા શું ખટયો, ગુણ ગાઇને ગાનારો વટયો;
થયા ગયા તે પોથે લખ્યા, પણ વણ થયાની લહો પરખ્યા;
વણ થયો વિગત સર્વે કરે, તેને લહે અખા અર્થ સરે. ૨૬૭
બાણબાંધ્યા ને સૈ કો મોહ્ય, પણ બાણાવળીને કોઈક જોય;
શ્રોતા વક્તા બીજું બાણ, ટલે બે ને રહે નિરવાણ;
નામ રૂપ વંચક ને સભા, અખા સહુ વહે કાળની પ્રભા. ૨૬૮
સાચો જુઠાના ગુણ ગાય, જુઠે સાચો નવ લેવાય;
દર્પણ તો મુખસુખને ગ્રહે, પ્રતિબિંબ કેમ બિંબને લહે;
આદર્શ સ્થાની જે નામ રૂપ, અખા શું તે લહે સત્ય હરિભૂપ. ૨૬૯

અખે વિચાર વિચાર્યો ખરો, જે વાંક સર્વ આપણમાં ભર્યો;
બુદ્ધિવોણો જીવ લઈ નવ શકે, જક્ત દોષ કાઢી મુખ બકે;
સદ્‌ગુરૂ જો ઉઘાડે બાર, અખા હરિ દીસે સંસાર; ૨૭૦
કામ ક્રોધ જે જક્ત આચરે, તે દેખી જીવ નિંદા કરે;
એ તો પાંચે રૂપે માયા રમે, કળ ભરાવીને ભવમાં ભમે;
વિચાર વિચારી હરિને જાણ, નિંદા કર્યે અખા છે હાણ્ય. ૨૭૧
ઉંચ નીચ દેખે તે ભર્મ, ભરમે થાપ્યા કર્ત્તા કર્મ;
વળી ડાહ્યો ભ્રમ કહે કર્ત્તા રહી, પણ વસ્તુવિચાર ગયો વિસરી;
ધરમ કરમ નહિ કરતા કોય, અખા પોત વિચારી જોય. ૨૭૨
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, વ્યસને જીવ પમાડયો ધંધ;
લોભ મોહ પાંચે થયાં છતાં, પ્રાચે પ્રકૃતિ ઉદરમાં હતાં;
તેણે મોહ્યો જીવ રોગિલો થયો, ત્યારે અખા વસ્તુવિચારજ ગયો.૨૭૩
વર્ણ ધર્મ તું રહે મૂળગે, જેણે સર્વ પડે ત્યાંહાં વગે;
જાત વિચારે તે આતમા, અને આશ્રમ તો તારો તુજમાં;
તેં જાણ્યો છે તે નોહે ધર્મ, અખા કુકસાં કુટયે શ્રમ. ૨૭૪
ધરે પિંડ કાંઇ એકતા કરે, તેમાં જીવ આપોપું ધરે;
જડદેહ સંગે જડતા ગ્રહે, ચેતનપક્ષ મૂકીને દહે;
અખા કબુધે પ્રીછે પિંડ, પણ આતમ પ્રીછે છે અખંડ. ૨૭૫
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, પંચભૂતનો એ સંબંધ;
પ્રાચે પ્રકૃતિ છે સંસાર, વિચરે ભૂત ધરે અવતાર;
અખા તન તપાસી જુવે, કાં જીવપણે જનમારો ખુવે. ૨૭૬
જ્ઞાની સુર સૌ કો થઇ ફરે, સુભટ તે જે અવસરે મરે;
સુખે ઘેર બેઠા સૌ જાણ, પણ વરતે જે થોભે ઘમસાણ;
અખા કથણીથી અનુભવ તે અલગ, ઉંચા ચડે આકાશેજ સલંગ.૨૭૭

પ્રપંચ આધારે પરબ્રહ્મને કથે, મહીવિના પાણી જેમ મથે;
શ્રમ કરે પણ ન આવે સાર, જેમ નપુંસક વહે હથિયાર;
એમ અખા નોહે સદ્‌જ્ઞાન, માદક કેમ કરે જળપાન. ૨૭૮
કર્મધર્મ એ ભર્મને ભલાં, એકે ન રહે એક એકલાં;
બુધ વોણી ધેનુ ચાટે ચર્મ, કર્મ ત્યાં ભર્મ ભર્મ ત્યાં કર્મ;
વસ્તુવિચાર પશુને કશો, અખા ભર્મે ભર્મ અભ્યસો. ૨૭૯
મરતું દીસે તે નોય મર્ત્ત, ચાલે સચરાચર કાળનું કૃત્ય;
વેતું કરવત કાઢે ગાર, તેમ શનૈઃ શનૈઃ મરે સંસાર;
તો અખા પરને ક્યાં રૂવે, આપ વિચારી શે નવ જુવે. ૨૮૦
નહિ ઉપજ ને નહિ ત્યાં વરો, ક્યાં આકાશ ને ભેળું કરો;
એ ભર્મે ભ્રમ માન્યો ઉપન્યો, પ્રાયઃ સુવર્ણ ને ક્યાંથી બન્યો;
અખો નહીં તો કેને કવે, થાશે માપ માપણહાર મુવે. ૨૮૧

## જડભકિત અંગ.

પંડ પખાળે પૂજે પાણ, મનમાં જાણે હું તે જાણ;
આપે આતમ બારે ભમે, મૂરખ સામું માંડી નમે;
ડાહ્યા પંડિત થઈ આદરે, તે અખા ધાર્યું કેમ કરે. ૨૮૨
ગુણ જોઇ તે ગુરૂને શોધ્ય, જે ગુરૂ આપે તત્ત્વનો બોધ;
પરને વળગ્યો હીંડે અંધ, આંખ્યાળો નવ વળગે ખંધ;
સદ્‌ગુરૂવિના ગળે બાંધી શલા, એમ અખા ભમ્યાં ભલભલા. ૨૮૩
હરિ કહે છે તે કહે ક્યાં વસે, તેને જાણ કાયા કાં કસે;
બ્રહ્મજ્ઞાનમાં સર્વે વળે, જેમ બહુ મ્હોર સોનું એક લે;
તૃણ માર્યે કેમ પાડો મરે, એમ અખા સૌ સાધન કરે. ૨૮૪
ગુણ ગાવા તે ગુણીનું કર્મ, ધારણા ધ્યાન યોગીનો ધર્મ;

ભક્તિ વૈરાગ્ય વૈષ્ણવ કહે કથી, પણ વસ્તુપણામાં કર્ત્તવ્ય નથી;
અખા પરપંચ હોય વિધવિધે,જ્ઞાન પીધું સાધકે જે દીધું સધે.૨૮૫
શુદ્ધમાંહીં સાધન તે કશું, તેજમાં રૂપ કાંઇ વાસો વશું;
જેમ મીનને તરવું તે સેજ, પંખી જેમ આકાશે રહેજ;
તેમ જ્ઞાતાને સાધન તે સુઝ, એમ અખા સાને કરી બુઝ. ૨૮૬
બોલે ચાલે તે હરિવડે, પશુ પથ્થરને લાગી પડે;
કોઇ પત્ર સેવે કોને વસ્ત્ર પૂજ, એમ ગઈ આતમની સુઝ;
મોદ ભર્યા માને નહિ વાત, અખા અણજાણે આતમઘાત ૨૮૭
હરિમાં રહે તે ગુણ શું ગાય, પાપી પાવન થાવા જાય;
કુંવારી લે વરનું નામ, સદા સોહાગણસંગે સ્વામ;
પોતે પોતાને કરવો સાદ, એ તો અખા ઘેલાંનો વાદ. ૨૮૮
હરિ મળે જન રસબસ થાય, જે અળગો તે લેવા જાય;
કાંઇ તરે શું કહેતું ફરે, કહોને વ્યંડળ કેને વરે;
દ્વૈત નહીં ત્યાં રીતજ કશી, એમ અખા જો જો અભ્યસી.૨૮૯
કરતા કોણ ને સાધન કશું, સુણિ માની મન કરવા ધશું;
વાતે વાત વાધ્યો વિસ્તાર, જેમ ધુંવાડો થયો નવસાર;
અખા વિચારી જોતાં ફોક, જેમ ઉંડો કુવો ને ફાટી બોખ.૨૯૦
ઉંઘ્યો કહે ઉંઘ્યો સાંભળે, તેણે જડપણું બેનું નવ ટળે;
જેમ ચિત્રામણના દીવાવડે, કેમ રાત અંધાની દૃષ્ટે પડે;
શું સાંભળે ને અખો શું કહે, જો માયા લાલચથી બીહે.૨૯૧
પ્રપંચપારે રહે છે રામ, સદા સર્વદા ન્યારૂં ધામ;
તેવડે ચાલે આ સંસાર, આગમાપાઇ તે નિરધાર;
અખે રામ ઓળખિયો તેહ, ઉદર અભ્યંતર નાવે જેહ. ૨૯૨
શબ્દજાળ કરમના ગ્રંથ, એમાં સાર ન લાધે અંત;

સાચું સાધન જે કો કરો, વાગવિલાસ સકળ પરહરો;
શબ્દાતીતને જાણે જેહ, અખા સાચું સાધન એહ. ૨૯૩
સાચું સાધનં શુદ્ધ વિચાર, જે હું મારાનો કાઢે પાર;
એ મૂકી અન્ય સાધન કરે, જેમ ભ્રમરોગી વિજયા વાવરે;
નિજ આતમ જાણ્યા વિના ભર્મ, અખા નહિ છૂટે કરતા કર્મ.૨૯૪
શબ્દજાળ માયાનું કુડ, ત્યાં નરપશુ પડે મતિ મૂઢ;
શણુગારી વાણી સૌ ગાય, ત્યાં મોહ્યા જીવ સાંભળવા જાય;
અખા શું વાંચ્યું સમજ્યો કશું, જેમ આંખનું કાજળ ગાલે ઘશ્યું.
અજ્ઞાની ને ઉંટ બચકું, ઝાલ્યું મૂકે નહિ મુખથકું;
અખા અણુજાણે પેઠું કાન, ચાલ્યો પંથ દરશન ને માન;
કેને કર્તા ન જાણ્યો જડે, વઢે ઢીંકે ને કટારી કડે. ૨૯૬
ભણે ગણે શી સાધી વાત, અવળાં પડ વળ્યાં વળી સાત;
ઉંચ નીચ હૃદિયામાં હતાં, અખા થાપીને કીધાં છતાં;
પાંડિત્ય કરતાં લાગ્યું પાપ, પાઇ દૂધ ઉછેર્યો સાપ. ૨૯૭
શું સમજ્યો ગુરૂ શરણે જઈ, જો ભ્રાંત્ય છોત્ય ઘર વાંસે રહી;
અજ્ઞાન તો રંચે નવ ગયું, વાધ્યો ભર્મ એ અદકું થયું;
અખા હલાવ્યો ઠાલો હલ્યો, એ સગુરાથી નગુરો ભલો. ૨૯૮
પ્રામ રામ કહે તે ગુરૂ, બીજા ગુરૂ તે લાગ્યાં વરૂ;
ધન હરે પણ ધોખો નહિ હરે, સંબંધ સંચારી સાચો કરે;
અખા શું સમજ્યો ગુરૂ કરી, સચરાચર દીઠા નહિ હરિ. ૨૯૯
કર્મ કરી શું હરખે હળ્યા, એ તો દામ ઉલેખે પળ્યા;
જેને લેખે જીવજ ટળે, તેજ સમજતાં નામું વળે;
તત્ત્વજ્ઞાનવિણ બીજું અખા, તે રમવું જેમ કાચ કાંચકા.૩૦૦
કહે અખો મુજ આવે હસું, એ કયાંથું ટીખળ મનમાં વશું;

હિરણ્યગર્ભ હરિ આપોઆપ,ત્યાં દ્વૈત અચાનક લાગ્યું પાપ;
કોણ સુણે ને અખા કોણ કહે, હરિની વાત તો એહજ લહે. ૩૦૧
હું તું થઇ બોલ્યા એ ખરૂં, તે હુંજ નહીં તો શું ઉચરૂં;
જેમ મોઅરમાં વાજે સાદ, એકલો ગારૂડી પૂરે નાદ;
એહ અખા એવો શો ભેદ, તો હું માને શો વિધિ નિષેધ.૩૦૨
**આપેઆપમાં** ઉઠી બલા, એક કે રામ ને એક કે અલ્લા;
અલ્લા રામ તે કેનું નામ, કોણુ સંભાળે તે નિજધામ;
કહે અખો ઉપજાવ્યો કળો, કળકળે બાળ રમે એકલો. ૩૦૩

## સગુણભક્તિ અંગ.

**સગુણભક્તિ** મોતીધૂઘરી, મનમોહન દીસે તે ખરી;
અંતરતાપ ક્ષુધા નવ શમે, સામા મનોરથપેરે દમે;
એ અખા સમજ દેહવેહવાર, જન્મમરણ ન ટળે સંસાર. ૩૦૪
**પડતું** સુવર્ણ ને બીજું મન, તેનું ધોવું ધાવું નોય જતન;
જો મર્મ ખાર અગ્નિ ને મળે, તો થાય ચોખ્ખું મન પાછું વળે;
મનની કીધી સર્વ ઉપાધ્ય, મનાતીત અખા આરાધ્ય. ૩૦૫
**અણજાણ્યે** જ્યાં ગુરૂ કરી પડે, ભાત્ય પટોળેથી કેમ ખડે;
અવળા શબ્દ પેઠા કાનમાં, વાધ્યો રોગ નાવે માનમાં;
અખા આતમવિન અવળી વજા, ફરે કાજી પણ ન ફરે કજા. ૩૦૬
**બહુ** વિધ છે શાસ્ત્રનું જાળ, ઉર્ણનાભિ મૂકે નિજલાળ;
જીવબુધ્યે કરી ગુંથ્યા ગ્રંથ, મમતે સહુ વધારે પંથ;
પણ જ્ઞાન તો છે આતમસુઝ, અખા અનુભવ હોય તો બુઝ. ૩૦૭
**મુક્તિ** ભક્તિ બે વાંછે ભ્રમ, પણ બેઉથી અળગો આતમધર્મ;
જીવ થઇ થાપે ભક્તિ ભગવંત, જીવ થઇ મુક્તિ મન માને જંત;
એ તો તેમનું તેમ છે અખા, દ્વૈતવિના નોહે પખપખા. ૩૦૮

**આત્મલક્ષમાં** નહિ પર આપ, વણ સંતાને કેનો બાપ;
વણ જોનારે દર્પણ જથા, બિંબપ્રતિબિંબની કોણ કહે કથા;
અખા દ્વૈત થયે ઉપાધ્ય, તન મન વિના એ સાધન સાધ્ય. ૩૦૯

## દંભભક્તિ અંગ.

**જો** હરિમાર્ગે ચાલે જંત, વેશ અભિમાન શું કાઢયા દંત;
જેમ તેમ પંથ કાપ્યાશું કામ, તો આવે હરિરૂપી ગામ;
અખા મોહ્યો પંથે ભમ્યો, વાદ કરતાં આયુ નિર્ગમ્યો. ૩૧૦
**વેશતણું** રાખે અભિમાન, સામું તેણે થાએ જાન;
સંસારી મળ ધોવા કાજ, સાબુ મેલને દીધે વાજ;
અખા મેલ જો નવ નીકળે, તો મેલું તે કઇ પેરે ટળે. ૩૧૧
**નિવૃત્ય** પ્રવૃત્ય સમણાનું ધન, ઉંઘ્યો નર તેનું કરે જતન;
જાગ્યે રૂડું કુડું ટળે, જ્ઞાની તે જે પાછો વળે;
અખા પ્રપંચ નહીં પરમાણ, ઠાલો શું થઈ બેસે જાણ. ૩૧૨
**તપતીરથ** દેહ દમવાકાજ, જાણી ઉન્મત્ત આવે વાજ;
ફળ સંભળાવી કીધું ખરૂં, પણ હરિ મળવાનું કારણ પરહર્યું;
અખા એ સર્વ મનનો તોર, કોડી વટાવે નાવે મ્હોર. ૩૧૩
**હરિ** જાણીજે તે હરિવડે, મન જનથી જે અળગે પડે;
બીજાં કર્મ મનથી નીપજે, મન સુધે જે તેને ભજે;
અખા તે માટે રૈ ચેત, જયા રહીને નિગમ કહે નેત. ૩૧૪
**અખા** તેજ નર ચેત્યો ખરો, જે ચાલ્યો માથે ઉફરો;
ઊંઠ હાથમાં સૌ કો રમે, જાગ જોગ એટલામાં ભમે;
મુક્તિ ચતુર્ધા એટલા લગે, પણ પદ રહી જોતાં પડશે વગે. ૩૧૫
**અણુલિંગી** મ્હોટો ઉપદેશ, જે ઇચ્છે અજ વિષ્ણુ મહેશ;
લિંગ ચતુષ્ટયથી પર યથા, જયાં ન મળે જક્તસંબંધી કથા;

અખા એ ત્યાંહાં ચિદ્આકાશ, પણ પ્રાયે શબ્દ નોહે સમાસ. ૩૧૬
**ભક્તિ** કરતાં ભરમે બૈ, પણ ભજનભેદ ન જાણે સૈ;
જ્યાં શુચિઅગ્ર રહેવા નહિ ઠામ, એમ ભરી પૂરણ રહ્યો રામ;
ત્યાં તો કરતા દીસે ઘાત, તો એમ અખા કેમ ઘાતે વાત. ૩૧૭
**પેલે** ઓલખ્ય હરિ પછે ભજે, કાં વોરે જોયા વિના વજે;
ચૈતન્યબ્રહ્મ કહે વેદ વાણ્ય, તું તો માને પીતળ પાણ;
આતમની અવગણના કરે, અખા ભક્તિ કેમ પડશે વરે. ૩૧૮
**જ્ઞાન**વિના ભક્તિ તે અશી, ભસ્તે શ્વાને જેમ ઉઠે નશી;
લારે લાર જેમ ચાલ્યે સોર, ત્યાં કોણે દીઠો તો ચોર;
જે જેણે દીઠું સાંભળ્યું, અખા તે તે વળણે વળ્યું. ૩૧૯
**જેવી** શાસ્ત્ર સંત વાણી વદે, તેવું નરને આવે હૃદે;
હું મમતા દેહ જો ઓળખાય, સર્વાવાસ હરિ ત્યારે જણાય;
સચરાચર જાણ્યા વિણ હરિ, અખા દ્રોહબુદ્ધી જ્યાં ત્યાં કરી. ૩૨૦
**જ્ઞાન**વિના ભક્તિ નવ થાય, જેમ ચક્ષુહીણો જ્યાં ત્યાં અથડાય;
તે માટે જ્ઞાની ગુરૂ કરો, હરિ દેખાડે સભરો ભર્યો;
ગુરૂજ અખા નવ જાણે રામ, તે શિષ્યને શું આપે નામ. ૩૨૧
**જોતાં** વિચારી સ્વે નિજધામ, ઉપાધ્ય આવવાનો તું ઠામ;
આવી અચાનક ઉઠી બલા, સુખી દુઃખી નર ભુંડા ભલા;
પંડિત જાણ થાપે જીવ કર્મ, અખે માયાનો પ્રીછયો મર્મ. ૩૨૨
**નિજ** શક્તિયે કર્યું આકાશ, તત્ત્વે તત્ત્વ હવો પરકાશ;
અંશે અંશ ભૂતિક પિંડ થયા, સત્તાબળવડે ચાલી ગયા;
જેમ ખડક્યાં પાત્ર અગ્નિથી ઉષ્ણ, એમ અખા બળવ્યાપ્યું વિષ્ણુ. ૩૨૩
**પાત્ર** માત્રમાં હોય વરાળ, પિંડ સાથે હોય મનની જાળ;
મનને જોઇયે સર્વે વિષય, પણ મૂળ અગ્નિને નવ લખેય;

વિષય ને મન તે આ સંસાર, અખે એવી વિધ્યે કાઢચો પાર.૩૨૪
મુજ જોતાં એ મન સુખી દુઃખી, પણ મનાતીત ન શકે પારખી;
મનના માર્યા જાએ એહ, એમ સમજણ નહિ સમજે તેહ;
ચૌદલોકરૂપે મન થયું, અખા મનાતીત જેમનું તેમ રહ્યું. ૩૨૫
પ્રપંચપાર પરમેશ્વર રહે, કાં ગુણનાં કૃતને સાચાં કહે;
ગુણ તે જાય મરે અવતરે, તેને સત્ય જાણે તે ફેરા ફરે;
ગુણપારે જેનો અધ્યાસ, અખા તે નોહે સ્વામી દાસ. ૩૨૬
અખે જગતથી અવળું કર્યું, જીવત મુકી મૃતક આદર્યું;
મૃતક સમું મીઠું કાંઇ નથી, સારમાંથી સાર કાઢયું મથી;
પ્રત્યક્ષ પરોક્ષ જીવતાને ભય, પણ અખા મુવો તે નિરભય. ૩૨૭
રામનામ પ્રીછે ગુણ ઘણો, જેમ અમૃતમાં ગુણ પીધાતણો;
વણ સમજ્યો સુડો નિત્ય કહે, રામ કંઠ પંજરમાં રહે;
ક્યાં પૂજ્યો ગાયો પરીક્ષિતે, અખા મુક્તિ પામ્યો પ્રીછતે.૩૨૮

## આત્મલક્ષ અંગ.

આકાશ આઘેરી જાણો વસ્ત, ત્યાં નહિ મળે ઉદય ને અસ્ત;
ઉદય અસ્ત તો જ્યાં આકાર, તે જાણો સઘળો સંસાર;
તે સંસાર સ્થાને છે શૂન્ય, આંહિ અખા રાખે જો મુન્ય.૩૨૯
જે આકારને માને સત્ય, તે શૂન્યવાદી તેમાં નહિ પ્રત્ત;
આકાર નિરાકારને જે કહે નથી, મિથ્યા વાદ કરતા મરે બે મથી.
શૂન્યવાદી એ બેનું નામ, અખા બેથી પર હરિનું ધામ.૩૩૦
ગુણવાદી ગુણને કહે હરિ, તે માયા રચિત જાય ઉસરી;
તે માટે ગુણને સ્થળ શૂન્ય, ખટદર્શન મત પાપને પુન્ય;
કૂટજ્ઞાની કહે સત્ય આકાશ, અખા એહ મિથ્યા અધ્યાસ.૩૩૧
વસ્તુને ઉપમા શૂન્યતણી, તે માટે વસ્તુ તે શૂન્યજ ગણી;

તે માટે શૂન્યવાદી નામ, શૂન્યકને લહ્યું મૂળગું ધામ;
તે માટે તે તેવા અખા, પ્રપંચપાર નવ ગયા લખા. ૩૩૨
અતિ ઘણો આઘો પરમેશ, મનતણો ત્યાં નોય પ્રવેશ;
અમન તે નર આઘેરો જાય, ત્યાંહાં શબ્દ પ્હોંચે નહિ કાંય;
સહુ ઉપાસે મનની વૃત્ય, અખા ન લાધે હરિની નર્ત્ય. ૩૩૩
શૂન્યવાદી શૂન્યકુચા ભખે, પણ શૂન્યતત્ત્વને નવ ઓળખે;
સાકારી આકારને ગાય, તે ત્યાં કાળે ફીટી જાય;
તે માટે તત્ત્વદર્શી ખરો, અખા જેહ સર્વે ઉફરો. ૩૩૪
સાચો અંતર્યામી ગોર, બીજા ગુરૂ બાજીગર મ્હોર;
તેનો અર્થ કેવા શોભવા, સંસારીનું મન લોભવા;
પણ રીધ આવે જેમ રૂપૈયાવડે,તેમ અખા આતમથી આતમ જડે.
શ્યાપર પરપંચ બેસે ઘાટ, જેનું મૂળ મિથ્યા છે નાટ;
જગત થયું તે ત્રણ ગુણવડે, ત્રણ ગુણને તે માયા ઘડે;
તે માયા તો નહીં પ્રમાણ, તો અખા શું થાએ જાણ. ૩૩૬
ઉંઘ્યા બરલે પંડિત કવિ, જે મનની વૃત્ય રહ્યા અનુભવી;
એક એકનું બોલ્યું નવ મળે, ખટ દર્શન જુજવાં આફળે;
સૌને હું મારાનો થાપ, અખા ન સમજે આપે આપ. ૩૩૭
દૃષ્ટ પદારથ થાએ ફોક, ચર અચર ને ચોદલોક;
ગુંથે ગ્રંથ વાંચે સાંભળે, તે ત્યાં કાળે સઘળા ટળે;
અખો શો રાખે નિરધાર, જે બોલું તે થાય સંસાર. ૩૩૮
મનવા કરતાં મનશું અખે, પ્રપંચ દીઠો ચૈતનવિષે;
નિર્મળ દર્પણ હોય અતિસાર, તેમાં ભાસે બહુ આકાર;
જેમ તે તેમ જાણે આતમા, તે નર કહિયે સર્વોત્તમા. ૩૩૯
આતમ સમજ્યો તે નર જતિ, શું થયું ધોળાંભગવાંવતી;

ઓડે તોડે જોડે વાળ, એ તો સર્વ ઉપલ્યો જંજાળ;
પ્રીછીને સંકોડે વ્યાપ, તો અખા રહે આપે આપ. ૩૪૦
વણ સમજે દાવાગિર ઘણા, વેશ વખાણે આપ આપણા;
ટળવું ઘટે ત્યાં સામો થાય, વણ સમજે એમ વાંકો જાય;
પ્હેર્યો વેશ ને વાધી ટેક, એમ અખા કેમ થાયે એક. ૩૪૧
અખો શું કવિતાપણું કરે, જો વાત કશી ન પ્હોંચે સરે;
કે લેવું કે મૂકવું કહે, તે તો ત્યાંહાં આઘેરૂં રહે;
એવું કવતાં આવે લાજ, સમજ્યા સરખો છે મહારાજ. ૩૪૨
ઉકેલ પડે તે જોડયું ખરૂં, જેણે જીવપણું જાયે પરૂં;
બાકી સઘળો મોહ જોડાય, મનનું ગમતું સૌ કો ગાય;
અખા અર્થસહિત કહે જો સાત, નાચે પૂત તબ લાજે માત.૩૪૩
આપ ઇચ્છાએ સગુણજ થયો, ત્યાં કોણ શિખામણ દેવા ગયો;
પસર્યું પોત તે અકસ્માત, કાળકર્મ શિર મૂકે વાત;
અખા તે ઇચ્છા છે સદા, પણ જક્ત સત્ય માનીજે જદા. ૩૪૪
જક્તાભાવ નહીં જ્યાં લેશ, ત્યાં સત્ય મિથ્યાનો શું ઉપદેશ;
કેનાં જન્મ કર્મ રૂપ નામ, સીમ કશી જ્યાં ન મળે ગામ;
અખા નહીં જ્યાં પ્રાચે પિંડ, એ તો જેમનું તેમ અખંડ. ૩૪૫
કૈવલ્યને કૂહો કેમ કરી કવે, પોતે પોતાને શું સૂચવે;
દ્વૈતવિના નહિ બેસે·ઘાટ, એકલો ત્યાં નવ બોલે નાટ;
અખા લક્ષસહિત જે દ્વૈત, તે કહેતે કવતે છે અદ્વૈત. ૩૪૬
કોઈકે સત્ય થાપે સંસાર, કોઈક સત્ય કહે નિરાકાર;
એના થાપણહારા ટળે, જેમ છે તેમ તાં કો નવ કળે;
અખે મૂળ વિચાર્યું આપ, થાપણહારનો રાખ્યો થાપ. ૩૪૭
સગુણ નિર્ગુણ કથવો રહ્યો, બાંધ્યો રૂંધ્યો સ્વામી લહ્યો;

સદા હરિ બોલતો ચાલતો, ખાતો પીતો ને મ્હાલતો;
અખો કહે વેદાંતનો સાર, કૈવલ્ય બ્રહ્મ પ્રભા આકાર. ૩૪૮
**જોગ** ધ્યાન તપ તીરથ ત્યાગ, ભક્તિ કર્મ ને વૃક્ષ વૈરાગ;
વિષય વર્ત્યે નાનાવધ ભોગ, ચાલ્યો જાય છે ચેતનજોગ;
અખા સર્વ સ્વામીના રંગ, સદા સર્વદા આપ અભંગ. ૩૪૯
**અખા** જોતાં ત્યાં વસ્તુવડે, બીજું આપોપું નવ જડે;
એમ જોતાં કોણ કેને ભજે, પામણહાર ન લાધે રજે;
અદબદ સ્વામી અટલ અનાધ, એ સમજ્યા વિના સઘળો વાદ. ૩૫૦
**હાથ**પગાળો સુંદર શ્યામ, એવો અટકળ્યો લોકે રામ;
એવા પ્રભુતણા અમે દાસ, જેનો હશે વૈકુંઠમાં વાસ;
ક્યારે કહે તે લે અવતાર, તો એમ અખા કેમ પામે પાર. ૩૫૧
**સકળ** ચરણ શિર કર અવેવ, સકળ શબ્દ બોલે જે દેવ;
તેમાં ઉગી નીકળ્યું સો, નિત્ય ખરે નિત્ય વાધ બો;
કેમ કહું કો કાળે અવતાર, જો તે વડે ચાલે સંસાર. ૩૫૨
**કદળીસ્થંભ** ઘણાં પડ વળે, વચમાંથી લુંબો નીકળે;
જક્ત કાતરો કેળ મહાભૂત, જેવડે રંભા તે અદ્‌ભુત;
અખા અરૂપી ઉગ્યો જોઇ, પૂર્વપક્ષ ન કરશો કોઇ. ૩૫૩
**એમ** અખાને હરિ ત્યાં જડ્યો, કાયકલેશ કરવો નવ પડ્યો;
ત્યાંલગે ધૂપ પૂજા પર વહાલ, જ્યાં નહિ લાધી હરિની ભાળ્ય;
અજ્ઞાન સહુને મુસળ માંય, અળગા અળગા સૌ કો ધાય. ૩૫૪
**તરણા** ઓથે ડુંગર રહે, એવો ઉખાણો સરવે કહે;
તરણું તે જીવનો અહંકાર, તે પાછળે રહ્યો કરતાર;
અખા અહંકાર વધાર્યો ભમે, તે માટે જીવ ભવમાં ભમે. ૩૫૫
**કર્મ** ગ્રહે એવું શું સદા, સુખમાંથી આવે આપદા;

જેમ વગડામાં કીજે તાપણું, તેણે સુઝે ન સુઝે થોડું ઘણું;
કર્મતણી એવી ચકચૂંધ, અખા ન ભાગે મનની રૂંધ્ય. ૩૫૬

## જ્ઞાનદગ્ધ અંગ.

જ્ઞાનદગ્ધ તે બળ્યા ઓગણા, કથતાં વધતા દીસે ઘણા;
વાવ્યા ન ઉગે અન્ન ન થાય, તેમ બ્રહ્મકર્મ બેઉથા જાય;
કહે અખો નર વંઠયા સરે, નરનારીની નિંદા કરે. ૩૫૭
બ્રહ્મ કર્મ ઉભેથા ભ્રષ્ટ, જેમ અધછેદ્યા કુકટને કષ્ટ;
સંપ્રદાય શુદ્ધ ન આવ્યું જ્ઞાન, મનમાં તે જ્ઞાનીનું માન;
કહે અખો નર મુક્તા ફરે, નગર છુટી ધેનુ ઓખર કરે. ૩૫૮
દોષ દૃષ્ટિ દુર્મતિ નવ ટળી, તો શું સાધ્યું કથા સાંભળી;
ગુરૂવચન પાળે તે સંત, ઘાટ ઘણેરા કાઢે દંત;
કહે અખો હરિની નહિ મયા, સાંભળીને સામા શઠ થયા. ૩૫૯
એક સુકું જ્ઞાન કથે દામણા, તે હરિ ફળ પામે વામણા;
પાપપુન્યના ભેદ અમો લહ્યા, જે હતું તે સમજી રહ્યા;
કહે આપે મુકે વાધે માન, અખા એહ તે સુકું જ્ઞાન. ૩૬૦
સુકું જ્ઞાન ને વ્યંડળ મૂછ, કરપી ધન કૂતરાંનું પૂછ;
એ ચારેથી અર્થ ન થાય, સામું એબ ઉઘાડે કાય;
અખા અમલવિન હાકમ જસે, કથ્યું જ્ઞાન પણ હરિ નવ વસે.૩૬૧
જ્ઞાનીનાં નોય ટોળાં ટોળ, મુક્તા નોય સર્વ ગજકપોલ;
શબ્દવેધિ જોધા કોય તંત, શંખ સકળ નોય દક્ષણાવંત[1];
બહુમાં નિપજે કો એક જન, બાકી અખા રમાડે મન. ૩૬૨

---

૧ જમણીભણી વળવાળો.

## વિભ્રમ અંગ.

કુહોને ક્યાં થઇ બેસે જંત, જોતાં સૌનો આવે અંત;
જેનું જેનું વાંછે શર્ણુ, તે ત્યાં સઘળા પામે મર્ણુ;
જેમ નાળગોળે[1] તુંબડીની આઝ્ય, અખા એમ ન ભાગે મનની જાડ્ય.
ત્યારે મન પામ્યું નિજ ભાન, જ્યારે થઇ રહ્યું સર્વ સમાન;
સત્યપુરીમધ્ય મારૂં આઝ્ય, સર્વ સરખું જ્યારે ભાગી જાડ્ય;
જેમ કરી કવાથ રોગીને વિષે, અખા અરોગી સર્વે ભખે. ૩૬૪
હોંશે જીવ કર્માધીન થાય, વ્યસને વ્યસની માદક ખાય;
પોતે જોતાં પૂરણબ્રહ્મ, ભ્રાત્યે જોતાં સર્વે ચર્મ;
ચૌદે લોક અખા એક ઠાઠ, ત્યાં ઉંચ નીચ તે મનનો ઘાટ. ૩૬૫
અખા શોધી ને સળ બેસાર્ય, સદ્ગુરૂસંગે જાઈશ પાર;
ઇંદ્રિયગ્રાહ્ય પરમેશ્વર નથી, ભર્મે કોઈ ન મરશો મથી;
દૃષ્ટ પદારથ માન્યે સિધે, તારો સંકલ્પ જાણ તે વિધે. ૩૬૬
સ્વે પરમેશ્વર વ્યાપી રહ્યો, અનંત કોટિરૂપે એક થયો;
જેમ જાર છોડસહિત પાનોઢય, તેમ એક બ્રહ્મ સઘળે આઠોઠય;
એમ જોતાં તું બીજો નથી, ફોકટ અખા તું ન મરીશ મથી. ૩૬૭
મૂળ ડાળ પત્ર ફળ ફૂલ, સ્વર્ણ ઝાડ જેમ એકજ મૂલ;
રૂપ રંગ શોભા એકાંત, તેમાં બીજું દેખે તે ભ્રાંત;
અન્ય નથી અખા કો કાળ, આપ આદે દઈ એવું ભાળ્ય. ૩૬૮
શ્વાન શ્વપચ ગૌબ્રાહ્મણ જોય, રામથકી અળગો નહિ કોય;
તત્ત્વ એક ને ચૈતન એક, નામ રૂપ ગુણ કર્મ અનેક;
આપે અખા ચલાવે ખેલ, એમ સમજ તો પડે ઉકેલ. ૩૬૯

---
૧ તોપનેગોળે.

ઉંચ ખરા તે ઉંચ ન જાણુ, નીચ તે નોહે નીચ નિર્વાણુ;
ઉંચમાં રામ બમણો નથી ભર્યો, અને નીચ પિંડ ઠાલો નથી કર્યો;
કહે અખો સ્વપ્નામાં બકયો, જેમ છે તેમ જોઇ નવ શકયો. ૩૭૦
મૂલ સૂઝ જેહેને ઉપજે, તે નર કાંઈ ભજે ન કે તજે;
માલ જોઇને વોરે ઘાટ, અધકું ન ગણે નખ શિખ માટ;
અખા સઘળો મોહવ્યાપાર, જોતાં વસ્તુવિચારે પાર. ૩૭૧
એક જ્ઞાની ને બીજું નાવ, તર્યા તાર્યાનો બેને ભાવ;
ભૂપતિ ભીખારી ગર્દભ ગાય, ચેતન જાણી તાર્યે જાય;
આદ્ય અંત ન ગણે ને વહે, અખા વસ્તુવિચારે રહે. ૩૭૨
સર્વાતીત સર્વરૂપે સદા, એવું ચેતન સમજો જદા;
તેમાં આવ્યાં ચૌદે લોક, અદકું ઓછું થઈ ગયું ફોક;
અખા મોટા તે અનુભવવડે, હૈયે ઉપાધ્ય કરવી નવ પડે. ૩૭૩
કાં પરોક્ષ જુવે પરમેશ, તે રહેશે આપોપું શેષ;
ભાવાંતરનો પડિયો ફેર, અહંભાવ મોટું અંધેર;
અહંબ્રહ્મ સત્ય માન્યો ભાવ, ત્યારે અખા સ્વતંત્ર સાવ. ૩૭૪
અહંબ્રહ્મ રોપી રહે સ્થંભ, પ્રાયઃ પરમેશ્વર ઉગ્યો શંભ;
સદા સર્વદા ચાલ્યું જાય, તું અણછતો ઉભો શાને થાય;
અખા તપાસી જો તું તુંને, ન જડે બાર જે ભૂલ્યો કને. ૩૭૫
વેદવચન માને સત્ય કરી, આપોપું સંભાળે ફરી;
એ મુકીને થઇશ માં ભલો, તો વલોણે પડશે વલો;
નહિ પામો આતમ નવનીત, અખા આણય તું નિજ પરતીત. ૩૭૬
પુણ્ય રાખે નવ જાયે પાપ, અગ્નિ રાખ્યો તો રાખ્યો તાપ;
જોત્ય કરે પણ લાગે ઝાળ, શોભે તેમ વધે જંજાળ;
અખા તે માટે વસ્તુ વિચાર, જે હસતો રમતો પામે પાર. ૩૭૭

વસ્તુ વિચારે એટલો લાભ, નિર્વિકાર સદા રહે આભ;
કોટિ બ્રહ્માંડ ઉદરમાં રમે, આપ આયાસ નહીં કો સમે;
અચળ્યો લક્ષ એવો છે સદા, અખા નોહે દ્વૈત આપદા. ૩૭૮
સર્વે સુખની સીમા જ્ઞાન, જે સકલ તેજનું આપે ભાન;
રવિરથ બેઠો જે નર ફરે, તેને તિમિર કેમ આવરે;
લક્ષાલક્ષવિના જે લક્ષ, અખા ન મળે પક્ષાપક્ષ. ૩૭૯
જ્યાં પ્રાણી ત્યાં છે પ્રાણેશ, તું જોતો હીંડે પરદેશ;
પેલું ત્યાં એ વાંકું થયું, અખા આપોપું વિસરી ગયું;
વિસર્યું તો સંતને જઇ પૂછ, તોડે જોડે કાં ડાઢી મૂછ. ૩૮૦
જીવતણી છે અવળી સુજ, ધાય ધૂપે કો પાટલ પૂજ;
બાહ્યકર્મ કરતા ઘુંચાય, મતદર્શનના મળ બંધાય;
અખા જાવો છે અહંતા કાટ, ત્યાં ભીડ્યાં છે કર્મ કપાટ. ૩૮૧
ષટ્દર્શન કરતા વિખવાદ, મધ્યે માયા પોષે સ્વાદ;
દાન દયા શીળ કેતા જાય, મંત્ર જાપ તીરથ મહિમાય;
અખા બાળકની પેરે થયું, બોરાંસાટે ઘરાણું ગયું. ૩૮૨
ખરાબ થયો જીવ વ્યસને કરી, કર્મ વોર્યાં ને ખોયા હરિ;
આગલ્યા ભવને સારૂ કરે, ધન તન મન ત્યાં બહુ વાવરે;
મન જાણે એ હરિભજન, વાધે વેળ અખા અવતરણ. ૩૮૩
અતિ જૂની મહામોહની જાળ, કંઠે પડયાં થયા બહુ કાળ;
અળગાં ઉપાસન અળગા દેવ, કરી હિંમત બાંધે અહમેવ;
અખા એહ મોટો ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત.૩૮૪
સાર હતું તે ક્યાંયેં રહ્યું, વ્યસની મન ક્યાંયેં વહી ગયું;
ચોર બોલાવ્યા સાથે ઘણા, તે ઠગતા જાય થઇ આપણા;
પરબ્રહ્મ મૂળગું ઘર અખા, કેમ પામે જેને એવા સખા. ૩૮૫

કોઈ કહે મોટો શિવદેવ, કોઇ કહે વિષ્ણુ મોટો અહમેવ;
કોઈ કહે આદ્ય ભવાની સદા, બુધકલકીના કરે વાયદા;
જૈન કર્મની સદા દે શીખ, યવન માને કલામે શરીફ;
અખા સૌ બાંધે બાકરી, કોઇ ન જુવે હરિ પાછો ફરી. ૩૮૬
ઘણા શબ્દ પડ્યા જે કાન, તેને તેનું લાગ્યું ધ્યાન;
કોઇ મુસળ પર વાહે વહ્યા, કોઈ શબ્દને ગ્રાહે ગ્રહ્યા;
એમ ગોથાં ખાતો સંસાર, અખા વિના વસ્તુવિચાર. ૩૮૭
લોક ચૌદ ચૈતનનો ઠાઠ, નીપજતાં જાય ઘાટે ઘાટ;
સુર અસુર પશુ નર નાગ, સેજે પડતા જાયે ભાગ;
પિંડ પેલો ત્યાં નોતો જીવ, અખા પ્રવાહ છે એમજ સદૈવ.૩૮૮
પ્રવાહ પુરાતન ચાલ્યો જાય, આગળ દીસે ને પાછળ ભુંસાય;
મોઢે ફૂલ્ય ને પાછળ અડીઠ, ખપે ખરૂં ને રહે અનીઠ;
અખા જો બેસે એ ઘાટ, એ સમજ્યા વિન સર્વ અટાટ. ૩૮૯
પોતામાં વીખે વીખણું, નહિ સંભાળે ઘર આપણું;
થઈ ગયું ને વળી આગળ થશે, તેની વાત કરે સૌ રસે;
એમ ચાલ્યો અવળો સંસાર, અખા ઘરમાં ખોયો સાર. ૩૯૦
વેલ ન દીસે દીસે પાન, દીસે કીર્ણ ન દીસે ભાન;
પ્રવાહ ન દીસે દીસે તરંગ, તેમ ચિદ્ ન દીસે દીસે અંગ;
અખા દેખણહારો દ્વૈત, ટળતે રહે ત સર્વાતીત. ૩૯૧
સર્વાતીતમાં ઉત્પત્તિ અંત, શેષ નાગ વૈકુંઠ પર્યંત;
ચૈતન કારણ કારજ ભૂત, પટ કારજ ને કારણ સૂત;
અખા જાણ અરૂપીવડે, તે જોતાં અનુભવ નીવડે. ૩૯૨
એમ જાણ્યા વિન ઠાલા સૌ, ઘણા આચર્ણ આચરે ઔ;
સર્વે સ્વપ્નાંતરના ભોગ, જપ તપ સંયમ સાધન જોગ;

કહે અખો જે ખરો જાગશે, તેને એવો અનુભવ હશે. ૩૯૩
લોહનાં બાર ને રૂપાના દેવ, એક દેરાસરમાં થાતી સેવ;
તેમાં આવી પારસ રહ્યો, સર્વ સાજ સોનાનો થયો;
ઉતમ મધ્યમ કર્મ જ્ઞાનવડે, અખા સર્વે હરિ નીવડે. ૩૯૪
અખા સમશ્યા સરખી ખરી, જો સમજે તો નીપજે હરિ;
ઉંડા જળમાં રત્નજ પડયું, કેમ ડબકી ખાય કને તુંબડું;
છોડ તૂંબી ફૂળ જડશે રત્ન, અખા સમજ તો મોટું જત્ન. ૩૯૫
ડહાપણુ ભોળપણુ છાંડી રહે, આડ્ય કરે હરિ મારગ બે;
ભોળાંને અસુજની આડ્ય, વિચક્ષણુ પડયો ચતુરાઇની ખાડ્ય;
અખા તરવું તેને માથે ભાર, હીરા છાર બે નાખે પાર. ૩૯૬
ઘણું પંડિત ડાહ્યા ગુણુવાન, ન્યાય પારખું સંગીત ગાન;
અષ્ટાવધાની પિંગળ કવિ, મંત્રભેદ ઔષધ અનુભવી;
અખા એટલે જો હરિનવ ખટયો, તો ભોળપણુથો આઘો:શું વટયો.
જેમ શિલા એક ટાંકી ચીતરી, અણુઘડી બીજી મેલે ભરી;
બે નાખી ઉંડા જળવિષે, પણુ સરખી બેઉ તરવાવિષે;
પંડિત મૂરખ સરખા નીવડે, અખા દ્વૈતને રૂપક ચડે. ૩૯૮
ચતુર તે જે ચતુરાઈ વમે, વર્ત્તન માત્ર જગતમાં રમે;
લક્ષ સદા રહે ત્રિગુણાતીત, વહ્નિને લાગે નહિ શીત;
ભવજળથી કોરો નીસરે, અખા એવો ચતુર તે તરે. ૩૯૯
અખા રામ સતંતર ભાળ્ય, જેણે જાય સર્વ જંજાળ;
ઉંઠ હાથનું ગણુતાં આપ, તે નર જાણે નહીં અમાપ;
ઉત્પત્તિલય કહેવા માત્ર, રામરસે ભરવાનું પાત્ર. ૪૦૦
તે તારાની વિંધા સરે, સામે પ્રવાહે જે કોય તરે;
કર્મધર્મનો વહે છે પ્રભા, તેમાં તણાતા ઠોકે સૌ ખભા;

અખા જે બ્રહ્મ સામો જાય, તેવા ભક્તને ગીતા ગાય. ૪૦૧
પરબ્રહ્મ પ્રાયઃ પોતામાં વસે, સદ્‌ગુરૂગમે તે જો અભ્યસે;
ત્રાંબા પીતળ નીપજે ધાત, પ્રાયે છે સુવર્ણની જાત;
કાષ્ટ પાષાણુ ન થાયે હેમ, અખા જ્ઞાનવિન બીજું તેમ. ૪૦૨
તું તીરથ કાં સામું જુવે, કાં પોતાને પ્રતિબિંબે રૂવે;
એવી બુધ જેણે આદરી, તેણે આપથી બીજો કીધો હરિ;
તું કલ્પદ્રુમ કાં કલ્પી રમે, અખા એમ પ્રીછે અર્થ શમે.૪૦૩

## આત્મા અંગ.

તન તીરથ તું આતમ દેવ, સદા સનાતન જાણે ભેવ;
અડસઠનું અધિદૈવત સદા, તે જાણે ટળે કોટિ આપદા;
તીરથ માર્જન કીધું અખે, જન્મ મર્ણ નહિ તેને વિષે. ૪૦૪
જમલો છે જોજો જગદીશ, તું પડછંદો ને તે ઈશ;
ઉલટ ભેદ પામે આરામ, જો તારૂં મૂળગું નિજધામ;
અખા અક્ષર તું ક્ષર નોય, પ્રતીત તુંને જો તારી હોય. ૪૦૫
સુધું કહેતાં ન માનો દુઃખ, વ્હેતે જળે ન દીસે મુખ;
ઠેરાણે ભાસે જેવું યથા, વણ ઠેરાણે પામ્યો વ્યથા;
જ્ઞાન એક સઘળે પિંડ વસે, અખા કૃત્યની પૂજા હસે. ૪૦૬
અહંમાયા બહુ રૂપે કરી, આપોપે સહુએ આદરી;
કોઈ કહે દેખું પચરંગ, કોઈ શેષશાયી દેખે સુચંગ;
કોને મુક્તાફળ દ્દષ્ટ પડે, કોઈ કહે મારે જ્યોતિ જળહળે;
મનના મત સર્વે આદર્યા, અક્ષયપદથા સઘળા ખર્યા. ૪૦૭
દીઠાને કાં વળગે ભૂર, અણદીઠું વેધે તે સૂર;
દ્દષ્ટ પદારથ જુઠો થશે, વૈકુંઠાદિ સર્વે જશે;
ધ્યાન ધરે દીસે જંજાળ, અખા નોય એ હરિની ભાળ. ૪૦૮

ધ્યાને દીસે તે જાગ્યે જાય, ખોટાનો શો કરો ઉપાય;
ઈન્દ્રજાળની વિદ્યા કાં મોય, એ તો કર્તવ્ય છોકરાં જોય;
ભરમીશ માં એ દેખી ભાત, અખા કૃત્યરહિત છે વાત. ૪૦૯
કર્ત્તવ્ય સઘળું મનનું જાણ્ય, મન ઉભેથી ટળે નહિ તાણ્ય;
મન ઉભે ઉભો સંસાર, ફોકટ કેમ વહે છે ભાર;
અર્થ અખા તો થાયે ખરો, જો ઉપાય મન અમનનો કરો. ૪૧૦
કુહ્પે જલ્પે કથતે જ્ઞાન, વળિ નવરો થઈને ધરશે ધ્યાન;
મર્કટ રાજ બેસાર્યું જેમ, ફળ દીઠે વળિ હું તું તેમ;
અખા એમ નહિ રીઝે રામ, અંતરના સાક્ષીથી કામ. ૪૧૧
નિગમે ગાયો સમ્યક્ નવ લહ્યો, નવ આવ્યો ને નવ તે ગયો;
સદા સનાતન છે અવિકાર, છતે અહંકારે ન લહે પાર;
અખા વસ્તુસરીખો થાય, તો હીરે હીરો વેધાય. ૪૧૨
વર્ણાશ્રમશું વળગે અંધ, જાણે એ માયાનો ફંદ;
લ્હેરે વળગ્યો કો નવ તર્યો, નિજબળ આવ્યું તે ઉગર્યો;
હાડચર્મ કાં દેખે ભૂર, અખા બ્રહ્મ રહ્યો ભરપૂર. ૪૧૩
અણછતો બોલ સૌ કોને ચડયો, પણ કોણ કીયાંથો અળગો પડયો;
પાંચતણી સઘળી માંડણી, આપે બોલે માંહે ધણી;
આપોપાથી બુધ્યજ પડી, અખા દ્વૈતની કાળપ ચડી. ૪૧૪
પ્રીછીને હરિભક્તિ આદરે, તો અંત્યે પડે સહુ વરે;
હું તે કોણ હરિ શી વસ્ત, જે જાણી ગ્રહું જઈ હસ્ત;
એમ જાણી જપે મળે ભગવાન, નહિ તો અખા વરવોણી જાન.૪૧૫
સદ્વિચાર તે સાચી ભક્તિ, જેણે જીવ શિવની લહિયે વ્યક્તિ;
જીવશિવ તણું લીધું હેત, તે પ્હોંચ્યો જ્યાં વેદ કહે નેત;
એમ ભક્તિ આવે કણસડે, નહિ તો અખા જુગજુગ રડવડે. ૪૧૬

એક મૂળ મંત્ર સાંભળજો સત્ય, જેણે પદાર્થ લહિયે નિત્ય;
જીવતણું જે જીવજપણું, અને ઐશ્વર્ય જે ઈશ્વરતણું;
એ બેના બે વિકાર જો તજે, તો શેષભાગ અખા નીપજે.૪૧૭
જીવપણું વિચારે વળગે, સદ્ગુરૂવચને પડશે વગે;
રજ્જુભુજંગ જેમ દીપવડે ટળે, વણ વિચારે ભર્મજ ફળે;
ભર્મકર્મનો વ્યસની થયો, ત્યારે અખા ઈશ્વર સાક્ષી રહ્યો.૪૧૮
જીવ ટળવા સૌ યત્નજ કરે, તેમ તેમ તે ખ્હોળો વિસ્તરે;
જેમ મૂર્ખ ખસ ખણી નિગમે, તેમ તેમ તે ઘણું ઘણું દમે;
ઔષધ્યે કંડુ થાએ શાંત, તેમ સદ્વિચારે અખા જીવ શાંત. ૪૧૯
ભાક્તા જ્ઞાન કથે વેરાગ, દેહદર્શન તે ન કરે ત્યાગ;
ત્યાં લગે એકે નવ ફળે, શુદ્ધ સુરો ઉપરથો બળે;
અંતર અગ્નિ ન લાગે ક્યમે, ફોકટ દિન અખા નિગમે. ૪૨૦
વિચારે ભક્તિ થાય વણ કરી, જ્ઞાન કથ્યા વિણ પામે હરિ;
વણ ત્યાગેજ ફળે વૈરાગ, સદ્વિચાર જ્યારે આવ્યો ભાગ;
હરિ જાણ્યા વિણ જે જે કરે, તેને અખા કલેશ ઉગરે. ૪૨૧
તપ તીર્થ દાન વ્રત નેમ, ઘર બેઠાં તે પામે ખેમ;
સદ્વિચાર થડ જેણે ગ્રહ્યું, તેને શાખા પત્ર બારૂં નવ રહ્યું;
સદ્વિચારવિણ કરે જે ઘણું, તે ધૂળઉપર અખા લીપણું. ૪૨૨
રહેણીવિના કહેણી જે કથે, મહીંવિના પાણી જે મથે;
જેમ કોયલસુતને પાળે કાગ, વસંતઋતુએ ઉડી જાયે જાગ;
લક્ષવિના કહેણી જોઇ અખે, ભક્તિ દંભ કુતર્ક જ્ઞાન લખે. ૪૨૩
જ્ઞાની છે હરિનું નિજરૂપ, ચિહ્નવિના કેમ કહીયે ભૂપ;
રાજપુત્ર દળણું નવ દળે, કાળ માયા જેને દ્વારે રળે;
શેષ શંકરનું જીવન જ્ઞાન, એવી નિધ ખોઇ અખા વિણ સાન.૪૨૪

કુબુદ્ધિ કુતર્કને જ્ઞાનજ કહે, વિષયદંભ ભક્તિ કરેગ્રહે;
ક્રોધી ક્રોધને કહે વિરાગ, હંસ આસને બેસાર્યો કાગ;
ત્રણને નાંચ્યો અખા હરિ હાથ, જેમ રૂપાભરોસે શીપની આથ. ૪૨૫
જ્ઞાનતણો મહિમા અતિ ઘણો, તે જાણે જે વિરલો જણ્યો;
ધ્યેય ધ્યાતા તેણે પદ નથી, નિરાલંબ પદ એટલા વતી;
કથ્યા ભણ્યાનું નહિ ત્યાં કામ, જો પ્રીછે અખા નિજધામ. ૪૨૬
ઉંઠ હાથ તરૂ ચંદનતણો, ઉગે વણ વાવ્યો હોય નહિ ઘણો;
બ્રહ્મવેત્તાનું એ દૃષ્ટાંત, કૃત્યરહિત જો હોય મહાંત;
એકે ચિહ્ન ન હોય તે વિષે, તે સરખો અખા તેને લખે. ૪૨૭
છાયાતરૂએ તરૂ નવ ફરે, તેમ બ્રહ્મવેત્તા કાંઈએ નવ કરે;
કૃત્ય એક નોહે તે વિષે, અચિંત્ય તરૂકેરાં ફળ ભખે;
નિજપદ બેઠો રહે તે વીર, નિત્યાનંદ અખા છે ધીર. ૪૨૮
જેમ કલ્પદ્રુમથી રિધ નીપજે, પોતે કાંઈ ભજે નવ તજે;
સામાનો સંકલ્પજ ફળે, પોતાનો અનુભવ નવ ચળે;
વિદેહીતણી હોય એવી રીત, ગ્રહે અખા જો ઇચ્છે જીત. ૪૨૯
બ્રહ્મરસ જેને ઘટ ઠરે, તે ત્રિલોકની સ્થિતિ નવ કરે;
નવ દીસે તેને પદ રહે, દીસે તેને જાણી ખહે;
થાતાં પેલો જેવો હતો, તે એવો અખા છે છતો. ૪૩૦
ધ્યાતાને ધ્યેય જો બે રહે, તો કૃત્ય ન ખુટે ન ટળે ભે;
ધ્યાતા ધ્યેયમય જ્યારે થાય, તો દ્વૈત ઉપાધ્ય સર્વે રહી જાય;
કથે રહે સ્વસ્વરૂપજ વિષે, તેને જ્ઞાનવંત અખા વેદ લખે. ૪૩૧

## વેષવિચાર અંગ.

દર્શનવેષતણી કહું વાત, પંથ પુરાતન સઘળી ઘાત;
સ્વઇચ્છાએ અવધૂતજ રહ્યા, પછે ચાલ્યા આવ્યા કયાં તેને ગ્રહ્યા;

શિવવેષ ધર્યો અવનવો, તે પેલો અખા કેણે અનુભવ્યો. ૪૩૨
**રાજવેષ** ધરે નોય રાજ, પંથ રહે કાંઈ ન સરે કાજ;
અંત કારણ એનું કાંઈ નથી, નિરદાવે વર્તે તે યતિ;
સેજમાંય મહાપુરૂષજ રહે, બાહ્યદૃષ્ટિ અખા વેષને ગ્રહે. ૪૩૩
**શેષ** શંકર મુનિ જે પદ રમે, તે પદ પ્રીછ અખા કાં ભ્રમે;
શુક મોટા કહાવ્યા જેવડે, રખે કબુધ તુંને આશા નડે;
જ્ઞાનભ્રષ્ટ તે આશા કરે, સત્ત્વ છાંડી અખો નહીં ગ્રહે. ૪૩૪
**જીવ**કલંક અખા ટાળે ટળે, આશાએ જીવ ભ્રમમાં ભળે;
આશાવાનતણું નામ જીવ, પદ નિરાશ બેઠો તે શિવ;
મરકટ મન તે આશાલગે, જોય વિચારે અખા તું વગે. ૪૩૫
**જગત્નામ** જગદીશજ તણું, જોયામાં કારણ છે ઘણું;
ચિત્તસહિત જોતાં તો જક્ત, ચિત્તરહિત હરિ છે અવ્યક્ત;
શાર્દૂલસુત માતાને મળે, અન્ય અખા રિપુ જાણી પળે. ૪૩૬
**મોટું** વૈગુણ્ય ચિત્તનું પડયું, વસ્તુવિષે દ્વૈત પડ ચડયું;
પડે ભાત નાનાવિધતણી, ચિત્ત ઉપાધ્ય વાધી અત્ય ઘણી;
માદક પુરૂષને ઘેલો કરે, સ્વસ્વરૂપ અખા તેને વીસરે. ૪૩૭
**ચિત્ત** શમતે નિશ્ચળ મન થાય, નિશ્ચળ મન તે શિવ સદાય;
શિવતણે પદ દ્વૈતજ નથી, ચિત્ત ઉપાધિ વાધી અણછતી;
ચિત્તકલ્પિત અખા અવતાર, એ સત્શાસ્ત્ર જાણો નિરધાર. ૪૩૮
**વિષય** માદક પુરૂષે ભક્ષ કર્યો, ત્યારે બુધનેત્રે ભર્મજ સ્ફુર્યો;
ભ્રમ પડતે હરિદૃષ્ટિ ગઇ, નેત્રે માયા આવી રઈ;
માયાબળ છે અખા પ્રચંડ, તેનાં દર્શન છનું પાખંડ. ૪૩૯
**સર્વ** વિકાર એ મનનો જાણ, ચોરાશી લક્ષ ને ચારે ખાણ;
દૃષ્ટ પદારથ ચિત્તનો ઘડયો, ચિત્તવત એને ચિત્તશું જડયો;

ચિત્તરૂપી રોગ મનને થયો, અખા આપોપું ભૂલી ગયો. ૪૪૦
મેલું મન તે સામું ધર્યું, જઇ માયાકેરે ચિત્તે વર્યું;
માયાતણો ત્યાં બહુ વિસ્તાર, હરિને પરઠ્યા દશ અવતાર;
ચિત્ત અંગીકરતે ભ્રષ્ટ થયો, અખા દોષ હરિનો ગ્રહ્યો. ૪૪૧
અખિલ બ્રહ્મનો શું અવતાર, ચિત્તઉપાધિતણો વિસ્તાર;
કહી જાય તો ફરી અવતરે, વણુ સમજે દોષ સ્થાપન કરે;
ચિદ્ અરણ્વ સદા ભરપૂર, અખા ઉત્પત્ય લય લ્હેરે પૂર. ૪૪૨
ચિદાનંદકેરાં સૌ રૂપ, દૃષ્ટ પદારથ આપે ભૂપ;
અખિલ ભુવનમાં રહ્યો પરવરી, નિત્યાનંદ આપે કરે હરિ;
સદા સર્વદા છે અવિનાશ, અખા નિરંતર સર્વાવાસ. ૪૪૩
વણુવિચારે વિશ્વનું ભાન, જ્યાંહાં લગે નવ કાઢ્યું માન;
વસ્તુવિચારે વિશ્વજ નથી, હરિને કર્તા કહું શ્યાવતી;
હરિ કર્તા ને કહો શાતણો, જો કલ્પિત ભ્રમ અખા આપણો. ૪૪૪
ગુરૂ મારે એમજ પ્રીછવ્યો, હરિ દેખાડયો તે અણુચવ્યો;
વિશ્વનિયંતા જો કૂહેવાય, અખંડ બ્રહ્મની ખંડણા થાય;
ગુરૂ ગોવિંદ જેને ત્યાં હશે, અખા આપોપું દેખાડશે. ૪૪૫
સાચો ગુરૂ કેને નવ ભજે, જુઠાથી કાંઇ નવ નીપજે;
રસાયન કેને નવ મળે, ધૂર્ત્ત વિત્ત લઇને પળે:
એ બે બેની સદાએ ખોટ, અખા નહિ મળે કોટાનકોટ. ૪૪૬
સાચો ગુરૂ જાણીજે જક્ત, કનક કામની નોય આસક્ત;
બીજા સઘળા આળપંપાળ, ધનને અર્થે માંડે જાળ;
તેથી કહો તે શું નીપજે, અખા અંતર માયાને ભજે. ૪૪૭
ગુરૂશિષ્યની તો એવી વાત, શુદ્ધ પારસને સઘળી ધાત;
શુદ્ધ પારસને જે જે અડે, તે તે કંચન થઇ નીવડે;

તે આદર કેનો નવ કરે, સેજ ઐશ્વર્ય અખા તે ધરે. ૪૪૮
સદ્ગુરૂ શિષ્યને વચનજ કહે, જિજ્ઞાસુ શિષ્ય તત્ક્ષણ ગ્રહે;
મોરપત્ની પડતું બિંદુ ધરે, તેનો તદ્વત્ બરહી થઈ પરવરે;
પડયું ગ્રહે તેની થાય ઢેલ, ગુરૂશિષ્યનો અખા આ ખેલ.૪૪૯
ગુરૂશિષ્યકેરી સાંભળ જુક્ત, સ્વાંત બુંદે જેમ જામે શુક્ત;
જેવે આદરે કરીને ગ્રહે, તેવું મુકતા જામી રહે;
આદરવતને વચનજ ઠરે, જો અખા સદ્ગુરૂ આદરે. ૪૫૦
ગુરૂશિષ્યનો સાંભળ તંત્ર, એકે પ્હોરે મુદ્રા જંત્ર;
કર્ત્તા ધર્ત્તા હોય સાવધાન, ઉઠે મુદ્રા સઘળી સમાન;
ચિત્ત ચળે જો એકે તણું, મિથ્યા કાર્ય હોય અખા ઘણું.૪૫૧
ભકિત જ્ઞાન અને વૈરાગ, પદાર્થ એક ત્રણ નામ વિભાગ;
તેને અજાણ્યો કહે જુજવા, સમજ્યાંને તે એકજ હુવા;
અનુભવતાં જાણીજે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ. ૪૫૨
જક્તાભાવ હૃદેથી ગયો, ત્યારે ત્યાં વૈરાગજ થયો;
જ્યાંહાં જુવે હરિ દ્રષ્ટે પડે, ત્યારે ભકિત સરાડે ચડે;
દ્વૈતભાવ અખા જ્યારે ગયું, ત્રણ પ્રકારે જ્ઞાનજ થયું. ૪૫૩
જો ભકિત કરે ને નિંદે જ્ઞાન, તો ભકિત નિંદી આણે અભિમાન;
વૈરાગી કહે જુઠ્ઠા બેય, સાચો સંસાર મુકી રેય;
એ દ્વેષે હરિ કયાંયે રહી ગયો, અખા અહંકાર આગળ થયો.૪૫૪
હરિમય સર્વ દેખે તે ભકત, જ્ઞાની આપે છે અવ્યકત;
અહર્નિશ મન જો વેધ્યું રહે, તો કોણ નિંદે ને કોને કહે;
વણ પામ્યે બકવાદજ કરે, ગળે ગર્જના અખા ઉગરે. ૪૫૫
કુળવધૂ તે પરને નવ ભજે, તેમ સાધવી તે ત્યાંહાં નીપજે;
આપ છુપાડે પોતાતણું, કંથ માન હોયે ત્યાં ઘણું;

તે ભકતની ત્યાં એવી રીત, નમ્રપણે અખા છે જીત. ૪૫૬
જ્ઞાનીને પર કોઇએ નથી, મન અમન થયું તે વતી;
ઉત્તમ મધ્યમ સઘળું ગયું, મન જાતે સર્વે લીન થયું;
ગત દિવસનું સ્વપ્નજ જેમ, હું તું ભાવ અખા થયો તેમ.૪૫૭

## જીવ અંગ.

સ્થાવરજંગમકેરી વાત, નિકટ દેખાડયું છે સાક્ષાત;
પંચ મહાભૂત તે સ્થાવર જાણ, જંગમ ચેતન એ વેદવાણ;
એક પિંડમાં વરતે બે, ઉગ્ર બુધ્યે અખા જોઇ લે. ૩૫૮
સ્થાવરજંગમકેરો ભેદ, બુધ્યમાને કહ્યું માને વેદ;
બહાર જોતાં ન આવે પાર, પંચભૂતમાંહી વિસ્તાર;
જંગમ પવન નીર ને તેજ, સ્થાવર આકાશ મહી એજ. ૪૫૯
પિંડને લેખે છે બ્રહ્માંડ, બ્રહ્મા આધે કીટ ને અંડ;
પ્રાક્રમવિષે અધિકું ન્યૂન હોય, કારણપ્રત્યે સમતા સોય;
અખા એ અનુભવ હ્રદે રાખ, જેની ભાગવત ગીતા પૂરે સાખ.૪૬૦
એમ જોતાં ભાસે નહિ ભિન્ન, માયાચિત્રથી ઉતરે મન;
કારણ વેધી બુદ્ધિજ રહે, કારણ કેરૂં ચિત્ત ન લહે;
ચિત્ત વિચિત્ર દ્રષ્ટેથું ગયું, ત્યારે અખા ધામ મૂળગું રહ્યું. ૪૬૧
મૂળગે પદ તો દ્વૈતજ નથી, સ્વપ્ન ઉપાધ્ય જાગ્રત નહિ રતી;
ઉત્તમ મધ્યમ કર્મકાંડ જોગ, નિદ્રાવાનને સઘળો ભોગ;
જાગતાને સ્વપ્નનાં કૃત્ય, મૂલગી વૃત્યે અખા છે વૃત્ય. ૪૬૨
આપ થાતે વ્યાપે સત્ય થયો, વ્યાપ્યો આપોપું ભૂલી ગયો;
ચતુર પુરૂષ જેમ શિથલ થયો, સ્વસ્વરૂપ તેને વિસરી ગયો;
અખા નિજ બુધ્યે અંગીકરે, શિથલપણું સમ્યક્ વિસ્તરે. ૪૬૩
ચિદ્અર્ણવકેરા બુદબુદા, ઉપજે ખપે સ્વભાવે સદા;

અસ્તિ નાસ્તિ એની ન કહેવાય, નરછાયા જેમ સાથે થાય;
સૂરજ ધામ કેવાને બે, એમ જીવશિવ અખા જોઇ લે. ૪૬૪
**નવ** દીસે તેને સત્ય જાણ, દીસે તેને નાશ પ્રમાણ;
દૃષ્ટ પદારથ જુઠો થાય, ઘાટ દૃષ્ટ હેમે ઠેરાય;
પસર્યું આપ સચરાચરવિષે, એમ જોતાં પદ પામ્યું અખે. ૪૬૫
**અણછત** છતાનો ભ્રમ, પણ બ્રહ્મવેત્તા જાણે એ મર્મ;
વાગ્વિલાસ તે સાચો થયો, જુઠે સાચું ભૂલી ગયો;
માયા ઇચ્છા નારદને થઇ, ત્યારે પૂર્વ બુદ્ધિ અખા ભૂલી ગઈ. ૪૬૬
**અરૂપીનો** પંચ આવાસ, પંચે પસર્યો સર્વાવાસ;
ઈંદ્રજાળ અવિદ્યાનું જાળ, દીસે સત્ય ને આળપંપાળ;
અણચવિયું આપોપું લખો, એટલા ઉપર શું કહે અખો. ૪૬૭

## સંત અંગ.

**દશરથ** પેલો હતો જે રામ, નંદ વસુદેવ પેલું કૃષ્ણનામ;
ચોવીશે તેમાંથી થાય, પણ તે કાંઇ આવે ન કે જાય;
અવિનાશી લેશે તે સંત, ત્યાં કારણ નહિ દર્શન ને પંથ. ૪૬૮
**દ્વૈતભાસી** તે નોહે સંત, જેમ બે બાજુના હસ્તીદંત;
મનમાં આશા માયાતણી, ફિરત બ્હાર ચલાવે ઘણી;
બ્રહ્મભરોસે આવ્યો ભ્રમ, અખા સરોડે ઉગર્યો શ્રમ. ૪૬૯
**અગમપંથ** તે જઇ નવ શકે, જુઠું અન્ન શ્વાનજ ભખે;
પરાધીન રહે દેહવાન, બુધ્યવોણાને નહિ ત્યાં સાન;
અખા અણજાણ્યું રહ્યું આપ, જન્મ ધરે સાથે પુણ્યપાપ. ૪૭૦
**જો** ભુંડા તું છે ચિદ્ અંશ, જોને વિચારી તારો વંશ;
તું રાજપુત્ર કાં દીનમાં ભળે, કાં વિચારવોણો ઘર ઘર ફરે;
નિજપદ બેશ ટળી જા જંત, એમ અખા પદ પામ્યા સંત. ૪૭૧

**પૃથ્વી** અપ તેજ વાયુ આકાશ, એ જાણજો પોતે અવિનાશ;
હંસ ભખે કમળના તંત, તેમ આપ વિચાર કરે મહંત;
કલણારહિત કોઈ નિર્બંધ, નર આકારે અખા ગોવિંદ. ૪૭૨
**નિર્દ્વંદ્વી** અંતર્ગત મુદા, કૃપાવાન ધીરજવંત સદા;
રાગ વિરાગ નહીં તે વિષે, અહંકાર નિરહંકાર કો નવ લખે;
નિરાધાર અખો કે વીર, જગત તૃણવત સહિત શરીર. ૪૭૩
**બ્રહ્મવેત્તા** રહે તુર્યાપાર, તો બાહ્યદૃષ્ટિ શો કરે નિરધાર;
ત્રણ અવસ્થા સૌને વિષે, તુર્યા ઉલ્લંઘીને કોણ લખે;
જેહ લખે તેવો તે થાય, જથારથ અખા રહીને જાય. ૪૭૪
**બ્રહ્મવેત્તાને** જીવ નવ કળે, રાતદિવસ એકઠાં નવ મળે;
ત્યાં કળણ નહીં અને જીવ અચેત, શિવપદ બેઠાં સર્વ લે હેત;
ઉંચે આસન બેસે કોય, નીચી ભૂમિકા દેખે સોય. ૪૭૫
**જગત** દૃષ્ટિ તે ચર્મને વિષે, બોલનારાને કોઈ નવ લખે;
પાંચ તત્ત્વની ઓથે રહે, હાથોહાથ અખા બોલે લહે;
દર્શ્યો હોય તે કહેજો હા, વિનદર્શન મન વાચો વા. ૪૭૬
**સુવર્ણાગર** સોનીને ભોગ, બીજા લોકને ન મળે જોગ;
તે સસલાં જાણી મૂકી જાય, અનુભવી હોય તે કરે ઉપાય;
અનાયાસે થાય એકભવી, રિદ્ધિ પામે અખા અવનવી. ૪૭૭
**અણુપામી** રિધ્યનું ઘર લહ્યું, ચિત્ર વિચિત્ર જેને વિષે રહ્યું;
શુદ્ધબુદ્ધે વિચારજ કર્યો, બીજો ઉપાય નથી ઉફરો;
ઉત્તમ મધ્યમ સ્વપ્નનાં કૃત્ય, જાગ્યે અખા થાય સર્વે વ્યર્થ.૪૭૮
**દેહ** સૌ એની દૃષ્ટે પડે, દેહી કોઈ ન મીટે ચડે;
ભાત પડે છે પોતજ વિષે, વચન ઘાટ ઘાલે પારખે;
કહેવામાં પ્રીછે જે સાન, અખા અગમનું આવે માન. ૪૭૯

બીજે ઉપાયે હરિ નવ મળે, કોટી જન્મ લગે આફળે;
કમળઉપર જળઝાકળ પડે, તેમ તેમ તે સૂકે કે સડે;
જેથી ઉપન્યો તેજ હજુર, બીજો ઉપાય અખા પડે દૂર. ૪૮૦
જેને તું જાણે આકાશ, તે તુંજ વિચારી જોને પાસ;
તે નોહે ખુણે ખાંચરે, પ્રત્યક્ષ મુખે મુખ વાતો કરે;
સંકલ્પ ચઢયા ન દીસે દેહ, તેમ અખા રહ્યો છે તેહ. ૪૮૧
ભોગકાજ ઉદ્યમ કાં કરે, તુજને ભોગ ખોળતો ફરે;
વણુ વાંછો આવે જેમ રોગ, એણે લેખે જાણે ભોગ;
કર્ત્તાએ કીધું તુજ કાજ, નવ મુકે અખા મહારાજ. ૪૮૨
અખા કાં લેવાને ધસે, અવધવોણો તે કેમ આવશે;
કાળે દ્રુમ વિણુ વાંછા ફળે, રતવિના ફળ શોધ્યાં નવ મળે;
જેમ મૂર્ખ સૂર્યને લેવા જાય, વાણે ઉદય આફણીયે થાય. ૪૮૩
એમ જાણી ધીરજ મન ધરે, અજગરવ્રત મહાપુરૂષ આદરે;
જો જાણે મધ્યે કિરતાર, ફોકટ હું થઇ કાં વહે ભાર;
ચક્રચૂડામણિ તારો તાત, ધીરજ ધરે અખા સાક્ષાત. ૪૮૪
આહાર આશાએ જીવ સૌ થાય, આશાએ દેવ ક્ષીરસાગર જાય;
અખા એ તપિયા દેહને દમે, આશાએ વ્રત તીર્થ સૌ ભમે;
રાય રંક આશાના દાસ, આશા અખા માયાનો પાસ. ૪૮૫
જયારે પદ બેઠે નૈરાશ, ત્યારે સ્વે જોત્ય હોય પ્રકાશ;
કૃતકૃત્ય કહીએ મહાપુરૂષ, જેનો આશાપાશ ગયો અશ્રખ;
જેમ વાદળ ટળે નિરાળો સૂર્ય, અખા પ્રકાશ તો આશા દૂર. ૪૮૬
જીવ શિવમાં અંતર કાંઈ નથી, જેમ રૂપું નરૂં કહાવે જળવંતી;
જળ નામે રૂપું સત તેમ, આશા ઘટે શિવ અવ્યક્ત જેમ;

સદ્વિચારે આશા જાય, અનાયાસે અખા વસ્તુ થાય. ૪૮૭
સદ્વિચારવડે હરિ મળે, બીજે ઉપાયે કલેશ નવ ટળે;
જેમ જેમ તેનો કરે ઉપાય, તેમ જીવપણું જાડું થાય;
જ્યારે પદ બેશે નૈરાશ, ત્યારે સ્વે અખા સચરાચર વાસ. ૪૮૮

## દશવિધજ્ઞાની અંગ.

દશવિધજ્ઞાની લક્ષણુ લક્ષ, તેનાં કહું આચરણો મુખ્ય;
નામ એક પણ લક્ષણુ જુજવાં, પૃથ્વી એકને ભિન્ન ભિન્ન કુવા;
કૂપ કૂપ જુજવા નિરસ્વાદ, એમ અખા મન વણિયા વાદ. ૪૮૯
શુષ્કજ્ઞાની કહાવે કેટલા, જ્ઞાનદગ્ધ જોતાં એટલા;
કો વિતંડા કહાવે નરા, જ્ઞાનખળ કેટલાએક ખરા;
નિંદકજ્ઞાની નિપજે ઘણા, કો ભ્રમજ્ઞાની અખા મનતણા. ૪૯૦
હઠજ્ઞાની ઘણા મનવિષે, શઠજ્ઞાની સુધું નવ લખે;
શૂન્યવાદી તે નવમો જાણ, શુદ્ધજ્ઞાની દશમો પરમાણ;
એ દશે નામ જ્ઞાનીનાં કહ્યાં, હવે લક્ષણ કહું અખા જે રહ્યાં. ૪૯૧
શુષ્કજ્ઞાની નિરસ હોય હૃદે, વાણી જાણી લુખું વદે;
હિંસે નહિ તે સર્વાવાસ, ચેતન જાણી નોય ઉલ્લાસ;
એ લક્ષણુ શુષ્કજ્ઞાનીતણું, જ્ઞાનદગ્ધ અખા હવે ભણું. ૪૯૨
જ્ઞાનદગ્ધ હોએ અધબળ્યો, સંતસમાગમે રહે તે મળ્યો;
બાહ્યકર્મે ઝલાણી મત્ય, માંહે આપોપું અહંતા સત્ય;
અનુભવ અંકુર ન ફુટે ત્યાંહાં, જેમાં અખા દગ્ધ છે સ્પૃહા. ૪૯૩
વિતંડ નર હોએ તે અસો, પોતાને નિશ્ચય નહિ કશો;
વાદ કર્યા ઉપર બહુ હામ, લક્ષવિના વિદ્યાની મામ;
કલેશ કરતાં કાપે કાળ, અખે વિતંડની કાઢી ભાળ. ૪૯૪

**જ્ઞાનખળ**ને ખળતાનો થાપ, કુટિલ યુક્તિ ઉપજે બહુ આપ;
જ્ઞાનવચનને આગળ કરે, ઓથે રહી વક્રમ આચરે;
વંદે ખરો પણ ખળતા કાજ, અખા તે સરખો અંતરબાહ્ય.૪૯૫
**હવે નિંદક જ્ઞાની** કહિયે સોય, પેહલું દોષનું દર્શન હોય;
સંતસમાગમમાં તે ફરે, લાંછન જોઈને હૃદિયે ધરે;
આત્મજ્ઞાનતણી કરે વાત, પણ નિંદકની અખા એવી ધાત. ૪૯૬
**ભ્રમજ્ઞાની**ને અંતર ભર્મ, હૃદે વસ્યું પણ ન સમજે મર્મ;
અંતર અન્ય ઉપાસન કરે, કરતા હરતા આપ ઉચ્ચરે;
અખા તે ન સમજે સાંગઉપાંગ, ભ્રમે ન ટળે વાસનાલિંગ. ૪૯૭
**હઠજ્ઞાની** સિદ્ધિને વસ્તુ લખે, કહે બ્રહ્મજ્ઞાન નોહે સિદ્ધિ પખે;
કહે ચૈતન્યે ભર્યું બ્રહ્માંડ, સિદ્ધિવિના પણ કાચો પિંડ;
અખા લક્ષ હઠજ્ઞાનીતણો, સિદ્ધિ ત્યાંહાં પૂર્ણ બ્રહ્મ ગણ્યો. ૪૯૮
**શઠજ્ઞાની** તે ગ્રંથ બહુ સુણે, બહુ વાંચે બહુ પાઠે ભણે;
ગ્રંથ પ્રતીતે માને વાત, સમ્યક્ ભાસે નહિ સાક્ષાત;
શઠપણે ન ટળે ચકચૂંધ્ય, અખા અંતરથી ન ટળે રૂંધ્ય. ૪૯૯
**શૂન્યવાદીને** શૂન્યે શૂન્ય, વિશ્વ નહિ નહિ પાપ ને પુન્ય;
ઉત્પત્તિ નહિ નહિ સમાસ, સ્વપર નહિ નહિ સ્વામી દાસ;
એમ વરતે શૂન્યવાદી ખરો, પણ અખા ન ચાલે શૂન્ય ઉફરો. ૫૦૦
**શુદ્ધજ્ઞાની** તે રૂપ અરૂપ, મહાનિધ આશે છે તદ્રૂપ;
સર્વસહિત છે સર્વાતીત, જે પોષક આદ્યે ઉદ્ગીત;
અખા અનિર્વચનીય તે આપ, લક્ષ લાગે તે લહે અમાપ. ૫૦૧
**દશ** પ્રકારના જ્ઞાની લખ્યા, પણ નવે તે દશમા વિણ મિથ્યા;
નવેનો લક્ષ ત્યારે શુદ્ધ થાય, જ્યારે અનુભવ દશમા ઘેર જાય;
અખા જે છે સદા અવાચ્ય, જો સમઝે તો સમઝી રાખ્ય. ૫૦૨

## વેદ અંગ.

**વેદે** વિચારી જોયો બ્રહ્મ, વિશ્વ તે શું ને કેનો કર્યો મર્મ;
વિચાર કરતાં બેઠું ઘાટ, એમ ચાલ્યો જાય સત મિથ્યા ઠાઠ;
સત ચેતન ને મિથ્યા માય, અખા એમ દીઠો પરવાહ. ૫૦૩
**ઠેરાવીને** લખિયો લેખ, પંચભૂત ને તેનું શેષ;
તત્ત્વે તત્ત્વની ઉપજ ગણી, માંય ચૈતન્યતા ચેતન ધણી;
લક્ષ ચોરાશી બીબે ભાત્ય, એ અખા વેદના મનની વાત. ૫૦૪
**પ્રવાહ** ચાલ્યો જાય એણે મર્મ, જીવાપત્તિ આળેખ્યાં કર્મ;
તેર કાંડ ધૂમમારગ લખ્યો, છેલ્લી વારે અર્ચિ ઓળખ્યો;
ઉપના કેરો કર્યો નિષેધ, અખા ઉપનિષદ માથું વેદ. ૫૦૫
**નેતિ નેતિનો** એહજ અર્થ, ઉપન્યું ગયું તે જાણ્યું વ્યર્થ;
શેષ લહી કહ્યું નેતિ નેત, હાથ ખંખેર્યો એણે હેત;
અખા ચૌદમું પ્રીછ્યા પખે, જીવ ગુંથાણો તેરને વિષે. ૫૦૬
**તેર** કાંડ માયાનું જાળ, કર્મ ફળ જીવ ઈશ્વર કાળ;
એ સર્વ ઘાટ બેસાર્યું વેદ, ત્રિપદ કલ્પી કીધો ભેદ;
અખા ખટકે નહિ જે તેર, ચૌદ વાળી તે ચાલી શેર. ૫૦૭
**વેદની** યુક્તિ પુરાણે ગ્રહિ, તેણે ઈશ્વરપદ રાખ્યું સહિ;
મોટાં ચરિત્ર ત્યાં ઈશ્વર કહ્યાં, સાધારણ તે જીવમાં ગયાં;
સામર્થ્ય દેખી બાંધ્યું માન, અખા એ પુરાણતણું નિદાન. ૫૦૮
**વેદનો** લક્ષ તે કૈવલ્ય રહ્યો, ઈશ્વરલક્ષ તે પુરાણે ગ્રહ્યો;
ઈશ્વરના ચોવીશ અવતાર, તેમાંહે વળી સાર ઉદ્ધાર;
તેને સ્થળ વળી પ્રતિમા કરી, એમ અખા માયા વિસ્તરી. ૫૦૯
**ચારે** જુગનું એ વર્તમાન, પરંપરા જોતાં અનુમાન;
જ્ઞાનતણી નિરંતર સૂજ્ય, પ્રવાહ પડે કર્મ પ્રતિમા પૂજ્ય;

અખા ન ટળે દેહ અધ્યાસ, સ્વર્ગ મૃત્યુ પાતાળે વાસ. ૫૧૦
છે પોતે પરમેશ્વર આપ, રાખ્યો ત્યારે દ્વૈતનો થાપ;
એ આશ્ચર્ય તે કોને કહ્યું, જે પોતા સરખું સૌને લહ્યું;
અખા વિચાર્યા સરખી વાત, પુછ્યું ત્યાં પરતંતર ભાત. ૫૧૧
જ્યાં જેમ થાય તેમ સેજે થાય, કર્તવ્યને શિર તે દેવાય;
અટકયું ન રહે કાંઈ કાજ, આગળ આગળથી થાયે સાજ;
કરણહાર ન દીસે કોય, અખા સૌએ કર્તા હોય. ૫૧૨
અખા પરમેશ્વર જોતાં અશો, કહ્યો ન જાએ કોયે કશો;
કોણ કળે ને કેને કળે, એકવડે સઘળા ચળવળે;
જેમ મેઘ બહુ બુંદે કરી, બિંદુ મેઘને જુવે કેમ ફરી. ૫૧૩
માંઈ બ્હાર ન જાયે કહ્યો, બાંધ્યો રૂંધ્યો પોતે લહ્યો;
સેજ સહજ ફૂલ્યું આકાશ, ઉપજસાથે અખા સમાસ;
આગળ સગુણ નિપજતું જાય, પાછળ નિર્ગુણ થઈ ભુંસાય. ૫૧૪
પ્રત્યક્ષ પ્રમાણ ચાલ્યું જાય સદા, કોઇ સંભાળી જુવે જદા;
નિર્વેદવિના સર્વે અવિવેક, મહાનિધમાંથી સર્વે ભેવ;
રમી રમી પાછે રસ થાય, અખો રામ એવાને ગાય. ૫૧૫
જે ઉપજે તે પાછું વળે, ચૌદ લોક લોકપાળે ટળે;
સૂનું ન રહે ફીટયામાટ, તેમનું તેમ બેઠું રહે ઘાટ;
દૃષ્ટ પદાર્થ તે દૃષ્ટ માન, અખા તેમનું તેમ નિધાન. ૫૧૬
એમ જોતાં અખો તે કશો, બાધા મેઘમાં એક બુંદ જશો;
ફોરાંનું તે શું પ્રમાણ, સાવ નિરંતર પાણી જાણ;
જેમ છે તેમ છેજ નિદાન, અળગું જાણવું એહજ જાન. ૫૧૭
અખે રામ એવો ઓળખ્યો, કાગળ મશે ન જાયે લખ્યો;
ફરતે બેઠે તે નવ મળે, નખ શિખ લગે તે નવ ચળે;

સેજે સેજ ઘલાણી હામ, અખા નિરંતર ફાંગ્યો રામ. ૫૧૮
**વસ્તે** અસ્ત પામ્યું મન જદા, દરિદ્ર હો કે હો સંપદા;
દરિદ્ર નવ ઘેન સુખનું માન, જ્યારે પામ્યું મૂળ નિધાન;
આદ્ય કર્મ કીધે જીવ થયા, કારણ આદ્ય શાના પર રહ્યા. ૫૧૯
**અખા** વિચારે બેઠું ઘાટ, આપે આપ ચૈતનનો ઠાઠ;
પંડિત જણ કહો એ મર્મ, અણજાણે શું સાધન ધર્મ;
વ્યક્ત કરે તે વક્તા ખરો, અખા અણજાણે ભુલા ફરો. ૫૨૦
**કરતો** રહે તો ખૂટે કર્મ, એ આશય જાણ્યાનો મર્મ;
જો તું જીવ તો કર્ત્તા હરિ, જો તું શિવ તો વસ્તુ ખરી;
અખા એમ જાણે તે આપોઆપ, ગીતાવિષે હરિ રાખ્યો થાપ. ૫૨૧
**ગીતાને** અધ્યાય સાતમે, ભક્ત ચાર કહ્યા તે સમે;
તેમાં ત્રણતણો હરિ કહે હું ભૂપ, પણ જ્ઞાતા તે મારૂં નિજરૂપ;
કાર્ય પ્રત્યે બહારે રમું, અખા અંત્યે ત્યાં વિરમું. ૫૨૨
**સાને** સમજે તે નર ખરો, ભણ્યે ગણ્યે માણે આફરો;
ભણિયા બહુ ભમતા ભવમાંય, ભાત કુભાત વચ્ચે ન રહેવાય;
રહચથી વાત કરે હરિતણી, અખા અક્ષર મતિ નહિ આપણી.૫૨૩
**જે** વિરલા રસિયા હરિતણા, કેસરીસિંહ દીસે નહિ ઘણા;
સુભટનો સૈન્યમધ્યે વિચાર, તેમ માળામુદ્રા સારોદ્ધાર;
અનળપંખી અતિ ઉંચો જડે, અખા કોય દર્શન નવ કરે.૫૨૪
**અખા** અક્ષરપદ તું ત્યાં રમે, જ્યાં ચવે નહિ ત્યાં વિરમે;
નિત્ય નિવેદન એહજ જાણ્ય, આત્મતત્ત્વ સઘળે પરમાણ;
ત્યારે સર્વ પડે પાધરૂં, જ્યારે હુંપણાનું આવે સરૂં. ૫૨૫
**ઓળખ** આપ હવડાં હરિ મળે, બાહ્યથકો અંતર્ગત વળે;
અન્વયવ્યતિરેકે હરિ ભાળ, તુષને ત્યાગે રહે તે સાળ;

અક્ષર આપ અવસ્થા ફરે, અખા તુંજ આદ્યે મધ્યે સરે.૫૨૬
પ્હેલી હરિશું લાગી પ્રીત, તેણે ભાગી લૌકિક રીત;
એમ કરતાં સગપણ નીકળ્યું, તેણે ત્યાં કાંઇ કહેવું ટળ્યું;
સ્વામીસેવક પ્રીતે હતો ભાવ, સગપણ અખા સ્વતંતર સાવ.૫૨૭
માતા તન સઘળો સંસાર, પિતાપુત્રનો એક નિરધાર;
પિતાપુત્રને શરીરજ નથી, ભાસે તે ભ્રમની મોરથી;
માતા તન ને ધ્યાતા ધ્યેય, પિતાપુત્ર અખા નિઃશ્રેય. ૫૨૮
કાંઈ ન જાણ્યે જાણ્યો રામ, જાણપણે ભૂલો નિજધામ;
જેમ જેમ અદકું જાણતો જાય, તેમ તેમ હુંના મળ બંધાય;
યદ્યપિ કથે જીવ બ્રહ્મજ્ઞાન, તોય અખા નહિ મૂકે માન. ૫૨૯
જાણ થાય બહુ વિદ્યાવડે, તેમ તેમ આવરણ અદકાં ચડે;
નિત્ય ધોતાં પટ રાતું થાય, પાણીનું પડ ચડતું જાય;
મૂળગું પટ જોતાં તે મેલ, અખા અણલિંગીપણું અલેલ. ૫૩૦
નિજપણની ભૂલ્યે કરિ જીવ, ભૂલ ટળી તો સદા એ શિવ;
તે શિવ તો પોતે છે સદા, વિદ્યાના મળ નોહે કદા;
અખા વસ્તુ તો સેજેસેજ, જીવ રહે તો પ્રાયઃ મળ રહેજ. ૫૩૧
સમજ્યો નર શો બાંધે ઘાટ, આપાપર ટળી ગયો છે નાટ;
અકસ્માત ઉપન્યો વિચાર, અસત્ય નિત્ય બાંધો સંસાર;
અનંત બ્રહ્માંડનો દ્રષ્ટા આપ, અખો કહે શરીર આદે દઈ વ્યાપ.૫૩૨
અખા વિચાર્યા સરખી વાત, વિચાર્યા વિના થાય ઉત્પાત;
વેદ ચાર બ્રહ્માના કહ્યા, સ્મૃતિ પુરાણ ઋષિ ઉચ્ચર્યા;
ચઙ્યો પદારથ સર્વે કહ્યો, અચઙ્યો ત્યાંહાં અભોગત રહ્યો.૫૩૩
જે રહિયો વ્યાપી વિસ્તરી, તેની ત્યાંહાં કથા નવ કરી;
ધર્મે કર્મે લાગ્યાં બહુ લોક, સોદો ન થયો રોકારોક;

નગદ માલ ઉધારે પડયો, એમ અખા જીવ તો રડવડયો. ૫૩૪
ઈયાં અખા કોઈ શું કરે, જો માયા આડી પરપંચ ધરે;
જેમ અશ્વ અશ્વિનીને ભોગવે, નેત્રે પટ બાંધ્યો જોગવે;
પટ છોડી દેખાડે તુરી, અખા એહવી નિપજે ખરી. ૫૩૫
એણી પેરે એ ત્યાં થાય, જે વડે પ્રવાહ ચાલ્યો જાય;
તેનો કોઇ ન જાણે મર્મ, દેખે જીવને જીવનાં કર્મ;
અદ્રષ્ટ પદાર્થ થાય દ્રષ્ટમાન, અખા સમજ તો સમજે સાન.૫૩૬
અમૂર્તની મૂર્ત્તિ આ સૌ, અણુનામીનાં નામજ બહુ;
અકર્તા કર્મ સર્વે કરે, અનિર્વચનીય વચન ઉચ્ચરે;
અખા એમ ખરા તે માન, બીજી વાત ન ઘાલીશ કાન. ૫૩૭
પરબ્રહ્મ જોવાને મન, બહુ ભાતના કરે જતન;
પૂતળીને કેમ જુવે ચક્ષ, દેખણુહાર પૂતળી છે મુખ્ય;
દર્પણ માંડી જોવા જાય, તેહ અખા નિજ છાયા પ્રાય. ૫૩૮
રૂપધારી રામ જોવા કાજ, શરીરકૃત કરતા બહુ બાહ્ય;
ધ્યેયધ્યાતા થઇ આવે સેજ, એ તો ચેતનમાં ગુણ છેજ;
જીવ બ્રહ્મને બાથે સાય, એહ અખા હોયજ નહિ પ્રાય.૫૩૯
વિચાર અણુલિંગી કેમ ઉપજે, જેમ કોય નરને વહેલા ભજે;
શિથિલ થઇ જાએ તેની વૃત્ય, તેમ કેવલપણું પામે તર્ત્ત;
ભાવના ફેર પડે છે મન, અખા નહિ કો સાક્ષી અન્ય. ૫૪૦
પ્રાયે સર્વ ચૈતન્યનો ઠાઠ, સત્ય મિથ્યા રૂપ આઠકાઠ;
શેષ નાગ વૈકુંઠપર્યંત, મણિગણ બહુ ને એકજ તંત;
દેવ નર નાગ રૂપ સિદ્ધમાં ફેર, સમજે અખા ટળે અંધેર.૫૪૧
સર્વ એક કારજનાં રૂપ, કારણ સમજવું તેજ અનુપ;
કારજ કીટ પતંગ બ્રહ્માય, કારણુવડે સૌ ચાલ્યું જાય;

જે ઘટ અખા કારણ ઉલ્લસે, તે તો સ્વયં થઇ વિલસે.૫૪૨
લોક ચૌદ હારાની ખાણ, ઓપાણો તે થયો નિરવાણ;
વણ ઓપાણે સૌ કાંકરા, જાતવિષે સર્વે આકરા;
જે ઘટ હુવો પોતપ્રકાશ, તે અખા નાય સ્વામીદાસ. ૫૪૩
આડય અવિદ્યા સૌને વિષે, તેણે આપોપું નવ ઓળખે;
ભરમે દેહ અધ્યાસી થયો, કર્મ કરી ચૌદ લોકે વહ્યો;
તેહ ભૂલ ટાળવામાટ, અખા ભક્તિ ઘાલી છે ઘાટ. ૫૪૪
જાણ્યું જીવ નવધા આદરે, ભક્તિરસે કર્મરસ વિસરે;
ઈશ્વરસાથે રતિ બંધાય, તો કાંઇ સુરત ચેતનમય થાય;
ત્યાં સગુણભક્તિ ગાયો સાકાર, અખા મંડાણો મોહ વ્યાપાર.૫૪૫
ભક્તિ દેખાડી એટલામાટ, કર્મગહનમાં પાડી વાટ;
જાણ્યું સુધે મારગ જશે, સર્વાવાસ હરિને જાણશે;
અખા અવતારી ધ્યેયને બકે, પોતાથી છુટી કેમ શકે. ૫૪૬
સર્વાવાસ જાણ્યાવિણ રામ, અખા થયું નથી કેનું કામ;
બીજી ભક્તિ તે મોહનો ઘાટ, રાજમાર્ગમાં પડે છે વાટ;
પુષ્પિત વાણી તે મેવાસ, સુખસરખું પણ મહા આયાસ. ૫૪૭
એક વસ્તુવિચાર વિચાર્યો મને, પરબ્રહ્મ જાણેવો જને;
આપ આઘે દઈ ચૌદે લોક, પંચભૂત કેરો સૌ થોક;
લોકલોકપ્રત્યે લોકપાળ, એવું ઘર છે અખા વિશાળ. ૫૪૮
વૈકુંઠાદિ ઉંચા માળ, નીચા જોતાં આદિ પાતાળ;
તેમાં બળિયા બળિયા બહુ, એક અધિપતિને પ્રજા સહુ;
અખા જોતા એક માંડણી, મહાકારણ તે અળગો ધણી. ૫૪૯
તેમાં નિધ સઘળે પોષાય, અવિરલ પ્રવાહ ચાલ્યો જાય;
વિષ્ણુ બ્રહ્મા શિવને શેષનાગ, ઐશ્વર્ય અદકા ઓછા ભાગ;

ત્રિગુણાતીતવડે એ સહુ, અખા સમજે તો સારૂં બહુ. ૫૫૦
**લોક** ચૌદ ત્રણ ગુણના કર્યા, અષ્ટાદશ વર્ણે આવર્યા;
એણે લેખે બહુ બ્રહ્માંડ, બ્રહ્માંડ બ્રહ્માંડે બહુ વિધિ માંડ્ય;
લૌકિક લેખું એ ત્યાં કહ્યું, અખા અલૌકિક અળગું રહ્યું. ૫૫૧
**જેમ** ચિતારો ચિત્રશાળા કરે, અનંત ભાત્યનાં રૂપ ચિતરે;
અનંત અવયવ ભાવ ભેદ નામ, જોતાં ચિતારાનાં કામ;
દીઠી સુણી વાત બહુ લખે, અખા ન નિપજે જોયા પખે. ૫૫૨
**એ** ચિતારાની પેરે નથી, જે સર્વ કાઢ્યું આપામાંહીથી;
રૂપે રૂપે સંચાર્યું આપ, તેણે ચૌદે વ્યાપ્યો વ્યાપ;
કળને ભરાવી ચૈતનવિષે, માટે તે નાટક છે અખે. ૫૫૩
**અદ્ભુત** કળા ચિતારાતણી, આપે આપની નીપજ ઘણી;
બીબે બીબું ભરાતું જાય, ચૌદ લોકની નીપજ થાય;
થાય ભાત પણ સામર્થ્ય પોત, એમ અખા જા ઓતપ્રોત. ૫૫૪
**અરૂપી** તે રૂપે બહુ થયો, સ્વસ્વરૂપે જેમ હતો તેમ રહ્યો;
જેમ અગ્નિથી દીપક થાય, પછે દીવા ચાલ્યા જાય;
હુતાશન તેમનો તેમ અખે, હાણ્ય વૃદ્ધિ નહિ ચૈતનવિષે. ૫૫૫
**નાટકનો** એમ નીપજે ભેદ, હું નથી કહેતો કહે છે વેદ;
જેને સ્વસ્વરૂપ પામ્યાનો અર્થ, માયામોહ કરવો હોય વ્યર્થ;
પ્રગટ પ્રમાણ કહે છે અખો, જાણો તે એ પેરે લખો. ૫૫૬
**સુખિયા** દુખિયા દીસે બહુ, પણ માયાના કીધા છે સહુ;
સુખિયા પલમાં દુખિયા થાય, ધન તન લજ્જા ફીટી જાય;
રંક હોય તે થાએ રાય, અખા એહ માયા મહિમાય. ૫૫૭
**માયાનાં** મર્કટ સહુ લોક, પલકે સુખ ને પલકે શોક;
કપિને જેમ શણગાર્યો નટે, ભીખ મગાવે રહ્યો ચૌવટે;

અખા લે સર્વે ઉહાલ્ય, કંઠ દોરડી પુંઠે કાળ. ૫૫૮
પલકે રિધસિધ આવે ઘણી, જીવ જાણે હું સૌનો ધણી;
જેમ વરઘોડે મળી બહુ વના, પલક રહિ ને થાએ ફના;
અખા માયા કરે ફજેત, ખાતાં ખાંડ ને ચાવતાં રેત. ૫૫૯
બાળરૂપે ઘરડો તે શૂન્ય, સત્ય માન્યું શમણાનું ધન;
બાળક રમતને માને ફોક, ઘરડો સત્ય માને હર્ષશોક;
પશુ મુવો કો ભૂત ન થાય, માણુસ અખા અવગત કહેવાય. ૫૬૦
પંચ ઇંદ્રિયનું અતિશય જ્ઞાન, એ માણુસને આપ્યું માન;
સામું તેનો ચડયો અહંકાર, કર્યા મુકયાનો રાખે ભાર;
અવળી સૂજ્ય અખા જીવની, અંતર માયા અતિ પ્રિય બની. ૫૬૧
કાંઈ ન દીસે જીવને હાથ, થઇ બેસે તે સૌનો નાથ;
ધન તન દોલત ઉડી જાય, રહ્યો રૂવે પણ કાંઈ ન થાય;
મરડે મૂછ પણ માંહે કલૈબ્ય, અખા એહનું લક્ષણ જીવ. ૫૬૨
નાટક ચાલે માયાતણું, સકળ જીવ શણગારી ઘણું;
કાળ ફેરવે ચૌદ ચૌવટે, એકને આપે એકનું ઝટે;
અખા વગોવે માયાકાળ, જાણ પંડિત શ્રીમંત ભૂપાળ. ૫૬૩
બાળક જેમ રમાડે શ્વાન, દૂરથકી દેખાડે ધાન;
પુંછ હલાવે ચાટે લાળ, ઉંચું કરી ભરાવે ફાળ;
લલચાવ્યો દેશાંતર જાય, અખા એમ રમાડે માય. ૫૬૪
આશાજનને બહુ પરભવે, દેવઆગળ જઇ દુઃખ દાખવે;
દશે આંગળાં મુખમાં ધરે, દીનવચન નેત્રે નીર ભરે;
ત્યાંથી ટાંક ન પામે ધૂળ, અખા લાલચે ન મળે મૂળ. ૫૬૫
કહે અમને કોણ શકે છેતરી, એવું બાંધે બિરદ આદરી;
ક્ષણે ક્ષણે લુંટાતો જાય, ધન તન સજ્જન સૌને ખાય;

છાનો નહિ પ્રગટે ઠગે કાળ, પંડિત જાણ શ્રીમંત ભૂપાળ. ૫૬૬
**ઝોંટી** લે રાજાનાં રાજ, તપસીનાં તપ કરે અકાજ;
શ્રીમંતકેરા ધનને હરે, પંડિતની વિદ્યા ભક્ષ કરે;
યુવતીનાં યૌવન હરે કાળ, તોય અખા નવ જાગે બાળ. ૫૬૭
**કાગળમાંથી** જાય કપૂર, સોખે સૌને એનું નૂર;
ગર્વ ગાંઠથી મોહે અજાણ, સૌને પીલે એકે ઘાણ;
ખોખાં કરી નાંખે તત્કાળ, અખા એવો કરડો કાળ. ૫૬૮
**ઘોડાપુર** આવે જેમ નદી, ક્ષણમાં સંપત્તિ દીસે વધી;
પળમાં તેનો થાએ વરો, જેવો છાશ તણો આફરો;
એમ સંસાર આવે ને જાય, અખા તેહને ક્યાં પ્રત્યવાય. ૫૬૯
**સહિત** દેશ વૈકુંઠ ગયા રામ, કુલ લઇ કૃષ્ણ પ્હોંચ્યા નિજધામ;
પ્રાકૃત જીવતણી શી વાત, મોટે ઠામે ઘાલ્યો ઘાટ;
થયો પદારથ ટાળે કાળ, વળગ અખા નિર્ગુણની ચાલ. ૫૭૦
**પુન્ય** પાપ લખિયાં ઋષિજને, જેણે જેવું માન્યું મને;
બ્રાહ્મણ કહે સત્ય કરવા યજ્ઞ, પશુવધ કીધે હોય પુન્ય;
જૈન કહે એ હિંસા પાપ, અખા ધર્મ પણ જુજવા થાપ. ૫૭૧
**લખ્યા** પ્રમાણે સૌકો વહે, ધર્મ રાખવા સૌને હૃદે;
બોલ્યું ન મળે કેનું એક, આપ આપણી રાખે ટેક;
જાંગડ રાખી સૌ ઓચરે, અખા સૌ કો વદતા મરે. ૫૭૨
**માણસપે** દેવ ઉત્તમ લખે, ત્યાંહાં મદ્ય માંસને ભખે;
તેને માથે ન ગણે પાપ, બળી આપીને સૌ કહે બાપ;
અખા ગહન એ ચાલ્યું જાય, રામ જાણે નિસ્તારો થાય. ૫૭૩
બહુ સામર્થ્ય હોય છે જહાં, બુદ્ધિનું બળ નહિ ચાલે તહાં;
દેવી દેવ રાક્ષસ સિદ્ધિવંત, તેનાં ચરિત્ર ન સમજે જંત;

તેને શિર ન ગણાએ પાપ, અખા બુધ્યલગણુ આલાપ. ૫૭૪
બુદ્ધિપ્રમાણે લખી લખી ગયા, બુદ્ધિપ્રમાણે વાંચી રહ્યા;
બુદ્ધિપ્રમાણે સૌ સાંભળે, બુદ્ધયાતીતથી સૌ ચળવળે;
તેને અખા સમજે તે કોય, જે પરાતીતથી પોષણ હોય.૫૭૫
જેમ અરૂપ અગ્નિ રહે ચકમકવિષે, પ્રગટ થયા પછી તે સૌ લખે;
રૂપ ધરી બહુ પરાક્રમ કરે, બુધ્યવિલાસ સૌકો આદરે;
પણ પ્રગટયાને ઝાળની દધા, અરૂપ અખા સદોદિત સદા.૫૭૬
અરૂપી અગોચરથી બળ કરે, દ્રુમવિષે જેમ નીર પરવરે;
થડ મૂળ ને શાખા પત્ર ફૂલ, રગે રગે નીર ચડયું અમૂલ;
પાણી સદા અખા અવિનાશ, પણ થઇ આવ્યું તે થાએ નાશ.૫૭૭
ફુળ જોવાં હીંડે નીરને, પણ કેમ દેખે અંતરથી હીરને;
ફુળ સ્થાનક દેહાદિક રૂપ, અને જળસ્થાની તે વસ્ત અરૂપ;
અખા જોતાં તો સર્વે રામ, પણ ઉપન્યું તે ટલે રૂપનામ. ૫૭૮
અખા એમજ ધરજો ધ્યાન, આફણિયે જડશે સ્વસ્થાન;
બીજું તે મનની શોચના, અંતર જાડય ન ટળે રેચના;
પરાપાર પ્રાણેશ્વર નાથ, નહિ સમજે તે ઘસશે હાથ. ૫૭૯
પિંડ શોધે પ્રાણેશ્વર જડે, બીજું તેને રૂપક ચડે;
પ્રત્યક્ષ સિદ્ધ સેવક બહુ સ્વાદ, પરોક્ષ ઉમેદ કરે બહુ વાદ;
ગળી ચોપડી સઘળી વાત, લુખો રામ અખા સાક્ષાત્. ૫૮૦
રામ નોહે પ્રત્યક્ષ પરોક્ષ, સ્વયં રહેશે આપોપું શોષ;
ત્રિગુણ ધૂમાડે આંખ બહુ ભરી, ચૌદે લોક રહ્યાં આવરી;
આતમ અખા સદોદિત સદા, જીવને ત્રિગુણની લાગી દધા. ૫૮૧
સુઝ પડે તે સમઝે સાર, અન્ય કલ્પે ઉપલો વહેવાર;
વાદળ ખોખું શોષે નીર, કાદવમાંથી પીયે હીર;

એમ પ્રપંચ પરમેશ્વર લહે, અખો દેખી ચાખી કહે. ૫૮૨
**સ્વામી** અખાનો સઘળે મળે, લોક ચૌદે તેમાં આફળે;
બ્રહ્મા આયુષ પંથમાં જાય, રામરૂપ પુરૂં ન મપાય;
એવું અદબદ એળે જડચું, તે માહેલું સર્વે ઘાટે ઘડચું. ૫૮૩
**અખા** અદ્ભુત મોટી વાત, પ્રાકૃત જીવ કહે ઉત્પાત;
ભવ્ય જીવ કહે એ ભલું, સિંહનું બાળ રમે એકલું;
કેશરીકેરી મોટી ફાળ, પ્રાકૃત જીવો બિયે શિયાળ. ૫૮૪
**પ્રાયઃ** પરમેશ્વર છે મનાતીત, પાણીથી અળગેરૂં શીત;
શીત યોગે જેમ નીર જમાય, તે ઉપર સૌ હીંડી જાય;
વસ્તુવડે એમ જાણો મન, એમ અખા સમજે હરિજન. ૫૮૫
જળ જામે ને જળ વિધરે, તે બાધી અવની પરવરે;
હીમ ન દીસે તેમાં રંચ, તેમ એ જાણો મનના સંચ;
ત્યાંહાં હીમ તેમ હ્યાં રામ, અખા મન સત્તાનાં કામ. ૫૮૬
**અખા** લાઘવ સમઝવામાંય, જો અંતર્યામી થાએ સહાય;
સામો હોય તો સાહે હાથ, પોતે પોતામાં લેખો નાથ;
છે હુમાયુપંખીની પઠે, કોય હેતુવાદ કરશો માં હઠે. ૫૮૭
**અગ્નિ** કાષ્ઠ મેલીને પંખ, ઉપર ઉડી નાખે નિઃસંક;
નિજ ઇચ્છાયે બાળે કાય, સ્વાંત બુંદ ફરી પ્રગટ થાય;
એમ અખા હોય બ્રહ્મવિચાર, ઉત્પત્તિલય જ્યાં હું તું સાર. ૫૮૮
**અખે** વિચાર્યું મનને સાથ, જે કાંઇ ન દીસે તારે હાથ;
તો ફાંશી શિદ રાખે મામ, કશું ન નિપજે તો શું કામ;
શરીર તારૂં તારે વશ નહિ, તો બ્હાર બળ દેખાડે કહિં. ૫૮૯
**ઇંદ્રિય** વણુસે વણુસે કાય, ગમે નહિ વાળ ધોળા થાય;
સ્વર્ગસુધી તે ઘાલે હામ, પોતાનું નિરખાયે ચામ;

ફોકટ ગાડાં લુટી પડે, અખા ન કોએ પારે પડે. ૫૯૦
**અખા** ઇચ્છે જો આતમભોગ, નિવૃત્તિવિના તે ન મળે જોગ;
કથે જ્ઞાન પણ બાંધ્યો વાઘ, તેને મુક્ત ન પામે જાગ;
મુવે મુક્ત હશે તેમ હશે, જીવતે વાઘ તો પાંજર વસે. ૫૯૧
**છૂટા** છો પણ બાંધ્યા હેઠ, જેમ શકરાને દોરો પેટ;
ઉઠે ખરો પણ નાવે જાય, પેટે બાંધ્યો દોર તણાય;
અખા એમ નિવૃત્તિવિના, જીવને તે ન ટળે બેમના. ૫૯૨
**અજ્ઞાનીથી** જ્ઞાની ભલો, જે મનવડે ચૂકાવ્યો કળો;
પણ વર્ત્તવા પ્રવૃત્તિમાં ધાંખ, જેમ પોપટની કાઢી પાંખ;
કદાચ અખા તે ઉડી જાય, પાછો તેને પ્રવૃત્તિ સાય. ૫૯૩

## અજ્ઞાન અંગ.

**અજ્ઞાને** જે પ્હેરે વેષ, બ્હાર નીકળે દેખાદેખ;
જેમ વાઘ ગૌધણુન હળ્યો, વર્ત્તી તેમાંહી રહે ભળ્યો;
તેને છે આમિષનો આહાર, પ્રસંગ મળે અખા પ્રતિકાર. ૫૯૪
**પ્રવૃત્તિનિવૃત્તિની** અળગી વાત, વિચારવિના નવ આવે ધાત;
જેમ કો ભાડે રથ બેઠો જાય, બળદ મરે રથ કટકા થાય;
નોહે ચિંતા તેને પ્રતિકાર, અખા જેને સત્ય વિચાર. ૫૯૫
**પ્રવૃત્તિનિવૃત્તિને** બેઠો વરી, જેમ વેશ્યા રાખી ગૃહિણી કરી;
પ્રસંગ મળે કરતી તે કરે, વિચારવિના સૌ એમ આચરે;
મન ઇંદ્રિય ત્યાં ન કરે કહ્યું, અખા એમ એક વાંકું વહ્યું. ૫૯૬
**યથારથ** વર્ત્તે તો જ્ઞાન, જેમ કો રંક થયો રાજાન;
જેમ કરતો તેમ વળતું કરે, જૂઠું છળ વક્રમ આચરે;
અખા કરી ન જાણ્યું રાજ, શું થયું જો તો પામ્યો સાજ. ૫૯૭
**જો** અખા ઓળખે આતમા, તો સર્વ વાતની ભાગે તમા;

લાલચ લોભ જૂઠો પ્રતિકાર, સૂર્યધામમાં નોહે અંધકાર;
શીખી સાંભળી વાતો કરે, પોતે અગ્નિ કેમ ટાઢે મરે. ૫૯૮
જ્ઞાનતણો છે સત્ય ઉપદેશ, ત્યાં તો જૂઠું ન રહે લેશ,
સાચી કથણી કથતા જાય, ઉદર અર્થે કરે અન્યાય;
કહે અખો એનું શું ભણ્યું, ગુંજાતાપ વાનરતાપણું. ૫૯૯
જ્યારે જ્ઞાનનો ઉગ્યો રવિ, રાત્ય ગઇ રત્ય પ્રગટી નવી;
કૃત્ય જાશે અંધારાતણાં, મોહનિશામાં ફરતા ઘણા;
અખા નોય દરિદ્રની વાત, અમૃત ભોગ કે લાંઘણ સાત. ૬૦૦
આતમાનું તે કરે અકાજ, સંસારની તે રાખે લાજ;
દેહસુખને આતમસુખ કહે, જેમાંનું કાંઇએ નવ રહે;
જીવને મૃત્યુ છે જેવડે, એક સત્ય વાકયે તે શું તૂટી પડે. ૬૦૧
ધન આયુ વિદ્યા બળ રૂપ, સુર ચાતુરી ન્યાય સિદ્ધ ભૂપ;
જ્ઞાન ભક્તિ વિવેક વૈરાગ્ય, ચારે વ્રત તપ તીરથ ત્યાગ;
અખો કહે સર્વે એ ભાલ, જોતાં આપે આપનો માલ. ૬૦૨
જીવ જીવને રહે અનુમાન, તાણ્યું ધનુષ આવી રહે કાન;
જેજે દ્વારોમાં જીવ ભળે, તેજ રૂપી કલણમાં કળે;
મૂલગું અખા અદબદ છે ઓજ, સમજે તો સમજી લે ચોજ. ૬૦૩
જેને નથી રૂપ ગુણ નામ, જોતાં તેનાં સઘળાં કામ;
પસર્યું આપ વિચિત્રતા ભાત, વેદે કહી એ મુખની વાત;
બહુ મુખનો મોટો મહારાજ, તો અખો શું કહે તેનાં કાજ. ૬૦૪
અણુવપ્રકારે ઘાલ્યો ઘાટ, એક બાહેર દેખાડી વાટ;
જે છે તે ત્યાં અસંખ્યાત, શબ્દે કહિયે શબ્દની વાત;
જે છે તેને અખો કેમ કહે, તેની વાત તો તેહજ લહે. ૬૦૫
કહે અખો મૂકી નિશ્વાસ, હું તો છું તારો આભાસ;

તારી વાત કરે છે તું, ઓછાંયા મધ્યે વર્ત્યો હું;
બહુ તેજ મધ્યે હું રહ્યો, ત્યારે શેષ ઓછાંયો ગયો. ૬૦૬
અખા સઘળો આ વસ્તુવિનોદ, હાંસી કહો કે તત્ત્વનો બોધ;
પોતાની ઠગ પોતા સાથ્ય, ઇચ્છા અમલ ખાધી તેં હાથ;
તારૂં ઘેલપણું તે હું, સાજો તે ત્યાં તુંનો તું. ૬૦૭
એમ અખા સહિયારી વૃત્ય, હાથો હાથ દીસેછે તર્ત;
નટતણી હાલે આંગળી, હું હાલું જાણે પૂતળી;
તેનો બોલ પોતે નટ કહે, ઉંડે વિચારે અમથું રહે. ૬૦૮

## મુક્તિ અંગ.

મુક્તિ પામવા મુખ્ય વૈરાગ્ય, જો બેઉ પાસથી છૂટે રાગ;
ધ્યેયધ્યાતાથી આઘો વટે, તે અનુભવતાં ચોક ચોવટે;
બીજી અખા રસાળી વાત, સર્વાતીત નોહે સાક્ષાત. ૬૦૯
જે કીજે તે સર્વે રાગ, રાગવિના નવ ઉપડે પાગ;
રાગ જેવારે પાછો વળે, ત્યારે નિજ આતમને મળે;
દૃષ્ટ પદારથસું વૈરાગ્ય, ત્યાં અખા જડે તુજ ત્યાગ. ૬૧૦
જન જાણે છે જે વૈરાગ્ય, તે ત્યાં સામો ઉપજે રાગ;
વૈરાગ્ય હોય ત્યાં નોહે દ્વેષ, તે ત્યાં સામો બાંધે કલેશ;
આપોપાનો થાયે ત્યાગ, ત્યારે અખા સાચો વૈરાગ્ય. ૬૧૧
જેહવડે તપ તીરથ કરે, વિષય ભોગ કે સુખ આદરે;
જેણે કરી નિપજે બહુ કામ, તે શોધી કાઢવો આ ઠામ;
તેવિણ જાણો રાગ વિરાગ, અખા ઉછળી ભાંગવો પાગ. ૬૧૨
જેમ તેમ કરી સમજવો મર્મ, હું તે શું ચેતન કે ચર્મ;
એજ સમજવું પરથમ જને, પછે ઘેર રહેજે કે જાજે વને;

એ સમજ્યા વિણુ ગૃહસ્થ અતીત, વર વિવાહ વિણુ ગાવાં ગીત.૬૧૩
**સમજણુમાં** નથી રાગ વિરાગ, જેમ વાયુ હીંડે વિના પરાગ;
લોક ચૌદલગી પરવરે, સમજણુથી અર્થ સઘળો સરે;
અખા રામ નથી ઘેર કે વને, જ્યાં જાશે ત્યાં પોતા કને. ૬૧૪
**પાદ** પાણી નેત્ર મુખ નાક, સકળ અંગનો સમજે તાક;
એમાંનું એકે જો જાય, ધણીમાટે જીવે ન રખાય;
અખા ન દીસે તારો લાગ, પરસાથે શો રાગવિરાગ. ૬૧૫
**વેલ** પરાઈ બેઠો જન, હુંજ ધણી એમ માને મન;
કાળ સદા ખેડે સારથી, બેઠો ફરે અવિનાશી રથી;
અખા એમ જાણે સઘળી મંડ, લેવું મુકવું ટળે પાખંડ. ૬૧૬
**ગેબી** નીપજ થઇ પિંડતણી, ત્યારે તું ત્યાં નોતો ધણી;
સેજે ઉપન્યું વંઠ્યું તન, ત્યારે કાંઈ ન ચાલ્યું મન;
વચ્ચે શિદ પાડે છે દાગ, અખા કશો તુજ રાગવિરાગ. ૬૧૭
ઉપરછલો મારગ લે અખા, નહિ કો સાથી નહિ કો સખા;
ધણી થયામાં સઘળો ધંધ, જેમ રૂપ નહિ દેખે અંધ;
ગગનગામીને નહિ અટકાવ, ભૂવર્તિને બહુ ભેદભાવ. ૬૧૮
**ઉંઘ્યાને** સ્વપ્નાંતર ઘણાં, ઉત્તમ મધ્યમ વેદે ભણ્યા;
જાગ્યા ઉંઘ્યાથી અળગું હૃદે, ત્યાં અખો આરોપી વદે;
સમજ્યાને છે સરખું સદા, અણુસમજ્યો ભોગવે આપદા. ૬૧૯
**અખા** જેહ નર રહે અમન, તેવું કરવું સર્વ જતન;
જેમ જિહ્વા પંચામૃત ખાય, ખાતી કરતી કહીં ન લેપાય;
વણુ ખાધે કર થાય ચીકણો, એવો ભેદ અણુલિંગીતણો. ૬૨૦
**અખા** અણુલિંગી વાત અગાધ, લિંગી નરને નહિ તે સાધ્ય;
સકળ લોક તે વૃક્ષજ કહે, પણુ તે ન કહે જે બીજે રહે;

જોતાં સઘળો લક્ષમાં ફેર, લક્ષ ઉદ્યોત ને લક્ષ અંધેર. ૬૨૧
**સામો** કો દુઃખદાતા નથી, જેમ તાળી ન પડે એકહથી;
સ્વપ્ને દીસે નરો અનંત, તેમજ અછતાં પ્રગટે જંત;
અખા વસ્તુપણે જાગશે, તેને એનો અનુભવ હશે. ૬૨૨
**અછતો** દ્વેષને અછતો રાગ, રાગદ્વેષ માયાનો ભાગ;
જે તજશે તે દ્વેષે કરી, જે ભજશે તે રાગ આદરી;
સ્વસ્વરૂપ ત્યાં બેઉએ નથી, ગુરૂલક્ષે અખા જો ઘેરથી. ૬૨૩
**પ્રવૃત્ત** નિવૃત્તના સઘળા વેશ, ભિક્ષુક થા કે થાજ નરેશ;
રમત રમે છે માયાકાળ, મધ્ય અહંકાર વહે છે ગાળ;
મહાનિધમાં રાજાની દૃષ્ટ, અખા રમત પામે નહિ સ્પષ્ટ. ૬૨૪
**કારણદૃષ્ટિ** હોયે જન, તેનો અનુભવ ન હોય અસન;
દેખે કીરણ સરખાં સૂર, જેનું વસ્તુવિષે છે ઉર;
અખા ચક્ષુ આંજે ગુરૂદેવ, તે કોઈ સમજે એનો ભેવ. ૬૨૫
**સમજુ** તે અણસમજુ થાય, અણસમજુ સરખું સમજાય;
એની કોએ દીયે નહિ સાખ્ય, અનુભવ જે ઉપન્યો તે દાખ્ય;
નિજ ઘર વરતી જે કો હશે, અખા તે એકમાં પ્હોંચશે. ૬૨૬

## ફુટકળ અંગ.

**તિલક** કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં;
તીરથ ફરી ફરી થાકયા ચર્ણ, તોય ન પ્હોંચ્યા હરિને શર્ણ;
કથા સુણી સુણી ફૂટયા કાન,અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.૬૨૭
**એક** મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ;
પાણીને દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન;
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ કયાંની વાત. ૬૨૮

**મુક્તિ** બંધ પૂછે મતિમંદ, શોધી જોતાં સ્વે ગોવિંદ;
પ્રાણ પિંડમાં હું કે હરિ, જો જુવે અખા વૃત્તિ કરી;
બંધ મોક્ષ ન કરે ઉચ્ચાર, આકાશકુસુમનો નોહે હાર. ૬૨૯
**પિંડ** જોતાં કો મુક્તજ નથી, ત્રિવિધ તાપ ભોગવે ધરથી;
સકળ ઇંદ્રિયેં છૂટો રમે, રાગદ્વેષ કોઇએ નવ દમે;
સત્ય સંકલ્પ ને અમ્મરકાય, સર્વ રૂપ જાણે મહિમાય;
ત્યારે અખા મુમુક્ષુ મન, જાણે તે જાણી લે જન. ૬૩૦
**જે** ધરી આવ્યો ભૌતિક કાય, દેવ નર નાગ કહ્યો નવ જાય;
કાળસત્તામાં તે ત્યાં ખરો, એ તો મન કાઢો કાંકરો;
મન વચન કર્મ હરિમાં ઢાળ, અખો સમજ્યો અંશે સોળ. ૬૩૧
**ગહન** ગતિ છે કાળજ તણી, જેણે જે જે વાતો ભણી;
તે તેનાં પામ્યાં પરમાણ, પરછંદાની પેરે જાણ;
માંહોમાં દુર્ધર્ષ અગાધ્ય, અખા જીવને નાવે સાધ્ય. ૬૩૨
**અનુભવી**આગળ વાદજ વદે, ઉંટ આગળ જેમ પાળો ખદે;
ઉંટતણાં આઘાં મેલાણ, પાળાના તો છંડે પ્રાણ;
અખા અનુભવી ઈશ્વરરૂપ, સાગર આગળ શું કૂદે કૂપ. ૬૩૩
**આવી** નગરમાં લાગી લાય, પંખીને શો ધોખો થાય;
ઉંદર બિચારા કરતા સોર, જેને નહીં ઉડ્યાનું જોર;
અખા જ્ઞાની ભવથી કેમ ડરે, જેની અનુભવ પાંખ આકાશે ફરે.૬૩૪
**જોજો** રે મ્હોટાના બોલ, ઉજડ ખેડે વાગ્યો ઢોલ;
અંધે અંધ અંધારે મળ્યા, જેમ તલમાં કોદરા મળ્યા;
ઘેંસ ન થાય ન થાય ઘાણી, કહે અખો એ વાતો જાણી. ૬૩૫
**આંધળો** સસરો ને સણગટ વહુ, એમ કથા સુણવા ચાલ્યું સહુ;

કહ્યું કાંઇ ને સમજ્યાં કશું, આંખ્યનું કાજળ ગાલે ઘશ્યું;
ઉંડો કુવો ને ફાટી બોખ, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક. ૬૩૬
વ્યાસવેશ્યાની એકજ પેર, વિદ્યાબેટી ઉછેરી ઘેર;
વ્યાસ કથા કરે ને રડે, જાણે દ્રવ્ય અદકેરૂં જડે;
જો જાણે વાંચ્યાની પેર, અખા કાં ન વાંચે પોતાને ઘેર. ૬૩૭
ગજાપ્રમાણે પ્રબોધે જીવ, બંધનમાં રાખે સદૈવ;
સાચી વાતને સંતજ વદે, તેને મૂરખ ઉલટો નંદે;
અખા આંધળે લુંટયો બજાર, સંતગુરૂનો એવો વિચાર. ૬૩૮
જગતપ્રમોદી દાઝ ન ટળે, કુવાડામાંથી કાઢે જળે;
સમજુ ને છે સરખો ભાવ, તે ગુરૂના મનમાં અભાવ;
એમ જાણીને રીસે બળે, અખા જ્ઞાનીની નિંદા કરે. ૬૩૯
વિષયી જીવથી પ્રીતજ કરે, તત્ત્વદર્શીઉપર અભાવજ ધરે;
ખાનપાન વિષયાદિક ભોગ, તત્ત્વદર્શીને સર્વે રોગ;
અખા તે ગુરૂના મનમાં ખરા, જીવ આવકાર દઈ બેસારે પરા. ૬૪૦
ગુરૂ થઇ બેઠો શેનો સાધ, સ્વામીપણાની વળગી વ્યાધ;
તે પીડાથી દુઃખિયો થયો, રોગ કરાર અનુભવથી ગયો;
વાચક જાળમાં ધૂચવી મરે, અખા જ્ઞાનીનું કહ્યું કેમ કરે. ૬૪૧
જ્ઞાનીને તો સર્વે ફોક, બ્રહ્માદિલગી કલ્પ્યાં લોક;
ત્રણકાંડ કાળની માંડણી, તત્ત્વવેત્તાએ એવી ગણી;
તેની વાત ન જાણે ગૂઢ, અખા ગુરૂ થઇ બેઠો મૂઢ. ૬૪૨
સ્વામી થઇને બેઠો આપ, એ તો મનને વળગ્યું પાપ;
શિષ્ય રાખ્યાનો શિરપર ભાર, ઉપર ત્યાગ ને અંતર પ્યાર;
આશા રજ્જુને બાંધ્યો પાશ, અખા શું જાણે જ્ઞાનીની આશ. ૬૪૩
જ્ઞાની ગુરૂ ન થાયે કેનો, બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર તેનો;

અન્ય જીવની તેને શી પડી, જે તેને ઘેર નિત્ય કાઢે હડી;
સેજ સ્વભાવે વાતજ કરે, અખા ગુરૂપણું મનમાં નવ ધરે. ૬૪૪
ગુરૂ થઈ મૂરખ જગમાં ફરે, બ્રહ્મવેત્તાની નિંદા કરે;
ભૂતકાળમાં જે થઇ ગયા, તેની મનમાં ઇચ્છે મયા;
અખા વેલી કેમ ટાળે વ્યથા, જે નિત્ય વાંચે મડદાંની કથા. ૬૪૫
જે પગલાં અગ્નિમાં જળે, તેને શર્ણે કાળ કેમ ટળે;
પડતું પક્ષી રાખે આકાશ, એમ પગલાં તે આપે વાસ;
નહિ પગલાને શરણે જા, ત્યારે અખા ભવની મટે અજા. ૬૪૬
ચરણશરણ તો ખોટી કરી, વણ ચરણોનો દીઠો હરિ;
ચરણ જળે કે ભૂમાં દાટય, શ્વાન શિયાળિયાં કરડે કાટ;
તેની શરણ અખો શું ગ્રહે, જે સમજે તે એવું લહે. ૬૪૭
જાજો રે ભાઈ વાતનું મૂળ, પેટ ચોળી ઉપજાવ્યું શૂળ;
એક સમે ખર ભાડે ગયો, કાંદા દેખી ગળિયો થયો;
ખરે આપી તેજીને પેર, એવું જાણી અખા જુતો ઘેર. ૬૪૮
કથા કરી તે શુકજી ખરી, પરીક્ષિતને મેળાવ્યા હરિ;
શીખ થઈ ત્યારે આપ્યું શું, નગ્ન થઈ ગયા વનમાં પશુ;
નિસ્પૃહીની એવી છે કથા, અખા બીજી પેટ ભર્યાની વ્યથા.૬૪૯
રઘુ જદુરાજની વાતજ કહે, દત્ત ભરતનું ઓઠું લહે;
અજગરવરતી વનમાં પડ્યા, તે ક્યાંઈથી આવી ચડ્યા;
તેને પોતા સરખા કર્યા, અખા ઘેર ઘેર ઉપદેશ ન કહ્યા. ૬૫૦
દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વાધ્યું શેર;
ચરચા વદતાં તોલું થયો, ગુરૂ થયો ત્યાં મણમાં ગયો;
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન મૂળગું તે ખોય.૬૫૧
સસાસિંગનું વ્હાણજ કર્યું, મૃગતૃષ્ણામાં જઈને તર્યું;

વંઝયાસુત બે વહાણે ચડયા, ખપુષ્પનાં વસાણાં ભર્યાં;
જેવી શેખશલ્લીની કથા, અખા હમણાં આગળ એવા હતા. ૬૫૨
જ્યાં જોઇએ ત્યાં કૂડેકૂડ, સામે સામાં બેઠાં ઘૂડ;
કોઇ આવી વાત સૂરજની કરે, તે આગળ લઈ ચાંચજ ધરે,
અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા ક્યાંથી થયાં;
અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડયો પાણ. ૬૫૩
લીલા વૃક્ષને ઓઠે રહે, જેમ પારાધી પશુને ગ્રહે,
એમ હરિને ઓઠે ધૂતા ઘણા, ઉપાય કરે કનકકામનીતણા;
અખા ગુરૂ શું મૂકે પાર, જેના શિષ્ય ગર્દભ ને ગુરૂ કુંભાર. ૬૫૪
અંગ આળસ ને તપસી થયો, ઘર મેલીને વનમાં ગયો;
કામબાણ ન શકયો જાળવી, રડવડતી એક આણી નવી;
શ્વાન ભસાવે હીંડે છકયો, અખા હગ્યો નહીં ને ઘર નવ રખ્યો. ૬૫૫
ગોરીના થાવા વડભાગ, માતાપાસે આજ્ઞા માગ;
બળદની તે કેમ થાય ગાય, મૂરખ મિથ્યા કરે ઉપાય;
જ્ઞાનવિના તે સાધન એવાં, અખા તેમાં ન લેવાદેવા. ૬૫૬
સો અંધામાં કાણો રાવ, આંધળાને કાણાપર ભાવ;
સૌનાં નેત્રો ફૂટિ ગયાં, ગુરૂ આચાર્યજ કાણા થયા;
શાસ્ત્રતણી છે એકજ આંખ્ય, અખા અનુભવની ઉઘડી નહિ ઝાંખ્ય. ૬૫૭
મુંડ મુંડાવી હરિને કાજ, લોક પૂજે ને કહે મહારાજ;
મન જાણે હરિએ કૃપા કરી, માયામાં લપટાણો ફરી;
સૌને મન તે કરે કલ્યાણ, અખા એને હરિ મળ્યાની હાણ. ૬૫૮
જ્ઞાતાનો એવો ઉપદેશ, પંચના ગુરૂ તે સઘળો વેશ;
ઘર ઘર માહાત્મ્ય વધારતા ફરે, દામચામનાં જતનજ કરે;
અખા જ્ઞાતાની ન માને વાત, સાચું કહેતાં ખીજે સાત. ૬૫૯

હરિને કાજે ઘાટજ ઘડે, નિજ સ્વરૂપથી પાછો પડે;
પાણો કે હું પર્વત લહું, એ આશ્ચર્ય તે કેને કહું;
અખાથકી તે બીજો હરિ, જેમ પર્વતમાંથી પાણુજ ખરી. ૬૬૦
**જાણુપણામાં** જાડા થયા, ડહાપણ ડોળી રાબડ રહ્યા;
નીર હતું તે કીચમાં ગયું, આત્મથકી તે અળગું રહ્યું;
છે તો ઘણો નવ દીસે ચંદ, કહે અખો માયાનો ફંદ. ૬૬૧
**અનંત** કળામાં અદકા ખરા, બ્રહ્મવેત્તા એ સૌથી પરા;
વેદ બ્રહ્માએ પૂજ્યા હરિ, તેથી લક્ષ તજજ્ઞનો ફરી;
ભૂતભવિષ્ય ને અજપાજાપ, અખો નહીં તો શેનો થાપ. ૬૬૨
**વૈષ્ણવ** ભેખ ધારીને ફરે, પરસાદટાણે પત્રાવળાં ભરે;
રાંધ્યાં ધાન વખાણુતા જાય, જેમ પીરસે તેમ ઝાઝાં ખાય;
કીર્તન ગાઇને તોડે તોડ, અખો કે જુવાનીનું જોર. ૬૬૩
**જ્યારે** મન પામ્યું નિજભાન, ત્યારે સર્વે થયું સમાન;
સપ્તપુરીમધ્ય મારૂં આડય, સર્વસ્વ હાર્યે ભાગે જાડય;
જેમ કરી કવાથ રોગીને વિષે, પણ અખા અરોગી સર્વે ભખે. ૬૬૪
**કે** આળસે કે ક્રોધે થયો, વાટે વેષ પ્હેરીને ગયો;
નહિ મહેનત વેઠે નહિ શાય, વંદે વિશ્વ એ ફળમહિમાય;
હરિને અર્થે એક વિચાર, અખા સમું પડે તેમ રહે સંસાર.૬૬૫
**જાય** સમૂળો સઘ સંસાર, કરતાં આત્મતત્ત્વવિચાર;
અન્ય ઉપાય નથી એ જવા, સામા બંધ બંધાય નવા;
કર્મ કરતાં ન આવે છેક, અખા વિચારે ન મળે શેષ. ૬૬૬
**અખા** વસ્તુ વિચારે બ્રહ્મ, અંતરભૂત જાણવાં કર્મ;
જેમ પ્રત્યક્ષ પોગર દીસે લોહમાંય, ગાળે ત્યારે પ્રીટી જાય;
પાછો વળી ઘડાયે ઘાટ, તેમનો તેમ પોગરનો ઠાઠ. ૬૬૭

**તેજ** લોહનું જ્યારે દર્પણ કરે, શિકલ કરીને મશકલો ફરે;
તેજ નીકળે પોગર ઢંકાય, આપોપું દીસે તે માંય;
અખા જ્ઞાનની એવી પેર, કોટી જુગે કાં આજ આદેર્ય. ૬૬૮
**લોહ** ગળતે દીસે પોગર ગળ્યા, ઘાટ થાતાં તે પાછા વળ્યા;
અહંતારૂપી લોહ છે સદા, ઘાટ થયા વિના ન રહે કદા;
અખા અહંતા લોહું માર્ય, મર્યા પછી તે તરશે વાર્ય. ૬૬૯
**જે** જળમાં લોહ બૂડી જતું, તે ઉપર દીસે રમતું;
તમ ભવસાગર હરિસાગર થયો, જ્યારે આપોપાનો ભારજ ગયો;
અખા મધ્યથો જા તું ટળી, બંધ ને મોક્ષ કથીશ માં વળી. ૬૭૦
**અખા** બ્રહ્મ છે બાધું નામ, તે મધ્યે અળગાં અળગાં ગામ;
જેમ બાધું જોતાં એકજ ઝાડ, વિગતે જોતાં ભાંગે જાડ્ય;
રંગ સ્વાદ પત્ર ફળ ફૂલ, સદ્‌ગુરૂ મળે તો ભાંગે ભૂલ. ૬૭૧
**જાગ જોગ** મંત્ર ફળ ને સિદ્ધિ, એ બ્રહ્મઉદર માંહેલી રિદ્ધિ;
અંશીનર ઉદ્ધ્યો આપમાંહે, સ્વપ્ન ભોગવે ત્રણ તાપ ત્યાંહે;
વિધિસહિત પરબ્રહ્મને જાણ, ત્યારે અખા ટળે ભવતાણ. ૬૭૨
**આત્મલક્ષમાં** નહિ પર આપ, વણસંતાને કેનો બાપ;
વણજોનારે દર્પણ જથા, બિંબપ્રતિબિંબની કોણ કહે કથા;
અખા દ્વૈત થયે ઉપાધ્ય, તન મન વિના એ સાધન સાધ્ય. ૬૭૩
**બ્રહ્મજ્ઞાની** બહુ ભેળા થઇ, બ્રહ્મના દેશની વાતજ કહી;
બ્રહ્મવિદ્યા રહિ બ્રહ્મને દેશ, પોતામાં નવ આવ્યો લેશ;
થઇ થઈ વાતો સહુ કોઈ કહે, અખા અણુચવ્યો કોકજ રહે. ૬૭૪
**અણુચવિયાનાં** એ એંધાણ, જે સારાં માઠાં ઝીલે બાણ;
અધ્યાત્મ ન જાણે આત્માથકી, નોખો નોખો કહે છે બકી;
પોતે જાણે હું આત્મવેત્તા થયો, તે થાવામાં દેહભાગજ રહ્યો. ૬૭૫

**પોતે** ટળીને સઘળું પ્રીછ, વાટે ચાલતા આંખ મ વીંચ;
અદ્વૈત દ્વૈતનાં કરે છે કામ, સગુણ નિર્ગુણ ધાર્યાં નામ;
સગુણ નિર્ગુણ એ બે છે જોગ, પોતે ટળશે તેને પડશે ભોગ. ૬૭૬
**પોતે** ટળ્યા તે પ્રીછયા જાણ, તેને શોભે સઘળી વાણ;
પોતે ટળ્યા વિના શા કામના, એતો અકૃતે વધારી કામના;
કહે અખો કાં ફોકટ ફૂલ, ભણ્યા ગણ્યા પણ ન ટળી ભૂલ. ૬૭૭
**ભણ્યા** ગણ્યા તો તે પરમાણ, જો જાણપણું ટાળીને જાણ;
મૂળ સ્વરૂપે જે કોઈ થયો, તેને ભણ્યાનો સ્વભાવ ગયો;
અખા એમ સમજ્યા તે મહંત, તેને સત્ ચિત્ આનંદ વદે વેદાંત. ૬૭૮
**વેદાંતે** વાત વિચારી અસી, ને શ્રોતા વક્તા સમજ્યા જસી;
વેદાંત વાચક મોટો ભેદ, આસુરીનો કર્યો ઉચ્છેદ;
દૈવી તો છે ધણીનું રૂપ, અખા આસુરી ઉંડો કૂપ. ૬૭૯
**આસુરી** દૈવીને ગડબડ થઈ, દીસે દૈવી તેમાં આસુરી રહિ;
માટે જ્ઞાની ટળતા ફરે, જેમ રૂડે ઘેર જાતાં શ્વાનથી ડરે;
અખા શ્વાન જો પ્રલય થાય, તો રૂડાને ઘેર રૂડો જાય. ૬૮૦
**ઘર** તો સઘળાં રૂડાં કર્યાં, ત્યાં અસુરીરૂપે ભસે કૂતરાં;
સમજુ ઘણા પણ શ્વાનનો સંગ, વણટેવે જેમ વણસે રંગ;
અખા આસુરી કૂતરાં જાણ, આશાની ભક્તિ મોટી હાણ. ૬૮૧
**નિરાશી** ભક્તિ જે કોઈ કરે, તેનું સેજે કારજ સરે;
સ્વરૂપ તે અરૂપે અદ્વૈત થાય, દ્વૈતાદ્વૈતનો લેશજ જાય;
આત્મ અનુભવે હોય પ્રકાશ, અખા અહંકાર તે પામે નાશ. ૬૮૨
**અહંકૃતિ** તજી સ્મરણ કરો, મન કર્મ વચન હરિવડે આદરો;
ગવરાવ્યા જશ હરિના ગાઓ, હરિના છો ને હરિના થાઓ;
અહંકૃતે અણછતા ન થયા, છતા ધણીથી છેટા રહ્યા. ૬૮૩

**છતો** ધણી તું છબીલો જાણ, જેની શોભે સઘળે વાણ;
છતો ધણી છે વાણીરહિત, છતો ધણી છે શબ્દાતીત;
એમ વાચ્ય અવાચ્ય જેને સબળું ઠર્યું, અખા તેહનું કારજ સર્યું. ૬૮૪
**સાચો** મારગ જે કોઈ લે, મિથ્યા મારગ મૂકિ દે;
અટળ વસ્તુને અહોનિશ ધાય, ટળને બાંધણે બાંધ્યો ન જાય;
ટળમાં રહે અટળશું પ્રીત, અખા એવા પુરૂષની થાશે જીત. ૬૮૫
**જાણી** વસ્તુ ને ઉપનો વૈરાગ્ય, અણછતું આવ્રણ ન પામે લાગ;
ઓળખ્યા ચોર ને સાવચેત થયા, વળતા તે તો કૂશળ રહ્યા;
અચેતને ચોર લુટી ગયા ભાઈ, સાવચેતને ઘેર આનંદ વધાઇ. ૬૮૬
**આનંદ** વધાઈ અનુભવથી થાય, અજ્ઞાન ગાંઠો છૂટી જાય;
અનેક જુગનું આવ્રણ જેહ, જ્ઞાનવજાથી ભાંગે તેહ;
ધન ધન જ્ઞાનીજનનું ગાત્ર, જગત જાણ્યું જેણે તૃણમાત્ર. ૬૮૭
**જ્ઞાની** તે જે કરે વિચાર, પરપંચ તજે ને સંગ્રહે સાર;
સકળ કામના સવળી કરે, વાસનાવપુ ઠેકાણે ઠરે;
ટાળે આપ ને ભાળે ઈશ, અખા એવા પુરૂષને મળે જગદીશ. ૬૮૮
**મોટી** તાણ છે પંથજ તણી, નથી જુજવા એક છે ધણી;
પોતાના ઈષ્ટની પાળવી ટેક, સકળ ઇષ્ટનો અધિપતિ એક;
જેમ રાજા એકને પ્રજા જુજવી, અખો એ રીતે જુવે અનુભવી. ૬૮૯
**રાજાનું** જેમ શહેરજ એક, પ્રજા જુજવી વર્ણવિવેક;
દંભી હોય તે રહ્યા ચડભડે, તેનું નામ તે ખરડે પડે;
સર્વેને મળતો થઈ જાય, અખા આખું શહેર તેના ગુણ ગાય. ૬૯૦
**એ** દૃષ્ટાંત ન સમજે કોય, સહુનું બળ સહુમાંહે હોય;
જ્ઞાની જ્ઞાને કરીને કહે, મતિયો મતને મતમાં રહે;
જાવા દો જાણે તેમ થાઓ, આપણ આપણા અવગુણ ગાઓ. ૬૯૧

અવગુણ મ જોશો પ્રભુ મહારાજ, તમારા બાનાની તમને લાજ;
જેમ કોઈ કેના થઇને ફરે, તે તો તેની પક્ષજ કરે;
તમે તમારાની પ્રભુ કરો સાર, અખા કરૂં વિનતિ તજી અહંકાર. ૬૯૨
અહંકાર તજીને આશે રહ્યો, મન કર્મ વચને તમારો થયો;
જેમ કાષ્ટની પૂતળી નાચે નરી, તે કળ સુતારે તમારે કરી;
વાજૂં વજાડો તો વાજે તદા, વણ વજાડયું ન વાજે કદા. ૬૯૩
વાજું હું તમો વજાવણહાર, તે વાજું શાને ધરે અહંકાર;
તે જોતાં સર્વ તમારાં કામ, આ અછતાનું અછતું નામ;
ધનધન વાજું ધણીકર થવે, અખા આસુરીકર તવ અવળું લવે. ૬૯૪
આસુરીના ફેરા ફરે છે જંત, તે નવ જાણે વસ્તુ તંત;
મૂળ આસુરી ન ઓળખે અંધ, તો દૈવીનો ક્યાં મળે સંબંધ;
ચોર શાહના ચિંતા કરે, વળતો શાહ ચોરથી ડરે. ૬૯૫
ડર્યા શાહ તે પારે થયા, જખ મારીને ચોરજ રહ્યા;
કાઢી મુકયા ક્રોધ ને લોભ, સાથી કીધા શીળ સંતોષ;
જ્ઞાનેંદ્રિય કર્મેંદ્રિય જેહ, સર્વે સવળી થઈ છે તેહ;
અંતઃકરણ કહીયે જે ચાર, થાય અહર્નિશ જ્ઞાનવિહાર. ૬૯૬
જ્ઞાની વિહારી ગોપી જશા, તેજ જ્ઞાની જેને ગોપીની દશા;
ગોપી ભૂલી ઘર ને બાર, ગોપી ભુલી કુટુંબ પરિવાર;
પોતાની દેહ પણ ભૂલી ગઇ, અખા કામની કુળવંત થઇ. ૬૯૭
પ્રસન્ન થઈ પ્રભુ પ્રેમે મળ્યો, જાગજોગારથ કરવો ટળ્યો;
વિધિનિષેધ ને થાપઉથાપ, સંકલ્પવિકલ્પ ટળ્યો સંતાપ;
પ્રગટ્યો ઉરમાં પ્રેમાનંદ, પિયે સુધારસ પ્રમદાવૃંદ;
સખીસમાગમ સદા નિજધામ, અખા અક્ષયરસ તેનું નામ. ૬૯૮
અક્ષયરસની ચાલે છે નદી, તે બ્રહ્મવેત્તા પીયે ભગવદી;

આળપંપાળ જેને આળસ્યું, સમદૃષ્ટિ સમજ્યા તે સમું;
કંઈ કંઇ કહેણી કથતા ફરે, અખા બ્રહ્મવેત્તા ભાગ્યે નીસરે. ૬૯૯
બ્રહ્મવેતા કેમ દર્શે ભાઇ, જે બ્રહ્મકળામાં રહ્યા સમાઈ;
મેલી આંખે જે કોઇ ધાય, બ્રહ્મવેત્તા કેમ દર્શ્યા જાય;
અખા આંખ જો ઉપજે નવી, તો બ્રહ્મવેત્તા દર્શે અનુભવી. ૭૦૦
મેલી આંખને બેસે મળો, કથાકીર્તન કરે થઈ ભલો;
પછી સામસામા થઈ કરે જવાબ, અહંકૃતિજ્ઞાને વાધે આપ;
કેટલાકને યુદ્ધ કથ્યાનું જોર,અખા સિદ્ધાંત ન સમઝે કરે બકોર.૭૦૧
સમજુને સમજુનો સંગ, અણુસમજુને આપે અંગ;
સમજુઅણુસમજુ મર ભેળા ભમે, ભેળા બેસે ને ભેળા જમે;
અણુસમજુ તે આંધળા કુવા, સમજુસજ્જન સરસો ગાઉ જુવા.૭૦૨
વસે વેગળા મર સમજુ સજ્જન, તોએ ત્યાંથી અર્પે મન:
પ્રપંચ રીતે ન રાચો ભાઈ, એવી પરાપરની છે સગાઇ;
એમ અનુભવી અનુભવીને લખે, અળગો રહે વીંધાણા પખે. ૭૦૩
વ્રેહે વેધ્યો તે જાણે આપ, સાજાને શો વ્રેહનો સંતાપ;
સાજો તે સાજાને ગાય, વ્રેહની વેદના વેધ્યાને થાય;
સાજા તો શાકટને જાણુ, વ્રેહનો વેધ્યો તે જ્ઞાની વખાણુ. ૭૦૩
શાકટને તો અનીતિ સાર, જેમ કાગને અશુભનો આહાર;
તે તો તેનું માને સુખ, કાળો કાળનાં ભોગવે દુઃખ;
શાકટને લાગે સુધારસ બાણુ, પણ જ્ઞાનીના તો વેધે પ્રાણ;
જ્ઞાની વજાને સુધા કરી ગણે, શાકટ તો સુધાને વિષ ભણે. ૭૦૫
શાકટ જ્ઞાની બેઉ જાણુવા માંય, અળગા કોઇ ન કેશો ક્યાંય;
શાકટનો પ્રવૃત્તિ પરિવાર, જ્ઞાનીનો તો નિવૃત્તિ કુમાર;
એ બેઉને કરિયે એક, તો ગાદીએ બેસે જ્ઞાનવિવેક. ૭૦૬

જ્ઞાની વિવેકી ઠેરાવ્યા રાય, ત્યારે આસુરીનાં થાણું ઉઠી જાય;
અદલ થયું ત્યારે સવ્વા શેર, વિષ્ટિ કરતાં ચુકયું વેર;
આનંદ મંગળ ઓચ્છવ થાય, હરિના જન તે હરિજશ ગાય. ૭૦૭
હરિજશ ગાય તે શું કહે, આપ ટાળી ભજનમાં રહે;
પછી અખા શહેરની શોભા નવી,જેમ વીતી રજની પ્રગટયો રવિ.૭૦૮
હું હું રૂપી વીતે રાત, તેને ટાળતાં થાય પ્રભાત;
જેને પુરૂષોત્તમ થાય પસાય, તેને સર્વે સવળું થાય;
અખા વસ્તુ આફરડી નવ મળે, આરત રાખી ધણીને બળે. ૭૦૯
આરતવિના ન ઉપજે હેત, આરતવિના પૂજારો પ્રેત;
પુંછલી ભેંસ ન માંડે પગ, જોર કરીને થાકયા ઠગ;
ઉપાડે ઘણા પણ ઉભી ન થાય, અખા જોર કરનારા પાછા જાય. ૭૧૦
નથી વાંક વિશ્વંભરતણો, જે કહિયે તે વાંક આપણો;
જેમ કોઇ ભોજન જમાડવા કરે, ત્યાં રીસાણો તે રીસે ફરે;
પૂર્ણાનંદ પીરસનારો રહે, અખા અભાગિયાને કોણ કહે. ૭૧૧
પૂર્ણાનંદ તો પૂર્ણ દયાળ, સર્વ જીવની કરે સંભાળ;
દયાસારૂ લે દશ અવતાર, અસુરનિકંદન ભક્તઉદ્ધાર;
દયાએ કીધું ગીતા ભાગવત, દયા કરી સરજાવ્યા સંત;
દયાસારૂ દાખવ્યા ધર્મ, અખા હરિનો મોટો મર્મ. ૭૧૨
આત્મઉપકાર કઇ પેરે કરે, કોણ ઉપકારે આત્મા ઠરે;
ભક્ત યથારથ જે કોઇ હોય, આત્માસહિત સમર્પે સોય;
કરી સમરણ નિર્મળો થાય, અખા ધણીનાં થકો ઠેરાય. ૭૧૩
દેહકાળ દ્વૈતપદને નડે, જેમ સજીવનસાથે સજીવન લડે;
પણ જીવન્મૃત જે વિરલા મને, તેને તે સજીવન શું દમે;
જડચેતન તે શબની સમાન,અખા તેજ સજીવન જેને વસ્તુજ્ઞાન.૭૧૪

**જગત** પ્રપંચ એમ ચાલ્યો જાય, જીવપણે જીવે તે સજીવ કહેવાય;
જડવત જીવનો એવો મતો, જીવન્મૃત જ્ઞાની ગણુવો અણુછતો;
મૃતકજ્ઞાની તે સજીવન સહી, અખા જીવપણે જીવે તે જીવતો નહીં.
**મૂળ** સ્વરૂપ કહ્યું નવ જાય, એક સ્વરૂપ તે કેમ કહેવાય;
પ્રભુ આકાશથી ઉંચા ઘણા, ઉંડાપણુની નહિ કાંઈ મણા;
દશે દિશામાં વ્યાપક અનુપ, એ હૃદે થાય કેમ અકળ સ્વરૂપ;
પૂર્ણાનંદ કરી વિચાર, સ્વરૂપ ધારણ કર્યો ઉપકાર. ૭૧૬
**જેને** જડયું તેને સમું ફળ્યું, જેમ બીબે રૂપ ઢળે વણુ ઘડયું;
વણુ ઘડયો જેમ ઉપજે ઘાટ, અહંકૃત જ્ઞાન એ મ્હોટો ઉચાટ;
નિત્ય અનિત્ય સમજાયું ખરૂં, અખા પ્રપંચને મેલે પરૂં. ૭૧૭
**સમજુ** શાખી અરધ ઓચરે, તેની તરોવડ શું પંડિત કરે;
પંડિતને પંડિતાઈનું જોર, પણુ અંતઃકરણુમાં અંધારૂં ઘોર;
અખા તેથકી પ્રાકૃત ભલા, જો આવે સમજ્યાની કળા. ૭૧૮
**શબરી** સંસ્કૃત શું ભણી હતી ભાઈ, કયા વેદ વાંચ્યા કરમાબાઈ;
વ્યાધ તે શું ભણ્યો તો વેદ, ગનકા શું સમઝતી હતી ભેદ;
વળી શ્વપચની સમઝયો રીત, અખા હરિ તેના જેની સાચી પ્રીત. ૭૧૯
**ઝીણી** માયા તે છાની છરી, મીઠી થઇને મારે ખરી;
વળગી પછી અળગી નવ થાય, જ્ઞાની પંડિતને માંહીથી ખાય;
પણુ ઝીણો થઇને ઝીણી હણે, અખો સાચી પ્રીત તેની ગણે. ૭૨૦
**ન્હાયા** ધોયા ફરે કુટડા, ખાઇ પીને થયા ખુંટડા;
જગત પ્રમોદે જાડા થઇ, પણુ ઝીણી માયા તે માંહી રહિ;
કાય કરે તે ઝીણાની પક્ષ, તે ઝીણી જાડાને કરશે ભક્ષ. ૭૨૧
**છતી** આંખ ને જઇ આથડે, જેમ પતંગિયો દીવામાં પડે;
જો કદાપિ ઉપજે વૈરાગ, તો મીઠી માંહિથી ન દીયે માગ;

કોઈ કમાય ને કોઇક ખાય, કહે અખો મુડી ક્યાંથી થાય. ૭૨૨
**મુડી** વણુ કંઇ મહીપતિ વહ્યા, મુડી વણુ કંઇ લોકજ રહ્યા;
મુડી વણુ કંઇ કહાવે મહંત, મુડી વણુ કંઈ ભેખ અનંત;
મુડી વણુ કંઇ ધનવંત ઘણા, હીરા માણેકની નહીં કંઈ મણા;
અખા રહેણી આંક લખ્યો નહિ એક, એમ એકડાવોણાં મીંડાં અનેક.
**અનેક** રૂપે માયા રમે, ત્યાં તેવી જ્યાં જેવું ગમે;
વળી જો કોઇને જ્ઞાન ઉપજે, તો જ્ઞાની થઇને ભેળી ભજે;
જે કર્મ હોય મુકવા જોગ, અખા તેનોજ પડાવે ભોગ. ૭૨૪
**એવા** માયાના ઘણા છે ઘાટ, જ્યાં જોઇએ ત્યાં માયાનાં હાટ;
હાટે હાટે વહોરતાં હોય, કોય ખાટે કોય મૂળગું ખોય;
ધન વહોરતિયા જેણે વસ્તુ જોઈ, અખા પ્રેમના પાત્ર વડા નર સોઈ;
મોહ માયા નરમાઇને શું કરે, બળતી અગ્નિ પણ જળમાં ઠરે. ૭૨૫
તૃણુ તરૂવરને અગ્નિનો ભય, આકાશ દાઝયું તે કોય ન કહેય;
એમ અલ્પ આનંદિ સદા અલ્પાય; અખા પ્રેમાનંદનો પ્રલય ન થાય;
પ્રેમાનંદની ભક્તિ આકરી, વસમી વાટ મહા ખરેખરી. ૭૨૬
**કામ**રહિત તે કામનો વેશ, તેનો જ્ઞાની પંડિતને ન લાધે દેશ;
પ્રેમાનંદી જ્યાં ગાય ને વાય, અલ્પાનંદીને અટપટું જણાય. ૭૨૭
**અલ્પાનંદી** પોતાને પ્રેમાનંદી ભણે,જેમ વાંઝણી પુત્ર ખોળામાં ગણે.
વાંઝણી પુત્ર શોભા અભિમાન, પણ ઉદરમાં નથી ઉપન્યું ગણે સંતાન;
એમ અલ્પાનંદી પોતાને ગણે ભલ, અખા પ્રેમાનંદ નથી ઉપન્યો પલ.
**એમ** ગાય વજાડે ગુણિજન ઘણા, રંગે રૂપાળા નહિ કાંઈ મણા;
કંઠે સુર તાળી ને તાન, ગમે ગંધવ ને પાતરનું ગાન;
પણ અખા એ તો કસબણ કહેવાય, પતિવ્રતા પુર્વે તેમ ગાય.૭૨૯
**પતિવ્રતા** તે જે પિયુને ભજે, અનાયાસે અવરને તજે;

તેનાં વસ્ત્ર સાંધ્યાં જેમ તેમ, તેની બરોબરી વેશ્યા કરશે કેમ;
અખા પતિવ્રતા કરૂપણી હોય, પણ મોટો ગુણ માંહે પતિવ્રત જોય.
**પતિવ્રતા** તે જે સાચું વદે, સાચું બોલ્યું કેને ન સદે;
સાચું તો લીંમડાનું પાન, તેમ કડવું લાગે સર્વે જ્ઞાન;
કડવે રોગ કાયાનો જાય, અખા મીઠાશે રોગ બમણો થાય. ૭૩૧
**રોગીને** તો કડવું ઘટે, લીંમડો પીધે રોગ માંહીથી મટે;
નિર્ગુણ લીંમડો જો રોગ નિર્ગમે, તો સગુણ ભોજન સુખે જમે;
નિર્ગુણ થઇને સગુણમાં મળે, તો અખા દૂધમાં સાકર ભળે. ૭૩૨
**વિષય** સગુણ તે વિષનું રૂપ, હરિલીલા સગુણ તે અમૃતરૂપ;
વિષ અમૃત જો ભેળાં થાય, તો વળતું સર્વે વિષ થઈ જાય;
નિર્વિષપણે કરે પ્રેમ કલ્લોલ,અખા સર્વે મીઠું જેમ ઘી ને ગોળ.૭૩૩
**નિર્વિષપણું** તે સજીવનદશા, વિકારસહિત તે મુડદા જશા;
મુડદાંની આભડશેટ ઘણી, તે આભડશેટ કોઇયે નવ ગણી;
અળગી આભડશેટ જોવાજાય,પોતાની આભડશેટ પ્રલય ન થાય.૭૩૪
**પોતાનું** કોઇ ન જુવે મૂળ, કોણ છે જીવ ને કોણ છે સ્થૂળ;
કયો જીવનો કહિયે દેશ, કયાંથી આવી કર્યો પ્રવેશ;
જાતો કયાં તે સમાશે જઈ, અખા એ અજાણપ સર્વમાં રહી. ૭૩૫
**અજાણી** વસ્તુ મહા અનૂપ, ધણીના અંશ ને ધણીનું રૂપ;
જેમ અર્ણવજળ રણમાં પરવરે, જામે ત્યારે નામ તેનું નોખું ઠરે;
તેમ ધણીના અંશમાં પરવર્યા ભાઇ, આસુરી રણમાં રહી સમાઇ.
**અજ્ઞાની** કહે હરિ એમ કેમ હોય, નોખો નોખો ઘણું વગોય;
સુખિયો દુખિયો થઇને દળાય, એવી ગડબડ કેમ કળાય;
અખા તેહનો આજ જવાબ,જે સુખદુઃખથી હરિ અળગા આપ.૭૩૭
**જેમ** લુણ આવી આંધણમાં ઉકળે, તો અર્ણવ તેથી શેને બળે;
તેમ સુખ દુઃખ સઘળા જીવને, તેમાંથી કાંઈ નથી શિવને;
લુણ જળ થઈ જળમાં ભળે,એમ સુખદુઃખ અખા દાસ થયે ટળે.૭૩૮

લુણુ તો જળમાં જઇ જળ થયું, ત્યારે લુણપણાનું નખોદ ગયું;
ઘણા કહે જ્યોતમાં જ્યોત સમાઇ,એમ દાસનું નખોદ ન હોય ભાઇ;
જળનું લુણુ તે જળમાં ખપે, અખા હરિના દાસ તે હજુરમાં જપે.૭૩૯
નકલ એમ ઉરમાં નહિ આણ્ય, હરિજન રૂપ અસલ કરી જાણ્ય;
એ દીઠે આપણો સરશે અર્થ, જોયા કરે મર જુજવા ગ્રંથ;
થડથકી તો ડાળે ચહડાય, અખા ડાળેથી થડે ઉતરાય. ૭૪૦
થડને ગ્રહો એમ સઘળા કહે, પણ ડાળ વિના ફળ ક્યાંથી લહે;
એકલું થડનું થડ જો હોત, તો કોણ કહેનાર ને કોણ આ જોત;
અખા ડાળ પત્રપુષ્પફળ થડમાં,તેમ લીલા અવતારનામ સર્વે અટલમાં;
ઉપમાસહિત જે આત્મા કથે, તે મહીવિના જેમ પાણી મથે;
પાણીવિના જે મહી ડોળવું, તે ભાંગે ઘણું પણ થાય ઘોળવું;
જુગતિ જાણ્યા વિના જો એકલું ધ્યાય,તો અખા એકલે નવનીત ન થાય.
તેમ આપ ટાળી જો જુગ આચરે, તો ગુણવડે ગુણાતીતને વરે;
ગોરસ ને જળ ભેળાં મળે, મથે તો રૂપ મહી જળનું ટળે;
મથતાં માખણ થાય પ્રકાશ, અખા પછી રહી તે પરઠી છાશ. ૭૪૩
નવનીત કમાયો જુગતે કરી, જેમ દેહ આતમાવડિયે ઓળખ્યા હરિ;
તે વિવેકી સદ્ગુરૂએ વલોવ્યું જદા, નવનીત નિરાળું પામ્યો તદા;
અનુભવ અગ્નિએ કીધું તૂપ, અખા ભાળ્ય એ બ્રહ્મસ્વરૂપ.૭૪૪
મન મૂકી જેણે ભક્તિ કરી, તેણે દીઠા નિરંતર હરિ;
પૈની પેરે ઘરમાં વશ્યો, તે શોકે ન રોયો ન હર્ષે હશ્યો;
અખા તેજ નર સુખિયો થયો, દ્વંદ્વાતીત નર સુખમાં રહ્યો.૭૪૫
આદિકર્મ કીધે જીવ થાય, જેને કારણ અહંતા પરઠાય;
પંડિત જાણે કવિનો મર્મ, અખો જાણે જીવ સાધે ધર્મ;
એ વિગત કરે તે વક્તા ખરો, અણજાણે ભૂલા કાં ફરો. ૭૪૬

ઇતિ શ્રીઅખાના છપ્પા સંપૂર્ણ.

# અખાનાં પદ.

## રામગ્રી રાગનાં પદ.

### પદ ૧.

બ્રહ્મરસ તે પીએ રે, જે આપત્યાગી હોય;
ભગળવિદ્યા નટખેલ છે, તે ખેલે અખેલા કોય. ધ્રુવ. ૧
કેસરીકુખથી સંચરે, અને વાંકા રે મહાવીર;
તે ગર્જનાએ ગજરાજ નાસે, સીંધલ છંડે ધીર. ૨
સાત સાયર સહેજે તરે, જેને એક અંજલી નીર;
ખુડે નહીં કહું બિર્દ ભાંખી, ત્રવેણીને તીર. ૩
સંગ્રામે શૂરા લડે, જેના ધડપર ન હોય શીશ;
ધાર અણી અટકે નહીં, જેને રોમે રોમે જગદીશ. ૪
મહાપરમારથી તેને કહીએ, જે સર્વને કરે સંત;
કહે અખો મહાતેજમાંહે, તે મળી રહ્યા મહંત. ૫

### પદ ૨.

તે ગુરૂ સેવીએરે, જેનું મૂલ તોલ ન માપ;
ગુરૂને આદ્ય અંત ને મધ્ય નહીં, તેનો થાય ન કેવો થાપ. ધ્રુવ. ૧
પરપંચથકી પરેરડો, ને લોહચમકને ન્યાય;
જડ હતો તે ગુરૂવડે, સંયોગે ચેતન થાય. ૨
ગુરૂને નામ ઠામ ને ગામ નહિ, અને સર્વનો વિશ્રામ;
ઉત્પત્તિ સ્થિતિ લય ગુરૂવિષે, અને કહાવે સદાય અકામ. ૩
ગુરૂ મારો નવ અવતરે, અને નવ ધરે ગર્ભવાસ;
ઉપજે તે વણસે ખરો, એ તો માયાનો વિલાસ. ૪

ગુરૂમહિમા સદાશિવ લહે, સનકાદિક શેષનાગ;
શુદ્ધ વિચારે સ્વેં અખા, જો ગુરૂ કહે ગુરૂભાગ. ૫

### પદ ૩.

ગુરૂઆ ગુરૂ મળ્યારે, એવા સત નિરંજન દેવ;
મિષ્ટ વચન ગુરૂદેવનાં, તેનો વિરલા જાણે ભેદ. ધ્રુવ. ૧
ગુરૂને જાત વરણુ આશ્રમ નહીં, સહેજપણે અવધૂત;
ગુણસાથે નહીં યોજના, સ્પર્શે નહીં પંચભૂત. ૨
અખિલ જગત ગુરૂમાં રહે, અને ગુરૂ રહે નિરાધાર;
અન્ય આશ્રિત નહીં ગુરૂવિષે, તે રહે પરાને પાર. ૩
એ અચરજ ગુરૂનું ઘણું, જે અરૂપી ને અણુલિંગ;
સ્વભાવે સાક્ષી તે સદા, પ્રતિબિંબે પંચ રંગ. ૪
સામર્થ્યે સઘળે રહે, અને સ્વેં રહે સંતપાસ;
ત્યાં મેળાવો અખા માહેરો, એ તો સ્વેં મળે અવિનાશ. ૫

### પદ ૪.

વચન વહાલાતણું રે, એવા જીવતણાં રસરૂપ;
જેણે ભ્રમભોંરીંગ ઉતરે, એવા સબીજ સતસ્વરૂપ. ધ્રુવ. ૧
જેમ મરણ વિદ્યા સંજીવની, તે શબ્દે કરે પ્રવેશ;
તેમ વચનદ્વારે ગુરૂ વસ્યા, ત્યાં દ્વૈત નહીં લવલેશ. ૨
બાજ્ય કે અંતર રહ્યા, એવો જીવે કળ્યો નવ જાય;
ઘટમટે સભરા ભર્યો, તેને શરીર વિના સર્વ થાય. ૩
ક્યારે બોલે નિજ ઘર રહી, ક્યારે બોલે પ્રપંચ;
પણ વચન સમજે ગુરૂતણાં, તેને ન લાગે માયાનો અંચ. ૪
મુજમાં આવીને માનિયો, ગુરૂએ કહ્યો ગુરૂભાગ;
ત્યારે અક્ષયસાગર ઉલટયો, ત્યાં નહીં રાગવૈરાગ. ૫

### પદ ૫.

સ્વેં સતગુરૂ મળ્યા રે, મન પામ્યું વિશ્રામ;
જીવ થઇને જીવતો, હવે રમે થઇને રામ. ધ્રુવ. ૧
સ્વપ્નમાં સુખિયો થઇને, ભોગવતો બહુ ભોગ;
ચાર અવસ્થાસહિત છુટયો, આદ્ય અંતનો રોગ. ૨
આપના અંધકારમાંહી, અજાણ્યો હુતો આપ;
પ્રાણ પ્રભુ કરી જાણતો, ઇચ્છતો પુણ્ય ને પાપ. ૩
સમાગમે સિદ્ધ ગુરૂ મળ્યા, અને ટાળ્યા ત્રિવિધ તાપ;
હવે સહેજને સુખે રમે, નહીં થાપ ન ઉથાપ. ૪
સદ્‌ગુરૂની જે કળા સમજે, તે તરીને બેઠા તીર;
સિંધુ માંહે રવિ રમે, તેને નિશ્ચય ન બોળે નીર. ૫
નિસ્પૃહી નિર્લેપ નિર્ગુણ, અનુભવના ભંડાર;
કહે અખો પરિબ્રહ્મ પૂરણ, તત્ત્વ તદાકાર. ૬

### પદ ૬.

સમસ્યા સંતની રે, પરબ્રહ્મપદનું રે દ્વાર;
સમજતામાં સ્વેંજ થઇએ, એવો તે બ્રહ્મવિચાર. ધ્રુવ. ૧
મહારાજ બેઠા માળિયે, તે અધિકારે ઓળખાય;
આંગળીવડે ઓળખાવતાં, તે નર અપરાધી થાય. ૨
પ્રતાપ દેખી પરવરો, ઓળખવા છે ઈશ;
જ્યાં જેવો ત્યાં તેવો, ચેતન બ્રહ્મ જગદીશ. ૩
જેમ ધેનુ કાળી કાબરી, ધુંખલી ધોળેવાન;
કપાતે તરણી કાલપુંછી, રાતડી ચાલી રાન. ૪
તેના ધણીના દરશનવિષે, તે એંધાણે ઓળખાય;
તેના પયતણું પારખું કરતાં, બુધ્ય તે બુડી જાય. ૫

સ્થાવર જંગમ લક્ષ ચોરાસી, દેવ દાનવ નર નાગ;
ત્રિગુણકેરા ઘાટ નાના, માંહે માયાકેરા ભાગ. ૬
તેની ચેષ્ટા ચપલતા ચરિત્ર નાના, તેને જોતાં ભૂલે જંત;
તે કાર્ય જોતાં કારણ ભૂલે, જેમ માળાવિષે તંત. ૭
નામ રૂપ નરને વિષે, જેમ ધાતુઉપર મોહોર;
ધાતુઠામે બ્રહ્મ જાણો, માંહે નાના નામ અંકોર. ૮
તેને દૈવદૃષ્ટે નિરખતાં, તે અધિક ન્યૂન ન થાય;
ગુણવાદી ગામ નામ ઠામે, તે દ્વૈત જોઇ ડેંકાય. ૯
તે વિગત નામે વસ્તુમાંહે, કોય જાણે વિરલા સંત;
તે ભક્તિ વૈરાગ્યને આસને, તે બેઠા શોભે મહંત. ૧૦
જેમ રાજાની આણ સહુને વિષે, પણ રાયને ન આણ;
અખા સમજતાં અર્થ થાય, પહોચે પદ નિરવાણ. ૧૧

પદ ૭.

આપે આપ તું રે, હુંજ નબળું શેષ;
તું બોલે ચાલે સાંભળે, તેં મામરો લીધો વેષ. ધ્રુવ. ૧
હું પડછંદો તાહરો, તાહરે તે શ્વાસે શ્વાસ;
મન તું તન તું ત્રિકમા, તુજમાંહે તે માહરો વાસ. ૨
પહેલો પાછલો તું પ્રભુ રે, પદ થતે હું જાણ;
તેજ પ્રોક્ષણ તાહરૂં, જેમ કિરણને ભાણ. ૩
મુજ દૃષ્ટાંતે સૃષ્ટિનો, સરવાલો એકમેળ;
ઊંચ નીચ નહીં નિરખતાં, જેમ સાકરનું નારકેળ. ૪
જેમ અંબુધીમાંહેથી અંબુને, લઇને વરસે છે વાય;
તેનાં નદી નાળાં નામ ધર્યાં, પણ ભર્યામાં ભેળાં થાય. ૫
જ્યારે હું થઇને તાહરૂં, કાઢવા જાઉં છેક;

ત્યારે વિલય થાઉં વિચારતાં, તો કોણ કહે બે એક. ૬
આરોપણ હું તુંપણું, એ સમર્થતાની ગુંજ;
હું હુંને પ્રણમી કહું, એ આપે આપની સુજ. ૭
આવું આરોપણ અણછતું, અને વસ્તુગતે તું રામ;
એમ જોતાં હુતું તેમ થયું, સહેજે સાધ્યું કામ. ૮

## પદ ૮.

ઉગ્ર બુદ્ધિએ સમજે રે, જે રહે પ્રપંચને પાર;
જેને વિશેષણ એકે ન લાગે, નહીં વિચારાવિચાર. ધ્રુવ. ૧
અલખ અરૂપી નહીં ગ્રાહ્યગ્રાહક, સૂક્ષ્મ વેદ તે સાર;
તેને જીવબુધ્યે જોતે થકે, નવ પામીજે પાર. ૨
તત્પદ ને ત્વંપદ, અતિશય આઘો જેહ;
અસિપદ અવાચ્ય અવ્યય, અંબરવંતતા તેહ. ૩
નિસ્પૃહી જે પુરૂષ પૂરણ, જેને વૈકુંઠસાથે વૈરાગ્ય;
તેને સ્વર્ગભોગ કેમ સંભવે, જે જાણે તત્ત્વના ભાગ. ૪
નિરાધાર નિર્વાણપદના, ભોગી તે મહાજન;
આપ ઉવેખીને આપ ઓળખે, ટાળે ભિન્નાભિન્ન. ૫
મુક્તાફલના હંસ ભોગી, ત્યાં બગ ન બૂડે ચંચ;
ઉજલામાટે એક ન હોય, એને સંગ ન લાગ્યો રંચ. ૬
બુધ્ય ન ઉપજે બગવિષે, જેનું મીન ભોજન સાર;
મરાલ ન ભક્ષે મીનને, એ ન હોય એનો આહાર. ૭
એમ દેહદર્શીને દેવદર્શી, દેવદર્શી દેહ ન હોય;
કથણી કુસકા કુટતાં, તે ભાવ ભરોસો ખોય; ૮
અણુલિંગી ઉપદેશ કરતાં, કાંઈક હોય ઉગાર;
જે વટક્યો તે વંઠ્યો ઘણું, અને સામો થયો નિ:સાર. ૯

બ્રહ્મવિદ્યા તે ભાર મ્હોટો, સાર માંહેનો સાર;
અજરણુજરણુ તેહને ન હોયે, જે બ્રહ્મનો અવતાર. ૧૦
આકાશવંત અનંત આશે, પૂરણુપદ નિર્વાણુ;
સદ્‌ગુરૂને નેત્રે જોતાં, નિત ઉપજે અખા જાણુ. ૧૧

પદ ૯.

તે હું જાણીઓ રે, જે જાણુણુહારો સ્વે આપ;
પ્રપંચ સઘળા સમી ગયા, જ્યારે આપમાં જાણ્યો વ્યાપ. ધ્રુવ. ૧
સોહંતેજ સનાતન, જ્યાં નિગમ રહ્યા બળહાર;
તે હું જગત જગત મુજમાંહે, હું નિર્ગુણ ગુણુનો ભંડાર. ૨
અનલ અનિલ ને વળી અવની, આપ આકાશ મુજમાંહે;
સત રજ તમ સત્તા સર્વ માહરી, એ તે હું નહીં પ્રાયે. ૩
શબ્દ સ્પર્શ રસ રૂપ ગંધ, પાદ પાણુ ગુદ લિંગ;
ચલનવલન ચેતનતા માહરી, હું ન આવું કોઇને અંગ. ૪
નેત્ર શ્રવણુ નાસા ત્વચા જિહ્વા, મન બુદ્ધિ ચિત્ત અંહકાર;
જીવાત્મ પરમાત્મ તે હું, પણુ બંધ નહીં કહેવાય. ૫
ભૂમિ વરૂણુ રવિ દિગ મારૂત વહ્નિ, ઇંદ્ર વિષ્ણુ મૃત્યુ બ્રહ્માએ;
સંકર્ષણુ વાસુદેવ પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ એવું મુજમાંએ. ૬
ઉત્પત્તિ સ્થિતિ લય પ્રકૃતિ પુરૂષનું, તત્ત્વમસિપદ જોતે;
અખાને ઓચરવું, એ સ્વે પોતાનું પોતે. ૭

પદ ૧૦.

પ્રીછે પાધરૂં રે, ભાઈ અણુપ્રીછે ઉપાધ;
પરમાત્માની પ્રીછ હવી, ત્યારે ભાંગી ભવની બાધ. ધ્રુવ. ૧
અણુજાણે સઉ આથડે, અને દેવ દેવી ધ્યાય;
જો પ્રભુ દેખે પંડમાં, તો સીદ બહારે જાય. ૨

તેને કામના લાગી સ્વર્ગની, માંહે ભ્રમરૂપી ભૂત;
તેણે ખાઇને ખોખું કર્યું, કેમ વાત લહે અદ્ભુત. ૩
તેને શાંતિ સુખ આવે નહીં, મોહ્યો તે અમરની આશ;
તે ભરે બથોડાં પાણુસું, જાણે દારિદ્ર થાશે નાશ. ૪
જેમ મુંડાકેરૂં માંકડું, તે ઘરઘર માગે ભીખ;
પગે લાગે ને પેટ દેખાડે, તોયે ન પામે શીખ. ૫
તેને નિસ્પૃહી નર જો મળે, તો મુકે મમતા મન;
કર્મ સઘળાં બાળીને, નિજ જ્ઞાન આપે ધન. ૬
સાધન કરી કરી શરણે જાય, તોયે ચડે કાળને હાથ;
કાળ ભવની ઘાણી જોતરે, તેને નાકે ઘાલી નાથ, ૭
વપુ વિદેહી તે કરે, જે જીવનમુક્તા હોય;
પાધરો માર્ગ મુક્તિનો, અખા આચરીને જોય. ૮

## પદ ૧૧.

પ્રાણી પ્રીછજો રે, એ સંતકેરી સાન;
અન્ય સાધન સાંભળી, તું મેલા કરે કાં કાન. ધ્રુવ. ૧
અક્ષર તો ખરે નહિ, અને ખરે તે અક્ષર ન થાય;
જ્યારે ખરને ખસતો મેલિયે, ત્યારે અક્ષર થઇને રહેવાય. ૨
પ્રીછે પ્રીછવણ પાંગરે, અને અણપ્રીછે અંધાર;
જેમ મહી થતે માખણ પ્રગટયો, તેને નાંખી છોડયો છાર. ૩
પાંચના પંચવીશ જે તે, આત્માને આડ;
શોધીને શુદ્ધ કીજિયે, ત્યારે જાયે જાડ. ૪
તેજે તેજજ દેખીએ, અને હીરે હીરો વીંધાય;
તેમ તત્ત્વે તત્ત્વ ઓળખે, એ સદ્‌ગુરૂકેરો ઉપાય. ૫
વિચારે વસ્તુ પામીએ, કલેશ ન કરીએ કાંય;

સમ્યક્ મુખ તો દેખીએ, જો આરસીમાં જોતો જાય. ૬
મુકવાને નથી માયા, ગ્રહવાને નથી ઘાટ;
પાર પામે પ્રીછતાં, જો નિઃશંક નાખે નાટ. ૭
શાસ્ત્રનો સિદ્ધાંત એહ, ઉપનિષદનો એહ અર્થ;
અખો સીધ્યો સાધતાં, જેમ હાથે કાંકણુ તરત. ૮

## પદ ૧૨.

પ્રભુ છે પ્રીછમાં રે, કાંઈ ભેદુ જાણે ભેદ;
જે બોલે ચાલે સાંભળે, જેને નિત્ય વખાણે વેદ. ધ્રુવ. ૧
અળગો આત્મા બોલીએ, અને સ્વર્ગ મૃત્ય પાતાળ;
તોય પ્રત્યક્ષ ન પામીએ, જેમ બ્રહ્મા ભમ્યા નાળ. ૨
જેમ હીરો હીંડે ખોળતો, તે જોત જોવા જાય;
તેજ તારી આંખમાં, જો મેલ પાછો થાય. ૩
જાણપણું જે જીવનું, એજ એહને આદ;
સ્વામીના સ્વેં સલંગ છે, આકાશમાં ન હોય વાડ. ૪
જેમ સૂરજ આગળ રત્નની, કીજે ભૂષણરૂપણી ઓટ;
તોય દેખાડે મલિનતા, નિજ કાંતિમાંહે હોય ખોટ. ૫
હું નહીં તું નહીં તે નહીં, એહવું તે તેમનું તેમ;
મહાતિમરમાંહે માનવી, નિજ અંગ ન દેખે એમ. ૬
રામતારક મંત્ર એહ, તે સૃષ્ટિ અભાવનો લક્ષ;
વસ્તુએ વસ્તુ મળી જવું, જેમ લવણ અંબુમાં અલક્ષ. ૭
સ્વેં રામ તે આત્મા, પણ મૃત્યુ કામ ને કાજ;
તેની વસ્તુએ વસ્તુ થઇ જવું, પામવું અવિચળ રાજ. ૮
એ વિદેહનાં વચન અખા, તે વિદેહી ધારણહાર;
પદ જાણીને પ્રીછજો, એતો વાણિરહિત વિચાર. ૯

## પદ ૧૩.

રમત રામની રે, માંહે રમણહારો રામ;
તુંજ સ્વામી ને તુંજ સેવક, વચે વિશ્વકેરૂં રે નામ. ધ્રુવ. ૧
મચાણો તું મહારાજજીરે, રચાણો ચારે ખાણે ચાર;
ત્રિલોક નામ તે તાહરૂં, તું નર નપુંસક નાર. ૨
બહુપગો ને પાંગળો, બે ચાર છને આઠ;
કહીં પગો ને કહીં અણપગો, એવો વાંકો વસમો ઠાઠ. ૩
કહીં અધમુખો આખો સદા, કહીં બેઠો બારે કાળ;
ઉભો ફરતો શ્રીહરિ, કહીં વૃધ જોબન ને બાળ. ૪
એમ ભર્યો તું ભગવાનજી, અને ઠાલું એવું જાળ;
કહીં વૈરાટ કહીં વામણો, કહીં ક્રૂર કહીં કૃપાળ. ૫
દીન દુર્બળ બીહામણો, કહીં અહંકારી આનંદ;
સઘલી પરે પીયુ તમો, શોધતાં ન મળે ધંધ. ૬
વેદાંત જે વદતું હતું, સૃષ્ટિ અનુભવનું લક્ષ;
બ્રહ્મપદની સાધના, સાધતાં પ્રીછે પક્ષ. ૭
હું નહીં ને તું નહીં, એવું તે સરખું આપ;
જે જેમ હતું તે તેમ થયું, એમ અખો સમજ્યો વ્યાપ. ૮

## પદ ૧૪.

પ્રભુ કેમ પુજીએ રે, તમે જુઓ વિચારીને વાત;
રૂપ અરૂપી રામ છે, તેને ધ્યાવાની કઇ ધાત. ધ્રુવ. ૧
નિગમે નવ જાણીયું, જ્યાં પામે મનવાણી વિરામ;
પછી ચાર માંડી પ્રતિમા, એ છે ભુલવણીનું નામ. ૨
કાષ્ઠ મૃત પાષાણ ને ધાતુ, એ છે મૂરત ચાર;
માંહે મુકી મનને, પછે માંડી તે ઠારેઠાર. ૩

દેવ દેવી પંચભૂતનાં, પંચભૂત પૂજે સોય;
સામગ્રી સર્વે પંચભૂતની, પંચભૂતવિના નહીં કોય. ૪
પચાંતીત તો પામીએ, તો પૂજ્યાનું પ્રમાણ;
અજાણે કરે આરાધના, તે કુકસા કુટે અજાણ. ૫
અજાણે આદર કર્યો, ધોખો ન ટળે ને ધ્યાય;
દેહના કર્તવ્ય દેહલગે, જાય ધમ્યું ધુપીયું વાય. ૬
સરવાળો કર્યો ચૌદનો, એ તો નામરૂપની સૃષ્ટ;
રૂપ અરૂપી સમરસ થાશે, જોતાં સદ્ગુરૂની દૃષ્ટ. ૭
ઉઠ ઉફરે જે રહ્યું, દૈવ દૈવત દેવ;
અખા અર્પે આપને, તો સમરસ સાચી સેવ. ૮

પદ ૧૫.

ભાકસી ભ્રમની રે, ભાઈ ભોગવે સર્વ સંસાર;
વણ ગુન્હે વિશ્વ બંધાણી, તે કેમ ઉતરશે પાર. ધ્રુવ. ૧
જોગ લીધો પણ જુક્તિ ન આવી, પડી તે જાણો એ પેડ;
પહેલા ભાકસી ભોગવતો, પછે પડી તે પગમાં હેડ; ૨
અડસઠ તીર્થ ન્હાય ધુવે, પ્રાણી સાચવે સર્વે આચાર;
ન્હાયા ધોયાનું ઈષ્ટ ઘણેરૂં, તેથી નથી નીસરતો બ્હાર. ૩
તાળાં ખોલ્યાં ગુરૂ તનતણાં, જે જડયાં હતાં નિરધાર;
તાળું ખોલ્યું જ્યારે ખડકીતણું, ત્યારે ઠેકી નીસર્યો બ્હાર. ૪
બ્હારે નીસર્યો ત્યારે બુદ્ધિ આવી, ને કાટયા કર્મના પાસ;
કહે અખો તેને પાંખો આવી, તે ઉડી ચાલ્યો આકાશ. ૫

પદ ૧૬.

સંગત શું કરે રે ભાઈ જો, શઠ ન સમજે સાન;
વાંઝ બાલક પ્રસવે નહીં, તે જાય અનરથ ઋતુદાન. ધ્રુવ. ૧

જેમ પન્નગને પયપાન કરાવે, અમૃતરૂપી આહાર;
તોએ વિખિઓ વિષ છાંડે નહીં, સામા કોટિ વાધે વિકાર.૨
તીખાં રહે કપુર મધે, સદા ભેળો વાસ;
તોએ તીખાસ ટળે નહિ, એની બુધ્યે ન લાગ્યો બરાસ. ૩
દાદુર રહેતો વારિમધ્યે, નિકટ પેડીપાસ;
કલ્લોલ કરતો કીચશું, એને ન આવી કમળની વાસ. ૪
ચંદનનો ગુણ સદા શીતલ, ભેળો રહેતો ભોરંગ;
તોએ શીતલ થયો નહિ, એને નિત્ય અડાડતો અંગ. ૫
રાણી પાસે સદા રહેતી, દાસી પૂરણ પ્રીત;
તોએ ચેરી સમજી નહિ, એ રાજપદની રીત. ૬
શ્રીમંતપાસે સદા રહેતો, અહોનિશ રળતો રાંક;
અપરાધી અમથો રહ્યો, તો શ્રીમંતનો શો વાંક. ૭
અધિકારીને સદા આવે, આત્મલક્ષ અભંગ;
અખા એ પદ મુમુક્ષુને, સદા ફળે સતસંગ. ૮

પદ ૧૭.

જીવ શિવ એક છે રે, જો જાણે જીવની જાત;
પોતાને રંગ પાસ લાગે, ત્યારે બીએ પાડી ભાત. ધ્રુવ. ૧
ઇન્દ્રિયને અપવાસ શાનો, નહિ હર્ષ શોક ને કામ;
શહેર નહિ ત્યાં સેર શાનો, એ અખંડ બ્રહ્મનું ધામ. ૨
અનેક મુખ છે મણિને, તેને મુખે મુખે પ્રકાશ;
એક દીવો મારે અંતર દીસે, જેને રોમે રોમે ઉજાશ. ૩
સ્વપ્નમાંહે જેમ દેહ દર્શે, તે જાગ્યા પુઠે જાય;
નથી તેને શીદ નિંદીએ, રહીએ આપણે અનુભવમાંય. ૪
બીબાપ્રત્યે બીબું દીસે, તેમ તમારો વ્યાપ;

બોલે તે બીજો નહિ, જો સામો દીએ જવાબ. ૫
હરિજન એક છે, તેની વેદ પુરે સાખ;
આપ ટળી કહે અખો, તું નિઃશંક હરિભણી નાંખ. ૬

## પદ ૧૮.

સહેજે સમી ગયા રે ભાઈ, વિધિનિષેધ વ્યવહાર;
પાંચ ભાગે પદ કીધો, ત્યારે જાણ્યો જાણણહાર. ધ્રુવ. ૧
ભ્રમભય ભાગી ગયો રે, પાપપુન્યનો નાશ;
આશાતૃષ્ણા આથમી, ત્યારે નહિ સ્વામી નહિ દાસ. ૨
જન્મમરણનાં ઝાંઝવાં રે, જો તે દેખી જાગ;
પવનપાણીનો કોયડો, માંહે સોખે પોખે આગ. ૩
શબ્દકેરે સૂત્રને રે, ઘુંચાણું માંહે જાલ;
કળા કાતરણી ગુરૂતણી, તેણે કાતર્યા તત્કાલ. ૪
ઘેહન ઘેર્યો દેખતો રે, તેને તાણી કાઢયો તાગ;
અર્ક ઉગ્યો જ્યારે આતમા, ત્યારે નહીં દોરડી નહીં નાગ. ૫
ઉપર ટાળો આ કળા રે, નિરાલંબી વાત;
જીવ ખોઇને જીવવું, એવી નગાત રમવી ધાત. ૬
આદર તો અક્ષય સદા રે, અધ્યારોપને જાણ;
પરમપદની સાધના, એ તો પરમારથ કરી માન. ૭
અનળપંખીનો ઇંડવો રે, ભુલ્યો ન આવે ભોમ;
અણછતો અખો ઓચરે, જેને વાસ વસવો વ્યોમ. ૮

## પદ ૧૯.

બાવન બાહરો રે, હરિ નાવે વાણીમાંય;
મન જાણે કોઈ કલપીયું, તે ગિરામાંય ગુંથાય. ધ્રુવ. ૧
પરા પશ્યંતિ મધ્યમા, વૈખરી આવે બહાર;

તેના સ્વરસંધાતે ગુઝતાં, પણ રહે પરાને પાર. ૨
ભાઈ વિણા વાજે વાણુસું, તેને ગમે એસે ઘાટ;
તે ઠાઠથી ઠાકર પરો, પણ વાજે જંત્રી માટ. ૩
ભાઈ પ્રેમલમાટે પુષ્પ જેમ, અતિ મૂલ્ય પામે માન;
ફુલ ફરીને વાસ શોધે, એમ સમજવી સાન. ૪
જળ કુસુમને ગંધ અરૂપી, તે પ્રત્યક્ષ પામે કેમ;
તેમ અક્ષરમાં લય આત્મા, એ જુક્તિ જાણવી એમ. ૫
ફલ ફરીને બીજને, જેમ બહાર જોવા જાય;
બીજ બફાઇ સ્કંદે ચડયું, તે પોતે પ્રસર્યું પ્રાય. ૬
પંચ પંચક પાંગર્યા, એતો પ્રકૃતિનો પરિવાર;
પાછો પસારો સંવરે, બાકી શેષ રહે તે સાર. ૭
જેમ અવની લાગે અંકુર પુટે, એવું છે બ્રહ્મજ્ઞાન;
મરે જીવે માયા મિથ્યા, પ્રપંચ થાયે જેમ પાન. ૮
દૈવદૃષ્ટે એકો ન દીસે, બે દીસે તે રોગ;
અરવાચી એહના ઉપાસી, જ્યાં કો ભોગી ન મળે ભોગ. ૯
મિથ્યા સ્ફુર્યું આપ જાણો, અનજાયે અભ્યાસ;
અણછતો જ્યારે પ્રગટે, ત્યારે છતો થાય અખા નાશ. ૧૦

પદ ૨૦.

નથી તેને શું નિંદીએ રે, ભાઈ રહે અપણા અનુભવમાંય;
આછાં દોહેલાં ઉંડાં કહ્યાં, મિથ્યા જલ મરિચી દરશાય. ધ્રુવ. ૧
રાય સ્વપ્નમાં રંક થઇને, ભુખ્યો ધ્રાણો કરી ધાય;
જાગ્યા છે તેને જાણી રહેવું, નથી રંક ને રાજાય. ૨
સીંદરીનો સર્પ ભાસ્યો, અંધારે આંખ અવરાય;
મિથ્યા સર્પ માની રહ્યો, કહે બીજશે તો ખાય. ૩

આપે તે લહે જ્યારે આપને, ત્યારે અણછતું મન અલપાય;
સંશય શમ્યો ને દ્વૈત વામ્યો, નારાયણ નિર્ભય થાય. ૪

### પદ ૨૧.

પંડિતો પ્રીછજો, ભાઈ આપ ટળ્યે ભવ પાર;
ભણ્યે ભટક્યે નહિ ટળે, એ તો વાણીરહિત વિચાર. ધ્રુવ. ૧
ભાઇ યથાર્થ વ્યાકરણ વખાણે, જાણે તે ભવમાં પૂજ.
તેની લજ્જા વાધે લોકમાંહે, પણ અળગી આત્મગૂજ. ૨
જેમ સાવ સુવર્ણકેરો નાવ કીજે, તરે ન તારે તોય;
પાર ઉતારે કાષ્ટનું, જેને અંતર ભાર ન હોય. ૩
પોથામાં પ્રપંચ લખ્યા, કર્મધર્મના જાળ;
તેમાં પણ હાથે ધરીને, બેઠો બોધે બાળ. ૪
તે ગરવો થઈ ગોવિંદ સમરે, પણ માંહે તે ધનની ધાંખ;
કોણસ્વાદે કરીને પાંજર, ઘાલે કાપી પાંખ. ૫
વિશ્વ વિશ્વને ભોગવે, નિત્ય પંડિત પૂછવા જાય;
તે અર્થ સાધવા આપણો, ભાઇ કરે તે અનેક ઉપાય. ૬
કામી જાણીને કર્મ દેખાડે, પ્રપંચ પોષે પાશ;
અજ્ઞાન અંધારે બહુ ભમ્યા, કીધો જ્ઞાનકેરો નાશ. ૭
બ્રાહ્મણ તે જે બ્રહ્મ જાણે, અને બ્રહ્મ દેખી બ્રહ્મ ધ્યાય;
આપપણું પેખે નહીં, એવો વસ્તે વસ્તુ સમાય. ૮
નિરાલંબ પ્રપંચવર્જિત, અનાધાર આધાર;
પક્ષ પરાશે પરો સદા, તે અનુભવનો ભંડાર. ૯
આપથકો ઉપદેશ ન આપે, ન કરે લિંગનો લેખ;
ભવતારક ગુરૂ નાવ છે, પ્રપંચ ટાળે શેષ. ૧૦
નાશપણે નિર્મલ મતિ, નિર્વાણ ને નિરાધાર;

પક્ષપ્રતે પ્રીછે નહીં, અનુભવના ભંડાર. ૧૧
એવા નર તેને મલે, જેનાં ભાગ્ય હોય નિદાન;
હરિ હસતા મળતા મળે, કહે અખો જો માંડે કાન. ૧૨

## કેદારા રાગનાં પદ–પદ ૨૨.

જાવું તે સદ્ગુરૂને શરણે, જે પ્રત્યક્ષ પ્રમાણ પ્રીછવે;
બોલે નહીં આવરણે, જાવું તે સદ્ગુરૂને શરણે. ધ્રુવ. ૧
હું તું જો હમણાં ટળે, તો આગે છે એવું;
યોગ્ય યથારથ ઉપન્યું, કોય નવ હોતું તેવું. ૨
વસ્તુવિષે કાંઇએ નથી, જોતાં ગુરૂની દૃષ્ટે;
નામ રૂપ ગુણ કર્મ જે, તે થયું નથી સૃષ્ટે. ૩
જાય મિથ્યા ને મિથ્યાપણું, સત ભાસ્યું સર્વે;
જેને ઉપજે કામના, તેહ લાગ્યા કરવે. ૪
અણુલિંગી ઉપદેશને, અણુલિંગી આપે;
બીજા તે બીજું વદે, જીવ જાદુ થાપે. ૫
એકમેવ અદ્વૈત તે, ત્યાં વચન ન લાગે;
તનમનકૃત ત્યાં નવ ખપે, એક અનુભવ જાગે. ૬
મહાકલા છે મહાપુરૂષની, જો આપોપું ઉગે;
સ્વસંવેદ્ય શ્રીગુરૂ કહે, પણ કોઇએક પુગે. ૭
સમજતાં સ્વામી મળે, જો લક્ષ લેવાય;
ઉગ્ર બુદ્ધિ જાણે અખા, જો અણુચવ્યું ગાય. ૮

## પદ ૨૩.

સંતો રે અચવ્યો રસ ચાખો, ચવ્યો ચિત્તમાંહે નવ ધરો;
વિચારીને નાખો, સંતો રે અચવ્યો રસ ચાખો. ધ્રુવ. ૧
જે વણસે તે ઉપજે, ઉપજે તે વણસે;
પંચવિષેથી જે રહે પરો, તેમાં સદ્ય ભળસે. ૨

માપમાં આવ્યા શાને ગણો, આપ અળગું જાણો;
જેમ દરશન સંપુટ ભીડતાં, જોતા નથી બંધાણો. ૩
પિંડબ્રહ્માંડ છે જેવડે, નથી તે કોઈ માટે;
જેમ ભર્યું ભાંડ મુકી કરી, જેરચુવાણી કાં ચાટે. ૪
લીલા વિગ્રહ વિશ્વનો, તે વિશ્વમાં મુકો;
અણુઆયાસે પરમાત્મા, જોતાં કાં ચુકો. ૫
પહેલો થાપે આપને, સાહામો થપાયે;
થાપે સ્થિર તે નવ રહે, ધ્યેયધ્યાતા જાયે. ૬
તેજ ત્રિલોકી દેખીએ, તેજ તેજને રૂપ;
જેમ ડોળા ચક્ષુ નિરમલા, સરખા રંક ભૂપ. ૭
દૈવદર્શીનું દેખવું, અને જોયું ખોલી;
ખેચરગત ખેચર લહે, ભુચરને દોહલી. ૮

### પદ ૨૪.

સંતો રે વનસ્પતિ ફૂલી, માયા કેરા ધામમાં;
ઘર ગયા છે ભુલી, સંતો રે વનસ્પતિ ફૂલી. ધ્રુવ. ૧
વણ ચિતા વણ વરખડો, જઈ ગગનમાંહે મોર્યો;
ફાલ્યો ફુલ્યો બહુ ફલ્યો, ત્રિલોકમાં ફોર્યો. ૨
પગવિના પગ કાઢવો, વણવાટે દીવો બોવો;
જે ઘર જાવું મુઆ પછી, તે ઘર જીવતાં જોવો. ૩
પપીલ થઈને પરવરો, ઘરધન જેમ ફેડે;
જે ફળ છે અગમ અગોચર, તે ફળ વિરલા વેડે. ૪
ઘટઘુંઘટ ઘેરી રહ્યો, માયાશું મન બાધો;
ઘટઘુંઘટ અળગો કરો, તો સાંઈ આપે લાધો. ૫
અનેક પદવી ઉપરે, અક્ષર એક સુઝે;
અક્ષરે અક્ષર ઉતરે, અખો એ અક્ષય બુઝે. ૬

## પદ ૨૫.

સંતો રે વહેતે નવ વહીએ, આત્મા શું અવિલંબતા;
લયમાં લીન થઇએ, સંતો રે વહેતે નવ વહીએ. ધ્રુવ. ૧
અધિષ્ઠાન ઓળખ્યા વિના, સહુ પંથ પલાય;
ધ્યેતા હસના દેખીએ, ઘરના ઘરમાંય. ૨
જેમ ગાયો ઘાણીતણો, નિશદિન બહુ હીંડે;
જાણે હું અતિ આઘો ગયો, માયા મીંડેની મીંડે. ૩
એ માયાનું મરદપણું, અટપટું એહવું;
સૂક્ષ્મથી અતિ સાંકડું, વિસ્તિરણ એહવું; ૪
એ અજા લીયો ઓળખી, ધ્યાતાં ધામ ન આવે;
અંધારૂં ઉલેચતાં, નવ તિમર ત્રસાવે. ૫
ઉંડા નવ આણીએ, દિશા દૈવની લીજે;
રાંક કલોલકૃત કમના, મહાજન નવ રીજે. ૬
વહેતે વહેતું દેખીએ, બેઠા જળકાંઠે;
ઠહેરાણે સર્વ ઠામ છે, મણિ પામ્યો કંઠે. ૭
જે જાણે તે જાણજો, થોડે ઘણું ભાખ્યું;
લઇ શકો તે લિયો અખા, અજમાયલ નાખ્યું. ૮

## પદ ૨૬.

સંતો રે સચ્ચિદાનંદ સ્વામી, પૂરણબ્રહ્મ પૂરી રહ્યો;
એકલો બહુનામી, સંતો રે સચ્ચિદાનંદ સ્વામી. ધ્રુવ. ૧
ગિરિ ગેવર વન વાટિકા, પુરરૂપે પોતે;
સાગર સરિતા શ્રીહરિ, ભાગ્યો ભ્રમજ જોતે. ૨
દેવ દાનવ માનવ મુનિ, દશો દિશાએ દેખો;
અન્ય નથી કોઈ ઈશથી, એમ દ્વૈત ઉવેખો. ૩

જગત તે જગદીશ છે, આતમ નથી અળગો;
ઉંચ નીચ જે ભાળવું, તે તુંને ભ્રમજ વળગ્યો. ૪
આપે આપજ ઉલસીયું, બ્રહ્મ પોતે ભાઈ;
વટ બીજ જેમ વિલસ્યું, જે રહ્યું તું સમાઈ. ૫
સગુણદ્વારા શોભવા, નિર્ગુણ છે સમસ્યા;
આદિઅંત વિચારતાં, આવે એ દશા. ૬
તે ભક્ત તે જ્ઞાનવાન, તે પંડિત છે સાચા;
તે છે દેવ ઋષિ મુનિ, જેની બ્રહ્મમય વાચા. ૭
ધ્યેય ધ્યાતા એક ધામમાં, કરે બ્રહ્મ કલોલ.
આત્મસિંધુમાં અખા, કરો ઝાકમઝોલ. ૮

## પદ ૨૭.

ભાઇ રે સ્વેંપદ તે સાચું, સહજ શૂન્ય શમ્યા વિના;
જાણે સર્વે કાચું, સંતો રે સ્વેંપદ તે સાચું ધ્રુવ. ૧
કાચો મન એમ જાણવું, જેમ અધ કાચો પારો;
શુદ્ધ નિરાશ થયા વિના, ન હોય નિસતારો. ૨
જોગ જાગ તીર્થ વ્રત, એ કૃત છે મનનું;
મન ઉભે સર્વે ખરાં, મન બીજ છે તનનું. ૩
બીજ બળે નહીં જ્યાંલગે, ત્યાંલગે ઊગે;
થયાને સ્થિરતા નહીં, ફરે તે જુગે જુગે. ૪
અનુભવ એવો રે કીજીએ, જેણે મનની જડ જાય;
મન મુઆ પછે માનવી, વસ્તુરૂપજ થાય. ૫
સાધન એવું રે સાધિયે, અણુલિંગીને આસે;
મહાપુરૂષ મુક્તા હુવા, તે તો એજ અભ્યાસે. ૬
ખગાકાર વિના ખગવિષે, ભાઇ રે ન રહેવાય;

લિંગ ચતુષ્ટય તો ગળે, જો ખગવત્ થાય. ૭
તત્ત્વજ્ઞાની સર્વે તત્ત્વને, એણી પેરે જાણે;
અખો સમજી ત્યાં શમ્યો, જેને વેદ વખાણે. ૮

પદ ૨૮.

ભાઇ રે બ્રહ્મભાવ તે આણો, સ્થિર પૂરણ એક આત્મા;
સઘળે પ્રમાણો, સંતો રે બ્રહ્મભાવે તે આણો. ધ્રુવ. ૧
બ્રહ્મભાવ આણ્યા વિના, અનુભવ નહીં વાધે;
અનુભવ ત્યાં હું તું ટળે, એમ વસ્તુ લાધે. ૨
વસ્તુમાં અસતજ પામિયે, એ સાધન છે સાચું;
લય લાગ્યા વિના જાણજો, એ સર્વે કાચું. ૩
શૂન્યમંડળમાં સ્વામીને, જુવોને જમલો;
નાથ નિરખતાં નેત્રથી, જાય દ્વૈતનો કમળો. ૪
દ્વૈતસહિત અદ્વૈતનો, અનુભવ નહીં આવે;
વસ્તુ વિચારી લેતાં, મન સહજે સમાવે. ૫
જનક સનક શિવ શેષનો, અંતરનો એ આસે;
રામ કૃષ્ણ વસિષ્ઠ જે, તેહમાં રહ્યા વાસે. ૬
તન તપાસી દેખીએ, સદ્ગુરૂને નેણે;
જડતા જીવ ત્યારે ટળે, મહાપુરૂષને વેણે. ૭
માગતાં તેજ માનવી, જે હોય અલોકે;
અખે તે ઉરમાં ગ્રહ્યું, જે કહ્યું ચતુઃશ્લોકે. ૮

## રાગ ભૈરવ કેદારો પ્રભાતી–પદ ૨૯.

નર નિદ્રાણુ જ્યાંલગી હોય રે, ત્યાંલગી જાણે સ્વપ્ન સાચો;
જ્યારે પુરૂષે ભ્રમનિદ્રા તજી, પરગળો ત્યારે પરાયો પાછો. ધ્રુવ.૧
ચિદ્વિલાસ ચેતન ચિદ્રૂપ છે, ભેદ પ્રીછેથકે ભ્રમ ભાગે;
આત્મા એક તો અન્ય કહો ક્યાંથકી, ચિત્તતણી ચિંતના એમ જાગે.

સહેજ ઇચ્છાએ નર કોઈ પુદી ફરે, આપ ફરતેથકે દેખે સર્વ ફરતું;
મૂઢ થયો તે દેખે નહીં કો દિશા,તેમ જીવ જંજાળ લાગ્યું છે ઘરથું.૩
તેજ વસ્તુમાં ન પડે પૃથ્વીવિષે, નેત્ર મેલી રહે વ્રત મૂકી;
જે જેમ છે તે તેમ ત્યારે લહે,એતો અણછતું મન માયા મુક ફુંકી.૪
જાતાં આવતાં જંજાલ ટળી ગયો, લિંગનો ભંગ થયોજ લહેતે;
ભ્રમનિદ્રા તજવા જે કોઇ હીંડે અખા, તે તો માનશે વાત કહેતે. ૫

પદ ૩૦.

શું રે નિદ્રાળુ થઇ રહ્યા નાથજી, એ રે૦કુટેવ તુંને કયાંથી લાગી;
જે મુક્તાને દૂર દેખે શું દયામણા તું,આંખ મીંચીને શું બેઠો અભાગી.ધ્રુ૦
તેજ તારૂણી ત્રિકમ કયાં તમે ત્યાગશો, નાસશો જ્યાં ત્યાં નારસાથે;
બાહ્ય મૂકી અંતર આરાધશો, નેઠ નહીં નીસરો પરોયા નાથે. ૨
મૂક પાખંડ ને ભોગવ ભામની, નહીં તો કામ સર્યું રહેશેજ કાલે;
ધારણા ધ્યાનનું ફલ સુણ શામલા, પાહાણાને જીવતે જન્મ ગાલે.૩
મુક્ત તે મનતણો ધર્મ છે મહાવજી, ઉત્તમ મધ્યમ બે કર્મ કાયા;
સાધન સર્વે વિચારમાંહે વસે,પણ મંદબુધ મરમવણ ન લહે માયા.૪
સ્વે હોય ત્યાં કર્મ ન હોય કાનજી, ભેદ સમજ્યા વણ સાધે મુદ્રા;
અચ૦યું આપ તે દેખે છે અખા, તે તો માને એને ભ્રમનિદ્રા.૫

પદ ૩૧.

રામ તું રામ તું નામ જેહનું જપે, ધામ તું ઘરથું શોધ આળે;
જાગ્યા વિના જંજાળ તેતો ગળે પડયું,ત્યારે તે નીકળે જ્યારે હુંજ ટાળે.
છીપને શોધતાં મોતીમાંહે મળે, ઉપર ખોલે તે અજાણે;
જીવને જય કરે એવું મન આચરે, મરમ સમજે નહીં માયા તાણે.૨
નામ ને ઠામ જેહને ગામ ઘર નહીં મળે,જે પરઠવે તે પરપંચમાં હાલ્યું;
તે વિષે ઉગી ઉગી સહુ આથમે, કોટ બ્રહ્માંડનું મૂલ જ્યાં લાગ્યું.૩

જાગ્યા જગદીશ તે એણીપેરે ગણે, ઉંઘ ઉરમીતણી વાત અળગી;
પ્રત્યક્ષપ્રમાણુ પ્રભુને એમ ભોગવે, અંધપરંપરા ન રહે વળગી. ૪
વેણું વાચું સત તે નરને ખરૂં, બીજાને સરવરી વહે સદાએ;
સૂરજ સરખો સહુને માથે તપે, પણ જાગી જુએ અખા તે સહરાએ. ૫

પદ ૩૨.

આપે રમે ને રમાડે આપે હરિ, આપ ધ્યાતા રામ આપે ભોકતા;
ચલણવલણ કોણ કરે છે એહવી, ગતિ કરી જાણે તેહેજ વક્તા. ધ્રુવ. ૧
એ તો અણછતાને ભાસ્યું અણછતો, ને બુધવિષે તેને આવી બેઠો;
દ્વૈત અધ્યાસ કરી ફરે ભવવિષે, આપ નવ ઓળખે બુધ વણઠો. ૨
રામ ચેતનવિના ચિંતના કેહની, કોણ બીજો ધણી રામ ટળતો;
સંશે અવિવેકની મૂક મન ચાતુરી, રહે રે પૌરા જાણી દૂધ ગળતો. ૩
જો રે પ્રતીત નાવે તુંને સંતની તો પૂછજે વેદનું કાં છેલું;
દેહદરશન તજે ભાળ આત્મ બીજો, પારની પ્રીછ તુંને કહીજ મેલું. ૪
કહાં ઉંચ નીચ કહે બુધ ઠામ ન રહે, એ સર્વે જાણ અવેવ હરિના;
જ્યારે આપ સંશે ઉડી ગયો આપથી, ત્યારે અખા દીસે રામ છેક ઘરના.

પદ ૩૩.

શીષ સ્વામીના ઉછરંગઉપર ધરી, આપમાં આપ અરપીને સૂતો;
જાગૃત સ્વપ્ન સુષુપ્તિ એ શમી, તટસ્થ તૂર્યાતણે બ્રહ્મભૂતો. ધ્રુવ.
અચિંત્યનિદ્રાતણા સુખકેરા સ્વાદને, સ્વર્ગવાસીસરખા તે ન જાણે;
જાગૃત સ્વપ્ન ઉપાધિના અનુભવી, તેને ભવસાગરમધ્યે ચિત્ત તાણે. ૨
ચિત્ત ચિદાનંદના ચરણમાં ભળ્યું, અળગું ન થાય જો અજ આવે;
તત્ત્વવિચારે શરણ જે પામિયે, જેમ જલ જલીરંગનું રૂપ આવે. ૩
રસબસ વસ્તુમાં અસત સામી રમે, એ મહાકલા કૃષ્ણની તેજ પ્રીછે;
અંગ અધ્યાસ આપાપર ન હોય ત્યાં, ભૂત ભવિષ્ય તે નવ ઈચ્છે. ૪

ભેદ પામેથકે ભજન જે ઉપજે, ભવસાગર તેને સદ્ય શોષે;
સમજે તે સારનું સાર જાણે અખા, કાલનો જાલ તેને નવ હોષે. ૫

પદ ૩૪.

સમજી સિદ્ધાંતને સાર ગ્રહી થા સુખી, બેસ પુરો થઇ નિજ લાભે;
ઉત્તમ ને મધ્યમ વાણી બહુ વિશ્વમાં,તે ભોમીવિકાર નહીં લાગે આભે.
પિંડ પિંડનાં કૃત ઉભાં હશે, ત્યાંલગે દેખશે લોક દેહને;
નિંદા ને સ્તુતિ સરખી ચાલે વિશ્વમાં, રખે રે મનતું વળગ તેને.૨.
નિર્ગુણ કથતો કબીર બહુ પરભંચ્યો, સગુણ ગાતો નૃસિંહ મ્હેતો;
સત પાળતો રાજા હરિશ્ચંદ્રને દમ્યો,પ્રહલાદ પીડયો બહુ વૈષ્ણવ કહેતો.
જે ભક્તિ આદરે તેની વિશ્વ નિંદા કરે, ભક્તને જગતની રીત અવળી;
પયપાન કરાવતાં જેમવછ ગૌને દમે,એમ જગતની રીત નહોય સવળી.
એકલો ભક્ત તે જગત નિર્મલ જુએ, ને જગત ભક્તના દોષ થાપે;
એ માયાવિલાસ તું જાણી રહેની અખા, વસ્તુવિચાર કર નાવે માપે.

પદ ૩૫.

તેજ અવનીપર વીર કહીએ ખરા, જે બ્રહ્મ અગ્નિપર સામા ચાલે;
શુર સુભટને ચાલ દેખાડવા, થઇ તદરૂપને મધ્ય માલે. ધ્રુવ. ૧
કેસરીબાલ જેમ જન્મથી ધીર હોય, જે ગજરાજને શીષ લાગે;
ભ્રમમેગળતણા જુથ દેવટ કરે, ભય નહીં જે કહીં પાછો ભાગે.૨
વજ્રમણિને જેમ અગ્નિ નવ અડે, પ્રહાર કરતાં લોહ મધ્ય ચાલે;
દરિદ્ર જનનાં હરે તિમિર છેદન કરે, આપ બળે ઠરી તે ન હાલે.૩
ગુટકો શુદ્ધ પારસતણો હોય જે,ધાતુ રસ સત થઈ જલને પોખે;
જ્વાળાપ્રભાવ તેને વહ્નિ તણા નવ કરે, તેને પ્રતાપે જગત પોખે.૪
સ્થિત પ્રજાતણું બંધ એવો અખા, જેણે શીષ સાટે ગોવિંદ લીધો;
એ ત્રણ દૃષ્ટાંતે કરી આપ નર નીપના,પછી અરથીઓને ઉપદેશ દીધો.

## કનડા રાગનાં પદ—પદ ૩૬.

ઉલટ ફીરે સોઈ નિજ ઘરપાવે,નહીં તો મિથ્યા જન્મ ગમાવે.ધ્રુવ૧
જીહાં રે ઠહેરાવું ત્યાં બીચ આકાશા, અનઉપાય કરે સર્વે સાંસા;
સંશે મટે તો સહેજ ઘર પાવે, અલખ નિરંજન આપ લિખાવે.૨
જીહાં રે જોઉં ત્યાં રામ રંગીલા, લોક ન લખે અલૌકિક લીલા;
પલપલમેં પ્રભુ નાના રે રંગા, સોઈ પ્રભુ ખેલે સદા અંગસંગા. ૩
એકકુ ગાય ઓર નહીં વાચે, સમજ લે સાન સદ્‌ગુરૂ સાચે;
રૂચિવિના ભોગ લાગે નહીં મીઠા, સોઈ સરાવે જેણે પિયુ દીઠા.૪
બહાર સેવત કાચીરે નારી, અંતર ભોગ ભોગે પિયુ પ્યારી;
ઓર ભોગ સર્વે નિંદમેં જાવે, જાગે અખા સોઈ પ્રત્યક્ષ પાવે.૫

### પદ ૩૭.

રામરસાયન જન જીનહીં પિયો હે, તાકે નેન ભયે ન ભયે ઓર;
જબહીં પ્યાલો માનું કાન દિયો હે,રામરસાયન જન જીનહી પિયોહે.
ઉતરત કંઠ કુટિલતા મટ ગઈ, જબ ઉર અંતર વાસ કિયો હે;
ભિન્ન ભિન્ન ભાવ રહ્યો તોરી ભીતર,સો સબ મહારસ નિર દિયો હે.૨
પીઓ હે પિયૂષ પચ્યો હૃદામાં, મહાઅનુભવ પ્રકાશ કિયો હે;
ઉર્ધ કમળ સુધે ભયે એસે, જીવ ટળી નિજ શિવ ભયો હે. ૩
ઉતરત નાંહીં તાકે બ્રહ્મખુમારી, વાંકું કબહું ન કાલ ગ્રહ્યો હે;
જ્યુંકા ત્યુંહી અખા હે નિરંતર,ચિત્ત ચિદ્‌રૂપ ભયો સો ભયો હે.૪

### પદ ૩૮.

શબ્દાતીત નિગમ મુખ ગાવે, વામેં હમ હમ ભીતર બોલે;
જાકો જોગેશ્વર ધ્યાન લગાવે, શબ્દાતીત નિગમ મુખ ગાવે. ધ્રુવ. ૧
ઉપનિષદ્ કહત આનંદમય, પ્રકૃતિપાર પંડિત બતાવે;
જાકું રટત હે મહામુનીશ્વર, સો જ્ઞાની ઘર બેઠ હીં પાવે. ૨

કોઈ તપ તીર્થ વ્રતાદિક ત્યાગી, કો યમુના વૃંદાવન ચાયો;
કોઇ ક્ષીરસાગર બહુવિધ વાદી, સોઇ સિંધુ આગ નાવત નાયો.૩
જેસેં પારસ સ્પર્શે ધાતનકું, સોઈ સાધનનો સાધ્યો નવ જાયો;
કહે અખો યેહી અકથ કહાની, નહિ કછુ પાયો મેં નહિ ગમાયો.૪

પદ ૩૯.

નાવે ગુણે નિરગુનકી બાતે, આપે આપ આનંદ કેવળ રસ;
આપ બન્યો હે અપની ઇચ્છાતેં, નાવે ગુણે નિરગુનકી બાતે. ધ્રુવ. ૧
જ્ઞાન કથી કથી હારે જ્ઞાની, ભક્ત ભજી ભજી હારે ગાતે;
ત્યાગ વૈરાગ્ય કરી કરી થાકે, પ્રગટ ખેલ ન આવત ધાતે. ૨
એહી અચરજ બુઝે કોઇ જ્ઞાની, કયા જાને કોઇ ભેદુકી જાતે;
જેસે વજ્રકોં વેધે વજ્રમણિ, ઓર ન ટકે કોઇ બાત બનાતે.
કયા રે કહું બનત નાહીં કહતે, અકથ કહાની લખી ન જાય પાતે.
પ્રગટ પ્રમાણ હજુર હથોહથ, ઓહી બિરાજે નાહીં અખા તે. ૪

પદ ૪૦.

મહામત્તવાળા શ્રીરામજના, ચઢી ગયો ચિત્ત ચિત્ આપ ન આપો;
સો ફરી ન ઉતરત કોઈ દિના, મહામત્તવાળા શ્રીરામ જના. ધ્રુવ. ૧
સાધી સુરતનિરતકી નિશ્ચે, આપ ન દેખત ઓર તના;
નિરાધાર ધરની ન ધારે, ચિત્ત ચિદ્રૂપ ભયા અપના. ૨
અજબ કળા અચાનક ઉપની, પાર બ્રહ્મરસરૂપ મના;
પ્રપંચપાર સેવક ન સ્વામી, એક નહીં કોન કહે જો ઘના. ૩
સ્વપ્ન સાખ દેત નહીં કોઈ, જાગૃતમેં સબ હોત ફના;
અપને બળે ઉડત જ્યું પંખી, અખા આધાર નહીં જ્યું અના. ૪

પદ ૪૧.

નિરગુન રામ ગુનનકે વિખે, આપે આપ આનંદ અનંત ગત;
હે ન માંહી માયાની મેખે, નિરગુન રામ ગુનનકે વિખે. ધ્રુવ. ૧

ભયા કંચન અનંત આભૂષણ, શું જાને જન મુલખે લેખે;
ગુણસો ઘાટ માટ અતિ શોભા, રહેણુ રંચ કાહેકું દેખે. ૨
ભાની મુદ્રા ભોગ નિમિત્ત જ્યું, અસન બસન બહુ રિધ વિશેખે;
રૂપક જ્યુંકા ત્યું હે જનકું, ન મટે આપ ભોગકું પેખે. ૩
આપ અરૂપ રૂપ રસ નાના, બાના લક્ષ ચોરાસી મેખે;
ઉત્પત્તિ સ્થિતિ સમાવી ચાલે, જ્યું ઘનસાર રહત નહીં રેખે. ૪
એસા આપ વ્યાધિ વિધ વિમલી, જમલી નહીં કોઈ દ્વૈત ઉવેખે;
કર આલોચ સોચ અખો કહે, સારા સિંધુ આપલગ સેખે. ૫

## પદ ૪૨.

મહાપદમધ્ય મહાજનવાસી, જાકી ગેલ પડે શુક નારદ;
ઓહત વિચાર રહે બુધરાશિ, મહાપદમધ્ય મહાજનવાસી. ધ્રુવ. ૧
તાંકી લેહરી હે હરિ હર અજ, સુર તેતીશ મુનિ સહસ્ર અઠયાશી;
સિદ્ધ સાધક સબ ધર્યા ભીતર, સો બ્રહ્મસાગર સત અવિનાશી. ૨
મર જીવા વિચારે અંબુમધ્ય, ધરશે બાહેર કરત સુખરાશિ;
એસી સાધ આદબિન અંબર, લિંગબિના રહે સબ રસ માસી. ૩
એ અકળ કળા કળત નહીં પંડિત, જો શૌચ પાળે સેવે ઓ કાશી;
જ્યું ખેચર ખોજ પડત નહીં બિચરે, ચરણ ચલે સો ભૂઅભ્યાસી.૪
જાતા આત વિષે ગોડંડા, ત્યું તગના ઘેહે અઘેહે ગલાસી;
એસી ગત મત સમજ અખો કહે, ન્યારા પંથ સહેજે સુચ પાસી.૫

ઈતિ પદ ૪૨ સંપૂર્ણ.

પ્રથમ ભાગ સમાપ્ત.

# આ સંસ્થામાં મળતાં બીજાં પુસ્તકો.

**શ્રીમદ્ ભગવદ્ ગીતાના ગુટકા**–નવિન આવૃત્તિ રૂ ૦)=, ૦)≋, ૦।, ૦॥

**યોગવાસિષ્ટ** મ્હોટું ભાગ ૧ લો, પાંચ પ્રકરણ ... ... રૂ ૩)

**શાન્તિપર્વ** ( મહાભારતનું ) મ્હોટાં પૃષ્ઠ ૮૫૦ રૂ ૨॥ અને ૨)

**સ્વામી રામતીર્થ**–(ભાગ ૧ થી ૫ નો મ્હોટો ગ્રંથ) રૂ ૧॥ અને ૧)

**શ્રીમદ ભાગવત ભાષાંતર**–તરતની નવિન આવૃત્તિ રૂ ૨)

**શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા**—મ્હોટાં પૃષ્ઠ ૫૫૦ રૂ ૨)

**આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ**... ... રૂ ૧॥

**રાજસ્થાનનો ઇતિહાસ**—ગ્રંથ ૧ લો.... ... રૂ ૩॥, ૨॥, ૨)

**શ્રી શિવાજી છત્રપતિ** ( ઉત્તમ, મ્હોટું ચરિત્ર. ) રૂ ૧॥, ૧, ૦॥।

**એકાદશ સ્કંધ** ( ભાગવતનો ) ... ... રૂ ૦।, ૦।=॥, ૦॥

સદ્ગુણી બાળકો, બાળકોની વાતો, બાળ સદ્બોધ, દરેકના રૂ ૦)≋

**સુબોધ રત્નાકર** ... ... ... ... ૦।=॥

**આર્યધર્મ નીતિ અને ચાણક્ય નીતિસાર** ... ૦।

**ભજનસાગર** ... ... ... ... ૦)=

**મનહર પદ** ... ... પાકું પૂઠું રૂ ૦। કાચું ૦)=॥

**વસિષ્ઠસાર ગીતા**... ... ... ... ૦॥=

**સુબોધ રત્નમાળા છત્રીશી** ... ... ૦॥।=

**ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર** ૦)≋ ... ...**મૈત્રેયી** ૦)–

**ભગવાનની છબી** મ્હોટી ૦)– જ્ઞાનપટ અને સોપાનપટ ૦)–

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ–૨ અને અમદાવાદ.**

# ચરિત્રમાળા.

**દરવર્ષે પૃષ્ઠ ૧૫૦૦ ના રૂ૨, પાકાં પૂઠાં ૩) પો. માફ.**

**ચાલુ સં. ૧૯૭૧માં નીચલામાંનાં ચરિત્રો નીકળશે.**

**મ્હોટાં ચરિત્રો**—ભગવતી દેવી, અહલ્યાબાઈ હોલકર, સીતા, અશોક, ચંદ્રગુપ્ત, કર્નલ સુરેશ વિશ્વાસ, ગારફીલ્ડ, લીંકન્, વૉશિંગ્ટન, ગ્લેડસ્ટન, મીલ, ટોલ્સટોય, ઇ૦ **ન્હાનાં ચરિત્રો**—વિદેશી સ્ત્રીરત્નો, દેશવિખ્યાત્ પુરૂષો, વિદેશી વીર પુરૂષો, ઇ૦

## આગલાં વર્ષોનાનીચલા સૅટ પણ તૈયાર છે.

**સં. ૧૯૬૮ નાં પુસ્તકો—૧,** ૨ શ્રી બુદ્ધચરિત્ર અને ઉપદેશ. **૩ થી ૮** ભારતનાં સ્ત્રી રત્નો ગ્રંથ ૧ લો. **૯ થી ૧૨** ભારતનાં સ્ત્રી રત્નો ગ્રંથ ૨ જો.

**સં. ૧૯૬૯ નાં પુસ્તકો.—૧૩, ૧૪** ભારતના મહાનપુરૂષો ભાગ ૧ લો. **૧૫** ડૉ. આનંદીબાઈ જોશી. **૧૬ થી ૧૯** ભારતના વીર પુરૂષો. **૨૦ થી ૨૨** ભારતના સંત પુરૂષો–ભાગ ૧ લો. **૨૩, ૨૪** જગવિખ્યાત પુરૂષો ભાગ ૧ લો.

**સં. ૧૯૭૦ નાં પુસ્તકો—૨૫ થી ૨૮** ભારતનાં સ્ત્રી રત્નો ભાગ ૩ જો. **૨૯ થી ૩૧** બુકર. ટી. વૉશિંગ્ટન. **૩૨, ૩૩** ભારતનામહાન પુરૂષો ભાગ ૨ જો. **૩૪ થી ૩૬** જગવિખ્યાત પુરૂષો ભાગ ૨ જો.

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.**

કાલબાદેવી રોડ—**મુંબઈ,** અને **અમદાવાદ.**

# 'વિવિધગ્રંથમાળા'ના

## આગલાં ચાર વર્ષના સૅટ.

**દરેક સૅટમાંનાં પુસ્તકો કુલ ૧૫૦૦ પૃષ્ઠનાં હોય છે.**

**દરેક સૅટનો રૂ. ૧॥, પાકાં પૂઠાં સાથે રૂ૩, પો. માફ.**

**૧૯૬૭ નાં પુસ્તકો:—૧,** ૨ આર્યધર્મનીતિ. **૩** અબળાહિત-દર્પણ. **૪, ૫,** ૬ સ્વામી રામતીર્થ ભાગ ૧ થી ૩. **૭** લઘુલેખ સંગ્રહ. ૮ સંસારમાં સુખ ક્યાં છે? **૯** નવાયુગની વાતો ભાગ ૧ લો. **૧૦–૧૧** યોગિની **૧૨** અક્ષરમાળા–છોટમકૃત

**૧૯૬૮ નાં પુસ્તકો:—૧૩,૧૪** નવસંહિતા. **૧૫,૧૬** કાશ્મીરનો પ્રવાસ. **૧૭, ૧૮** વિવેકાનંદનાં પત્રો. **૧૯** નવાયુગની વાતો ભાગ ૨જો **૨૦, ૨૧** રામતીર્થ ભાગ ૪થો. **૨૨** થી **૨૪** વીર દુર્ગાદાસ.

**સં. ૧૯૬૯ નાં પુસ્તકો:—૨૫, ૨૬** રામતીર્થ ભાગ ૫મો **૨૭** પદ્યાત્મક ગીતા. **૨૮** નવલકથા સંગ્રહ. **૨૯** ના. શહેનશાહ અને શહેનશાહ બાનુ **૩૦** છોટાલાલ પદબોધિની. **૩૧** વૈરાગ્ય બોધ કાવ્ય. **૩૨** દુઃખમાં વિદ્યાભ્યાસ. **૩૩** કથાગુચ્છ. **૩૪**થી **૩૬** ટુંકી વાર્તાઓ ભાગ ૧લો.

**સં. ૧૯૭૦ નાં પુસ્તકો. ૩૭–૩૮** સ્વામી રામતીર્થ ભા. ૬ **૩૯–૪૦** સેવાના સન્માર્ગ. **૪૧** થી **૪૩** ટુંકી વાર્તાઓ ભા. ૨ જો. **૪૪–૪૫** સ્વામી રામતીર્થ ભા. ૭ મો. **૪૬** થી **૪૮** નેપોલિયન બોનાપાર્ટ.

## સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

કાલબાદેવી રોડ—**મુંબઈ,** અને **અમદાવાદ.**

# આર્યપ્રકાશ

એ સનાતન વૈદિક ધર્મનો પ્રચાર કરનારૂં, સંસારસુધારાની ખરા રૂપમાં હિમાયત કરનારૂં, કેળવણી તથા વિજ્ઞાનના પ્રશ્નોપર તુલનાત્મક ચર્ચા કરનારૂં, ગુર્જર સાહિત્યનો ઉત્કર્ષ ઇચ્છિનારૂં, અનીતિ, વ્હેમ, અંધશ્રદ્ધા તથા ખરાબ રૂઢીઓને જડમૂળથી ઉખેડી નાખનારૂં, આર્ય સામાજિક તેમજ અન્ય જાહેર સંસ્થાઓ સંબંધી જરૂરી વિગતો પૂરી પાડનારૂં અને એ સિવાય દેશ પરદેશની જાણવાજોગ ખબરો આપનારૂં અંગ્રેજી ગુજરાતી ભાષામાં પ્રકટ થતું,

**વિદ્વાનોમાં માન પામેલું,**

એકનું એક જૂનું સાપ્તાહિક પત્ર છે.

## ગ્રાહકોને દરવર્ષે એકથી બે ભેટો મળશે.

**વાર્ષિક લવાજમ** ( પોસ્ટેજ સાથે ) **હિંદુસ્તાન** માટે રૂ. ૩), **દેશાવરના ગ્રાહકો** માટે રૂ. ૪), છુટક અંકની કીંમત ૦)ના, નમુનો મંગાવી ખાત્રી કરો.

### આર્યપ્રકાશના ગ્રાહકોને વિશેષ લાભ !

પુરૂષાર્થ પ્રકાશ, ગૃહસ્થાશ્રમ પ્રકરણ, જ્ઞાતિબંધારણ અને મહર્ષિ અંક બીજો ભાગ એ રૂ. **સવાની** કિંમતનાં પુસ્તકો આર્યપ્રકાશના ગ્રાહકોને ફક્ત બાર આનામાં આપવામાં આવશે. આ લાભ પણ ત્રણ માસ માટે છે. તાકીદે લખોઃ—

**પરધુભાઈ વ્હાલાભાઈ શર્મા,**

અધિપતિ તથા મેનેજર,-"આર્યપ્રકાશ" મુંબઈ નં. ૪

# કાપડ બજારની આગમાં

## કોણની તીજોરીઓ બળી ગઈ?

લખમીદાસ ખીમજીની કાપડ મારકીટમાં આગ થઈ તે વખતે દુકાનોમાં ગોદરેજની સાત તીજોરીઓ હતી; અને એકેએકમાં મોતીના દાગીના, ચલણી નોટો, ખતપત્રો વગેરે તદ્દન સલામત રહ્યું હતું.

**આગ થઈ રહેવા પછી બીજું એ જોવામાં આવ્યું કે** જ્યારે ગોદરેજની સઘળી તીજોરીઓ માંહેલો અવેજ સખત તેમજ નરમ આગમાં સલામત રહ્યો હતો ત્યારે બીજા દેશી અને વિલાયતી મેકરોની તીજોરીમાં જ્યાં આગ સખત હતી ત્યાં સઘળું બળી ગયું હતું યા બળવાની અણી ઉપર હતું; અને હજારોની ચલણી નોટનો કોલસો થઈ ગયો હતો, પણ જ્યાં નરમ હતી ત્યાંજ બચી ગયું હતું.

**આ વાતની ખાત્રી થવાથી કેટલાકોએ એ આગમાં પોતાની તીજોરી માંહેલી ચીજો બચી જવાની સર્ટીફીકેટો જો કે વિલાયતી અને બીજા ગામઠી મેકરોને આપી છે, તે છતાં તેઓએજ આગ પછી નવી તીજોરીઓ ગોદરેજનીજ ખરીદી છે.**

## ગોદરેજ ઍન્ડ બોઈસ મેન્યુફેકચરીંગ કું.

**કારખાનું:**—ગેસ કુંપની પાસે, પરેલ—**મુંબઈ.**

**દુકાન:**—શેખમેમન સ્ટ્રીટ, મુળજી જેઠા મારકીટની સામે—**મુંબઈ.**

**શાખા:**—રીચીરોડ—**અમદાવાદ.**


/

# કેવી રીતે વાંચવુ?

(૧) આંખો ખેંચવી પડે એવા થોડા અજવાળામાં કદી વાંચવું નહિ.
(૨) વાંચતી વખતે તમારૂં માથું હમ્મેશાં સીધું રાખવું.
(૩) આ વાત કદિ ભૂલતા નહિ કે, તમારી આંખની કિંમત કોઇ પણ ચોપડી કરતાં વધારે છે, અને તમારી આંખપરજ તમારા રક્ષણ તથા સ્રતેહનો મુખ્ય આધાર છે.
(૪) વાંચતી વખતે તમારી ચોપડી આંખોથી શુમારે ચૌદ ઇંચ દૂર રાખવી.
(૫) વાંચતી વખતે કદિ પણ પ્રકાશ તરફ મ્હોં રાખવું નહિ; પરંતુ અજવાળું તમારી પાછલી બાજુથી અથવા તો તમારા ડાબા ખભા તરફ થઇને પુસ્તકપર આવે એવી રીતે વાંચવાનું રાખવું.
(૬) થોડી થોડી વારને અંતરે ચોપડીની બહાર જરાવાર જોતા રહીને અથવા આંખો બિલકુલ બંધ કરતા રહીને તેને આરામ આપવો.
(૭) ચોપડી ઉપર સૂર્યનાં કીરણ પડતાં હોય એવી રીતે કદી પણ વાંચવું નાહે.
(૮) સ્વચ્છ પાણીથી સવારે અને સાંજે તમારી આંખો સાફ કરવી અને ઠંડું પાણી ખોબાવડે તેનાપર છાંટવું.

" મુંબઇ સેનિટરી એસોસીએશનના એક હસ્તપત્રને આધારે."

---

# ચરિત્ર મહિમા

જન મહાન તણાં જીવનો પઢિને,
અનુસરતાં મહાન તમેય થશો;
ભવ પંથ વિકટ અતિ તેહપરે,
પગલાં નવલાં પણ મૂકી જશો.

---

વાંચવા માટે 'ચરિત્રમાળા' પણ મગાવો. વાર્ષિક પૃષ્ઠ ૧૫૦૦ ના માત્ર રૂ. ૨) પાકાં પુઠા સાથે ૩) પો. માફ.